
આવતી કાલનાં નાગરિકોનું માસિક · સંસ્થાપક : રવિશંકર રાવળ · તંત્રી : બચુભાઈ રાવત · વર્ષ ૨૭મું અંક ૧૧મો · નવેમ્બર ૧૯૫૦ · સળંગ અંક ૩૨૩મો



આજના કપરા કાળનાં તમિસ્ર અને તોફાનમાંથી દેશના હાવાળીને દોરતા આ હાથમાં કલાકારે ગાંધીજીએ પ્રબોધેલા માર્ગનું પ્રતીક કલ્પ્યું છે.



ગરનાળાને કાંઠે — ફોટો · આર. આર. ભારદ્વાજ

અદ્‌ભુત કૅમેરા-કાબૂ અને ચકોર સૌન્દર્યદૃષ્ટિ ધરાવનાર શ્રી આર. આર. ભારદ્વાજની ફોટો-કલા-પ્રતિભાથી 'કુમાર'ના જૂના વાચકો તો પરિચિત છે. એમની અસંખ્યાત કૃતિઓમાંથી ચૂંટી કાઢેલી ૧૫૧ નામી ચીજોનું જે પ્રદર્શન ગયા માસમાં અમદાવાદના ફોટોકલામંડળ 'નિહારિકા'એ યોજેલું, તેમાંની વાનગી રૂપે આ, તથા મુખચિત્ર પાછળની કૃતિઓ આપી છે. આ અંકમાં, પૃ. ૪૧૩ ઉપર એમની કલાશક્તિની ટૂંક આલોચના આપી છે. એ સમર્થ ફોટોકલા-સ્વામીની બીજી ડઝનેક કૃતિઓ મેળવવા 'કુમાર' સુભાગી થયું છે, જે આવતા માસના તેમજ તે પછીના અંકોમાં આવ્યા કરશે.

ફરી પાછો ૩૦૦મો અંક !!

ગયે મહીને અમે આ. નં. ૫૯૯નું મંતવ્ય રજૂ કરીને અહીં જે કહ્યું હતું તેને અનુલક્ષીને એમણે અમને એક પત્ર લખ્યો છે, તેમાંનો પ્રસ્તુત ભાગ અમે અહીં આપીએ છીએ: "એક ગ્રાહકે ૩૦૦મો અંક નથી જોઈતો એમ લખેલું તેથી તમને આશ્ચર્ય થએલું. તે ગ્રાહકે શા માટે એમ લખ્યું હશે તેનો, મેં મને લાગ્યું તે પ્રમાણે ખુલાસો લખ્યો, તો તમે કે તમારા મિત્રે એનો ખોટો અર્થ લીધો છે...'કુમાર'ના જૂના અંકો રસ્તામાં વેચાય છે તે શરમ નથી, પણ અભિમાન લેવા જેવી બાબત છે, કારણ કે એના જૂના અંકોની મોટી માંગ છે. અને તે ફટાફટ ઊપડી જાય છે એટલું તે લોકપ્રિય છે. જો રસ્તામાં એ અંકો ન વેચાતા હોત (એટલે કે તેની કિંમત લોકોને ન હોત) તો રસ્તામાં વેચનારાઓ એ ખરીદવાનું સાહસ જ ન કરત...કોઈ અભ્યાસીનો (તેની મોટી ઉમરે, કે પછી મૃત્યુ બાદ) સંગ્રહ વેચાય, જૂનાં પુસ્તકોવાળો તેને રસ્તા પર વેચે, અને એમાંથી જો આવાં અમૂલ્ય રત્નો સાંપડે, તો શું ન લેવાં? ૩૦૦મો અંક આશરે અઠવાડિયે એક આવે છે. ક્યારેક પંદર દિવસે પણ દેખાય નહિ. આજે ઠીક છે; તમારી પાસે મળી શકે છે; પણ જ્યારે તમારી પાસે ખલાસ થશે ત્યારે કેટલા અભ્યાસીઓ, રસિકોને જોઈશે ત્યારે તેઓ ક્યાંથી મેળવશે? આ ઉપરથી મારે ફક્ત એટલું જ કહેવાનું કે જો રસ્તા ઉપરથી હું 'કુમાર' લેતો હોઉં, કે બીજા લેતા હોય, તો એનો અર્થ એ નથી કે તેઓને તેની કિંમત નથી, પણ ઉલટું હકીકત તો એ છે કે જેઓને 'કુમાર' સોનું હોવા વિષે ખાત્રી છે તેઓ જ જૂના અંકો મારી પેઠે ગમે ત્યાંથી ભેગા કરે છે."

એમની આ દલીલ 'કુમાર' માટેની કદરશનાસી અને પ્રેમભાવમાંથી જન્મેલી છે. પણ અમારા મિત્રનું આશ્ચર્ય, એમણે એ અંક રસ્તા ઉપરથી કેમ લીધો એ વિષે ન હતું. પણ 'કુમાર'ને રસ્તા પર વેચતા ફેરિયાઓ માટે હતું. પણ એ તો, અમે ગયે વખતે કહ્યું હતું તેમ, 'જેવી જેની દૃષ્ટિ.' પરંતુ અમારો શરૂનો મૂળ મુદ્દો તો એટલું જ કહેવાનો હતો; કે જે ગૃહસ્થે પોતાને '૩૦૦મો અંક નથી જોઈતો' એમ લખેલું તેમને કદાચ એ અંકની સમૃદ્ધ સામગ્રીની જાણ નહિ હોય; અને એમ કદાચ ઘણાને ન હોય તો સાચી વસ્તુસ્થિતિની જાણ બધાંને થવી જોઈએ.

૩૦૦મો અંક



૧૬૪ પાનાંનું સમૃદ્ધ વાચન
૬ ત્રિરંગી ચિત્રો
૮ એકરંગી ચિત્રોની આર્ટપ્લેટો
અમુક પાનાંની બેરંગી છપાઈ
આખા અંકને ચિત્રમય કરતાં ૧૦૫ ચાલુ ચિત્રો, આલેખનો તથા ફોટોગ્રાફોથી ચિત્રિત વાર્તાઓ, લેખો, કાવ્યો અને વિવિધ જ્ઞાનસામગ્રી
રજિ૦ પોસ્ટેજ સાથે રૂા. ૨-૬-૦



હિમાલય-પ્રદેશ (ફોટો - આર. આર. ભારદ્વાજ)

હિમાલય-પ્રદેશના એક સામાન્ય અને લાક્ષણિક આ દૃશ્યમાં, છેક આગળના ભાગમાં નીચે દેખાતાં ઘાસનાં તરણાંથી માંડીને દૂરની આછેરી ગિરિમાળા સુધીના ડુંગરોના ચડઉતર આછાં-ઘેરાં થતાં જતાં રૂપો, અને નજીકનાં વૃક્ષોનાં પર્ણગુચ્છના મુલાયમ છેડા સુધીના બધા પલટા જે બારીકાઈભર્યા હૂબહૂ સ્વરૂપમાં યથાતથ ઉતાર્યા છે તે શ્રી ભારદ્વાજની કૅમેરા-કલાની વિશિષ્ટતા છે.

કુમાર

નવેમ્બર ૧૯૫૦ — અંક ૩૨૩

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન. કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક (લવાજમ) રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના





રાષ્ટ્રીય દળોની સંજ્ઞાઓ ,અને પરાક્રમ પદકો

પ્રજાસત્તાક સ્થપાયા પછી આપણા પ્રત્યેક રાજકીય વ્યવહારમાં, રાષ્ટ્રીય સંજ્ઞા તરીકે આપણે બ્રિટિશ તાજ વગેરેને દૂર કરી તેને સ્થાને અશોક-ચક્રવાળા સિંહ-સ્તંભની સંજ્ઞા મૂકી છે. એ ફેરફાર-વાળા આપણા સિક્કા, ટિકિટો વગેરેનો આપણને પરિચય છે. એ જ રીતે આપણાં ખુશ્કી, તરી અને હવાઇ દળોનાં સંજ્ઞાચિહ્નોમાં જે ફેરફાર થયા છે તેનાં આલેખન ઉપર આપ્યાં છે. ઉપર, મથાળાની હારમાં ખુશ્કી (જમીન પરનાં) લશ્કરો માટેનાં ચિહ્નો છે. જેમાં પ્રથમ, જનરલ ઑફિસર (સેનાપતિઓ) માટેના પ્રતીકમાં વિજયમાળની વચ્ચે ખડ્ગ ને દૂરબીન ઉપર અશોક-સિંહ છે. વચ્ચેનો તારક અને ત્રીજો અશોક સિંહ બીજી બધી હરોળોના સૈનિકો માટે છે. બીજી હારમાં દર્શાવેલાં તરી (નૌકા) દળનાં ચિહ્નોમાં પહેલું ઍડમિરલ (નૌકા-સેનાપતિ)ના ખભા પરની પટ્ટીનું આલેખન છે, જેમાં મથાળે બે સિંહ-મુદ્રાઓ અને છેડે ત્રણ તારકોની વચ્ચે દૂરબીન અને તલવાર છે. બીજું નૌકા-અમલદારોની ટોપી માટેનું ચિહ્ન છે, ને ત્રીજું ચિત્ર ભારતના સમસ્ત નૌકાદળની મુદ્રાનું છે, જેમાં બંનેમાં સિંહ-મુદ્રાની નીચે જહાજ-નાં લંગરોનાં ચિત્રો છે. નીચેના છેલ્લા હવાઇ દળોના સંજ્ઞા-સમૂહમાં મથાળે પાઇલૉટ માટેનો બિલ્લો, ને નીચે, ડાબી તરફ હવાઈદળની મુદ્રા તથા જમણી તરફ અમલદારોની ટોપી માટેનું ચિહ્ન છે. ત્રણેમાં સિંહ-મુદ્રા સાથે ઊડતા ગરુડનાં આલેખન છે.


આ ઉપરના ચિત્રમાં, વીરતા માટેના ત્રણ પરાક્રમ-પદકો દર્શાવ્યા છે, અગાઉ સૈનિકોને બહાદુરી માટે 'વિક્ટોરિયા ક્રૉસ' વગેરે અપાતા તેને સ્થાને, વીરતાની ઉત્તરોત્તર ત્રણ કક્ષાઓ માટે, પરમ વીર ચક્ર, મહાવીર ચક્ર, અને વીર ચક્રના ત્રણ પદકો યોજવાનાં આવ્યા છે. તેમાં 'પરમ વીર ચક્ર' કાંસાનો છે, ને તેની આગલી બાજુ બે 'વજ્ર' (ઈન્દ્રના અસ્ત્ર)ની વચ્ચે સિંહ મુદ્રા છે, 'મહા વીર ચક્ર' ચાંદીનો છે અને તેની આગલી બાજુ તારકની વચ્ચે સિંહ મુદ્રા છે. ત્રીજો 'વીર ચક્ર' પણ ચાંદીનો છે, જેમાં તારકની વચ્ચે અશોક-ચક્ર અને તેની મધ્યમાં સિંહ મુદ્રા છે. ત્રણે પદકો-ની પાછલી બાજુએ, નાગરી તથા અંગ્રેજી લિપિમાં તે તે પદકો-નાં નામ, અને તે નામની વચ્ચે કમળ ફૂલની બે આકૃતિઓ છે. ત્રણે પદકોનો વ્યાસ ૧⅜ ઇંચનો છે.

આવશે

—મિશ્ર—

પોતે જ કાં તો તવ ઘેર આવશે
પોતા તણી મોજ થકી યથેચ્છ;
એ ના'વશે તારી હમેશ કેરી
સુદીન શબ્દોની વિનંતીઓથી.
સૌંદર્ય તું તારું ખિલાવ એહવું,
કે ના'વનારો વરમાળ પ્હેરવા,
લાવણ્યને તારું નિહાળી જેતા
પ્હેરાવવાને જયમાળ આવશે.

ઉશનસ્



આ પાત્ર મારું

આ પાત્ર મારું ભરી દો છલાછલ,
હું ઝંખતો એવી અપાર રિદ્ધિ;
જે ઝેર આખા જગનાં હલાહલ
શમાવી લે અમૃતગર્ભ સિદ્ધિ.

પિનાકિન્ ઠાકોર

પ્રથમ મિલનની ભૂમિ

રે આ પ્રથમ મિલનની ભૂમિ:
પલાશ-પિયુને પ્રથમ અહીં રે મલય-લહરગૈ ચૂમી!
રે આ પ્રથમ મિલનની ભૂમિ!

ડાલડાલ પર પંચમ સૂરમાં
કોયલ અહીં કૂજેલી
જ્યારે કોયલ અહીં કૂજેલી,
અબીલગુલાલ લઈને કરમાં
વસંત અહીં પૂજેલી
જ્યારે વસંત અહીં પૂજેલી,
ઝરમર ઝરમર કૈંક પૂનમની રાત અહીં રે ઝૂરી
જ્યારે કૈંક પૂનમની રાત અહીં રે ઝૂરી;

અહીં અવનિ પર ઊતરી આવી
અમરાપુરી વસેલી
ત્યારે અમરાપુરી વસેલી,
'સુધા અવરને અવ ના પાવી'
એવું સ્હેજ હસેલી
ત્યારે એવું સ્હેજ હસેલી,
આશાઓની કૈંક અપ્સરા આ નન્દનમાં ઘૂમી
ત્યારે કૈંક અપ્સરા આ નન્દનમાં ઘૂમી!
રે આ પ્રથમ મિલનની ભૂમિ!

નિરંજન ભગત

卐

પ્રદર્શન હૉલનાં કાર્ટૂન દેખીને હસો છો!
ચિતારે ચોતરફ કેવળ અરીસા ગોઠવ્યા છે!

મકરન્દ દવે

ઝેર પી જનારાને

· ગઝલ ·

કરે છે યાદ જહાં કફન બાંધનારાને
મરણ-પ્રદીપને હાથે જ પ્રગટનારાને.
સનમનો રાહ છે અંધાર ભરેલા વનમાં;
મળે છે સર્પતણી સોડમાં સુનારાને.
(એ) જવાંમર્દ ખરા, એને વતન યાદ કરે
વતનને કાજ વતન-માટી ઓઢનારાને
સમૃદ્ધિ-ટોચ પર છતાં ય ગરૂરી ન ધરે
મળે છે સિદ્ધિ ખરી, રિદ્ધિ ત્યાગનારાને
બળીબળીને બીજા કાજ જ્યોતિ-હેજ ઝરે,
ગગનમાં સ્થાન મળ્યું તો જ છે સિતારાને.
અરે ગાફિલ! જે ખોઇ ખુદને દે ખુદાઇમાં,
શકે તે મેળવી રહીમ રામ પ્યારાને.

'ગાફિલ'

આજ–

આજ મને કોઇ દૂરદૂરેથી બોલાવતી શરણાઇ,
એના સૂરનાં પૂર ચઢે ને અંતર જાય તણાઇ.
દૂરની પેલી સીમનાં ખેતર,
નીલનીલા પેલા દૂરના ડુંગર,
નાનેરા ગામનું નિર્મલ પાદર,
શૈશવની જહીં પગલીઓ પડી, યૌવન કેરી વધાઈ,
પ્રથમપ્રેમના ગાનથી જ્યાં ગુંજીઉરતણી અમરાઇ.
ધરતીની ભીની મ્હેક જ્યાં માણી,
આરત જ્યાં પ્રીતની પરમાણી,
કોઇની માયા લાગી અજાણી,
એ રે ધરતીની આજ પલેપલ જાગે પ્રેમસગાઈ,
લાખ વ્યથા ભૂલી અંતર એના નેહમાં રહેતું ન્હાઈ.

જયન્ત પાઠક

★ ગુજરાત અને સૌરાષ્ટ્રની રંગભાવના

રવિશંકર રાવળ

રંગ અને રાગ બંને, માનવ જીવનમાં રસ સીંચનારાં તત્ત્વો છે. સંસારનાં તેજછાયા વચ્ચે રસળતા માનવીમાં તે નવીનવી ઊર્મિઓના સાથિયા પૂરે છે.

સૌરાષ્ટ્ર અને ગુજરાતની રંગ માણવાની કળા પણ અજબ છે. લીલુડો પોપટ, કાળી કોયલ, ચંદન, કેવડો ને ચંપો, મોરનું ગળું. આવળ ને કેરડાનાં ફૂલ, ચંદની તારાની ચમક, એ બધાં તેમનાં રંગ-નિરૂપણ છે.

'મેં તો કંકુએ લીંપ્યું મારું આંગણું રે લોલ.' એ પ્રજાની રંગભાવના પ્રભાતના આકાશમાંથી પ્રસરે છે, ને બદલાતા સૂર્યપ્રકાશમાં પ્રકટ થતી, પૃથ્વીનાં પશુ-પંખીઓ, વનસ્પતિ-ફૂલો, પદાર્થો વગેરે વિવિધ રંગોના પ્રતીક બની રહે છે; અને રંગનો અનુભવ વ્યક્ત કરવા તેનાં જ નામો ઉચ્ચારણ પામે છે:

રાતા તે રંગીત ચૂડલા, રાતા કન્યાના દાંત;
રાતા વરરાજાનાં મોળિયાં, રાતા કંકુના થાળ.
કાળા તે ડોમર હાથીડા, કાળી કાજળ રેખ;
કાળાં કોયલડીનાં બચડાં, કાળા મેઘમલ્હાર.
ધોળા ધમણ વખાણીએ, ધોળા ભાર કપાસ;
લીલા તે પોપટ પાંજરે, પીળાં પીતાંબર...

એમ, જીવનના હરેક પ્રસંગ, હરેક વ્યવહાર અને હરેક રચનામાં રંગનો પ્રયોગ વ્યાપક બની જાય છે. રંગનો અભાવ શોક અથવા દુ:ખનું જ પ્રતીક બની રહે છે. કાળો ફેંટો, કાળું એ ઢણું, એ અમંગળ ને અશુભના સંકેત બન્યાં છે; ને ધોળો રંગ વિરાગ કે નિવૃત્તિનો છે. એ બે રંગ વચ્ચે પ્રજાના જુદાજુદા થરોમાં છોગાં ને ચુંદડીઓ, બાંધણીઓ ને શણગારો, તોરણો, ચાકળા ને ધજાપતાકામાં રંગની અજબ ભાતો અને સુરખી લહેરાતી દેખાય છે. રંગ સમજનારાં નરનારીઓનાં હૃદયના ઊમળકા ને આનંદ એ વસ્ત્રો ને પાઘડીઓનાં છોગાંમાંથી ફુવારા દેતાં લાગે છે. અલંકારો ને ગૃહવિધાનમાં કુદરતે પ્રેરેલા આકારો તથા રંગો દ્વારા વેલ-ફૂલોવાળી ચુંદડીઓ, મોર પોપટના કાંગરાવાળી કાષ્ઠરચનાઓ, જાણે રંગોના રાસ હોય એવા ભીંત પરના ચંદરવા, પારણાંનાં ખોયાં, તથા છેક બળદની ઝૂલો વગેરે સુધી પ્રકૃતિમાંથી મેળવેલી રસિકતા પથરાય છે, અને એ રીતે જીવનનો રસ, રંગભર્યાં સ્વરૂપોમાં અનુપ્રાણિત થાય છે.

રંગની આ વિવિધ યોજનાઓ ને ગૂંથણી, નિરક્ષર શ્રમજીવી ભૂમિસંતાનોને કોણે શીખવી? કયા કાનૂનોથી તેમનાં વસ્ત્રો અને ભાતોની તેમણે પસંદગી કરી તે તેઓ તો કહી શકતાં નથી. કવિવર ટાગોરે કહ્યું છે કે, 'ભગવાનનો આનંદ પ્રકૃતિમાં અને માનવ ચરિત્રમાં આપમેળે પોતાનું સર્જન કરી રહ્યો છે. જે વિશ્વરચના વચ્ચે માનવી મુકાયો છે તેની સાથે તેના જીવનના સંવાદમાંથી જ આ આનંદસૃષ્ટિ ઉદ્ભવે છે.'...

રંગ અને આકાર ભાવને મૂર્તિમંત કરે છે; સંગીત અને નૃત્ય ભાવને ગતિ આપે છે. રૂપ-રંગ અને ગીત-નૃત્યનો એ મેળ સૌરાષ્ટ્ર અને ગુજરાતના લોકજીવનમાં ઓતપ્રોત છે. મોર તેમનું કળાપ્રતીક છે. તેમાં રંગ અને કંઠ છે અને નૃત્યના તાલ પણ છે. કવિ નાનાલાલે યથાર્થ કહ્યું છે કે

ઈન્દ્રવેલ અંગે ઓઢી પીંછડાંમાં ચન્દ્ર,
કંઠ ઢળ્યાં આભ, એને કલગીનો આનન્દ,
પાય નાચે નૃત્ય એવા છબીલાના છન્દ,
મીઠો મોરલો રે,

ગુજરાત-સૌરાષ્ટ્રના સંઘજીવનમાં રાસ-ગરબા તો અજબ ને અદ્વિતીય સંપત્તિ છે. એમાં ગીત–નૃત્યની લહરો સાથે રંગરંગની ઓઢણીઓ કોઇ નવી જ માદક હવા ઉપજાવે છે. આંખ અને કાન ઉભયની રસ-પિપાસા એથી તૃપ્ત થાય છે. મેઘાણી કહે છે: 'ખાલી હવામાં રાગ જેમ ધ્વનિ ઉપજાવી શૂન્ય વાતાવરણને રમ્ય બનાવે છે, તેમ જ રંગ ખાલી જગ્યાને, સૂની દીવાલોને, કોરા કાપડને કે વેરાન બગીચાને રંગની છાંટ કે ફૂલટપકી કે રંગનાં છાયામંડળો રચી સંસારમાં આનંદ અને ઉત્સવનું મંગલ સ્થાપે છે, અને એ રીતે જગતમાં સમગ્રની સાથે યોગ સાધી પ્રત્યેકને વિકાસ આપે છે... બહુરંગીલા લોકમેળામાં, સામાજિક ઉત્સવોમાં, લગ્નસરામાં કે ઋતુપરિવર્તનના અવસરે, આપણું સંઘહૃદય તાલ ગીત અને રંગની ત્રેવડી-ગૂંથી રાસકલાનો કેફ કરતું.'

સૌરાષ્ટ્ર-ગુજરાતની નાગરિકતાએ તો પાઘડીઓ, દુપટ્ટા ને પગરખાં સુધી રંગતોરા અને ફૂલભાતની બજારો કરી મૂકી હતી. કિનખાબ, જરદોસ અને બુટ્ટીઓવાળાં સાળુની રંગમેળવણી પર આજે પણ દુનિયાના કળા-પરીક્ષકો વાહવાહ પુકારે છે. આપણાં દેવમંદિરોની ભીંતો રંગબેરંગી ચિત્રોથી જ્ઞાન અને કળાનો સાર્વજનિક ભોગથાળ બનતી. આપણું ગ્રંથ-સાહિત્ય તો કળાના સાજ વગર લાજ પામતું. 'કલ્પસૂત્રો', 'વસંતવિલાસ', 'મધુમાધવી' તથા ગીતા-ભાગવતના ને મહાભારતના હસ્તલિખિત ગ્રંથો વિવિધ હાંસિયા સાથે કાળી-ભૂરી ભોંય ઉપર સોનેરી રૂપેરી અક્ષરે દેવભાષાની કીર્તિ પ્રસારતા આજે પણ મોજૂદ છે. આંખની પ્રસન્નતા અને મનનો આનંદ એ રંગઘેલા સમાજનો સહજ પ્રસાદ હતો. અને આજે? આપણી શાળાઓમાં અક્ષરોના મંકોડા ઉકેલીઉકેલીને જડ બની ગએલી આંખોની ઇન્દ્રિયોને મોકળાશ કે પ્રસન્નતા આપવા આજની દુનિયામાં રંગો ક્યાં છે? આપણું જીવન, સમાજની ફિશિયારીઓ અને નકલી ઠાઠમાં જકડાઈ ગયું છે. રંગબેરંગી વસ્ત્રોના રાસ માત્ર વિરલ પ્રદર્શનો બન્યાં છે. રોજના પોષાકોમાં કેવળ કાળા કે ધોળાના જ ચટાપટા દેખાય છે. ઘરમાં વાર્નિશ કરેલાં ફર્નિચરો આવ્યાં છે અને ઑફિસો તથા શાળાઓ શુષ્ક દફતરખાનાં બન્યાં છે. માત્ર કવિઓની સ્વપ્નસૃષ્ટિમાં અને ગામડાં કે ખેતરોમાં મજૂરી કરી રહેલી અર્ધભૂખી જનતાને માટે રંગનો કંઈક અર્થ રહ્યો છે. રંગની છાંટ કે જરાસરખી લહેર ભોગવવાની માનવીને તક ન મળે ત્યારે ઊકળાટ, ઉગ્રતા અને વિવાદ સિવાય શું રહે?

નિશાળની રંગપેટીઓમાંથી નવી ભાતો અને નવાં ગીતો કેમ નીકળતાં નથી? આંગણાં ને ઓરડામાં રંગસજાવટો કેમ ઝળકતી નથી? એવા કયા પાપસંસ્કારે આપણાં ચક્ષુઓ પર રંગવિરોધનાં ચશ્માં ચડાવી દીધાં છે? ભણતર ને તાલીમને નામે વિદ્યાધિકારીઓ ભીંત ભૂલ્યા નથી શું? જીવનની દીપ્તિ અને ઉમંગની નિશાની સમા રંગને આપણા જીવનઘડતરમાં સ્થાન આપવા લેશ પણ ચેષ્ટા તેમણે કરી નથી, એ તેમની લાયકાત પર પ્રશ્ન કરવા જેવું નથી? જૂનામાં જે મુક્ત જીવનની લહેરો હતી તે કદી પાછી નહિ આવે શું? શ્રી રામનારાયણ પાઠક જેને 'ચૈતન્યનો જુવાળ' કહે છે એવી જીવન ભરતીમાં, આપણાં યુવક યુવતીઓ ને જનસમાજ, નવા રંગમંડપો, રંગમહેલો કે નગરની ભીંતો પર, તેમજ ઘરનાં આંગણે તથા વસ્ત્રોમાં રંગસાથિયા પૂરી હૃદયને રેલાતું કરે એવો દિન ક્યારે આવશે?

પેલાં દિવ્ય લોચનિયાં રે પ્રભુ ક્યારે ઊઘડશે?
આવાં ઘોર અંધારાં રે પ્રભુ ક્યારે ઊતરશે?

(ઑલ ઇંડિયા રેડિયોના અમદાવાદ સ્ટેશનેથી કરેલા વાર્તાલાપમાંથી તારવીને ઑલ ઇંડિયા રેડિયો'ના સૌજન્યથી)

વીજળીના ક્ષણિક ચમકારા જેવું નહિ, પણ કોઇ શાંત નંદાદીપ જેવું સ્થિર અને શાશ્વત જેમનું તપશુચિ અને ધ્યેયનિષ્ઠ સેવાજીવન ભારતભરમાં અજોડ છે, એ

વિનોબા ભાવે



લેખક
માધવરાવ દત્તાત્રેય માહુલીકર

★

'પૂજ્ય પિતાજી,
હું મુંબાઇ પરીક્ષા આપવા જતો નથી. પણ બીજે જ ક્યાંક જાઉં છું. હું ક્યાંયે જાઉં અને ક્યાંયે હોઉં, તોપણ કોઇ અનૈતિક કાર્ય મારે હાથે થશે નહિ, એની આપને ખાતરી છે જ.'

વીસેક વર્ષના એક જુવાને સુરત સ્ટેશનેથી ઉપર મુજબ પોતાના પિતાને એક નાનો પત્ર મોકલ્યો. વડોદરા ભણતો એ જુવાન ઇન્ટરની પરીક્ષા દેવા મુંબઈ જતો હતો. પુત્રના ભાવિ વિષે કંઈકંઈ ઊંચાં સ્વપ્નાં બાંધતા તેના પિતાએ તેને વડોદરા સ્ટેશને વિદાય આપી હતી. પણ ગાડીમાં સ્વસ્થતાથી બેઠેલા જુવાનના મનમાં વિચારોનું તુમુલ યુદ્ધ મચ્યું હતું તેની પિતાને ખબર ન હતી.

૧૯૧૬નો એ તેજસ્વી કાળ હતો. જનતાની દુર્દમનીય સ્વાતંત્ર્ય-પિપાસા ધૂંધવાઈ રહી હતી. ક્રાંતિકામ જુવાનિયા હાથમાં શિર લઇ બ્રિટિશ સલ્તનત સામે મેદાને પડ્યા હતા. બંગાળ તો જાણે સ્વાતંત્ર્ય-યજ્ઞનું મેદાન બન્યું હતું. બંગાળ આખામાં યુવકોની ધર-પકડ થતી હતી. જ્યોતિન મુકરજી જેવા તેજસ્વી યુવકો અંગ્રેજો સામે હાથોહાથનું યુદ્ધ ખેલતા હતા. એવા શૌર્ય અને નર્ભયતાના રંગે રંગાતા જતા વાતાવરણમાં દેશનું સ્વાતંત્ર્ય જુવાનોને સાદ પાડતું હતું. એ સાદ પેલા પરીક્ષા આપવા મુંબાઈ જતા જુવાનને બેચેન બનાવતો હતો. ગાડીના વેગ સાથે એ જુવાનના વિચારોનો વેગ પણ વધ્યો. આખરે એણે એક દૃઢ નિશ્ચય કર્યો: દેશના સ્વાતંત્ર્યયુદ્ધમાં કૂદી પડવાનો. સુરત સ્ટેશન આવ્યું ને એ ગાડીમાંથી ઊતરી ગયો. પુસ્તકિયા જ્ઞાનની પરીક્ષા આપવા મુંબાઈ ન જતાં પોતાના સ્વત્વની, ખમીરની ને સ્વાતંત્ર્યદાઝની પરીક્ષા આપવા તેણે બંગાળનો રસ્તો લીધો. આયુષ્યનો આ સૌથી મહાન અને ગંભીર નિર્ણય કરી લઇ તેની જાણ કરતો ઉપર્યુક્ત ટચૂકડો પત્ર તેણે પિતાજીને લખ્યો અને દેશ ખાતર ફના થવા એ ચાલી નીકળ્યો.

એ વખતનો એ ઉદ્દામવાદી સ્વાતંત્ર્યવાંછુ જુવાન તે જ આજના વિનોબા ભાવે. સુરતથી બંગાળ જઈ તેમણે ત્યાંની ક્રાંતિકારી સંસ્થા સાથે સંપર્ક સાધ્યો અને બૉંબ પ્રવૃત્તિનું નિરીક્ષણ કર્યું પણ તેમને તેમાં કેટલીક ઊણપો જણાઈ. આથી જોકે એ પ્રવૃત્તિ તેમને આકર્ષી શકી નહિ, પણ જુવાનીમાં પાદાર્પણ કરતી વખતે આયુષ્યનો જે શકવર્તી નિર્ણય તેમણે કરી લીધો હતો તે ફરવો અશક્ય હતો. દેશ ખાતર ઘરનું બંધન છોડયું તે તો હવે કાયમ માટે જ. એટલે બંગાળમાંથી પાછા ઘેર ન જતાં તે કાશી ચાલ્યા ગયા.

એવા એ દૃઢનિશ્ચયી વિનોબાનું નામ મહાત્મા ગાંધીજીના મૃત્યુ પછી ઘણાએ સાંભળ્યું હશે. ગાંધીજીના પટ્ટશિષ્ય તરીકે આજે જગત-ભરમાં જાણીતી એ સંતવિભૂતિનું સમસ્ત જીવન પાવિત્ર્ય, સ્વાધ્યાય, તપશ્ચર્યા, નમ્રતા આદિ ઉત્તમોત્તમ ગુણોથી એવું સભર અને સુગંધિત છે કે દરેક વ્યક્તિનું મસ્તક તેમની આગળ આદરથી ઝૂકી પડે જેમ કોઇ શિલ્પકાર ટાંકણા વડે ઘડીઘડીને પથ્થરમાંથી સુંદર મૂર્તિ ખડી કરે, તેમ વિનોબાજીએ સતત પરિશ્રમ, તપશ્ચર્યા અને નિશ્ચયનાં ટાંકણાં વડે પોતાનું જીવન ઘડીને એવું ઉન્નત, આદર્શ અને પથપ્રદર્શક બનાવ્યું છે કે મહાત્માજી પછી એ બાબતમાં તેમનો જ નંબર આવે છે. ગાંધીજીના રાજકીય વારસદાર જો જવાહરલાલ છે, તો આધ્યા-ત્મિક વારસદાર વિનોબાને સાર્થરીતે કહી શકાય એટલી તાદાત્મ્યતા તેમણે મહાત્માજીના વિચારો સાથે કેળવી છે. લોકોને આંજી નાખે એવું, વીજળીના ક્ષણિક ચમકારા જેવું કોઈ કાર્ય તેમણે કરી બતાવ્યું નથી; પણ શાંત નંદાદીપની માફક સેવાવ્રતીઓ ઘડવાનું, જે કાર્ય તેમણે કર્યું છે તે તો રાષ્ટ્રના ઈતિહાસમાં ખૂબ મહત્ત્વનું ગણાશે.

એમના કુટુંબનું મૂળ રહેઠાણ તો રત્નાગિરિ જિલ્લામાં. પણ પછી તેઓ સતારા જિલ્લામાં વાઇમાં અને કુલાબા જિલ્લામાં ગાગોદ ગામમાં સ્થિર થએલા. વિનોબાના દાદા શંભુરાવ વાઈમાં રહેતા. વિરક્ત વૃત્તિના અને કડક નિયમો તથા વ્રતો પાળતા એવા ભગવદ્‌ભક્ત દાદાના ઘણા ગુણો વિનોબામાં ઊતર્યા છે. શંભુરાવનાં વ્રત, ઉપવાસ આદિ હમેશ ચાલતાં જ હોય. તેઓ ચાંદ્રાયણ વ્રત કરતા એ વ્રત એટલે પડવાને દિવસે એક કોળિયો, બીજને દિવસે બે, ત્રીજને દિવસે ત્રણ, એમ કરતાંકરતાં પૂનમ સુધી જવાનું, અને પાછું એ જ રીતે ઓછું કરતાંકરતાં અમાસ પર આવવાનું ચંદ્રોદય જ્યારે થાય ત્યારે પૂજા આરતી કર્યા પછી જ જમવાનું. દાદા આરતી કરે ત્યારે બાળકોને પણ ઉઠાડે. તેમાં વિનોબા પણ હોય. વિનોબા કહે છે: 'દાદાના પાવિત્ર્યને લીધે જ મારામાં આજે જે કંઈ થોડુંઘણું હશે તે આવ્યું છે. એ એમની શ્રેષ્ઠ ભેટ છે' એમનાં દાદી પણ સ્વાભિમાની અને નિશ્ચયી સ્વભાવનાં હતાં. પંચાવનમે વર્ષે એ લખતાંવાંચતાં શીખેલાં!

શંભુરાવના ત્રણ પુત્રો પૈકી નરહર તે વિનોબાના પિતાજી. નરહરપંત અતિ બુદ્ધિમાન અને મહત્ત્વાકાંક્ષી હતા. પણ શંભુરાવ અંગ્રેજી ભણતરની વિરુદ્ધ હોવાથી નરહરપંતને આખરે વડોદરામાં નોકરી લેવી પડી અને તેમની મહત્ત્વાકાંક્ષા પર ઠંડું પાણી રેડાયું. નરહરપંતનું લગ્ન રખુમાઈ નામનાં એક સચ્છીલ સ્ત્રી સાથે થએલું. વડોદરામાં પતિપત્ની રહેતાં હોવા છતાં સુવાવડ માટે રખુમાઇ ગાગોદે જતાં. એટલે વિનોબાનું ઘણુંખરું બાળપણ એ ગામની રમ્ય ગોદમાં જ વીતેલું. ૧૮૯૪ની ૧૧મી સપ્ટેમ્બરે એ ગાગોદેમાં જ વિનોબાનો જન્મ થયો. ત્યાં કાકાને ઘેર બધું વાતાવરણ રાષ્ટ્રીય જાગૃતિના ચૈતન્યથી ભરેલું હતું. બંગભંગની ચળવળ, ૧૯૦૬ની કલકત્તા કૉંગ્રેસનો સ્વદેશી બહિષ્કારનો આદેશ, લોકમાન્યે શરૂ કરેલ શ્રી શિવાજીઉત્સવ, ગણેશોત્સવ, પૈસાફંડ, દારૂબંધી ઈત્યાદિ ચળવળો, એ બધાના ધ્વનિપ્રતિધ્વનિ એ નાના ગામમાં પણ ઊઠતા. કાકાને ઘેર કેસરી, ભાલા, કાળ, રાષ્ટ્રમત, હિંદુપંચ, વિહારી વગેરે રાષ્ટ્રીય વૃત્તિનાં બધાં જ છાપાં આવતાં હોવાથી વિનોબાના સંસ્કારક્ષમ માનસ ઉપર એ બધાંની અસર થયા વગર કેમ રહે?

બાળપણમાં બનેલો એક પ્રસંગ તેમની નિશ્ચલ મનોવૃત્તિ તથા કરેલો નિરધાર આમરણ પાળવાની દૃઢતા બતાવે છે. તે બારેક વરસના હતા ત્યારે તેમણે તથા તેમના ફોઇના છોકરા મહાદેવે આજીવન બ્રહ્મચારી રહેવાના સોગંદ લીધા. એ મહાન સંકલ્પ કરતી વખતે તેમની આંખ આગળ શંકરાચાર્ય કે સ્વામી રામદાસ જેવા કોઇ મહાન પુરુષ હોય તો નવાઇ નહિ. નાનપણમાં ઘણા લોકો અનેક પ્રકારના સંકલ્પ કરે છે, પણ તે જીવનભર ટકાવી રાખનારા તો વિનોબાજી જેવા કોઈક જ હોય છે. એવો જ એક બીજો પ્રસંગ પણ નોંધવા જેવો છે. તેમના પિતાજી ખૂબ ક્રોધી સ્વભાવના હતા. તેમણે એક વાર વિનોબાને નાની બહેનને તેડવા કહ્યું. પણ વિનોબાએ તેમ ન કર્યું. આથી પિતા ક્રોધે ભરાયા. તેમણે સાવરણીના બુધાથી એમને ખૂબ માર્યા, પણ વિનોબાની આંખમાંથી ન તો આંસુનું ટીપું પણ પડ્યું કે ન મોંમાંથી એક હરફ પણ નીકળ્યો! આખરે પિતાજી થાક્યા અને વિનોબા બહેનને ન જ લેતાં બહાર જતા રહ્યા!

પ્રાથમિક શિક્ષણ ગાગોદેમાં પૂરું થતાં તે અંગ્રેજી ભણતર માટે વડોદરા જ રહેવા લાગ્યા. એ કુમાર વયમાં જ્ઞાનાર્જનની એવી તો અજબ ભૂખ તેમનામાં ઊઘડી કે કોઈ દુકાળિયો માણસ જેમ ખાવા જ માંડે તેમ તેમણે વાંચવા જ માંડ્યું. તેમની જ્ઞાનતૃષા સંતોષે એવું મોટું ગ્રંથાલય વડોદરામાં હતું જ. ગ્રંથ પછી ગ્રંથ વંચાવા જ માંડ્યા. જ્ઞાનદેવ, એકનાથ, તુકારામ, નામદેવ, રામદાસ, વામન, મોરોપંત ઈત્યાદિ સંત મહંતોનું સાહિત્ય તેમણે વાંચી કાઢ્યું. ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન, ગણિત અને ધાર્મિક સાહિત્ય વગેરે વિષયોને લગતાં અનેક પુસ્તકો પણ વાંચ્યાં. ભારતીય લેખકોનાં પુસ્તકો સાથે ગિબન, કાર્લાઈલ આદિ પશ્ચિમના લેખકોના ગ્રંથો પણ ઉથલાવી નાખ્યા. પિતાજી સાથે વિશેષ બનતું નહિ હોવાથી તે એક જુદી ઓરડીમાં રહેતા અને ફક્ત જમવા અને સૂવા ઘેર જતા. જ્યારે જુઓ ત્યારે એ ઓરડીમાં આસનસ્થ બની વાંચતા જ હોય. મિત્રો ભેગા થાય તો ય ફાલતુ ગપ્પાં ન મારતાં વાંચેલાં પુસ્તકો પર ચર્ચા ચાલતી. ચર્ચામાં અથેતિ નેતૃત્વ વિનોબા પાસે જ રહેતું.

આ ઉપરાંત એક વિદ્યાર્થીમંડળ શરૂ કર્યું હતું. તેની મારફત હનુમાન જયંતી, શિવાજી જયંતી, ગણેશોત્સવ, રામનવમી ઈત્યાદિ ઉત્સવ ઊજવતા. વિદ્યાર્થીઓ લોકોનાં દળણાં દળીને પૈસા એકઠા કરતા અને તેમાંથી સુંદર પુસ્તકાલય ચલાવતા. એ પુસ્તકાલયમાં ઉત્તમોત્તમ એવા ૧૬૦૦ ગ્રંથો એકઠા થએલા! પાછળથી એ પુસ્તકાલય તેમણે સાબરમતી આશ્રમને ભેટ આપેલું. આ વિદ્યાર્થીમંડળ આગળ વિનોબાજીનાં સ્ફૂર્તિદાયક ભાષણો થતાં. તે વખતના તેમના મિત્રો—ગોપાળરાવ કાળે, વાળુંજકર, મોઘે, ઘારે વગેરે આજે પણ રાષ્ટ્રસેવાના કાર્યમાં તનમનધનપૂર્વક પડેલા છે.

પોતાના બુદ્ધિમાન બાળક માટે પિતાને ઘણી મોટી આશાઓ હતી. એને યુરોપ મોકલી મોટો સંશોધક બનાવવાની તેમની ઇચ્છા હતી. એ દૃષ્ટિથી તેમને બીજી ભાષા તરીકે ફ્રેંચ ભાષા લેવાની તેમણે ફરજ પાડી. પણ વિનોબાજીને વિશેષ આકર્ષણ સંસ્કૃત તરફ હતું. એટલે ખાનગી રીતે તેનો અભ્યાસ કરી પોતાની ભૂખ એ ભાંગતા.

કુમાર વયમાં જ્ઞાનની ઉપાસનાની સાથેસાથે જીવનને ખડતલ, સહનશીલ બનાવવાના તથા દેશદાઝથી પ્રેરાઈ તપશ્ચર્યામય તથા સત્ત્વશાળી કરવા માટેના પ્રયત્નો પણ ચાલતા હતા. માત્ર કામળા પર ઓશિકા વગર સૂઈ રહેવું, ગમે તેવો ઉનાળો હોય છતાં પગમાં કશું પહેરવું નહિ, ગળપણ ખાવું નહિ ઇત્યાદિ અનેક કષ્ટપ્રદ નિયમો તે પાળતા. તે એટલે સુધી કે પોતાની બહેનના લગ્નમાં પણ ગળ્યું ન ખાતાં એકલાં ભાખરી-ભાત ખાઇ ઊઠી ગએલા!

હાઇસ્કૂલનું શિક્ષણ પૂરું કરી તે કૉલેજમાં ગયા. એ કાળે પહેલું મહાયુદ્ધ શરૂ થયું હતું. એ તકનો લાભ લઇ દેશમાં સ્વાતંત્ર્ય માટે જોરમાં પ્રયત્નો શરૂ થયા. જબરદસ્ત 'ગદર' ચળવળ એ જ કાળે થએલી. દેશભરમાં નવચેતન્યનો પવન ફૂંકાવા લાગ્યો. વિનોબાના મન પર તેની અસર થયા વગર કેમ રહે? અને એ પરીક્ષા આપવા મુંબાઇ ન જતાં બંગાળ ગયા, અને ત્યાંથી કાશી ગયા.

કાશીનિવાસ દરમ્યાન તેમણે સંસ્કૃત ભણવાની પોતાની હોંશ પરિપૂર્ણ કરી લીધી. અન્નછાત્રમાં જમતા અને બાકીનો બધો વખત જ્ઞાનોપાસના કરતા. ત્યાંની પ્રખ્યાત મૂર સેંટ્રલ લાયબ્રેરીના ઉત્તમોત્તમ ગ્રંથો તેમણે વાંચી કાઢ્યા. એ જ અરસામાં એ હિમાલયનો પ્રવાસ પણ કરી આવેલા. જ્ઞાનની આ અખંડ ઉપાસના ચાલતી હતી એવામાં એમના જીવનની બીજી ક્રાંતિકારી પળ આવી પહોંચી.

બનારસ હિંદુ વિદ્યાપીઠનો પદવીદાન સમારંભ ડૉ. ઍની બેસંટની અધ્યક્ષતામાં થયો. એ સમારંભ વખતે ગાંધીજીનું હિંમત અને નિર્ભયતાથી ઓતપ્રોત એવું ઐતિહાસિક ભાષણ થયું. આફ્રિકાની લડતમાં સફળ નેતાગીરી બજાવી આવેલા ગાંધીજી એ વખતે દેશની નાડીપરીક્ષા કરવા ફરતા હતા. ગાંધીજીનું પ્રથમ દર્શન વિનોબાએ ત્યાં કર્યું. મહાત્માજીના મોં પરનાં શાંત, નિર્ભય તેજ તથા પાવિત્ર્યે એમને ગાંધીજી પ્રત્યે આકર્ષ્યા. ગાંધીજી સાથે તેમણે પત્રવ્યવહાર શરુ કર્યો અને પ્રશ્નોત્તરો થવા માંડ્યા. મહાત્માજીએ તે વખતે સાબરમતી તટે સત્યાગ્રહાશ્રમ શરુ કર્યો હતો. તેમણે વિનોબાને આશ્રમમાં બોલાવ્યા. વિનોબાએ તરત એ માન્ય કરીને અમદાવાદ આવવાનું ઠરાવ્યું. અત્યાર સુધી વિનોબાએ ઘણું લખ્યું હતું. પોતાના મનનીય વિચારો તેમણે નોંધી રાખ્યા હતા. પણ હવે જ્યારે તેમણે મહાત્માજી પાસે નવ-જીવનની દીક્ષા લેવા જવાનું ઠરાવ્યું ત્યારે એ બધું ગંગાર્પણ કરી દેવાનો નિશ્ચય કર્યો અને એક દિવસ ગંગાતીરે જઈ એ બધું તેજસ્વી લખાણ, તથા બધો પત્રવ્યવહાર ગંગામાતાને ખોળે અર્પણ કરી દીધાં! સાથે લીધાં માત્ર આજ સુધીની તપશ્ચર્યાના ભોગે મળેલાં જ્ઞાન, વૈરાગ્ય, સ્ફૂર્તિ અને સંસારનું માંગલ્ય. જાણે જીવનનો એક નવો જ અંક તેઓ શરૂ કરતા હતા.

ભવભૂતિનો એક શ્લોક છે: 'सतां सद्भिः संग कथमपिहि पुण्येन भवति.' ગાંધીજી અને વિનોબાનું મિલન એ એક એવો જ યોગ

કહી શકાય. સાબરમતી આશ્રમમાં આવીને તેમણે મહાત્માજીના વિચારોને પચાવવા માંડ્યા. કેટલીક વાર તો ગાંધીજી ને વિનોબા એક જ ઘંટીએ સામસામા દળવા બેસતા. જ્યારે ગાંધીજીને ખબર પડી કે વિનોબાએ સૂરતથી ચાર લીટીનો ઘેર કાગળ લખ્યા પછી કાગળ જ લખ્યો નથી ત્યારે તેમણે જાતે જ એમના પિતાને પત્ર લખ્યો. એ નાનકડા પત્ર પરથી પણ વિનોબાની સાચી મહત્તાનો ખ્યાલ આવે છે. તેમણે લખ્યું, 'વિનોબા મારી પાસે છે. આટલી નાની ઉમરમાં તમારા દીકરાએ એટલી તેજસ્વિતા અને વૈરાગ્ય મેળવ્યાં છે કે એવું વૈરાગ્ય મેળવવા મારે કેટલાંય વર્ષો સુધી સતત પરિશ્રમ કરવો પડ્યો.' આ પત્રમાં પ્રથમ વાર જ વિનોબાને 'વિનોબા' નામ મળ્યું. તેમનું નામ વિનાયક છે. પણ ગાંધીજીએ તેમને પ્રેમળ નામ 'વિનોબા' આપ્યું, જે ત્યારથી રૂઢ થયું.

સંસ્કૃત સાહિત્યના અધ્યયને વિનોબામાં એવો તો રસ જગાડેલો કે તેનું સંપૂર્ણ પરિશીલન કરવાની તેમનીતીવ્રઈચ્છાહતી. તત્ત્વજ્ઞાનનો શ્રેષ્ઠ ગ્રંથ 'શાંકરભાષ્ય' કોઇ શાસ્ત્રજ્ઞ વિદ્વાન પાસે વાંચવાની તાલાવેલી હતી. એ દૃષ્ટિથી તેમણે સંસ્કૃત અધ્યયન માટે પ્રખ્યાત એવા, વાઇ ગામની પ્રાજ્ઞપાઠશાળાના મહાન આચાર્ય નારાયણશાસ્ત્રી મરાઠે પાસે 'શંકર ભાષ્ય.' વાંચવા-સમજવા જવાની ૧ વરસ માટે ગાંધીજી પાસે પરવાનગી માગી. રજા મળતાં જ તેઓ વાઇ પહોંચ્યા. ત્યાં તેમનું ઘર તો હતું જ, એટલે જતાંવેંત તેમણે એકાગ્ર ચિત્તે અધ્યયન શરૂ કર્યું. એ બૌદ્ધિક તપશ્ચર્યા સાથેસાથે તેમણે શારીરિક તપશ્ચર્યા પણ શરુ કરી. કેવળ એક જ વસ્ત્ર તેઓ પહેરતા, અંગે ઓઢવા પણ બીજું કંઈ લેતા નહિ. વરસતા વરસાદમાં નદીકિનારે પડ્યા રહેતા. ક્યારેક તડકામાં જ જઈ બેસતા. ખાવામાં પણ તેમણે અનેક જાતના નિયમો કર્યા: અમુક ચીજ જ ખાવાની; તેમાં પણ ગણતરીના પદાર્થો જ ખાવાના;ને તેય અમુક જ પ્રમાણમાં; એમ અનેક રીતે એ દેહદંડના ચાલતી હતી. મન સાથે શરીર પણ ઘડાતું જતું હતું. શાંકરભાષ્ય પૂરું થતાં તે મહારાષ્ટ્રના પગપાળા પ્રવાસે નીકળ્યા. ત્યાંના ઈતિહાસપ્રસિદ્ધ કિલ્લાઓ, પવિત્ર તીર્થો, સંતોનાં જન્મસ્થાનો, બધું જોઈ વળ્યા. જે જે ગામે જતા ત્યાં કોઈ ખેડૂતને ત્યાં ઊતરતા અને ભાજી-ભાખરી જે મળે તે ખાઈ લેતા. એ રીતે ફરતાફરતા, પોતાનું રોજનું ખોરાકી ખરચ બે આનામાં જ પતાવતા પતાવતા ઠરાવેલે સમયે તે પાછા આશ્રમે આવી પહોંચ્યા.

આશ્રમ આવ્યા ત્યારે તેમની આંખો ઘણી બગડી હતી. કશું બરાબર દેખાતું નહિ. અપરંપાર વાચન, કડક દેહદમન, તડકામાં ઉઘાડા પગે ચાલવું ઈત્યાદિની આંખ પર અસર થઈ હતી. છતાં તેઓ ચશ્માં લેતા નહોતા! છેવટે ગાંધીજીએ આગ્રહ કરી તેમને ચશ્માં લેવડાવ્યાં. એ વાત કહેતાં વિનોબાજીએ એકવાર કહ્યું, 'આશ્રમમાં જે ઓરડીમાં રહેતો હતો ત્યાં ઘણી કીડીઓ હતી. મને તે દેખાતી નહોતી; પણ ચશ્માં આવતાં તે બધે દેખાવા લાગી. મનમાં થયું, 'આજ સુધી કેટલી બધી પગ તળે કચડાઇ હશે તે ભગવાન જાણે!' જેમ બહારની આંખોનું તેમજ બુદ્ધિની આંખોનું છે. વિચારની દૃષ્ટિ સ્વચ્છ નહિ હોય, જ્ઞાનચક્ષુ જો આંધળાં હશે તો આપણા હાથે કેટલાં અનુચિત કૃત્યો થશે એને સીમા નથી!'

સાબરમતી આશ્રમમાં એક વાર મહાત્માજીના માનસપુત્ર સ્વ. જમનાલાલ બજાજ આવ્યા. તેમણે કહ્યું 'મહાત્માજી, આ આશ્રમમાં ગીરદી ઘણી થઇ છે. વર્ધામાં એક શાખા કાઢોને! મહાત્માજીએ સંમતિ આપતાં વર્ધામાં શાખા શરૂ થઈ. એ ચલાવવા કોઇ યોગ્ય વ્યક્તિને મોકલવા જમનાલાલજીએ ગાંધીજીને વિનતિ કરી:

યોગાસનો: આપણાં શરીર મન અને જ્ઞાનતંતુ ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી અનન્ય વ્યાયામપદ્ધતિ

૮

ધનુરાસન



આ આસન બરોબર થતાં શરીરનો દેખાવ ધનુષ્ય જેવો થાય છે, એટલે એને ધનુરાસન કહ્યું છે. ધનુઃ એટલે ધનુષ્ય.

દાઢી જમીનને અડકાડીને પાથરણા પર ઊંધા સૂઈ જાઓ. હવે પગને ઢીંચણમાંથી વાળો અને એમને જાંગ ઉપર લાવો. બંને હાથ વડે બંને ઘૂંટીઓને પકડો. હવે પગને લાંબા કરવાનો પ્રયત્ન કરો; પણ તેને હાથથી સજ્જડ પકડી રાખો. આથી આખું શરીર કમાન જેવું તંગ થશે. એમ થાય એટલે આસન આવી ગયું કહેવાય. આ રીતે શરૂઆતમાં આ આસન પાંચ સેકન્ડ રાખવું, પણ પછી ધીમે-ધીમે વધારીને ત્રણ મિનિટ સુધી પણ રાખી શકાય છે. પછી ધીમે ધીમે છાતી અને જાંગના ભાગ નીચે ઉતારી, હાથ છોડી દઇ, શરૂઆતની જેમ લાંબા થઇને સૂઇ જવું, એટલે આસન પૂરું થઈ જાય.

આ આસનમાં શ્વાસ રોકવાનો નથી; સામાન્યરીતે ચાલે છે તેમ એ ક્રિયા ચાલવા દેવી. શરીરને એકદમ ઉંચકવાનું આમાં હોય છે, પણ તેમ કરવામાં ઉતાવળ કદી પણ કરવી નહિ. શરૂઆતમાં મુશ્કેલી લાગે, તો બંને પગના ઢીંચણ છૂટા રહે તો રાખવા. જેમજેમ ટેવ પડે તેમતેમ ઢીંચણને ભેગા રાખવાનો પ્રયત્ન કરવો.

આ આસનમાં ભુજંગ અને શલભ બંને આસનોનું મિશ્રણ છે, ને ફાયદા પણ બંને આસનના થાય છે. કરોડ મજબૂત બને છે તથા ખૂંધ નીકળતી હોય તો તે અટકે છે. ચરબી ઘટી શરીરમાં ચેતન વધે છે અને સારી રીતે ચાલી શકાય છે. **દાસુભાઇ શુક્લ**

અને વિનોબા વિના ગાંધીજી બીજા કોની પસંદગી કરે?

વિનોબાજીએ ત્યાં જઇને સેવામય-કર્મમય તપશ્ચર્યા શરૂ કરી. અસંખ્ય સેવકો તૈયાર કરવાનું મહાન કાર્ય ત્યાં તેમણે શરૂ કર્યું. અનેકોને નવી દૃષ્ટિ આપી. સેંકડો લોકોને કાર્ય કરવાની સ્ફૂર્તિ આપી. કૈંક જણ એમની પાસે સાન્ત્વના મેળવવા, માર્ગદર્શન પ્રાપ્ત કરવા આવતા. મહાત્માજીના સિદ્ધાંતોને ત્યાં તેમણે સારી પેઠે ઘૂંટ્યા, એટલું જ નહિ પણ મહાત્માજીની કલ્પનાનો આદર્શ આશ્રમ ત્યાં ખડો કરી પવિત્ર, નિર્ભય, તેજસ્વી વાતાવરણ જમાવ્યું. તે એટલે સુધી કે મહાત્માજીએ સાબરમતી આશ્રમ છોડ્યો ત્યારે વર્ધા આશ્રમના વાતાવરણને લીધે ત્યાં જ રહેવાનું તેમણે નક્કી કર્યું.

વર્ધા આવ્યા પછી એમણે 'મહારાષ્ટ્ર ધર્મ' નામે માસિક શરૂ કર્યું. એમના આદર્શ તેજસ્વી જીવનનું જાણે તે (જુઓ અ૦ પૃ૦ ૩૯૯મું)

જર જમીન અને જોરૂ જેમાં અસૂયા નહોતાં આણત

આર્ય, દ્રવિડ, હૂણ, મોંગોલ—પ્રત્યેક સ્વતંત્ર જાતિના જીવનમાં એક સમય એવો આવે જ છે કે જેને નવયૌવનકાળ કહી શકાય. ઊછળતી જુવાનીના તોરમાં ત્યારે, તેઓ લાંબો વિચાર કર્યા વિના ઘણીક અશક્ય અને હાસ્યજનક પ્રતિજ્ઞા લઈ બેસે છે અને આખરે એ પ્રતિજ્ઞા પાળ્યે જ રહે છે.

આપણે જેમને આર્ય તરીકે ઓળખીએ છીએ તે આર્યોના જીવનમાં પણ આવો એક નવયૌવનકાળ કુરુક્ષેત્રના યુદ્ધ પૂર્વે આવી ગયો હતો. પંચાંગની ત્યારે હજુ શોધ નહોતી થઈ. આકાશમાં ગ્રહ, નક્ષત્ર, ચંદ્ર ને સૂર્ય ફાવે તેમ નચિંત થઈને પોતપોતાના વર્તુળમાં ફરતા. એનાં હલનચલન કે એમાં થતાં પરિવર્તનો ઉપર માનવી ત્યારે આજની જેમ બહુ ઝીણવટથી ખ્યાલ આપતો થયો નહોતો.

આર્યોના આદિ વીર પુરુષો ભારતભૂમિમાં પગપેસારો કરી અહીંના આદિવાસી 'અનાર્યો'ને વિંધ્યાચળને પેલે પાર હાંકી કાઢીને શાંત નહોતા થયા. રાક્ષસ, પિશાચ, દસ્યુ વગેરે નામથી એમનો ઉપહાસ પણ તેઓ કરતા. કદાચ આજની જેમ એ યુગમાં પણ શત્રુની વગોવણી કરવાની પ્રથા ચાલુ હશે.

એ પછી એકાદ અગસ્ત્ય મુનિએ એમના કેટલાક શિષ્યાદિ સહ દક્ષિણાપથે અગસ્ત્યયાત્રા કરી, ને તેઓ પાછા ફર્યા જ નહિ. રાક્ષસો ને પિશાચો એમને કાચા ને કાચા ભક્ષી ગયા કે નહિ તેનો ઉલ્લેખ પુરાણોમાં મળતો નથી. જે હોય તે. પણ ત્યારથી અન્યાન્ય આર્ય વીર પુરુષો પણ વિંધ્યાચળની દક્ષિણે ડોકિયું કરવા લાગ્યા.

બે યુવાન આર્ય યોદ્ધા સૈન્યસામંતો સાથે દક્ષિણાપથ બાજુ બહુ આગળ વધી ગયા હતા, અને એમણે જોઈ કરીને એક નાના પણ સુંદર ફળદ્રુપ પ્રદેશમાંથી ત્યાંના આદિનિવાસી કૃષ્ણકાય દસ્યુ તસ્કરોને હાંકી કાઢી ત્યાં પોતાનું રાજ્ય સ્થાપી દીધું હતું. એ આર્ય વીરોનું નામ પ્રદ્યુમ્ન અને મઘવા. એ બેઉ ગાઢ મિત્રો હતા.

મિત્રતા શબ્દમાં આજે એ તેજસ્વિતા, એ પ્રબળ ભાવના નથી રહી; આજે તો એ શબ્દનો ઉપયોગ સ્વાર્થ સાધવા કે રમૂજ કરવા પૂરતો જ બની ગયો છે. પરંતુ એ યુગમાં દસ્યુઓ અને રાક્ષસો દ્વારા ઘેરાએલા હોઇ મિત્રતાને ઝળકવાની પૂરેપૂરી તક મળતી. બેઉ મિત્રોની સામટી શક્તિના સામર્થ્યે રાજ્ય તો સ્થપાયું. પરંતુ પછી પ્રશ્ન ઊઠયો કે રાજા કોણ થાય?



'મઘવા, તું રાજા થા; હું સેનાપતિ થઇશ.' પ્રદ્યુમ્ને કહ્યું.

'ના, તું જ થા; હું સેનાપતિ થઈશ.' મઘવાએ ઉત્તર આપ્યો.

સમસ્યાનું સમાધાન ન થયું. મિત્રને વંચિત કરી જાતે રાજા થવાની અધીરતા કોઇને ન હતી. બીજી બાજુ નવું સાંપડેલું રાજ્ય પણ એટલું નાનું હતું કે ભાગલા પાડતાં, ખાસ કંઈ ભાગમાં આવે નહિ; અને વસતિની વહેંચણીમાં પણ શક્તિનો ક્ષય અનિવાર્ય હતો. બેઉ મિત્રો બહુ વિચારમાં પડી ગયા.

એક રાત્રે આકાશમાં પૂર્ણગોળાકારે ચંદ્ર શોભી રહ્યો હતો. અર્થાત્ એ પૂર્ણિમાની રાત હતી. પથ્થરોથી બંધાએલા ઊંચા કિલ્લાની ટોચ પર બંને મિત્રો ચિંતાતુર દશામાં બેઠા હતા. કિલ્લો બેશક હાંકી કાઢેલા અનાર્ય દસ્યુઓ દ્વારા જ બાંધવામાં આવ્યો હતો. ત્યારે આર્યો કિલ્લો બાંધતાં જાણતા નહિ. રામચંદ્ર લંકામાં રાવણનો કિલ્લો જોઈ એકદમ અવાક્ થઈ ગયા હતા.

પોતાની પીંગળી દાઢી પસવારતાં પસવારતાં મઘવો ઉઘાડી અગાશીમાં આંટા મારતો હતો. વિશાળ તેજસ્વી ચહેરો, આસમાની આંખો ને ગદા જેવો મજબૂત અને નક્કર દેહ. ચિંતા કરવાની ટેવ ખાસ એને નહોતી. એથી જ આકરી ચિંતાની વાત આવતાં જ એનાં આંગળાં દાઢી ખજવાળવા લાગતા.

પ્રદ્યુમ્નનો ચહેરો પ્રમાણમાં લઘુ છતાં

પ્રાગ્-જ્યોતિષ

કાળની નવલિકા શ્રી શરદીન્દુ બંદ્યોપાધ્યાય ની વાર્તા ઉપરથી

અનુવાદક

રમણિક મેઘાણી

એ વી આ ર્ય બિ રા દ રી ની

ઠીક ઠીક નક્કર અને તેજસ્વી હતો. મસ્તકે સોનેરી ઝુલ્ફાં, અને આંખની કીકી ઘેરી આસમાની. દાઢી એને નહોતી. માત્ર ઝીણી એવી મૂછ એણે રાખી હતી. એ મૂછ પર હાથ ફેરવતો ફેરવતો એ કોટના કાંગરાને અઢેલીને ચંદ્ર તરફ જોઈ રહ્યો હતો.

પરંતુ ચંદ્ર તો હસતો હતો. એના પર તોળાઈ રહેલી મહાન આફતની એને ખબર નહોતી. પંચાંગની શોધને અભાવે એને એનો પૂર્વાભાસ પણ નહોતો.

ઓચિંતો મઘવો બોલ્યો: 'એક ઉપાય સૂઝે છે, પ્રદ્યુમ્ન. ચાલ આપણે પંજો લડાવીએ. જે હારે એણે રાજા થવું પડશે.'

મૂછમાં હસીને પ્રદ્યુમ્ન બોલ્યો, 'લુચ્ચાઈ કરવી છે ને? છેલ્લી વેળા મારું કાંડું ખડી ગયું હતું એ યાદ છે એટલે ને?'

નિરાશ થઈ મઘવો ફરી દાઢી ખજવાળવા લાગ્યો. અંતે એ બોલ્યો, 'આપણે બંને રાજા થઈએ તો શો વાંધો?'

'બેઉ જણ રાજા થઇએ તો કોણ કોનો હુકમ માને? વસતિને ફરમાન કોણ ફરમાવશે?' પ્રદ્યુમ્ને ખુલાસો કર્યો.

'એ તો ખરું.'

'આપણે બેઉ વારાફરતી રાજા થઈએ.'

'એ કઈ રીતે?'

'થોડા દિવસ તું રાજા અને હું સેનાપતિ; ને પછી થોડા દિવસ હું રાજા ને તું સેનાપતિ; બીજું શું?'

વિચાર કરીને મઘવાએ કહ્યું, 'વાત મોળી ન કહેવાય. એક દિવસ તું રાજા ને એક દિવસ હું.'

'અંહં,એટલા જલદી જલદી રાજા બદલાય તો તો ગોટાળો થાય.'

'ગોટાળો શાનો?'

'માન કે મેં રાજા થઇને તને હુકમ કર્યો કે 'સેનાપતિજી, સાંભળ્યું છે કે દક્ષિણમાં લંબોદર નામના રાક્ષસોના રાજ્યમાં રસાળ નામનું એક જાતનું અતિ સુંદર ફળ મળે છે. તમે સત્વર જઇને એ ફળ લઈ આવો, મને એ ખાવાનું મન થયું છે. હવે એ ફળ લઈને પાછા વળતાં દિવસ વીતી ગયો, ને તું રાજા થયો અને હું સેનાપતિ થયો. તો એ દશામાં એ ફળ કોણ ખાય?'

'સાચું, સાચું. બહુ મુશ્કેલી છે એમાં તો.' મઘવાએ કહ્યું.

યાદ રાખવાનું છે કે આર્યોએ ત્યારે હજુ સ્થિર થઇને બેસી જ્ઞાન-વિજ્ઞાનની શોધખોળ શરૂ નહોતી કરી. બેએક ઋષિ ઓચિંતા મંત્રદ્રષ્ટા બની વિદ્યુત્રેખાના એકાએક થતા ચમકારની જેમ એકાદ સૂત્રનું ઉચ્ચારણ કરી નાખતા એટલું જ. શિયાળો, ઉનાળો ને ચોમાસું, આ જાતનાં ઋતુપરિવર્તનની વાતો એકંદર જાણવા છતાં, સમયને અઠવાડિયું, મહિનો કે વર્ષમાં વહેંચી નાખવાની બુદ્ધિ ત્યારે પણ કોઈમાં ઉદ્‌ભવી નહોતી.

પરિણામે પ્રદ્યુમ્ન અને મઘવો મોટી ચિંતામાં પડી ગયા.

બીજી તરફ આકાશમાં ચંદ્ર પણ વિપદમાં પડ્યો હતો. પ્રદ્યુમ્ન એના તરફ ભવાં ખેંચવા જતાં બોલી ઊઠ્યો, 'અરે અરે! આ શું?!'

મઘવાએ પણ ઊંચે જોયું. જોયું તો આકાશ વાદળવિહોણું છે, છતાં ચંદ્રના શુભ્ર મોં ઉપર ધુમાડા જેવી છાયા પડે છે, અને એ કાળી છાયા ધીરેધીરે ચંદ્રને ગળી જવા લાગી છે!

બંને મિત્રોનાં મનમાં શંકા અને ઉત્તેજના જન્મ્યાં. એ પહેલાં પણ કેટલીક વાર એવું જ દૃશ્ય જોયું હોવા છતાં તેમને એ સંપૂર્ણ સ્વાભાવિક એક કુદરતી ઘટના ન લાગી; ધરતીકંપ જેવી એક અણધારી આફત જ જણાઈ. મઘવાએ દોડતાં જઈ પ્રદ્યુમ્નનો હાથ દાબી ગુસપુસ કરતાં કહ્યું, 'ચંદ્રગ્રહણ!'

પ્રદ્યુમ્ને પડી ગએલા મોંએ મિત્રને આશ્વાસન આપતાં કહ્યું, 'હા, પણ ચિંતા નથી. ચંદ્ર ફરી મુક્ત થશે. નાનપણમાં વૃદ્ધ અંગિરા ઋષિ પાસે થોડુંક ભણેલો, ત્યારે એક દિ એમણે કહેલું કે આકાશમાં રાહુ નામનો એક અદૃશ્ય રાક્ષસ છે, એ વચ્ચેવચ્ચે ચંદ્ર-સૂર્યને ગળી જાય છે, પરંતુ વધુ વખત એ એને દાબી રાખી શકતો નથી.'

'હા, મેં પણ ચારપાંચ વાર આવું જોયું છે.'

'મેં પણ વચ્ચેવચ્ચે આવું દીઠું છે.'

બેઉ મિત્રો એકબીજાના હાથ પકડી જોવા લાગ્યા. વિપદગ્રસ્ત મરણિયો ચંદ્ર એક તામ્રવર્ણા અર્ધસ્વચ્છ અજગરના પેટમાં થઇને પશ્ચિમ બાજુ જઈ રહ્યો છે. કિલ્લા નીચે ભયભીત જનતા એકત્ર થઈને ચીસો પાડતી વિવિધ વાજિંત્રો જોરશોરથી વગાડી રહી છે. જાણે આ જાતના ઉગ્ર અવાજથી ભય પામીને દુષ્ટ રાક્ષસો પોબારા ગણી જશે!



લાંબી વારે ચંદ્રનો એક ખૂણો ચળકતો બહાર દેખાયો. તે પછી જોતજોતામાં ચંદ્ર સંપૂર્ણ અક્ષત દેહે હસતે મોંએ રાક્ષસના પંજામાંથી મુક્ત થયો. સૌએ ઊંચે સાદે આનંદના પોકારો કર્યા. મઘવો પ્રદ્યુમ્નનો હાથ છોડી નિરાંતનો શ્વાસ મૂકતાં બોલ્યો, 'ખેર, બચી ગયા.'

પ્રદ્યુમ્ને કહ્યું, 'માત્ર એટલું જ નહિ; આપણી સમસ્યાનું સમાધાન પણ મળી ગયું.'

'કઇ રીતે ?'

'સાંભળ, આજથી તું રાજા થાય છે. ફરીને જ્યારે ચંદ્રગ્રહણ થશે ત્યારે તારો રાજત્વકાળ પૂરો થશે, ને હું રાજા થઈશ. એ રીતે ચલાવ્યા કરશું.'

મઘવાએ વિચાર કરીને કહ્યું, 'વાત કંઇ ખોટી નહિ. પણ પહેલાં હું જ શા માટે રાજા થાઉં ?'

'કારણકે આ ઉકેલ મેં શોધ્યો છે. હવે જાઉં છું. કાલ સવારે સૈન્ય સાથે યુદ્ધયાત્રા આરંભીશ. સેનાપતિને બીજું કામ પણ શું હોય ? મહારાજા ! આ દરમિયાન આપ ભેદભાવ વિના પ્રજાપાલન કરતા રહેજો. મહારાજાનો જય હજો.' અને એક સ્મિત કરતો પ્રદ્યુમ્ન નીચે ઊતરવા લાગ્યો, ને મઘવો અતિ નિરાશ થઈ દાઢી ખજવાળવા લાગ્યો.

મઘવાના માથામાં બહુ બુદ્ધિ નહોતી. છતાં હવે એકાએક એનામાં રાજબુદ્ધિનો ઉદય થયો ! એણે ગંભીર થઇ સાદ પાડ્યો: 'સેનાપતિ પ્રદ્યુમ્ન !'

'જી; આજ્ઞા આપો મહારાજ!' હાથ જોડીને પાછા ફરતાં પ્રદ્યુમ્ને કહ્યું.

મહારાજ મઘવાએ મેઘગંભીર સ્વરે કહ્યું, 'હું આજ્ઞા કરું છું કે કાલે પ્રભાતે હું સૈન્યસામંત લઈ યુદ્ધયાત્રાએ જાઉં છું. હું પાછો ન ફરું ત્યાં સુધી તમે વિના ભેદભાવે પ્રજાપાલન કરજો. રાત બહુ વીતી ગઈ છે. હવે હું રાજશય્યા ઉપર સૂવા જાઉં છું.'

આવું હાસ્ય હસવા મઘવો ટેવાએલ નથી. પ્રદ્યુમ્ન તરફ એકવાર આંખનો મિચકારો કરતાં, ખડખડાટ હસત હસતાં એણે પ્રસ્થાન કર્યું.

ને ગમાર જેવો બની પ્રદ્યુમ્ન કાન પાછળ ખજવાળવા લાગ્યો.

નવયૌવનની મુખ્ય ખાસિયત એ છે કે તે જીવનને ગાંભીર્યનાં ચશ્માં વાટે કદી નિહાળતું નથી. જગત એને માટે રમતનું મેદાન છે; યુદ્ધ એને માટે સરસ કૌતુક છે; પ્રેમ એને માટે એક માદક ઉત્તેજના છે.

મહારાજા મઘવા મહા આનંદસહ અર્ધુંક સૈન્ય લઈ યુદ્ધયાત્રાએ ચાલ્યા ગયા. રાજ્યની દક્ષિણ સીમા ઉપર કોદંડ નામની એક અનાર્ય જાતિ વસે છે એના ઉપર વિજય મેળવવાનો એનો ઉદ્દેશ છે.

આધુનિક ગણત્રીએ જે સમયને લગભગ ત્રણ માસ કહી શકાય તેટલા સમય પછી મઘવો યુદ્ધયાત્રામાંથી પાછો ફર્યો. એના પિંગળા વાળ રૂક્ષ થઇ ગયા છે. એના દેહ પરનું ચામડાનું આવરણ છિન્નભિન્ન થઈ ગયું છે. એનાં મોં પર પરિતૃપ્ત ઈચ્છાનું હાસ્ય છે.

આવતાંવેંત એણે પ્રદ્યુમ્નનો વાંસો થાબડતાં પૂછ્યું, 'કાં? કેમ છો ?'

બન્ને મિત્રો બથ ભરીને ભેટ્યા. પ્રદ્યુમ્ને કહ્યું, 'તું દૂબળો થઈ ગયો દેખાય છે. રાક્ષસોના દેશમાં કંઈ ખાવા મળ્યું હોય એમ નથી લાગતું.' અને પછી પોતાના પદનું ભાન લાવી એ બોલ્યો, 'મહારાજાનો જય થજો ! આર્યોના બધા યે સમાચાર સારા છે ને ?'

મઘવાએ કહ્યું, 'ખરાબ કંઇ જ નથી. બેટ્ટા કોદંડોને બરાબરના ફટકાવ્યા છે. એટલું જ નહિ, એક સરસ ચીજ પણ લાવ્યો છું. ચાલ દેખાડું.'

પરાજિત જાતિ પાસેથી લૂટેલી ઘણીઘણી વિચિત્ર ચીજો સૈનિકોના એક દળના સંરક્ષણ નીચે હતી. મઘવો એમને ઈશારો કરતો રાજભવન તરફ ચાલ્યો. જતાંજતાં એણે પ્રદ્યુમ્નને પૂછ્યું. 'હં. પણ રાજ્ય કેમ ચાલે છે ? લોકો આંનન્દમાં છે ને ?'


'હમણાંહમણાં તો આનંદ વધી ગયો છે.'

'કઇ રીતે ?'

'આર્ય યોદ્ધાઓમાં રસનો સંચાર થયો છે. અનાર્ય છોકરીઓને પકડી આણી તેઓ ઝપાટાબંધ લગ્ન કરી રહ્યા છે.'

મોટેથી હસી પડતાં મઘવાએ કહ્યું, 'એમ છે કે ! ત્યારે તો એ દરદ ચેપી લાગે છે !'

(અનુસંધાન આગળ પૃ. ૪૦૭મે)



પ્રદ્યુમ્ને જોયું કે એલા બારી પાસે બેઠીબેઠી વેણી સરખી કરી રહી છે.

છાવણી પર હલ્લો

તાલીમ લેતા કુમારો
જેમાં પોતાની બુદ્ધિ અને બળ
બતાવે છે એવો
માત્ર નામ અને ઠામ બદલીને વર્ણવેલો
એક સાચો પ્રસંગ



લેખક
વાસુદેવ ભટ્ટ

'ગામ તો જોકે કાંઈ મોટું નથી; પણ છોકરાઓ ઉત્સાહી છે. અને એટલે તમારે એક વાર આવવું જ પડશે.'

શાંતિભાઇના એ આગ્રહને લીધે મારે સાંતેજ ગામે જવું જ પડયું. સાંતેજના છોકરાઓ કેવા ઉત્સાહી હતા એની તો સાંતેજ ગયા પછી ખબર પડી (અને તે પણ બરાબર!). પણ શાંતિભાઈના ઉત્સાહની તો મને ખબર હતી જ. ખરું પૂછો તો શાંતિભાઈના ઉત્સાહને લીધે જ છોકરાઓમાં ઉત્સાહ આવ્યો હતો, અને પરસ્પરના એ ઉત્સાહને લીધે જ 'સાંતેજ તાલીમ છાવણી' સફળ થઇ હતી.

નિયત દિવસે સાંજના 'સાંતેજ તાલીમ છાવણી'માં પહોંચી, વિદ્યાર્થીઓ સમક્ષ વાર્તાલાપ કરી, ઓરડાની બહાર નીકળતો હતો ત્યાં મારે કાને શબ્દો પડયા: 'જુઓ, આજે રાતે બરાબર સાચવજો હોં! આ રસિકભાઈ આવ્યા છે ને, તે બહુ તોફાની છે. વ્યાયામવર્ગ વખતે બધાને બહુ હેરાન કરે છે. એટલે રાતના ચોકી વખતે બરાબર ધ્યાન રાખજો.'

શબ્દો સાંભળીને હું ચમકયો. બોલનાર તરફ નજર ફેરવી તો એ તો નીકળ્યો અમારા વ્યાયામવર્ગમાં બેત્રણ વર્ષ મનુમત લઈ ગએલો મનુ: હોશિયાર, રમૂજી અને તોફાની. અને હું બધી વાત પામી ગયો. ભાઈસાહેબને તોફાન કરવું હતું, પણ શિર સલામત રાખવું હતું; તેથી અત્યારથી જ મારા ગળામાં તોફાન-માળા પહેરાવવા માંડી હતી. મેં મનમાં મનમાં કહ્યું: 'સારું હોરત, મનુ! તું પણ તારો દાવ અજમાવી લે. મારા નામે પણ જો છાવણીમાં કાંઇક નવો અનુભવ થતો હોય તો ભલે થાય. તારા તોફાનના શિકાર બીજાને બનાવજે અને શિકારીનો દોષ મારે માથે નાખી તું શિક્ષામુક્ત બનજે!' પણ એ વખતે મને ખબર નહોતી કે તોફાનની પરંપરા કંઇક બીજી જ રીતે ગોઠવાશે ને મારે માથે પણ કાંઈક જુદી જ ફરજ આવી પડશે. મનુના શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા કરી હું બહાર નીકળી ગયો.

છાવણી-જીવનને શોભતું વાળુ પતાવી, શાંતિભાઇ તથા છાવણીના વડા અધિકારી સુબોધભાઈ સાથે થોડી વાતચીત કરી, 'મહેમાન ગૃહ' વાળા ઓરડામાં મે લંબી તાણી. રાતના ચોકીની વ્યવસ્થા કઇ જાતની છે એ જાણવાની જરા ઇચ્છા તો થઇ આવી, પણ સવારના છની ગાડી પકડવાની હોવાથી મેં તો મારે લંબી તાણી.

બાર વાગી ગયા પછી મનુએ મને જગાડયો. હું પૂરો સ્વસ્થ થાઉં તે પહેલાં તેણે પોતાની અસ્વસ્થ જીભ દોડાવવા માંડી: 'મઝા થઈ છે' (એ તો હું જાણતો જ હતો!) 'બધાને બહાર કાઢયા છે.' (એમ? એ કાંઇક નવું! એ જાણવું પડશે.) 'એં, રસિકભાઇ! છાવણી પર ઢેખાળા પડયા!' (કયાં પડયા એ કહેવાની જરૂર નથી. કારણકે ઢેખાળા ખરેખર પડયા જ હતા કે કેમ તે હું જાણું છું.) 'એટલે મેં 'ભય'ની સિસોટીઓ વગાડી અને સુબોધભાઇને જગાડયા.' (એટલા માટે તો ઢેખાળા તારે હાથ પડયા.) 'સુબોધભાઈને મેં કહ્યું કે છાવણી ભયમાં છે: કોઈક હરામખોરો છાવણી પર પથરા ફેંકે છે.' (અને એ હરામખોરો છાવણીની બહાર હતા કે અંદર?) 'ત્યારે મને સુબોધભાઇએ કહ્યું કે એ હરામખોરોને જરા પરચો બતાવવો પડશે. એમ કહીને તેમણે 'ભય'નો ઘંટ વગડાવ્યો અને આખી છાવણી જગાડી.' (ચાલ તારું તોફાન લેખે લાગ્યું!) 'પછી બધાને કતારમાં ખડા કરીને સમજાવ્યું કે છાવણી ભયમાં છે, માટે આપણે બરાબર તપાસ કરવી પડશે.' એમ કરીને તેમણે બધા મજબૂત મજબૂત છોકરાઓને આગળ બોલાવ્યા. મને અને બાલુને છાવણીનું ધ્યાન રાખવા કહ્યું અને પેલા મજબૂત છોકરાઓને પોતાની સાથે બહાર લઈ ગયા, હરામખોરોની શોધ કરવા! બેટમજી બધા ખરા લાગમાં આવ્યા છે.' (તેં શિયાળાની ઠંડી રાતે ગરમી પેદા કરી ખરી!)

અને મનમાં ખુશ થતો મનુ પાછો બહાર ચાલ્યો ગયો. મારી આંખોમાં તો હજી ઊંઘ હતી જ, ને તોફાન પતી ગયું હતું એટલે મેં ગોદડી ઓઢી લીધી ને પહેલાંના અનુસંધાને ઊંઘને આગળ લંબાવી.

પણ મનુના તોફાનનું અનુસંધાન જરા વધારે લંબાયું. સુબોધભાઈ અને બીજા સૈનિકો તપાસ માટે ગયા હતા. તપાસ કરતાં બહુ બહુ તો અર્ધો કલાક થાય. પણ તેટલા વખતમાં તેઓ પાછા ન ફર્યા. મનુને જરા ચટપટી થઈ. અધૂરી રાખેલી વાર્તા જલદી પૂરી નથી થતી, એ જોઈ તેનું અનુસંધાન સાધવા એ ઝંખોની ચોળવા લાગ્યો. સવા કલાક જેટલો સમય વહી ગયો, પણ સુબોધભાઈ કે તેના કોઈ સાથીની ગંધ સરખી ન મળી. છેવટે અકળાઈને મનુ મારી પાસે આવ્યો. મને ઉઠાડયો. મેં કહ્યું: 'કેમ પાછું શું થયું? બીજું કાંઇ તોફાન કર્યું કે શું?'

'ના, ના, તોફાન તો શું?–પણ હજી એ લોકો પાછા નથી આવ્યા.'

'શું? હજી પાછા નથી આવ્યા? કેટલોક વખત થયો?'

'દોઢ વાગી ગયો.'

'એ લોકો કેટલાક વાગ્યે ગયા હતા?'


'લગભગ બાર વાગ્યે.'

'એમ? એટલેકે સવા કલાક ઉપર થયું!'

'હા!'

'હં.' હું વિચારમાં પડયો. કાંઈ સવા કલાક સુધી હરામખોરોની શોધ ના ચાલે. જરૂર હરામખોરોને શોધનારા જ હરામખોર નીકળ્યા. અને મેં ગોદડી આઘી કરી. પથારી છોડી પહેરણ પહેરવા માંડયું અને મનુને કહ્યું: 'બહાર ચાલ.'

અંધાર, સામે જ વદ છઠનો ચંદ્ર પૂર્વ દિશામાં ઠીકઠીક ઊંચે આવી ગયો હતો. પણ આકાશ તદ્દન ચોખ્ખું નહોતું. વાતાવરણ પ્રેતલોકનું દૃશ્ય ઊભું કરવા પ્રયત્ન કરતું હતું. એ અર્ધ પ્રકાશની અસ્પષ્ટ દુનિયાને સ્પષ્ટ કરવાની સૌથી પહેલી જરૂર હતી. હાથમાં એક એક મજબૂત દંડો ફઠાવી, મનુને સાથે લઈ, છાવણીની ભૂગોળ ભણવા હું મકાનમાંથી મેદાન પર આવ્યો.



મકાનનો
નકશો

ભૂગોળ આમ હતી: વચ્ચે મકાન; ચારે બાજુ ખુલ્લી જગ્યા; ખુલ્લી જગ્યાની ચારે બાજુ વાડ. મકાનની આગળના ભાગમાં-એટલે કે પૂર્વ દિશામાં કાંટાવાળા તારની પાકી વાડ; તેમાં વચ્ચે મુખ્ય ઝાંપો; અને વાડ પછી સ્ટેશનથી ગામ તરફ જતો મુખ્ય માર્ગ ઉત્તર દિશામાં એવી જ મજબૂત વાડ પણ વચ્ચે, તારને પહોળા કરી ઉપરનીચે બાંધી બનાવેલું એક છીંડું; એ છીંડા વાટે સામેના જૈનછાત્રાલયમાં જવાયઆવાય. પાછળ પશ્ચિમમાં કાંટાવાળા તારની વાડ; વચ્ચે નાનો ઝાંપો; તેની પાછળ નાનું નેળિયું; અને નેળિયાની પેલી બાજુ ખેતરો. દક્ષિણ બાજુ થોરિયાની વાડ; પણ તે ય છૂટીછવાઈ—જેમાં વાડના કરતાં છીંડાં વધારે એવી; એ છીંડાંઓની પેલી બાજુ ઝાડપાન અને ઝાંખરાંવાળી થોડી ખુલ્લી જગ્યા; ખાલી જગ્યા મૂકીને અવાવરુ ધર્મશાળા.

ભૂગોળનો અભ્યાસ પૂરો કરી, મકાન પાસે આવી મેં સૈનિકોનો અભ્યાસ શરૂ કર્યો: 'આપણી છાવણીમાં અત્યારે કેટલા જણ છે?'

'હું, તમે, બાલુ અને બીજા છ.' જરા ગણતરી કરી મનુએ કહ્યું.

'અને સુબોધભાઇ કેટલા જણને સાથે લઇ ગયા છે?'

'તેમણે ગિન્તી કરાવી ત્યારે સોળ થયા હતા. એટલે કુલ સત્તર.'

'શાંતિભાઈ ક્યાં છે?'

'એ તો ગામમાં એમને ઘેર જ સૂએ છે.'

'વારુ; આપણી છાવણીમાં જેટલા છે એટલા બધાને જગાડો.'

'પણ એમાં બે તો માંદા છે;–અને બે જણને પગે વાગેલું છે.'

'કાંઈ વાંધો નહિ. બધાને જગાડ.'

બધા જાગીને આવી જાય ત્યાં સુધીમાં ચારે બાજુ ફરી વળી, છ વત્તા ત્રણ જણને કેવી રીતે કામે લગાડવા તેનો મેં ખ્યાલ કર્યો. એટલામાં તો મનુએ ખબર આપી કે બધા જાગીને તૈયાર થઈ ગયા છે. જઇને જોઉં તો 'ઘરડાં, લૂલાં, આંધળાં' એવાં છ જણ એક કતારમાં ઊભા હતા! બે માંદાએ બરાબર કપડાં લપેટ્યાં હતાં; બે ઘાયલ સૈનિકો ત્રિભંગ કરી ઊભા હતા; અને એ છ યે જણમાં મોટાભાગનાની ઉંમર ૧૧ થી ૧૪ વર્ષની હતી! શિયાળાની ઠંડી હવા મને જરા વધારે ઠંડી લાગી. છાવણીની આશા અહીં ભેગી થઇ હતી અને ગાભણુ બહાર ગયું હતું!

બે માંદાને દફતર પાસે બેસાડ્યા. ભંડાર બરાબર બંધ કરાવ્યો, અને એટલા ભાગ પર નજર રાખવાનું તેમને સોંપ્યું. બાળસેનાને પાછળ પશ્ચિમ બાજુ લઈ લીધી. નાનો ઝાંપો બંધ કરાવ્યો. ઝાંપાથી જરા વધારે અંદરના ભાગમાં તેમને બેસાડ્યા. પાસે પથરાનો ઢગલો કરાવ્યો અને સૂચના આપી કે કાંઇ ધૂમાધૂમ સંભળાય કે પથરા પડે તો જરા હાકોટા તથા પથરાબાજીથી તેનો જવાબ આપજો.

એક ઘાયલ સૈનિક પાસે આગળનો મુખ્ય ઝાંપો બંધ કરાવી પૂર્વ તથા ઉત્તર દિશાની દુનિયા કે જ્યાં ઝાડપાનનો અંતરાય ન હોવાથી લાંબે સુધી 'મેદાન સાફ' હતું તેની પર નજર રાખવા સૂચના કરી.

બાલુને આ અગ્નેય વિભાગ પર—ખાસ કરીને બાળસેના પર—દેખરેખ રાખવા કહ્યું. દરેકને સિસોટીઓ આપી. મેં, મનુએ અને બાલુએ દંડાને અમારો સાથીદાર બનાવ્યો. બધું બરાબર થઈ ગયું, એટલે દક્ષિણ બાજુની વાડ પાસેની તડફીછાંયડીમાં મેં અને મનુએ છાનામાના ધીમેથી ફરવા માંડ્યું.

આ બધાં કામકાજમાં વખત તો બહુ જ થોડો વીત્યો હતો; પણ સત્તર જણાની સવારી ગયે એટલો બધો વખત વીત્યો હતો કે અમારે હવે હુમલાની ઘડીઓ જ ગણવાની હતી. અને, ખરેખર, અમારે બહુ રાહ ન જોવી પડી.

થોડાક જ વખતમાં પશ્ચિમ બાજુના નેળિયાની પેલી બાજુથી એક આંબા નીચેથી શિયાળિયાની લાળી સંભળાઈ, ઝાંખાંઝાંખાં છાયાચિત્રો દેખાયાં, ને છાવણી પર પુષ્પવૃષ્ટિ થઈ! એક કિશોરે આવી જરા હાંફળાફાંફળા થઇ અમને આ સમાચાર આપ્યા. બાલુ પણ એ બાજુ દોડી ગયો હતો. કિશોરને અમે સૂચના આપી કે જરા ય ચિંતા કર્યા વિના તમે હોંકારા કરો ને થોડા પથરા એ દિશામાં નાખો. વળી બાલુને, ત્યાંથી ખસી પૂર્વ અને ઉત્તર બાજુ નજર રાખવા કહ્યું.

મારી એક ગણતરી સાચી પડી, એટલે બીજી ગણતરી પણ કદાચ સાચી પડશે એમ લાગ્યું. ગણતરીને સાચી પડતી જોવા અવાવરુ ધર્મશાળાના મેદાન પરનાં ઝાંખરાં અને ઝાડનાં થડિયાંની પાછળ અમે નજર ચોંટાડવા માંડી. આંખોએ દગો ન દીધો. ઝાંખાઝાંખા આકાર લપાતાછુપાતા અમારી છાવણી તરફ આવી રહ્યા હતા. અમે એવા લપાઇને ઊભા હતા કે તેઓ અમને જોઈ શકતા નહોતા અને તેથી જ આગળ વધી રહ્યા હતા. જરા વધારે પાસે આવ્યા એટલે મોટી ગર્જનાઓ કરતા અને દંડા ઉછાળતા અમે કૂદી પડ્યા. હતા તો અમે બે જ જણ, પણ દેખાવ એવો થયો કે જાણે પાંચ-છ જણ છો! (જોકે થોડી જ વારમાં બાલુ પણ અમારી સાથે થઈ ગયો હતો.) હલ્લો કરનારાની પાછલી કતારે પીઠ ફેરવી. આગલી કતાર સામે થઇ. તેમની પાસે પણ લાઠીઓ હતી. ઝપાઝપી થઈ. તેઓ છાવણી લૂંટવા આવેલા. લૂંટનારા જેવો દેખાવ પણ હતો જ. મોઢે બુકાની બાંધેલી અને ચારસા-ચાદર વીંટ્યાં હતાં. તેમનો એ અનુરૂપ પોશાક તેમને અનુકૂળ ન થયો. અમારા દંડાના જેટલી સરળતાથી તેમની લાઠીઓ ના ફરી. અમારા પગ જેટલી સરળતાથી તેમનાં શરીર ના ફર્યાં. ઝપાઝપીમાં બન્ને પક્ષે થોડી નુકસાની તો થઇ, પણ પરિ-

ણામમાં હુમલાખોરોએ માર તથા કાંટા વિશેષ ખાધા. અને વધારામાં ત્રણ હુમલાખોરો અમારા કેદી બન્યા! બાકીનાઓએ પોતાની સલામતી ખાતર અમારી છાવણીની સલામતી અમને બક્ષી.

અમારું ધ્યાન, અને બને તો અમારાં શરીર, ખોટે રસ્તે દોરવા માટે પશ્ચિમ દિશામાંથી શરૂ થએલ હિલચાલ તો ક્યારની શમી ગઈ હતી, અને દક્ષિણ તરફની મૂંગી પણ સક્રિય હિલચાલ નિષ્ફળ ગઇ હતી. પરિણામે હુમલાખોરો તરફથી પૂરી શાંતિ રહી.

પકડાએલા ત્રણ હુમલાખોરોને માટે અમારે જેલ બનાવવી પડી. એક ઓરડો ખાલી કરી તેમાં ત્રણે ય કેદીને પૂર્યા અને બહાર એક જેલરને બેસાડવામાં આવ્યો. કેદીઓની ઊલટ તપાસ કરવામાં આવી, તો તેમાં જાણવા મળ્યું કે તેઓ ડુંગરપુર બાજુના ભીલ લોકો છે! અને તેમણે વાદળી ચડ્ડી અને ધોળાં ખમીસવાળા છોકરાઓને આજે રાતે રસ્તામાં ક્યાં ય જોયા નહોતા!

અર્ધો-પોણો કલાક શાંતિથી પસાર થયો. તે દરમિયાન અમારી ગોઠવણીમાં અમે એટલો ફેરફાર કર્યો કે પશ્ચિમ ને દક્ષિણ બાજુએ બાળસેનાને ફરતી—નજર કરતી- રાખી, ઘાયલ-માંદાને ઉત્તર અને પૂર્વ બાજુ નજર રાખવા જણાવ્યું, ને અમે ત્રણ—હું મનુ અને બાલુ—ચારે બાજુ ફરતા રહ્યા.

'જુઓ, જુઓ રસિકભાઇ! આ છાત્રાલય બાજુ જુઓ.' બાલુએ બૂમ પાડી. 'બધા ફરી આવતા લાગે છે.' એમ જ હતું.

ઉત્તર બાજુના છાત્રાલયમાંથી એકસામટો હલ્લો કરવાનું તેમણે નક્કી કર્યું લાગતું હતું, કારણકે આખું લશ્કર ત્યાંથી ટોળાબંધ અમારી તરફ આવી રહ્યું હતું. અમે તારના છીંડા તરફ ગયા.

'રસિકભાઈ માર્યા!' મનુએ કહ્યું, 'બધા આપણી ઉપર તૂટી પડ્યા સમજો.'

'તું જો તો ખરો!—'

એ ખરેખર તૂટી પડ્યા. પણ અમારા પર નહિ, તારની વાડ પર!

'આવો, આવો!' મેં શાંતિથી આવકાર આપ્યો, 'જેને આવવું હોય તે આવો. આ છીંડામાં જે કોઈ પહેલો પેસશે તેનું માથું અગર ટાંટિયો સલામત નથી. મારો દંડો સત્કાર કરવા તૈયાર છે.'

સળંગ વાડમાં એક જ છીંડું હતું. છીંડામાંથી એકીસાથે એક કરતાં વધારે માણસ પેસી શકે તેમ ન હતું. અને પેસે તેનો સત્કાર થવાનો એ પણ નિશ્ચિત હતું. તો હવે પેસવાની પહેલ કોણ કરે?

તારની વાડથી એક લાઠી વાર દૂર ઊભેલા હુમલાખોરો પાસે અમને ઇજા પહોંચાડવા માટે એકમાત્ર ઉપાય હવે એ જ રહ્યો કે તેમણે તેમની લાઠીઓ અમને છૂટી મારવી અને એ રીતે પોતાની લાઠીઓનો કબજો અમને સોંપવો! તેઓ એને માટે તૈયાર પણ નહોતા. પરિણામે બિનઅસરકારક બૂમો પાડવાનું અને વાડ પર લાઠીઓ પછાડવાનું એ બે જ કાર્ય તેમની પાસે બાકી રહ્યાં!

છતાં છીંડા પરથી તેમની નજર ખસતી ન હતી. અને કોઈ કોઇ ચબરાકિયું ત્યાં સરકી આવતું પણ હતું. પરંતુ, તો અમે પણ .....

'એ..એ...આવ્યો...લઈ ગયો,..લઈ જાય છે...પકડો! પકડો!' એવી બૂમો અમારા મકાન તરફથી આવી. નજર ફેરવીને જોયું તો ઑફિસ પાસેથી કોઈક મુખ્ય ઝાંપા તરફ નાસતો હતો. તેના હાથમાં કાંઈક હતું શું કરવું? છીંડું છોડાય તેમ નથી; અને પેલાને પકડવો જોઈએ. પણ, અરે વાહ! એની બરાબર પાછળ ને લગોલગ જ અમારો મનુ પણ હતો. મેં ચિંતા છોડીને છીંડું સંભાળી લીધું.

ઑફિસ પાસેથી એક જણે આવી સમાચાર આપ્યા કે કોઇક આપણું બ્યૂગલ ઉઠાવી ગયું. હલ્લો કરનારાઓએ એ સાંભળ્યું તેમણે ખુશાલી વ્યક્ત કરી અને તે સાથે જ તેમનું જોશ પણ ઓસરી ગયુ. થોડી જ વારમાં ઘોષણાઓ કરતાકરતા તેઓ ચાલ્યા ગયા.

મેં મનુને કહી દીધું: 'પથરા ફેંકનારા હરામખોરોની શોધ કરવા ગએલા આપણા સાથી-સૈનિકો હવે થોડા વખતમાં જ આવી પહોંચશે. ચાલો, તેમના સ્વાગતની તૈયારી કરીએ.'

'પણ છેવટે, આપણું બ્યૂગલ ઉઠાવી ગયા ખરા.' મનુએ કહ્યું, 'જો કે ઉઠાવી જનારના લોહીનાં થોડાં ટીપાં આપણને મળ્યાં છે.'

'અને વધારામાં ત્રણ કેદી!' બાલુએ પૂર્તિ કરી.

હું તો મહેમાન હતો, એટલે સ્વાગત કેવી રીતે કરી શકું? સ્વાગત કેમ કરવું તે મનુને શીખવાડી હું મહેમાન-ગૃહ તરફ ચાલ્યો અને બાલુ તથા મનુ સિવાય બાકીનાને પણ સૂઈ જવા જણાવ્યું.

ગામમાંથી લાવેલા ચારસા, ચાદરો અને લાઠીઓ પાછાં પહોચાડતાં અને બરાબર સજ્જ થતાં અર્ધોએક કલાક તો સ્વાભાવિકરીતે જ જાય. અને એટલા જ સમય પછી સુબોધભાઇની સરદારી નીચે અમારા સૈનિકમિત્રો આવી પહોંચ્યા. ઝાંપે મનુ ઊભો હતો. દાખલ થવા માટે લશ્કરી વિધિ થવા માંડી. સુબોધભાઇએ 'પરવર'(મૌખિક પાસ) સાચો આપ્યો અને દાખલ થવા દેવાની માગણી કરી.

'બધા આવી ગયા?' મનુએ પૂછ્યું.

'હં..હા.' જવાબ મળ્યો.

'કેટલા જણ ગયા હતા?'

'સત્તર.'

'અત્યારે કેટલા છો?—જરા ગિન્તી કરોને.'

'હજી ત્રણ તપાસમાં રોકાયા છે.' સુબોધભાઈએ જવાબ આપ્યો.

'અરે ના રે ના; છાવણીમાં જ એમને પકડી રાખ્યા છે.' ચૌદમાંથી કોઇક બોલી ઊઠ્યું.

'એ તો,' મનુએ જવાબ આપ્યો, 'રાતે, તમારા ગયા પછી આપણી છાવણી પર હલ્લો થયો હતો. હલ્લો કરનારામાંથી ત્રણ જણને અમે પકડ્યા છે. કહેતા હતા કે ડુંગરપુર તરફના ભીલ છે.'

'સારું, ચાલો; અમને અંદર આવવા દો.' સુબોધભાઇએ કહ્યું.

'પણ જે ત્રણ જણ શોધ કરવા રોકાયા છે તેમનું શું? તમે બધાને સાથે લઇ ગયા છો એટલે બધાને સાથે લાવવા જોઈએ.'

'એઓ હમણાં આવી પહોંચશે.'

'ત્યારે, આવવા દો એમને. પછી બધાને સાથે અંદર લઈશ.'

'સારું ચાલો, એમને બોલાવી લાવીએ.' એમ કહી સુબોધભાઈ બધાને દૂર લઈ ગયા અને હવે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યા.

સત્તર જણ તો થઇ શકે તેમ જ નહોતું. એટલે છેવટે પાછા આવ્યા અને છાવણીના વડા અધિકારી તરીકે જણાવ્યું કે ત્રણ જણા પછી આવશે, પણ આ ચૌદ જણને હમણાં દાખલ કરવા.

આખી રાતનો ઉજાગરો હતો. મારંમારીની ગરમી ઓસરી ગઈ હતી. શિયાળાની પાછલી રાતનો ઠંડો પવન આછા ગણવેશને વીંધી શરીરને કંપાવતો હતો અને ઝાઝી રકઝક અર્થહીન હતી. તેથી દાખલ થવાની પરવાનગી આપવી ઉચિત માની.

પ્હો ફાટતો હતો ત્યારે ટુકડી છાવણીમાં દાખલ થઇ. મોખરે ચાલતા સુધીરભાઇના કપાળમાં તાજા જ ઘાના લોહીનું નિશાન હતું.

આનંદથી કિલકિલ થતી છાવણીમાં 'આજે રજા રહેશે' એવું જાહેર થયું ત્યારે, છાવણીમાં મહેમાન તરીકે આવેલ, છાવણીને હેરાન કરીશ એવા પ્રચારનો ભોગ બનેલ, અને હકીકતમાં છાવણીનો બચાવ કરવાની નછૂટકાની ફરજમાંથી મુક્ત થએલ હું, મારી થેલી સાથે સાંતેજના સ્ટેશને ઊભો હતો.

દિવાળીમાં ફોડવામાં આવતી આતશબાજીમાં પણ વિજ્ઞાનનો જ ફાળો છે

રોજિંદા જીવનમાં વિજ્ઞાનનો ફાળો-૪૩ ★ લેખક · ડૉ. નરસિંહ મૂળજીભાઇ શાહ

દિવાળીના તહેવારોમાં લોકો એ ઉત્સવનો ઉમંગ વ્યક્ત કરવા દારૂખાનું—આતશબાજી ફોડે છે. તેનું એ પર્વમાં એટલું મહત્ત્વનું સ્થાન બની ગયું છે, દારૂખાનું અને દિવાળી બંને એટલાં અવિભાજ્ય બની ગયાં છે કે બીજા કોઇ પર્વમાં તેને સ્થાન જ નથી. એ દારૂખાનામાંયે મોખરાનું સ્થાન ફટાકડાનું. ફટાકડા એટલે અવાજ સહિત ફૂટતી અને એ દરેક ધડાકે ફૂટતી એવી, બંદૂકની માફક ઠાંસીને દારૂ ભરેલી, સખત કાગળની નાની નળીઓ.

ઐતિહાસિક નજરે જોવા જઇએ તો ફટાકડા, દારૂખાનું કે આતશબાજી,—એ બધાંની શરૂઆત છેક ઇતિહાસની યે પહેલાંના—પ્રાગ્-ઐતિહાસિક—કાળથી ગણાવી શકાય. સુરોખાર અને કોલસાના ભૂકાને બરાબર મેળવીને માનવીએ શરૂઆતમાં ભડકો કર્યો હશે તેને આતશબાજીનું પ્રાથમિક સ્વરૂપ ગણાવી શકાય. ફટાકડાને અંગ્રેજી ભાષામાં ક્રૅકર કહેવામાં આવે છે. એ ક્રૅકર શબ્દ જર્મન શબ્દ ક્રેશેન એટલે ફૂટવું એ ઉપરથી આવેલો છે. ફટાકડા બનાવવાની કળામાં ચીનના લોકો નિષ્ણાત ગણાય છે અને ચીની ફટાકડા જગતભરમાં વખણાય છે. નવાઈની અને નોંધપાત્ર વાત એ છે કે ફટાકડા બનાવવાની કળામાં યાંત્રિક બળનો ઉપયોગ હજી ઘણો ઓછો થાય છે. મોટે ભાગે તે હસ્તોદ્યોગ—ગૃહઉદ્યોગ તરીકે જ ચલાવવામાં આવે છે.

ફટાકડા એવી ઘરઘરની વસ્તુ છે કે તેના પ્રકારોનું વર્ણન કરવાની જરૂર જ નથી. સૌથી ઝીણા લવીંગિયા, ને મોટા ટેટા; એની વચ્ચે પણ ઉત્તરોત્તર નાનામોટા કદના ઘણી જાતના ફટાકડા બજારમાં મળે છે. કદ નાનુંમોટું હોય પણ દરેકમાં વપરાતા પદાર્થો તો સરખા જ હોય છે. લવીંગિયા ફટાકડા તીણો અવાજ કાઢે છે, તો ટેટો ફૂટે ત્યારે જબ્બર અવાજ ઉત્પન્ન થાય છે.

ઉપર જણાવેલા પ્રારંભિક પદાર્થો—સુરોખાર ને કોલસાના ભૂકા—પછી દારૂખાના માટે ધીમેધીમે વિવિધ પદાર્થો તેમાં વપરાવા લાગ્યા. ૧૩મી સદીમાં બર્થોલ્ડ શ્વાર્ટ્ઝ નામના માણસે બંદૂકની શોધ કરી, તેમાં દારૂ ઉપયોગી નીવડ્યો. દારૂ એટલે પોટાશ્યમ નાઇટ્રેટ, કોલસો અને ગંધકનું મિશ્રણ. પશ્ચિમના દેશોમાં દારૂની શોધનું માન રૉજર બેકનને (૧૨૧૪-૧૨૯૨) આપવામાં આવે છે. પણ ચીનાઓ તો તે અગાઉ ક્યારના દારૂની શોધ કરી ચૂક્યા હતા; અને ઈ. ૧૧૫૦માં તો ચીનાઓએ દારૂનો ઉપયોગ ફટાકડાની બનાવટમાં પણ કરવા માંડેલો. દારૂખાનાની બનાવટની એ કદાચ શરૂઆત ગણાય. એનો સિદ્ધાંત બંદૂક અને તોપ જેવો છે. બાળકો લોખંડની અડીમાં 'પોટાસ' નાખીને ફોડે છે એ પણ તોપનું જ નાનું રૂપાંતર છે.

એ પછી તો યુદ્ધોમાં તોપ અને એવાં બીજાં સંહારક શસ્ત્રો જેમજેમ પ્રચલિત થતાં ગયાં તેમતેમ યુદ્ધમાં ઉપયોગી થાય એવા અવનવા સ્ફોટક પદાર્થો પણ અસ્તિત્વમાં આવતા ગયા. પણ આ સ્ફોટક પદાર્થો નુકસાનકારક હોવાથી સામાન્ય ઉપયોગમાં તો સહીસલામત રીતે વાપરી ન શકાય, એટલે એ પદાર્થોમાંથી હળવાં પ્રમાણ લઈને આતશબાજી બનાવવાનું હાથ ધરવામાં આવ્યું. જન્મદિવસો, રાજ્યારોહણો, યુદ્ધમાં વિજયના પ્રસંગો, કોઇ તહેવારની ઉજવણીમાં યા શુભ અવસરે, આનંદપ્રદર્શન અર્થે લોકોને મનોરંજન આપે એવું દારૂખાનું બનાવવાનું આ કાર્ય પ્રારંભમાં લશ્કરી સરંજામખાતાના જ એક વિભાગ તરીકે શરૂ થયું. તેમાં પહેલી શરૂઆત હવ.ઈઓથી થઈ. તેમાં દારૂ ઉપરાંત કેટલીકમાં બેરિયમ નાઈટ્રેટ અને લેડ નાઈટ્રેટ પણ ઉમેરવામાં આવે છે. વળી એકદમ ચકચકિત અગ્નિનો દેખાવ કરવા ઍલ્યુમીનિયમનો ભૂકો પણ ઉમેરવામાં આવે છે. ઍન્ટીમની, આર્સેનિક યા ગંધક ઉમેરવાથી સફેદ રંગનો અગ્નિ પેદા થાય છે. આતશબાજીમાં જે જાતજાતના રંગ દેખાય છે તે પેદા કરવા વિધવિધ પદાર્થો ઉમેરવામાં આવે છે. તેમાં લાલ રંગ માટે સોડિયમ નાઇટ્રેટ, લીલા રંગ માટે બેરિયમ નાઇટ્રેટ, પીળા માટે સોડિયમના ક્ષાર, વાદળી માટે કૉપર કાર્બોનેટ અને કૅલોમલ તથા ચળકાટ માટે મૅગ્નેશ્યમનો ભૂકો વપરાય છે.

બપોરિયાંની બનાવટ તો હવે સામાન્ય થઇ પડી છે. બપોરિયાં એટલે રંગીન પ્રકાશની દીવાસળી. દીવાસળીનો ઉદ્યોગ બરાબર સ્થિર થયા પછી તેમાં બપોરિયાંનો ઉદ્યોગ પણ ખીલ્યો છે. તેની રંગબેરંગી જ્યોત માટે પણ ઉપર દર્શાવેલાં જુદાંજુદાં રસાયનો જ ઉમેરવામાં આવે છે. ફૂલઝરમાંથી જે તણખા ઝરે છે તે માટે તેની સળી પર ચોપડેલા પદાર્થમાં મૅગ્નેશ્યમ ને ઍલ્યુમીનિયમનો ભૂકો વપરાય છે. વીજળીના તાર પણ મૅગ્નેશ્યમ ધાતુમાંથી જ બનાવેલા હોય છે. મૅગ્નેશ્યમ બળે ત્યારે ખૂબ પ્રકાશ થાય છે. સળગાવવાના જે સાપ આવે છે, એ મર્ક્યુરી સલ્ફો સાયેનાઈડ હોય છે. એ પદાર્થને સળગાવવાથી ખૂબ રાખ પેદા થાય છે, એટલે તેની નાની કટકીમાંથી પણ રાખની મોટી સળી બંધાતી જાય છે. તે સાપના આકાર જેવી હોય છે. પરંતુ એ પદાર્થ ઝેરી છે એટલે વાપરતાં સાવચેતી રાખવી. આમ, રસાયને આપણને આનંદપ્રમોદની આ આતશબાજીની ચીજો માટે પણ અનેક પદાર્થો આપ્યા છે.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા


બાંધ ગઠરિયાં...



સુરતમાં રૂવાળાનો ટેકરો જમનાવેણીના અખાડા માટે ખૂબ જાણીતો હતો. આ અખાડામાંના કંઈકંઈ કસરતબાજોએ નામ કાઢ્યાં હતાં. દંડ, મલખંબ, બનેટી ને કુશ્તી કરનારા ત્યાંના વ્યાયામવીરોને અમે ઘણીવાર જોવા જતા. એકવાર બે મલ્લે સાથે બેઠક શરૂ કરી. એક ત્રણેક હજાર કરી જીતી ગયો, અને બીજો અઢી હજારે ઠેં થઈ ગયો. એ જોવા અમે ગએલા. મલ્લના શરીરમાંથી પરસેવાની તો જાણે ધાર થતી!

એ અખાડો રફતે રફતે તૂટવા લાગ્યો. પણ રોજ સવારે સાડા પાંચ અને છની વચ્ચે હું એ ટેકરે જતો. મામાજીને ઊઠતાંવાર વહેલી સવારે ચા જોઇએ. એ માટે વહેલો ઊઠી, સંચો સળગાવી, પાણી મૂકી હું દૂધ લેવા જતો. ત્યાં તાજું દૂધ દોહી આપતા, એ લઈ આવી ચા કરી, પી, મોટે ભાગે હું પાછો સૂઇ જતો. વાંચવા બેસવા માટે મામાજી બૂમ પાડે તો વળી બેસીએ. શિયાળામાં સખત ટાઢ વાતી. મારા અક્ષરો ખરાબ, એ સુધારવા મામાજીએ એક નુસખો બતાવેલો. કહે કે શિયાળામાં સવારના પહોરમાં ઠંડા પાણીમાં હાથ બોળી કૉપી લખે તો અક્ષર સુધરે! એ પ્રમાણે આપણાં આંગળાં છ વાગ્યે ભરી પવાલીમાં બોળાતાં, અને અકડી ગએલા ટાંચા વડે કિત્તા પકડી કૉપી લખાવા માંડતી. આ બધી જહેમત પછી પણ અક્ષરો તો એવા મ્હોકાણ જેવા રહ્યા છે કે મારા પોતાના લખેલા અક્ષરો પણ હું ઘણી વાર વાંચી શકતો નથી!

બાબુભાઇ (હું) રોજ સવારે ઊઠીને તાજું દૂધ લેવા જાય છે એ જાણીને બીજા એક જણ પણ વળગ્યા: 'અમારું પણ લેતો આવને.' એટલે થઇ બે લોટી. એમાં નવનીતનાં બા પણ દાખલ થયાં. અને એક બે વાર કરતાં તો એનું દૂધ મારે અઠવાડિયામાં ત્રણચાર વાર લાવવાનું થતું. તે શરૂઆતમાં તો ઠીક છે; પણ અમારી નિશાળમાં ત્યારે કંઇ કોઈ સ્કાઉટિંગ શીખવતા નહિ, સ્વયંસેવકની એવી કોઈ ભાવના દિલમાં પ્રગટેલી નહિ, અને ઉપરાંત નવનીત સામે ખુન્નસ: હું છેલ્લા પાંચમાં નંબર રાખું, એ પહેલા પાંચમાં નંબર રાખે; એનું રજિસ્ટર સારું, સ્વચ્છ; માસ્તર એને માટે 'ગુડ' લખે, આપણે માટે 'પ્રેટી ફેર' લખે;—એ મગજમાં ખુન્નસ: એટલે એનું દૂધ લાવવામાં મારો તોબરો ચઢતો. પગ અફાળતો ચીડિયાં કાઢતો હું લાવતો તો ખરો, પણ બહુ બબડતો: 'એ મોટો હોશિયાર તે વહેલો ઊઠી વાંચે અને ઉપર નંબર રાખે, અને ઘર બેઠો સાહ્યબી ભોગવે; અને હું ટાઢમાં ઠૂંઠવાતો દૂધ લેવા જાઉં!' મામાજી કહેતા કે 'એમાં તને ભાર શો પડે છે? આંટામાં આંટો.' પણ નંદુમાશી અને ચંદ્રીમાશી મારો પક્ષ લઈ લડતાં કે 'બરોબર છે, નવનીત ઊઠીને કેમ ન જાય? કંઈ નહિ તો વારાફરતી જાય.'



એક દિવસ મારો પિત્તો ગયો. ઘરમાંથી નીકળતાં, નવનીતની બાએ આપેલી લોટીમાં ચપટી મીઠું નાંખી લીધું અને તેમાં દૂધ લઇ એ આપી આવ્યો. અને કલાકમાં જ બૂમ પડી કે 'તમારા દૂધનું શું થયું?' અમે તો દૂધ ગરમ કરી, ચા બા પી, ખાસ્સા પરવારી બેઠા હતા. હું તો ડાહ્યોડમરો થઈ વાંચવા પણ બેસી ગયો હતો. ત્યાં દૂધ ફાટી જવાની વાત આવી અને પૂછપરછ શરૂ થઇ. પણ એકવાર જૂઠું બોલ્યા પછી કૈં તેનું સાચું થઈ શકે છે? 'ના હું તો કંઈ જ જાણતો નથી.' બસ એક વાત પકડી તે પકડી: 'મને કશી જ ખબર નથી.' બધું પતી ગયા પછી માશીએ કહ્યું: 'હું જાણુંની! તારાં જ કારસ્તાન! મીઠું બીઠું નાખ્યું'તું? બોલ!' આપણે જવાબ ખાઇ ગયા. પણ તે દિવસથી બીજાનું દૂધ લાવવાની લપ ગઇ તે ગઈ. ખરેખર, મેં એ ઘણું ખોટું કામ કર્યું હતું. પણ.. પણ સાળી ચીડ ન ચડે?

ચાનું તો જાણે ઠીક, પણ વરસભરમાં બીજાં કામ કરવાની ગમ્મત પડતી. જીવણ પટેલ પોતાની ગાલ્લી લઈને આવે ત્યારે પાછળ ગાડું આવ્યું જ સમજવું. પાંચ ગુણી ઘઉં ઉપલે માળે ઠાલવીને એ જાય. તે પછી પંદરેક દિવસ ઘઉં વીણવાનું ચાલે. એ વીણાએલા ઘઉંના ઢગલામાં રમવા-કૂદવાની મજા પડતી. એ ઢગલો ખૂંદવા માટે એક દિવસ પણ મુકરર થતો. એટલે કે માશી ઓરડાનાં બારીબારણાં બંધ કરી, માથે રુવાલ બાંધી, અમને ઘઉં ખૂંદવા બોલાવતાં. ઘઉંમાં રાખ નખાતી ને પછી ખૂંદતા. અને એમ રાખમાં રગદોળાએલાં ઘઉં મોટી કોઠીઓમાં ભરી લેતા. તેમાં વચ્ચે વળી પારો નાખતા—થોડા થોડા પ્રમાણમાં. એ જ પ્રમાણે મણિકાઓમાં દિવેલ આવતું, તે વડે તુવેરની દાળ મોવતા અને તે પણ ભરી રાખતા. વાસદની દાળ બહુ પંકાતી. અનાજ ભરવાના દિવસો પૂરા થતા કે ઓરડે છાણનાં લીપણ થતાં. એમાં પણ ઓકળી પાડીને લીપવાની કળા અજમાવવા અમે હાથ બગાડતા, પણ એમાં આખરે ધૂળ પર લેપડા જેવું થતાં પાછા હાથ ધોઈ નાખતા.

પડોશમાં વાડો, ખુલ્લી જગ્યા, અને છેડે મુન્સિફની હવેલી. મામાજી અને ઘેલાભાંઇ મુન્સિફ એ વચગાળાની જમીનના ટુકડા માટે કોરટે ચડેલા. નાની કોરટમાં જીત્યા. મુન્સિફે ઉપલી કોરટમાં અપીલ કરી. એમ છેક હાઇકોર્ટ સુધી લડ્યા, અને મામાજીનો હક્ક કાયમ રહ્યો. એ મુન્સિફના કુટુંબ સાથે આમ અમારે જમવા ખાવાનો વ્યવહાર ખરો, પણ કોરટ-દરબારે લડાઇ! ઘેલાભાઇ મુન્સિફનો સૌથી નાનો છોકરો મારો દોસ્ત. ટેકરે સાથે રમેલા. અને સુરતમાં નાના હોઇએ ત્યારે ટેકરે કેમ બેસતા એનું કારણ તો સોકોઈ જાણે. એ કૃષ્ણલાલ મુન્સિફ મુંબાઈમાં પણ હોસ્ટેલમાં મારી સાથે. એ તો બરાબર; પણ પછી ૨૫-૩૦ વરસે, નાનપણમાં એના પતંગની દોરી છાનામાના પકડી હશે કે શું, તે એના સર્જરીના ટેબલ પર, એ છરી લઇને ઊભેલા એની સામે મારે સૂવા વારો આવ્યો! એ ધારત તો વેર લેત, પણ જે હળવેથી એણે છરી ચલાવી એથી એના ઉપર મારો ભાવ વધી ગયો હતો!

એ મુન્સિફની હવેલીની બાજુનો રસ્તો સેતાન ફળિયા તરફ જાય. એ બાજુ પરણવા જતા વરઘોડાઓમાં વરરાજાના ઘોડા આગળ મોટે ભાગે 'વાડી' રહેતી અને અમારે ચકલે એ વાડી લુટા-

વાતી. વાડી એટલે કાગળનાં ફૂલ, ગોટા વગેરેની બનાવેલી, નાના તાબુતને મળતી, ચારેક જણે ઉપાડેલી ચોરસ ફૂલવાડી. વચ્ચે એક પરી હોય તે દોરી ખેંચતાં સલામ કરે. મુન્સિફને ઓટલે ઊભા રહી, જેવી વાડી એ તરફ આવતી કે તરાપ મારી અમે વાડી લૂંટતા. અમારી દાનત પરી પર. એટલે પહેલો હાથ ત્યાં જ નાખતા, અને પરી હાથ આવી તો તે લઈ ખુશખુશ થતા ઘેર આવતા. વરઘોડામાં ચાલનાર છોકરાઓથી એમાં જરા પણ ભાગ ન લેવાય એવો કાયદો; છતાં કેટલાક ચોટ્ટાઓ વરઘોડો છોડી પહેલેથી ઓટલે આવી ઊભા રહેતા, તો અમે બૂમરાણ મચાવી મૂકતા. એ ઓટલે સવારે હજામો બેસતા. ગાગાજીની ભાષામાં અમારે 'જટોડા' કપાવવાના હોય તો ત્યાં જઈ 'ભગત'ને પકડી લાવતા.

ઘેલાભાઈ મુન્સિફની હવેલીની બાજુના રસ્તા ઉપરથી, છલંગ મારતી ચાલે ચાલતા 'કવિ' નીકળતા. અને હજી મારા ઘર તરફ પૂરા ન પહોંચે ત્યાં તો બારીએ ઊભેલા નવનીત મહેતાને ઈશારત કરતા. પછી બંને દોસ્તો નવનીતને ઓટલે બેસતા યા ફરવા જતા. નવનીત એને 'કવિ' કહે, અને મને ઝાંઝ ચઢે! અટક દવે, નામ જ્યોતીન્દ્ર, અને કવિ કયા હિસાબે? બંને જણ સાર્વજનિક હાઈસ્કૂલમાં ભણે, હોશિયારમાં ગણાય, ને ઠાવકાઇથી વર્તે. દવેનો સગો મંગેશ પાઠકજી મારો દોસ્ત, અને મંગેશને ઓટલે પણ એ બધાની બેઠક, એટલે ત્યાં અમારો ભેટો થઈ જતો. પણ અદેખાઈનો બળેલો હું! કવિ સાથે મેં દોસ્તી ન બાંધી તે ન જ બાંધી.

પછી તો નવનીત અને હું બે સારા દોસ્તો થઇ ગયા હતા. મહોલ્લામાં અમે એક નાની ક્રિકેટ કલબ પણ કાઢેલી. પણ એમાં યે 'કવિ' નહિ. નવનીત ત્યારે મને ભલા સ્વભાવનો અને ખૂબ મહેનતુ દોસ્ત લાગ્યો, અને પછી તો દોસ્તી પણ ગાઢી થઈ. પણ જ્યારે એ વાતવાતમાં 'કવિએ બે ત્રણ સરસ શાર્દૂલવિક્રીડિત લખ્યા છે' એમ કહેતો ત્યારે પાછો મારો પિત્તો ઊછળી આવતો. પણ એ દાઝ મનમાં જ શમાવતો અને કવિ ઉપર દાઢ રાખતો. એને જ્યોતીન્દ્રના નામે તો હું બોલાવું જ નહિ 'નવનીતનો દોસ્ત' કહું. મૂળ વાતે અદેખાઇ. એક તો એને સંસ્કૃત સારું આવડે. અઠવાડિયામાં એક વખત એવા પાંચ દસ જણા એકઠા થઇને સંસ્કૃતમાં જ સભા ચલાવે! (એમાં મારી સાથે એક અનંત હરિકૃષ્ણ દવે ભણતો, તે તો સંસ્કૃતનો ખાં. ધાણી ફૂટે એમ સંસ્કૃત બોલે!) એક એ, અને બીજું એને 'કવિ' કહેતા તે. પણ અદેખાઇનું કંઇ ઓસડ છે?

પણ અમારી નિશાળની ચોકડી તો જુદી જ હતી: ઠાકોર એસ. ઠાકોર, દુર્લભરામ વખારિયા અને રણજીત રામજી. ઠાકોર અમારી ક્રિકેટ ટીમનો કૅપ્ટન, સીધા રસ્તાનો છોકરો, થીઑસૉફીનો રસિક અને ભણવામાં હોશિયાર. વખારિયા વેપારી, ખાનદાન, લહેરી. પાસ થવાય તો ઠીક છે, નહિ તો હરીચ્છા! રણજીત બટકો, ચતુર, તોફાન કરે એ અને નામ બીજાનું આવે એવો, પણ અમારો જિગરજાન. અમે ચારે, અઠવાડિયે એક વાર કોઈ કોઈને ઘેર,—મોટે ભાગે વખારિયાને ઘેર—ભૂસું ખાવા જઈએ. વખારિયા ત્યારે પરણેલા; અને ઘરમાં શાળ. રેશમની વખાર; મુગટા-અબોટિયાંનો પાર નહિ. ત્યાં ભૂસાને બદલે ભજિયાં-પાતરાં પણ થઇ જતાં.

આ ઉપરાંત રણજીતનો દોસ્ત,- અને પછી અમારો પણ દોસ્ત થઈ ગએલો–રણધીર દેસાઈ ભળ્યો. એને અમે પાપાભાઈ કહેતા. એ યૂનિયન હાઇસ્કૂલમાં ભણે.

અમે સાથે મળી ઘણાં તોફાનો કર્યાં, અને વખારિયાની ડૉકકાર્ટમાં રખડપટ્ટી પણ ઘણી કીધી. એક દિવસ, બસ કંઇ નજીવા કારણે, (પણ એ તો આજે નજીવું, ત્યારે તો જાણે ડુંગર તૂટી પડ્યો હોય એવું લાગ્યું હશે) બસ મેં આપઘાત કરવાનો વિચાર કીધો! ત્યારે 'કલાપી' વાંચતા, અને મરી જવું જોઇએ, યા મરવાનો વિચાર કરવો જોઇએ એ ભૂત કે તૂત મગજમાં ભરાઈ બેઠેલું. કારણમાં ન્યાતની એક અલપઝલપ જોએલી છોકરીને મનથી હું વહુ માની બેઠો! કોઇએ એનાં રૂપગુણની વારંવાર મારી આગળ તારીફ કીધી, એટલે જોયા-મળ્યા વિના આપણે મનથી પ્રેમી બની ચોપડીને પૂંઠે, નિશાળની બારસ્ટીલ પર, 'જ્યાં જ્યાં નજર મારી પડે ત્યાં ત્યાં' એનું નામ લખી બેઠા! રણજીત મજાક કરવામાં બાકી ન રાખતો. 'અલ્યા તેં બરાબર જોઈ નથી, એને તું મળ્યો નથી, અને આ તે કઈ જાતની ઘેલછા!' પણ વખારિયા બહુ સમભાવ બતાવતા, અને મને પંપાળતા-પોષતા. ઠાકોર અને પાપાભાઇ બેદરકાર હતા.

એટલામાં કોઈએ ખબર આપ્યા કે એના વિવાહ બીજે ઠેકાણે થઈ ગયા. બસ; નવલકથાઓ વાંચેલી, તેના વિરહની વ્યથાનાં વર્ણનો યાદ આવ્યાં! કારણ પૂરતું હતું. બે ત્રણ દિવસ રડવા જેવું મોઢું કર્યું. દિવસ નક્કી કર્યો ને વખારિયાને ચિઠ્ઠી લખી. તાપીના પૂલ પર જતાં અગાઉ રણજીતને પણ 'છેલ્લોવેલ્લો' મળવા ગયો. અને પછી ચાલ્યો:

'હું જાઉં છું, હું જાઉં છું ત્યાં આવશો કોઈ નહિ!'
સો સો દીવાલો...'

અરે દીવાલ કોના બાપની! જો ભાઇસાહેબ ચાલ્યા! ક્યાં? એમ ને એમ આપઘાત કરું તો એમાં મજા શી? અને પછી આપઘાત તો કરવો જ પડે! ઊંડે ઊંડે એવી દહેશત તો ખરી જ ને?–કોઇને કહીએ નહિ, અને કોઇ બચાવવા ન આવે તો પછી ભુસ્કો મારવો જ પડે! અને ભુસ્કો ન મારીએ અને આપઘાત 'પોસ્ટપોન' કરીએ તો ભોંઠા પડીએ! એટલે બે જણને કાને વાત નાખી 'ભરથરી' નીકળી પડ્યો! ગોપીપુરા વટાવી, વલંદાવાડને રસ્તે નિશાળ પાસે થઈ, 'દેવદાસ' કિલ્લાના મેદાનમાં આવ્યો; અને ત્યાંથી ધીમેધીમે પૂલની વચ્ચે જઈ કઠેડા ઉપરથી નીચે નદી જોતો ઊભો રહ્યો. કલાકેક થઈ ગયો હશે; અંધારું પણ ખાસ્સું થઈ ગયું; ત્યારે રણજીત અને વખારિયા આવ્યા. પાછળ ઠાકોર અને પાપાભાઈ ધીમેધીમે આવતા હતા.



'ચાલો હવે' એમ વખારિયાએ કહ્યું. હું પણ એવા જ કોઇ સંબોધનની રાહ જોતો હતો. ને અમે પાછા વળ્યા! મારી કલ્પનામાં તો હતું કે બધા મને ખૂબ જ વીનવશે, અને હું આનાકાની કરીશ, અને પછી લાંબે કાળે માનીશ. પણ એ તરંગો તો ઠેકાણે જ રહી ગયા. એમ કરવા જતે તો કદાચ આખી રાત પૂલ ઉપર જ ઊભા રહેવું પડતે, અને થાકી કંટાળી નીચી મૂંડીએ એકલા ઘર ભેગા થવું પડતે! એના કરતાં આ ઠીક છે. રસ્તે પાપો અને ઠાકોર ચાબખા માર્યા કરે: 'એ તો તમે દુર્લભભાઈ! અમે તો આવત જ નહિ.' અને દુર્લભભાઈ ભલા, ઉદાર અને માયાળુ, તે બધાને ચૂપ રહેવા કહે: 'હવે એની ચર્ચા નહિ.' પણ રણજીતે છૂટા પડતી વખતે કહ્યું, 'એ તો મને કહેવા આવ્યો ત્યારે જ જાણતો હતો કે નાટક છે. એમ કાંઇ કોઇ આપઘાત કરતા હશે? પણ આપણે એમાં ભાગ તો લેવો જોઇએ ને?'

'અંબા રે મા તારું દર્શન દુર્લભ, દર્શનથી દુઃખ ભાગે છે.
સુરત શહેરના ધીઆ ફળિયામાં અંબા રે મા તું બિરાજે છે.'

અંબાજીને ચકલે અમે રહેતા. મારા દાદાના ઘરની નાની ગલીની બરાબર સામે અંબાજીનું મંદિર. નિશાળમાં અધકચરા શિક્ષકોએ કવિતા શીખવેલી, પણ છંદ તો એક પણ નહોતો શીખ્યો. હરિગીતની ચાલ અનાયાસે પકડી લીધેલી, એટલું જ. પણ છંદની ખૂબી, છંદોના જુદાજુદા ઢાળ, ઝૂલણા, સવૈયા, દોહરા ચોપાઇ લાવણી વગેરે ગાવાની લય તો અંબામાતાએ જ શીખવી.

અને અંબા માતાએ રસિક દૃષ્ટિથી નિહાળવાનું પણ શીખવ્યું. નવરાત્રિ આવે ત્યારે સુરતનું ભાવિક લોક માતાને મંદિરે દર્શન કરવા આવે. અમારા બારણા આગળથી સેતાન ફળિયા, નાગર ફળિયા, બાલાજી રોડ અને ગોપીપુરાની પેલી પારની નમણી સ્ત્રીઓ આવે અને જાય. એ ત્રણ નવરાત્રિઓ જોયા પછી નવે દા'ડા નવ જુદા-જુદા રંગના સાળુ પહેરનારીઓની યાદી પણ અમારી પાસે થઇ ગઇ હતી. સાડી પહેરવાની ઢબછબ ઉપરથી અમુક સવારી ચોક્કસ મહોલ્લામાંથી જ સરકી આવેલી છે એ પણ કળી શકાતું. સાંજના પાંચથી સાતમાં આવનજાવન ભારે રહેતી. તેમ પાંચમ છઠ પછી ભીડ પણ વધી જતી. અમે નિશાળેથી આવી મોં-બો ધોઇ ઓટલે બેઠક જમાવતા. ચારેક વાગ્યે દરેક ઘરમાંથી રસ્તા પર પાણી છંટાતું, માળે છત પર હાંડીઓ ટીંગાવાતી અને ઓટલે ગાદીતકિયા પથરાતા. મામાજી પણ બેસતા. એમના ઓળખીતા દર્શન કરવા નીકળતા, ને પાછા આવતાં પાંચદસ મિનિટ બેસતા અમે ઓટલાને બીજે ખૂણે અડ્ડો જમાવતા અને જતા-આવતાને બારીકીથી જોતા.

લોકોની આવજા સ્ત્રીઓથી વધારે શોભતી. પટાનો સાળુ, ભાત-ભાતની છાપનાં છાયલ, ઘેરાં-ખુલ્લાં ગવન, ભૂરીકાળી ચન્દ્રકળા, રંગ-બેરંગી લ્હેરિયાં ને કવચિત રેશમી ધુપછાંવ ફરફરી રહેતાં. પણ સાડી ગમે તેવી હોય, એને દીપાવી મૂકવાનો આધાર પહેરનારની ઢબ પર છે. પહેરતાં આવડતી હોય તો ગમે તેવી સાડી ભલભલાને પણ દીપાવી દે છે. બાકી બસો ત્રણસોની સુંદર સાડીઓ લબાચાની માફક લપેટનાર પણ જોયાં છે. ના, અહીં કંઈ એવા લગનના ઠાઠ નહોતા. સામાન્ય બરની સાડીઓ પસંદ કરાતી. પણ જે ઉસ્તાદ પહેરનારાં છે, તેઓ તો રોજ તરી જ આવતાં. ત્યારે કેડે ચીપટીની પહેરાએલી સાડી 'ફેશનેબલ' ગણાતી, મગિયા બાંયનાં બ્લાઉઝ અપટુડેટ મનાતાં.

ઓઢણીનો રિવાજ સારા પ્રમાણમાં પ્રચલિત હતો. ફરાક ક્યાંક-ક્યાંક દેખાતાં. પણ ઓઢણી જ શોભતી,—આકર્ષક લાગતી; અને એમાંયે કેટલાક રળિયામણા રંગમાં તો છોકરીઓ સોહામણી લાગતી.

માથે ઓઢવાનો રિવાજ સારા પ્રમાણમાં હતો, છતાં કેટલાક-ની વાળ ઓળવાની રીત જોવા મળતી. ગુચ્છા પાડવાની પ્રથા નાબૂદ થતી ગઈ હતી. ચપટિયા વાળ ઓળાતા અને એના વળાંકે કાન થોડાથોડા ઢંકાતા તે સુંદર લાગતા. 'બૉબ્ડ-ક્રૉપ્ડ'નો તો પત્તો જ નહોતો. કદીક છૂટી લટ રહેતી. અંબોડા તો વિધવિધ પ્રકારના વળાતા. ખાસ કરીને ચાર લટનો, કેવડો ખોસીને નાગપાશનો અંબોડો અબરો ઓટલો જ ચિત્તાકર્ષક મનાતો.

મોટે ભાગે બધી જ સ્ત્રીઓ ધીમેધીમે મહાલતી ચાલતી; કોઈક જ ઠસ્સાથી ચાલતી. ઉતાવળ તો કોઇને જ નહોતી. વળી સામે કોઇ મળ્યું તો 'કેમ છો' 'દેખાતાં નથી' 'આવજો'માં ગયડો થયા કરતાં. કોઇ વળી હાથમાં રૂમાલ લઇ દર્શને જતી, ને પાછા ફરતાં એમાં પ્રસાદનું કોપરું, ચા, સાકરિયા, એલચીદાણા કે એવું બાંધતી જતી. અજવાળાં ઓછાં થતાં, હાંડીમાં દીવા થતા, મહોલ્લો ઝળકી ઊઠતો રસ્તો રસભર્યો લાગતો. આનંદની સુરખી પથરાએલી લાગતી.

જુવાન પુરુષો પણ ગાંજ્યા જાય એવા નહોતા. બાંકેલાલ ઍંગલોર કે હંગેરિયન કૅપ સિફતથી પહેરતા; માથે જરા ટેડી પણ રાખતા; અને ડગલાના છાતી પરના ગજવામાંથી રૂમાલને ખાસસો ડોકાવતા. એ તો ઠીક, પણ ખરી ખૂબી તો ધોતિયામાં બતાવતા. પાટલી એવી રીતે રાખતા, કે જરા ફલ્લાશથી ચાલે તો ધોતિયાના પાલવમાં પવન ભરાતાં પાછળ ફુગ્ગો ઉડાવતા ચાલતા. એમાં પણ જાત-જાતના લોક જોવા મળતા. એમની ચાલ, એમની લઢણ, એમની ખાસિયતો, એમની ટેસી, ફિસિયારી, એ બધું જોવાની મઝા આવતી.

રાતે અંબામાતાના ચોકમાં ગરબા ગવાતા, એ મોડી રાતે ઘરમાં સૂતાંસૂતાં પણ સંભળાતા. ગરબાની જરાક વાત નીકળતી કે મામાજી ખીલતા. એમને આ આજકાલના ગરબામાં બહુ રસ કે ચમક ન જણાતાં: 'અરે, ગરબા તો રાધાના. છેક વડોદરેથી લોક ગરબા સાંભળવા આવે. રાધા એટલે શું? છેક ગઇ કાલ સુધી એ ગાતી હતી. લગનસરા હોય અને માંડવે રાધાનો ગરબો ન કરાવે તો લગન ફોક સમજવાં! હજારો માણસ એક ચિત્તે સાંભળે. કંઠ પણ તેવો; અને ગવડાવવાની ખૂબી પણ એની જ. એની પછી એની છોકરી કોઇકોઇ વાર ગવડાવતી, પણ ફુસ! છોકરીમાં દેખાવ હતો, પણ ગરબાનો ઉઠાવ નહોતો. રાધા તો નામ જ કરી ગઈ.'

આ રાધા વિષે મેં ઘણી વાર સાંભળ્યું હતું, ઘણાને મોંએ એનાં વખાણ સાંભળ્યાં હતાં, પણ એની આથી વધારે હકીકત મારા ધ્યાનમાં નથી. મેં તો એને જોઈ કે સાંભળી નહોતી, પણ મામાજી જે ચિત્ર ખડું કરતાં તે ઉપરથી અલૌકિક કંઠની, નાજુક બદનની, ગરબે ઘૂમનારી એ ગોરી 'મદે મલપતી નાર' હોવી જોઇએ, એ ચોક્કસ.

જ્યોતીન્દ્ર દવેને—પેલા 'કવિને'—તો સુરતમાં આમતેમ જોયા હતા ખરા, ને એના પર મને દાઝ પણ ખૂબ ચડતી; પણ ધનસુખલાલ મહેતા, મારા કરતાં થોડાં જ વર્ષો અગાઉ નજીકના મહોલ્લાના રહેવાસી, છતાં એમનો સારેમાઠે પ્રસંગે પણ ભેટો થએલો નહિ. બહુ મોડી દોસ્તી થઈ. હમણાં—૧૯૪૮માં આ લખાણ એમને જરા વાંચવા આપ્યું, એટલે રાધાની વાત આવતાં એમણે લખાણના હાંસિયામાં લાલ પેન્સિલે જાતજાતનાં ટાંચણો કરી લીટા ખેંચી કાઢ્યા. એમાં એમનો ઉશ્કેરાટ સ્પષ્ટ દેખાઈ આવતો હતો.

એમણે રાધાને જોઈ હતી, સાંભળી હતી. અને મામાજીના મત સાથે એ પણ ભળ્યા. દેખાવ કંઈ એવો નહિ, પણ અવાજ તો ઓ—હો—હો! આ 'ઓ-હો' બોલ અમારા 'નવાબ'નો,—એટલે કે ધત્તુભાઇનો. (ધનસુખલાલનું હુલામણું—મિત્રોમાં લાક્ષણિક? નામ ધત્તુભાઇ.) એ 'નવાબ' કેમ થયા એ લપમાં જો અહીં ઊતરું તો રાધા રીસાઈ જવાની, એટલે આગળ જ ચાલીએ. ધત્તુભાઈ તો કહે છે કે રાધા પોતાની એક નાનકડી ટોળી જ રાખતી, ને જ્યાં ગરબો ગાવા જતી ત્યાં એ ટોળી ગરબામાં ભળી જતી, એટલે ભલભલો ગરબો ખીલી ઊઠતો. રાધાનો કંઠ, અને પછી એનો ઉપાડ; આસોની મીઠી રાત એટલે નિરાંત અને શાંતિ; દૂધમાં સાકરની જ મિઠાશ.

પણ તમે કહેશો કે અહીં ધત્તુભાઇને ક્યાં ગ્રાંસ્યા! ગ્રાંસ્યા એમ, કે એના પર મને અદેખાઈ આવે છે. શું ધારો છો? રાધાને એમણે જોઇ—સાંભળી એ તો સમજ્યા, પણ એ બંદાએ તો રાધા જાહેરમાં ગાતી ત્યારે વચમાં હારમોનિયમ પણ વગાડ્યું હતું. અને તે એક વાર નહિ;—ધત્તુભાઈ છાતી ફુલાવીને કહે છે કે ઘણી વાર. એમાંનો એકે સુભગ પ્રસંગ જોવાનું મારા નસીબમાં નહિ.

૧૯૦૫થી ૧૯૨૫ સુધી—એક સળંગ વીશી—એમણે એવી રીતે

ગરબાઓના જલસામાં ઠેકઠેકાણે પેટી વગાડી હતી. છેલ્લી સાહિત્ય પરિષદ વખતે વનિતાવિશ્રામના કૉમ્પાઉન્ડમાં વગાડી એમણે એ કામમાંથી નિવૃત્તિ લીધી. એનું નામ તે શૉખ ગરબા પ્રત્યેના એમના પ્રફુલ્લિત થએલા રસનું કારણ હવે સહેજે સમજી શકાશે.

નવરાત્રિની આઠમને દિવસે મેળો જ ભરાતો. ત્રણ ચાર વાગ્યાથી ખાવાનાંવાળા, રમકડાંવાળા અને 'કાશીકા યે ઘાટ દેખો', 'બંબઇકા યે શહેર દેખો' કરી પૈસો પૈસો લઈ ભૂંગળામાંના કાચમાંથી મોટા કદનાં ચિત્રો બતાવનારાઓ એકઠા થઇ જતા. તે દિવસે રસ્તે ભારે ધમાલ રહેતી, વાહનવ્યવહાર બંધ જેવો થઇ જતો, અને મોડી રાત સુધી 'અંબે માતકી જે' સંભળાયા કરતી. પણ છઠ સાતમ અને નોમ એ ત્રણ દિવસ તો મંદિરમાં રાત્રે મંડળી જામતી:

'અમીચંદ કહે છંદ બનાવી મેં માજીની કીધી પૂજા.'

એ માજીના બડા ભક્ત અમીચંદ છંદ ગાવા આવતા. પોતે પોતાના બનાવેલા છંદો ગાતા, અને ત્રણ દિવસ ચંડીપાઠ લલકારતા.

સને ૧૮૪૮-૪૯ માં એમનો જન્મ અમારા ઘરની પાછલી શેરી આમલીરાનમાં થયો હતો, અને ત્યાં જ રહેતા. છેક ૯૩ વર્ષની ઉંમરે ગુજર્યા, અને અવસાન પામવાના વર્ષ સુધી, સતત ૬૦ વરસ એમણે એક પણ અપવાદ સિવાય દર સાલ માતાજીની સામે છંદ તથા ચંડીપાઠ ગાયા છે. સિત્તેરની આસપાસ તો મેં એમને જોયા હતા, અને લગભગ દસેક વરસ—એટલેકે એ સાઠની આસપાસ હશે ત્યારથી—એમના છંદ સાંભળ્યા છે. ચમત્કારની વાતો તો એમને માટે ઘણી સાંભળી હતી, અને લોક કહેતા કે એમને માજીએ દર્શન આપ્યાં હતાં. એ તો જે હોય તે ખરૂં, પણ એ સામાન્ય વ્યક્તિ નહોતા જ એમ તો કહેવું જોઇએ. જેને આપણે 'ઇન્સ્પાયર્ડ' કહીએ એવા તો એ હતા જ. માતાજીમાં એમને અપૂર્વ શ્રદ્ધા હતી ને અજોડ ભક્તિથી એ સેવા કરતા. ધંધે ઝવેરી. પોતાનો કસબ જાતમહેનતથી શીખેલા, અને પોતાનાં અંગુરને સરાણ બનાવડાવી એ જ હીરાને પહેલ પાડવાનું કામ કરતા.

પણ અમારે મન તો અમીચંદ એટલે માતાજીના અનન્ય ભગત. છઠ સાતમ અને (આઠમે બહુ ભીડ રહેવાથી) નોમ, એમ ત્રણ દિવસ એ છંદ ગાવા આવતા. અમે જમી પરવારી મામાજીની સાથે માતાજી આગળ જઈ બેસતા. આમ તો જગ્યાની પડાપડી, પણ મણુપતિશંકર અમારી જગ્યા કરાવી આપતા. પછી છંદ શરૂ થતા. પહેલાં તો બીજાઓ લલકારે. એક જણ ગાય અને બીજા ઝીલે. જાતજાતના છંદ ગવાય. વાતાવરણ સરસ જામે. એટલામાં અમીચંદ આવવાની બહાર બૂમ પડે. એવો જ માજીનો જયકાર બોલાય. અને અમીચંદ પધારે. બધા ઊભા થઈ જાય. પોતે બરાબર માજી સામે બેસે, પ્રણામ કરે, ધ્યાન કરે, બધે ખૂબ જ શાંતિ છવાય, અને પછી સ્વચ્છ સુંદર અવાજે ગાવાનું શરૂ કરે. માજીના શણગાર, માજીનો થાળ, સુરત પર જળરેલનો કેર, માજીની આરતી વગેરે છંદો ગાયા પછી ચંડીપાઠ ઉપાડે. એમાંના કેટલાક છંદો તો પોતે એકલા જ બોલી જાય. બીજાથી ઝીલી જ ન શકાય એવા અટપટા, પણ સુંદર શબ્દચાતુર્યવાળા, ગહન અર્થવાળા, ભક્તિરસથી ભરપૂર વરસોથી સાંભળતા આવતા એટલે મામાજીને અને તેમ બીજા ઘણાને તો એ લગભગ બધા જ મોઢે.

એમાં માજી દૈત્યો મારવા જતા ત્યારે, કવિ ભગત જે વીરરસના છંદો લલકારતા તેનો રણકાર હજી આજે મારા કાનમાં ગાજી રહેલ છે. શુંભ-નિશુંભ બે દૈત્ય બળિયા, ધુમ્રલોચન અને રક્તબીજની કથા, ચંડ-મુંડની વાતો અને એમની સાથેના માજીના યુદ્ધનાં વર્ણન આપણાં રૂવાં ઊભા કરી નાંખે. એમાં વળી રણશીંગડાંના વર્ણન આવે:

'માજી નાગડધિન્ નાગડધિન્ વાજાં બાજી રહ્યાં સૌ સાથે.'

જમીન પર દૈત્યનું લોહીનું ટીપું પડતા તેમાંથી સૌ દૈત્ય ઊભા થાય; પછી એમાંથી બચવા માજી કેવી યુક્તિ રચે છે, નવચંડીનું રૂપ ધારણ કરી કોપે છે, વિકરાળ સ્વરૂપે ફરે છે, ગગન ગડગડી રહે છે, હાથમાં ખપ્પર છે, દૈત્યોના રૂંઢની માળા પહેરી માજી રણે ચડે છે, રણચંડી બની દૈત્યનો શિરચ્છેદ કરી નીગળતું લોહી પોતાની જીભ પર લઈ લે છે, અને દૈત્યોનો—અસુરોનો સંહાર કરી શાંતિ સ્થાપે છે. માજીની શક્તિનો એ પરચો, મહામાયાનું સ્વરૂપ, મહાયુદ્ધનું વર્ણન, વીર અને અદ્ભુત રસનું એ આસ્વાદન કોઇ છટાદાર બાનીમાં, હૃદયંગમ અદાથી—અને હું માનું છું કે કોઈ દિવ્ય શક્તિથી—પ્રેરાઇ જ એ કરતા, એ દૃશ્ય હજી મારી નજર સામે ખડું છે. એમની તેજસ્વી આંખો, સૌમ્ય મુદ્રા અને છંદના લલકાર, હજી સ્મરણમાંથી ખસ્યા જ નથી.

માજીની કૃપા ઉપરાંત સરસ્વતીની પણ એમના પર કૃપા હોવી જ જોઇએ. કવિતાનું છંદનું આસ્વાદન મેં ત્યાં જ પ્રમાણ્યું. જાતજાતના છંદ મગજમાં ઘૂમવા માંડયા. એ માટે અમીચંદનો ઉપકાર માનું કે માજીની કૃપા?

એમનો એક અધર છંદ તો હજી મને યાદ છે. એ ગાતાં હોઠે હોઠ અડકે નહિ એવી એની શબ્દરચનાની ખૂબી છે.

'અધર છંદ ગાતા આનંદે, આજ લાજ રાખ સરસતી,
અરજ કરી શિર ચરણે ધરતે, સંતન કે કારજ કરતી.'

આખો છંદ તો લગભગ ચાળીસ લીટીનો લાંબો છે, પણ સાંભળવા જેવો છે. એમાં એક પણ ઓષ્ઠસ્થાની શબ્દ આવતો જ નથી.

આ છંદ સાંભળવાથી પિંગળનું જે જ્ઞાન મને મળ્યું એના દશમા ભાગનું પણ નિશાળમાં નહોતું મળ્યું. એ તો આ સદીના બીજા દાયકાની વાત. આજે આ સદીના પાંચમા દાયકામાં પણ મળે છે?

એમ નવરાતર યા નોરતાં પૂરાં થતાં. દશેરાએ શમીના ઝાડ આગળ મેળો થતો. અને પછી દીવાળીની તૈયારીઓ શરૂ થતી.

નવરાતર ન હોય તોયે અમે તો લગભગ રોજ અંબામાતાને મંદિરે એક વાર દર્શન કરવા જતા. લોક દૂર દૂરથી આવે તો અમે નજીક રહેનારા શા માટે ન જોઈએં? ત્યાંનાં પગથિયાં ઊતરતાં જ એક ઓટલો હતો. ત્યાં એક મિનિટ પણ બેસીને જ ઘેર પાછા જવાનો રિવાજ હતો. અમે પણ તે પ્રમાણે કરતા.

અહીં ઘણા લોક મળતા. મારા વર્ગમાં ભણનારા દોસ્તો પણ મળતા. એમ એક દોસ્તના કુટુંબની એક છોકરી મને અહીં મળી. અવારનવાર મળતી; અને જ્યારે મળતી ત્યારે પરસાદનું કોપરૂં વહેંચી અમે ખાતાં, ઓટલે બેસી ગપ્પાં હાંકતાં, અને ઘેર જતાં. નાની, ચબરાક, ડાહી, દેખાવડી, ખૂબ જ સ્ફૂર્તિવાળી, એ ચણિયો-ચોળી પહેરી આવતી અને અમારી દોસ્તી ઠીક ઠીક વધતી. ઝડપઝડપ ચાલતી અમારા ઘર આગળ થઇને નિશાળે જતી ત્યારે પણ કદીકદી પાણી પીવા ચડી આવતી. ત્યારે કંઇ છોકરા છોકરીઓને સાથે ભણવાનો ચાલ નહોતો. એ ભણતી કન્યાશાળામાં એનું નામ પ્રિયંવદા.

વાડી ફળિયાના નાકા પરના માતાના ઘરમાં ન્યાતનું સાજનું મળતું. સાજનું એટલે પંચ. જમી પરવારીને ધીમે ધીમે બધા આસપાસને ઓટલે એકઠા થાય, અને ગુસપુસ ગુસપુસ કર્યા કરે. દરેકના મોં પર જુઓ તો ભારે ગંભીરતા, અને માથે આખી દુનિયાનો ભાર. પંચ મળતાં વિશ્વામિત્રે નવી સૃષ્ટિ રચવા માંડેલી, એવું કંઈ કરી નાંખશે એવો ડોળ. ખાસ સ્પેશ્યલમાં મુંબાઇથી પટેલિયાઓ આવતા, તે મુંબાઈવાળા કહેવાતા. રાતના બબ્બે વાગ્યા સુધી પંચની બેઠક જામતી. ઠીકઠીક લોક ભરાય એટલે કોઈ ઠયાકખોર ગોરાણીને ટહુકો કરે: 'હવે કયા રાયજગની રાહ જોવાય છે? (અનુ૦ પૃ૦ ૪૦૨)

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૨૩ કારતક ૧૯૮૨ (નવેમ્બર ૧૯૨૫)

પહેલા પાના ઉપર એ વેળા નિયમિત આવતા શ્રી દેશળજી પરમારના નાના ભાવનાલેખોના સરસ નમૂનારૂપ આ અંકમાંનો 'નૂતનશ્રી'લેખ, બેસતા વર્ષના આ પ્રસંગે ઉચિત પણ જણાશે :

"ભયંકર ગાજવીજ, ઉન્મત્ત તોફાન અને મૂશળધાર વરસાદ પછી પ્રશાન્ત ઉઘાડ નીકળે છે, ભયાનક સ્વપ્નો અને ઉદ્વેગ-ચિંતાઓભરી ભીષણ કાળરાત્રી પછી પ્રકાશનું રંગીન પ્રભાત ફૂટે છે, એ વેળા અંતરમાં કેવી પ્રફુલ્લતા ને આશા પ્રગટે છે !

પાનખરના ભૂખરમાં ઝરડાઈ ગએલી વનસ્પતિ ફૂટડી વસંતની પહેલી જ નજરે પાંગરવા માંડે છે. રૂંધવાઈ બેઠેલાં પંખીઓના કંઠ ખુલી જાય છે અને વાતાવરણમાં ચેતન ચડે છે.

વિનાશક દુકાળ, જીવલેણ રોગચાળા, યુદ્ધના પ્રલય કે અનેક મુશ્કેલીઓ અને ખોટહાનિઓ, વચ્ચે આખું યે વરસ કપરું વીત્યું હોય છતાં નવા વર્ષનું અરુણદર્શન જગતભર અપૂર્વ મોદ ઉપજાવે છે.

એવી એ કયી વરદાયિની શક્તિ છે જે એ શાતાના શેરડા પાડે છે, વાસંતી નવપલ્લવતા લાવે છે ને અંતરતર મોદ ઉપજાવે છે? નૂતનશ્રી. શોકાડંબરમાંથી એ શ્રદ્ધા જન્માવે છે, આંસુના ઓટ કરી આશાનો જુવાળ ભરે છે; કાળના જખ્મો રૂઝવી સાન્ત્વન અર્પે છે.

માતાની ગોદમાં ને બાળકના ગાલમાં, ગરીબની રાબમાં ને અનાથની ભૂખમાં, નવનવ માધુરી એ રેડે છે. પ્રતિપલ એની વિરાટ કાયા સંસારનું પ્રાણચક્ર ચલાવી રહી છે. એનું પગલું પડે ને સૃષ્ટિ પલટાઈ જાય છે; એની મીટ મંડાય ને વાતાવરણ રંગાઇ જાય છે. આશાની એ યોગિની છે, આનંદની અધિષ્ઠાત્રી છે, ચેતનાની દેવી છે. . . . રે, જગતઆખાની એ સંજીવની છે."

સાચી કલાની કદર પીછવા માટેની ધગશ પ્રગટાવવાનું અને નજર કેળવવાનું જે કામ પા સદીથી 'કુમાર' કરતું આવ્યું છે તેની એ સતત ચાલતી ઝુંબેશનો ખ્યાલ 'મિજલસ'માંના આ ઉતારાથી આવશે :

"આપણી દેશી બનાવટો-આપણા દેશની વસ્તુઓનાં રૂપો તથા ઘાટો પાછળ, મકાનો ને તેના શણગાર પાછળ, આપણા પહેરવેશ રહેણીકરણી ને ઉત્સવો પાછળ અનેક કલામય ભેજાંઓ ખતમ થયાં છે. તમે તાજી આંખે એ બધાંને જુઓ, પુનઃપુનઃ નીરખો, સરખાવો, અભ્યાસ કરો, તો તેની કલ્પના ને સુંદરતા જોઈ તમને આશ્ચર્ય થશે. આપણા દેશની સુંદર ઇમારતી કોતરણીઓ પરદેશ ચડી જાય; આપણાં ત્રાંબાપિત્તળનાં સુંદર વાસણો ભંગારમાંથી યે યૂરોપવાસીઓ ખરીદી જાય; આપણાં દેવદેવીઓની અદ્ભુત મૂર્તિઓ જર્મની અને ફ્રાન્સનાં મ્યૂઝિયમો સધરે; હિંદુસ્તાનનું કાંઈ પણ સારું અને સુન્દર હોય તેની કદર પરદેશીઓ કરે, એ આપણું દીવાળું નહિ તો બીજું શું? આપણાં આંખકાન માત્ર બાકોરાં રૂપ બની ગયાં છે. નથી તેને સ્વરની સૂક્ષ્મતાની ખબર, કે નથી તેને રૂપરંગના સુંદર સંગીતની અસર. આવાં અપંગ માનવ પ્રાણીઓથી આપણો સંસાર ચોપાસ ઉભરાય છે. વરઘોડા ને જમણવારોમાં ગાંડાં ખર્ચ કરનારા આપણે કલા અને કારીગીરીઓમાં તદ્દન અંધ ને બેપરવા રહ્યા છીએ.

પાટણના જૂના અપાસરાના અદ્ભુત કોતરકામવાળા પાટડા ચોકીદારોની ચલમ સળગાવવા માટે છોડિયાં થતા પડ્યા છે; ભરૂચનો કબીર વડ જે સૃષ્ટિ આખીના ચમત્કારરૂપ, તેને થોડા કપાસની ખાતર બાંડોખાંડો કરવામાં આવે છે; સરકારી બાંધકામખાતાવાળાઓ જૂનાં સુંદર મકાનો તોડી નાખી આપણાં શહેરો કદરૂપાં બનાવે છે; ફરજિયાત કોટપાટલુનના બેઢંગા પોષાક આગળ આપણા ભદ્ર નાગરિક પોષાકની અવગણના અને બહિષ્કાર થાય છે. સૌંદર્યપ્રેમની વાતો તો ઘણી યે થાય છે, પણ કોઇએ દિન પર દિન કુરૂપ થતાં આપણાં જીવન, રહેણી, પોશાક, વસ્તુઓ, મકાનો, શહેરો માટે ઝુંબેશ ઉઠાવી છે? યુગની ધનસંપત્તિ અને ભંડાર રહેશે કે જશે એ કોણ જાણે છે? પણ યુગની સ્મૃતિ રૂપ કલાકૃતિઓ તો જરૂર રહેશે. એથી જ દેશનો તાગ મપાશે; એ પર જ યુગનું મહત્ત્વ અંકાશે. આ બધાં ઉપર વિચાર કરવાનો વખત દેશના સંસ્કારી માણસોને છે? એમને ન હોય તો પછી આ સાદ પાડવાનું એક જ ઠેકાણું છે, અને તે દેશની તારણહાર આવતી કાલની પ્રજા."

પહેલા પાનાના કવિત્વભર્યા ભાવનાલેખથી જરા જુદા, પ્રેકરપ્રકારના 'મિજલસ'માંનાં મધ્યવર્તી ફકરાઓનો પરિચય આપણે અગાઉ કર્યો છે. એમાં આ વધારો કરવા જેવો છે. વિષય છે 'લલાટના લેખ':

"આપણામાં માન્યતા છે કે માણસ લલાટે જે વિધિના લેખ લખાવીને જ જન્મે છે, તે કોઇ મિથ્યા કરી શકતું નથી. પ્રારબ્ધ આગળ પુરુષ પામર છે. કોઈ બાળ વયે કે ભરજુવાનીમાં મરી જાય, કોઇનો વેપાર ભાંગે, કોઇની નોકરી તૂટે, કોઈને અકસ્માત થાય, કાંઇ મંદવાડ આવે, ઘરમાં આગ લાગે, કંઈ અણચિંતવી આફત આવી પડે, કે લોકો એ જ નિસાસાનાં વેણ કાઢવાનાં: 'જેવા લલાટના લેખ, ભાઈ! પ્રારબ્ધ આગળ આપણું શું ચાલે?'

આપણી પડતીનું અરધું કારણ આપણો આ પ્રારબ્ધવાદ છે. માણસને પ્રભુએ પ્રાણનું ઐશ્વર્ય બક્ષ્યું છે. એ પ્રાણ બતાવ્યા વિના, પુરુષાતન દાખવ્યા વિના, નિર્માલ્ય બાયલાની પેઠે કપાળે હાથ દઈ પ્રારબ્ધને દોષ દેતા બેસવું એ આપણી મર્દાઇનું કલંક છે, ભયંકર પાપ છે, આત્માનો ને પ્રભુનો દ્રોહ છે. જગતમાં જેટલા પુરુષો મહાન બન્યા છે તેમાંનો એકેએક જણ પ્રારબ્ધને થપ્પડ મારીને જ મહાન બન્યો છે. સત્તાને સિંહાસને ચડનાર, લક્ષ્મીની ગોદમાં આળોટનાર, સરસ્વતીને પોતાની જીભ પર રમાડનાર, આત્માનું સામ્રાજ્ય જીતનાર કે ઈશ્વરને પોતાની તહેનાતમાં ખડે પગે રાખનાર, દરેક મહાન સત્તાધીશ, શ્રીમંત, વિદ્વાન, જ્ઞાની કે ભક્તે પ્રારબ્ધની સામે બંડ જ ઉઠાવ્યું છે.

અકાળે મૃત્યુ પામનાર પોતાની ભૂલોને લીધે જ મરણને વહેલું નોતરે છે. ખાનપાન ને રહેણીકરણી સંયમશીલ હોય તો મંદવાડ કે મૃત્યુની મગદૂર છે કે આગળ આવીને ઊભાં રહે? ભાંગેલો વેપાર કે તૂટેલી નોકરી પ્રાણવાન માણસ ઘડીના છઠ્ઠા ભાગમાં સજીવ કરી શકે છે. અકસ્માતો ને આફતો મર્દની મર્દાઈ આગળ મગતરાં સમાન



છે. ખરી વાત તો એ છે કે તમારામાં પાણી કેટલું છે? પુરુષાતન કેટલું છે? શ્રદ્ધા અને પુરુષાતન આગળ પ્રારબ્ધ પાણી ભરે છે.

પાછળથી ભાવનગર રાજ્યના કેળવણી અધિકારી બનેલા શ્રી ગજાનન ભટ્ટના ખૂબ પ્રખ્યાત થએલા ને આજે અપ્રાપ્ય 'સ્કાઉટિંગ વિષેના પુસ્તકની શરૂઆત લેખમાળાના રૂપમાં આ અંકથી થઈ. એનો પહેલો હપતો હતો: 'ઉઘાડી આંખે જંગલમાં.' આજે પણ એ એટલો જ રસમય લાગશે. સાથે ચિત્રો પણ હતાં. થોડો ભાગ ઉતારીએ:

"હિંમત સ્વાશ્રય તથા નિરીક્ષણશક્તિ ખીલવવા માટે વિદ્યાર્થીઓએ દર અઠવાડિયે એક અથવા બે રાત જંગલમાં ગાળવી ઘણી જ અગત્યની છે. ઘૂવડના હૃદયભેદક અવાજથી ને શિયાળવાંના રૂદનથી ભીષણ બનેલી કોઇ રાત્રે પાસે સૂતેલી ટુકડીના રક્ષણાર્થે પહેરો ભરવો એ યુવકહૃદયમાં હિંમત ને વીરતાના ભાવો કુદરતીરીતે પ્રકટાવે છે.

જંગલના નામથી જ આપણો જનસમાજ ભડકે છે. પણ હું અનુભવ ઉપરથી ખાતરી આપું છું કે સાપ વગેરે જંગલી જીવો, જનાવરો તથા પ્રાણીઓથી જેટલા આપણે ડરીએ છીએ તેના કરતાં તેઓ આપણાથી વિશેષ ડરે છે. જે સ્થળે માણસોનો પગરવ થાય તથા રાત્રે તાપણું કરવામાં આવે તેવે સ્થળેથી આવાં હિંસક પ્રાણીઓ એકેક માઈલ દૂર જતાં રહે છે. વાઘ ને દીપડા માણસ ઉપર આવતા નથી. તેમણે માણસનાં લોહી ચાખ્યાં હોય તો જ તેઓ ભયંકર છે. આપણે તેને જોઇએ તેના કરતાં તેઓ આપણને ઘણાં જ વહેલા જોઈ લે છે અને દૂર ચાલ્યા જાય છે. જો કોઇ પણ ચીજનો જંગલમાં ડર હોય તો તે સાપ, વીંછી, મધમાખી, ભમરી અને મચ્છરોનો જ છે. સારાં તાપણાંથી એ બધાં ઘણાંખરાં દૂર થઇ જાય છે.

પણ જંગલમાં જઇને કરવું શું? કુમાર-સેનાની કેટલી ય ટુકડીઓને, ત્યાં જઇને આખો દિવસ માત્ર રાંધીખાવામાં તથા એક સ્થળેથી બીજે સ્થળે લાંબી મુસાફરી કરવામાં જ પસાર કરતી મેં જોઈ છે. એ લોકો આસપાસની કુદરતનું નિરીક્ષણ તો બીલકુલ કરતા જ નથી. ખરા સ્કાઉટ થવું હોય ને કુદરતના ખરેખરા બાળક બનવું હોય તો રાત ને દિવસના મળી પાંચ માઈલથી વિશેષ મજલ કરવી જ નહિ અને એ મુસાફરી પણ ઉઘાડી આંખે કરવી જોઇએ. ઘણી જ ચીવટથી ચોમેર અવલોકન કરતા રહેવું જોઇએ. ઉઘાડી આંખ, જિજ્ઞાસા અને ચીવટવાળી અવલોકનશક્તિ માણસમાં હોય તો જંગલની કેટલીયે નજીવી લાગતી ચીજોમાં આપણને રસ અને જ્ઞાન મળી આવે.

ઝાડ પર લટકતા સુઘરીના માળા પર કોઇએ કદિ વિચાર કર્યો છે? તેણે તેમાં કરેલી પરાળની ઝીણી ગૂંથણી ધ્યાનથી નિહાળી છે? કોઈ ગૃહસ્થના મકાન જેટલી જ સગવડ ને ગોઠવણ તેમાં સુઘરી ને સુઘરાએ કરી હોય છે! તેના ઉપલા અર્ધા ભાગમાં માળ જેવું હોય છે, તેમાં સુઘરી ઉપરના બાકોરેથી ઇંડાં મૂકે છે, અને બારીમાં ઇંડાં સેવતી બેસે છે. જ્યારે માળના નીચેના ભાગમાં હીંચકા જેવી બેઠક કરી સુઘરો બેસે છે, ને પવનમાં માળો હલે છે ત્યારે અપૂર્વ આનંદ ભોગવે છે! માળાની રચના એવી મજબૂત ને સરસ હોય છે કે તાપ કે વરસાદ તેમને બીલકુલ નડતાં નથી. (જુઓ સામેનું ચિત્ર)

બુલબુલ ટોપલી જેવા ઉઘાડા માળા બાંધે છે; જ્યારે 'ટેઇલર બર્ડ' (દરજી-પક્ષી) ત્રણ પાંદડાંને સીવી માળો બનાવે છે. એ માળા બહારથી જેટલા સુઘડ હોય છે તે કરતાં અંદરથી ઘણા સ્વચ્છ ને સુંવાળા હોય છે. બચ્ચાં માટે રૂ ને રેશમના પોલ અંદર ગોઠવેલા હોય છે. કાગડા તો માત્ર જાડાં સાંઠીકડાં ને સાંઠાં જ ભેગાં કરે છે, જ્યારે ખિસકોલી લૂગડાંના ગાભાનો જ માળો બનાવે છે. ખિસકોલી ઉંદરને મળતી જાતની છે, છતાં માળા બનાવે છે એ વાત ધ્યાન ખેંચે તેવી છે!

છીપલીઓ અને શંખલાં તો આપણે ઘણાં જોઇએ છીએ. તેઓ જીવડાંનાં હાડપીંજર નથી પણ કિલ્લા છે. પોતાનાથી મોટાં જીવડાં પોતાને ખાઈ ન જાય એટલા માટે ઝીણી ઈયળો આવાં શંખલાંમાં રહે છે. મોટા કરચલા મોટા શંખમાં રહે છે. તેઓ શંખનો 'સબમરીન' તરીકે ઉપયોગ કરે છે. શિકાર કરતી વખતે બહાર પંજા કાઢે છે અને ભયની વેળાએ શંખમાં દાખલ થઈ જાય છે. આ જ પ્રમાણે કેટલીક ઇયળો બાવળના થોરની શૂળોને સરખી રીતે કાપી તેનું શંકુ આકારનું ઘર બનાવે છે! આવાં ખોખાં તલબાવળિયાની નીચે પડેલાં ઘણાં મળી આવે છે. એ માળાનું મોં બેવડા મોંના ખડિયા જેવું હોય છે. આ બનાવટમાં ઇયળોની યુક્તિ એ હોય છે કે તેમાં કીડી મંકોડી જેવાં જે કંઈ નાનાં જંતુ પેસે તે પાછાં નીકળવા ન પામતાં પોતાનો ખોરાક થઈ પડે! તમને નવાઇ લાગશે કે ઇયળ પોતાના આ ઘરની સાથે જ બધે ફરે છે! એક નાજુક ઈયળ બાવળની શૂળો એકસરખી રીતે કેવી રીતે કાપે, તેને કેમ જોડે ને ઉપયોગમાં લે તે વિચારવા જેવું છે.

નાનાં જીવડાંનું સંરક્ષણ કુદરત ઘણી વખત કરે છે. કેટલાંકના આકાર તથા રંગ એવાં બનાવેલાં હોય છે અને તે, સાથેનાં ચિત્રોમાં બતાવ્યા પ્રમાણે, ઘાસમાં, ફૂલમાં ને પાનમાં એવાં ભળી જાય છે કે તેમને ઓળખવાં એ ઘણું જ કઠણ કામ છે. જે જંગલમાં જે રંગનાં ફૂલો થતાં હોય ત્યાં તેવા જ રંગનાં પતંગિયાં થાય છે. લીલું ઘાસ જ્યારે રંગે લીલું મટી પીળું થાય છે ત્યારે તેમાં રહેતી ખડમાકડી પણ લીલી મટી પીળી બની જાય છે! આ કુદરતની કેટલી બધી કૃપા!

આવા કુદરતી અનુકૂળ રંગોથી રંગાઇ ગયેલ જંતુઓને પક્ષીઓ તથા કાચંડા જલદી પકડી શકતા નથી, કારણ કે તેઓ છેતરાઇ જાય છે. આવી તો અનેક જાતની વિવિધતાથી જંગલ ઉભરાતું હોય છે. પણ બંધ આંખે ફરનાર કોઈ જોઇ શકતું નથી.



Our Friends Abroad



પત્રમિત્રતા શા માટે અને કેમ?

'શું તમારા દેશમાં સિંહ, વાઘ, જંગલી હાથી, સાપ અને એવું બધું છે? શું તે સડકો ઉપર પણ ફરે છે? ત્યાં તમે કેમ રહેતા હશો? તમે મારી જન્મપત્રિકા બનાવડાવીને મોકલી શકશો? મારા ભવિષ્ય વિષે સૂચનો કરી શકશો? શું પહેલાં તમારા લોકો ભીનાં કપડાં આકાશમાં અદ્ધર સૂકવતા? શું તમારા ભીમે હાથીની ટાંગ પકડી આકાશમાં ફેંકી દીધેલો ?–અને તે ત્યાં જ લટકયા કર્યો? શું મને એવી જાદુઇ વીંટી મોકલી શકશો કે જેથી પરીક્ષામાં પાસ થવાય કે વેપારમાં ફતેહ મળે? શું તમને ત્યાં રસાયનશાસ્ત્ર ભણાવે છે? શું તમારા વર્ગોમાં છોકરીઓ હોય છે?'

આ બધું શું છે? આ બધા પ્રશ્નોની ઝડી કયાંથી? શા માટે?

'મોટી બા, એક વાર્તા કહોને!' બાળકને ઉંઘાડવા જતાં બાળકે આગ્રહ કર્યો, અને મોટીબાએ ચલાવ્યું: 'એક હતો રાજા. તેને સાત રાણી. નાનામાં નાની રાણીના કુંવરે એક જાદુઈ ઘોડો ખરીદ્યો અને ચાલ્યો પરીઓના દેશમાં–અલકા સુંદરીને લાવવા.' એ જ પ્રમાણે યુરોપ અને અમેરિકામાં કોઈ બાળકને સુવાડવા તેની મોટીબાએ વાર્તા કહેવા માંડી: 'અરે જહોની, હિંદ નામે એક દેશ છે. ત્યાં સાપ, વાઘ ને ચિત્તા વગેરે ભયંકર પ્રાણીઓ એટલાં બધાં કે તે સડકો ઉપર પણ ફરે. ત્યાંના લોકો જંગલી અને જાદુગરો છે. વગેરે વગેરે' નાનપણમાં સાંભળેલી આ વાતો સ્મૃતિપટ પરથી ભૂંસાઈ ન જતાં, ત્યાંના એક યુવાને, ઉપર પહેલા ફકરામાં જણાવેલા પ્રશ્નો આપણને કર્યા છે. આપણી શી ફરજ છે? વિશ્વની સર્વોત્તમ સભ્યતા ધરાવનાર સ્વતંત્ર હિંદ આજે સર્વ અદ્યતન સાધનોથી સજ્જ થઇ આગળ ધપે છે અને મહાત્મા ગાંધીજીના આદેશો અનુસાર વિશ્વને શાંતિપાઠ ભણાવે છે તે આપણે પરદેશી લોકોને કેવી રીતે સમજાવી શકીએ? હિંદની અખૂટ પ્રાકૃતિક સંપત્તિ, કલકત્તા–મુંબઇ જેવાં વિશાળ નગરો, ભારતનાં રમણીય સ્થાનો, આપણાં પૂર્ણ વિકસિત ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, શિક્ષણ વગેરે વિષે આપણે પરદેશના લોકોને કેવી રીતે સત્ય માહિતી પૂરી પાડી શકીએ?-પત્ર દ્વારા, પત્રમિત્રતા દ્વારા.

આજના નવયુવાનનું ઊછળતું નવું લોહી તેને કંઈક કરવા પ્રેરે છે–તેને વિશ્વશાંતિ અને ભાઈચારા તરફ પ્રેરે છે–સર્વ માનવોને એક ઇશ્વરનાં સંતાન ગણી તેમને સમજવા, તેમની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા પ્રેરે છે . . . અને 'પત્રમિત્રતા' એ તેને સહેલામાં સહેલો રસ્તો જડે છે. 'મારી ઉમર ૧૪ વર્ષની, ઊંચાઇ ૫ ફીટ, વજન ૮૦ રતલ, માથે વાંકડિયા વાળ છે, આંખો ભૂરી છે' વગેરેથી શરૂ કરી, બાળકો પોતાના કુટુંબ, અભ્યાસ, શહેર, પ્રાન્ત અને દેશની વાતો કરતા થાય છે. જેમ પત્રમિત્રોની ઉંમર વધતી જાય તેમ તેમની ચર્ચાના વિષયો પણ વધુ ગહન થતા જાય: જેમકે દેશની રાજકીય આર્થિક પરિસ્થિતિ વિશ્વના ચાલુ બનાવો ને તેમનું મહત્ત્વ, મહાન પુરુષોની જીવનકથા, દેશનો પ્રાચીન–અર્વાચીન ઇતિહાસ, ભાષા, વાદ, ધર્મ, ફિલસૂફી વગેરેની માહિતી તથા ચર્ચા ચાલે.

અને આમ, આપણે જોઇશું તો જણાશે, કે પત્રમિત્રતાનું ક્ષેત્ર કેટલું વિશાળ છે–કેટલું અનન્ત છે. જગતના નવ્વાણું દેશોમાં લગભગ અઠ્ઠાવીસ હજાર જેટલી સંસ્થાઓ પત્રમિત્રતા સાધવામાં મદદ કરે છે. આમાંની આઠેક હજાર તો ફક્ત અમેરિકામાં જ છે. લગભગ પચાસ લાખ ઉપરાંત પત્રમિત્રનાં નામો એ જુદીજુદી સંસ્થાઓમાં નોંધાઇ ગયાં છે. રોજ પડોશમાં રહેતા મિત્ર સાથે ગહન વિષયો પર ચર્ચા ભાગ્યે જ થાય છે; અને તેને મળવાથી જે આનંદ આવે છે તેના કરતાં કોઈ જુદો જ અનિર્વચનીય આનંદ ત્યારે આવે છે જ્યારે હજારો માઈલ દૂર વસતા કોઈ અજાણ્યા–અદીઠ મિત્રનો, એક બે મહીને રાહ જોયા બાદ, કાગળ આવે છે.

પત્રને ખાસ કોઈ હદ નથી–કોઈ રોકટોક નથી, અને બહુ ખર્ચ પણ નથી ફક્ત સાડા ત્રણ આનામાં એક પત્ર ધ્રુવ પાસેના બરફપ્રદેશોમાં વસતા માનવીને, અને એ જ રીતે આફ્રિકાના ગાઢ અને જંગલી પ્રાણીઓવાળાં વિષુવવૃત્તીય જંગલોને ભેદી તે પાર વસતા માનવીને પહોંચી શકે છે. આ પત્ર-નાનકડો પત્ર–અજાણ્યાને જાણીતો, અપરિચિતને પરિચિત, પારકાને પોતાનું તેમજ શત્રુને મિત્ર બનાવે છે. ૧૯૪૫ માં અમેરિકાએ જાપાન પર અણુબૉમ્બ નાંખીને દરેક બાળક-વૃદ્ધ જાપાનીને શત્રુ બનાવ્યા. પરંતુ હવે જાપાન ને અમેરિકાના યુવાનો પત્રમિત્રતા દ્વારા વધુ સારા પરિચયમાં આવે ને સહાનુભૂતિ તથા ભ્રાતૃભાવ કેળવે તે હેતુથી ત્યાંની સરકાર ખાસ વિભાગ ખોલી રહી છે.

પત્રમિત્રતા દ્વારા અખૂટ માહિતી મેળવાય છે, અને આપણી તેમજ બીજાઓની સત્ય હકીકતોને, છાપાંઓની રંગાએલી ભાષા વગર, સમજી તેમજ સમજાવી શકીએ છીએ. અને આ રીતે આપણે વિશ્વશાંતિ અને ભ્રાતૃભાવ (वसुधैव कुटुंबकम्)ના સિદ્ધાંતને ફલિભૂત કરવા પ્રયત્ન કરીએ છીએ. નિકટના ભવિષ્યમાં સહેલ-સપાટા માટે, ભણવા માટે, વેપાર અર્થે, શોધખોળ અર્થે અથવા દેશના એલચી તરીકે પરદેશગમનનો મોકો આવે અને તે વખતે આપણને ત્યાં કોઇ મિત્ર–કાગળો અને ફોટાઓનો મિત્ર–મળી જાય તો વેરાન રણમાં કોઈ રણદ્વીપ મળે એટલો આનંદ થાય છે. આ વસ્તુનો ખ્યાલ સ્વાનુભવથી જ આવી શકે.

પત્રમિત્રતામાંથી મળતી માહિતી લેખે આપણે થોડાક દાખલા લઇએ: ઇટાલીથી એક ભાઇ લખે છે, 'હું તમને જે ટિકિટો મોકલું છું તેમના બદલામાં મહેરબાની કરી એક જોડી બૂટ, અથવા ૪૨ નંબરનાં સૅન્ડલ, અથવા ગ્રીષ્મ-પોષાક મોકલશો; કારણ કે છેલ્લા વિશ્વયુદ્ધ વખતે બૉમ્બમારામાં મારી બધી જ પ્રિય વસ્તુઓનો નાશ થઈ ગયો.' એવી જ રીતે જર્મની, બેલ્જિયમ વગેરે દેશો–જેમની છાતી પર યુદ્ધ ખેલાયું હતું ત્યાં–થી એક નહિ પણ અનેક કાગળો તેમની અત્યારની કંગાલ દશા ને અસહ્ય તંગી-હાડમારી વિષેના આવ્યા છે.

બીજું, આપણા વિષેની શંકા–કુશંકાઓ વિષે પણ કંઈ ઓછા કાગળો નથી આવતા. હૉલૅન્ડથી એક બહેન લખે છે, 'તમને સ્વતંત્રતાથી કેટલો આનંદ થતો હશે તે તો હું સમજી શકું છું, કારણ કે અમે પણ જર્મનોની ગુલામગીરીમાંથી પાંચ વર્ષે છૂટાં થયાં હતાં. પરંતુ તમારું સ્વશાસન હોવા છતાં તમે આવા ઉછાંછળા, સ્વચ્છંદી, હુલ્લડખોર અને વિનાશકારી શા માટે થઇ ગયા છો, અને આંતર્વિગ્રહ

-બળવા તરફ શા માટે પ્રયાણ કરી રહ્યા છો? શું તમારી સરકાર નમાલી છે?' બેલ્જિયમથી એક ભાઈ-Jos-લખે છે: 'આજે અમે છાપાંમાં વાંચ્યું: 'હિંદનાં જંગલોમાં, સાથે ફરતાં ઇશ્વર અને શરાબ: આ વાત મુંબઈ પ્રાંતની છે. ત્યાં ૧૯૫૨ના એપ્રિલથી દારૂબંધી થવાની છે, પરંતુ ત્યાંના લોકોને દારૂ બહુ ગમે છે અને તેથી ત્યાં ચોરીછૂપીથી વેપાર કરતી ઘણી ટોળીઓ ઊભી થઇ છે.' શું આ સાચુ છે? છાપાંમાં પ્રકટ થએલ ફોટો અને કાપલી આ સાથે બીડું છું. × × × બીજું એ કે, "હિંદ એક રાષ્ટ્રભાષા માટે પ્રયત્ન કરી રહ્યું છે." એટલે શું? તમારે ત્યાં એકે રાષ્ટ્રભાષા જ નથી?'

જુદાજુદા લોકો કેવા વિચાર ધરાવે છે તે જાણવામાં ઘણી વખત મઝા તેમજ રમૂજ પણ પડે છે. નાઇજીરિયાથી એક મિત્ર-Denis-લખે છે: 'મહેરબાની કરી મને 'White Magic' (શ્વેત જાદુ) નામની ચોપડી-જે હિંદમાં જ મળે છે-મોકલી આપશો.' હૉલૅન્ડથી એક યુવક જણાવે છે: 'તમે હિંદેશિયા (ઇન્ડોનેશિયા) વિષે શું ધારો છો? શું તમને એમ નથી લાગતું કે ત્યાંના પહેલા રાજ્યકર્તાઓ (જાપાન) સામે લડી ડચ લોકોએ હિંદેશિયા પ્રત્યે મહાન ઉપકાર કર્યો છે?-આ પ્રશ્નોના જવાબ પહેલાં લખી મોકલશો, પછી જ હું તમરા પત્રોના જવાબ લખીશ.'

જુદાજુદા દેશોની ભૌગોલિક સ્થિતિ, ઔદ્યોગિક પ્રગતિ, નકશા, પ્રાકૃતિક સૌન્દર્ય વર્ણન, આબોહવા, આફ્રિકાના જંગલી લોકો, તેમની રહેણીકરણી, અજબ પ્રથાઓ, તેમજ નોર્વેની મધ્યરાત્રિનો સૂર્ય, કે ગ્રીનલૅંડની અજવાળી વસંતરાત્રિઓ વિષે તો થોકબંધ કાગળો આવે છે. ત્યાંનાં કુમાર-કુમારિકાઓ આપણને કેવા પ્રેમાળ શબ્દોમાં ત્યાં આવવાને નિમંત્રણ આપે છે તે પણ જોવા જેવું હોય છે. પત્ર દ્વારા નાનાંમોટાંનો તફાવત નથી રહેતો. મિત્રોને લખતો યુવક મહાન પુરુષોને પણ લખતો થઈ જાય છે. દા. ત. મેં પંડિત નહેરુ, સ્વીડનના રાજા ગસ્ટવ પાંચમા તેમજ બ્રિટનની ભવિષ્યની રાણી એલિઝાબેથને પણ કાગળો લખેલા છે.

શરૂઆતમાં કેટલાક પત્રમિત્રોને ખરા ઉદ્દેશનો ખ્યાલ નથી આવતો. દા૦ત૦ મારા પત્રમિત્રોનો સહેજ ખ્યાલ આપું: મારો જર્મન પત્રમિત્ર ત્યાંની એક રાજદ્વારી પાર્ટીનો પ્રમુખ (ચૅરમૅન) છે ને હમણાં જ તે ભાષણો કરવા માટે સ્વિટ્ઝર્લૅન્ડની મુસાફરી કરી આવ્યો. તેના વધુ પત્રો હવે પછી 'કુમાર'માં પ્રગટ થશે. તે રાજ્યખટપટ ઉપરાંત સાહિત્ય, કળા, વિજ્ઞાન વગેરેમાં તેમજ વિવિધ દેશોની સંસ્કૃતિ, ઇતિહાસ, વ્યુત્પત્તિ વગેરે ઘણા વિષયોમાં રસ ધરાવે છે. તેની ઉંમર આશરે ૩૦ છે. હૉલૅન્ડનો એક પત્રમિત્ર ખેતીવાડીની કૉલેજનો વિદ્યાર્થી છે. તે વિશ્વના ધર્મો તેમજ ફિલસૂફીમાં નિષ્ણાત છે અને આપણા હિન્દુ ધર્મ વિષે આપણા કરતાં પણ કદાચ વધુ જાણે છે. તેની ઉંમર ૨૫ આશરે છે. ઑસ્ટ્રેલિયાની એક પત્રમિત્ર ૪૭ વર્ષની એક 'યુવતી' છે (ત્યાં ૪૭ વર્ષે ઘડપણ નથી આવતું). શીવણકળા-નૃત્યકળાનો તેને શોખ છે. હૉસ્પિતાલમાં તે 'પાર્ટ ટાઈમ' સેવા કરે છે. સૌન્દર્ય અને કલાશોખીન આ બાઈનું સમુદ્રકિનારે નાનકડું મકાન અને ફાર્મ છે, તેને દૂધ વગેરેનો વેપાર છે અને તેના ઘરમાં રેડિયો, મોટરકાર વગેરે પણ છે. ચીનનો મારો દોસ્ત હમણાં બી. એ. પાસ થઈ ત્યાંની સ્કૂલમાં શિક્ષક થયો છે. તેના પિતાશ્રી ત્યાંની નૅશનલ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક છે તેમજ અમેરિકા અને જર્મની વગેરે દેશોનાં વિશ્વવિદ્યાલયોના સ્નાતક છે. જાપાનનો એક મિત્ર વકીલ છે. અને સરકારી આર્થિક-તપાસ કમિટી (Govt. Economic Investigation Committee)નો સભ્ય છે. દેશની આર્થિક હાલત, આયાત-નિકાસ, બેકારીનો પ્રશ્ન તથા ઉદ્યોગધંધાની ખીલવણીના માર્ગોનું અન્વેષણ, એ તેનું ક્ષેત્ર છે, દેશમાં ઊભરાતા કાળાબજારિયાઓને પકડી જાંચ કરવી એ તેનું કાર્ય. આ ઉપરથી વિશ્વગૃહમાં યોજી શકાતા મિત્રપરિવારનો આછો ખ્યાલ આવ્યો હશે.

આપણે આપણા જ દેશ વિષે ભાગ્યે જાણવાનો પ્રયત્ન કરતા હોઇએ છીએ. પરંતુ જ્યારે પરદેશનાં પત્રમિત્રો આપણા દેશ વિષે પૂછે ત્યારે તે જાણવાની આપણને ફરજ પડે છે, કારણકે જો તેના પ્રશ્નોના જવાબ ન આપી શકીએ તો નાનમ લાગે. અને એવું જ મારે વિષે થયું. મારે અનેક લેખો-જેમકે હિંદનાં અગત્યનાં વિદ્યાધામો, હિંદની જૂની તેમજ નવી પ્રથાઓ, લોકો અને રીતરિવાજ, હિંદનાં ખાસ ખાસ શહેરો ને બંદરો, ફરવા લાયક તેમજ ઔદ્યોગિક સ્થળો, મુખ્ય પેદાશ, તારીખ ગણત્રીની રીત, વગેરે વિષે સંખ્યાબંધ નાનાનાના લેખો લખી મોકલવા પડ્યા છે. આપણા દેશના સ્વાતંત્ર્યયુદ્ધનો ઇતિહાસ, ગાંધીજીનું જીવનચરિત્ર વગેરે પણ લખી મોકલ્યાં છે, અને આ માટે સારીપેઠે પુસ્તકો તેમજ લેખો પણ વાંચવાં પડે છે. આમ, પત્રમિત્રતા આડકતરીરીતે આપણને વાંચતાં કરે છે. હમણાં મારો એક પત્ર-જેમાં મેં હિંદ અને ગ્રીસનાં સાંસ્કૃતિક સંબંધો વિષે ચર્ચા કરી હતી-ગ્રીસના એક દૈનિક પત્રમાં પ્રગટ થયો છે. ભવિષ્યમાં પણ એવા પત્રો અને લેખોની આપલે માટે મને પરદેશોના વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થીઓ તેમજ ત્યાંના માસિકપત્રો તરફથી આમંત્રણ મળ્યાં છે. લોકો હિંદ વિષે જાણવા કેટલા આતુર છે તે આપણે આ ઉપરથી જાણી શકીએ.

એક વાત વધુ. તમે બધા તમારાં સરનામાં મોકલો છો અને તે 'કુમાર'માં પ્રગટ પણ થાય છે. તે પૈકીના કેટલાક વિષેની ફરિયાદો પણ વાંચી હશે. આ તો આપણા દેશની વાત થઇ. પરદેશોના પત્રમિત્રો સાથે પણ આપણાં અણસમજુ કુમારો એવું જ વર્તન રાખતા હોય છે. હમણાં જર્મનીથી એક ફરિયાદ આવી છે કે અહીંના બે કુમારોએ ત્યાંની બે કુમારિકાઓને પત્રને અંતે એવું લખ્યું, 'મારી સાથે પત્રવ્યવહાર કરનારાઓમાં છોકરી તો તું એક જ છે, માટે પત્ર વહેલો લખજે.' ત્યાંના લોકોને ગમ્મત તો થઈ, પરંતુ સાથે સાથે તેઓ આપણા વિષે કેટલો ખરાબ મત બાંધે? તમારાં સરનામાં પરદેશ જાય, ત્યાંથી કાગળો આવે, પરંતુ કોઇ કારણે પત્રવ્યવહાર કરવાની ઈચ્છા ન હોવાથી તમે જવાબ ન લખો તે પણ અજુગતું છે. તમારા તરફથી 'ના'નો એક પોસ્ટકાર્ડ તો નાખી જ દેવો જોઇએ કે જેથી સામેના મિત્રને આશામાં બેસી ન રહેવું પડે. હૉલૅન્ડની એક કુમારિકા કેટલાક વખત સુધી પત્રવ્યવહાર કર્યા પછી (જેના પત્રો 'કુમાર'માં પ્રગટ થઈ ગયા છે) એરમેઇલથી કાગળ લખી જણાવે છે: 'હું તમને હવે જે કહેવાની છું તે મારે માટે તો ઘણું જ દુઃખદાયક છે પણ અનિવાર્ય છે. અંતિમ પરીક્ષાને કારણે હું બહુ જ કાર્યરત છું તેથી બધા મિત્રોને પત્રવ્યવહાર બંધ કરવાનું પરાણે કહેવું પડે છે. મને આશા છે કે તમે મારી સ્થિતિ સમજી ગુસ્સે થશો નહિ. તમારા ભવિષ્ય માટે આ છેલ્લી શુભેચ્છાઓસહ તમારી—ઈલી.' આવી ભાવના અને નમ્રતા આપણે પણ કેળવવાં જોઇએ.

પત્રમિત્રતા દ્વારા આપણે બીજી કોઇ પણ તૃપ્તિ કરતાં જ્ઞાનપ્રાપ્તિનો જ ઉદ્દેશ રાખવો જોઇએ. કેટલાક મિત્રોને યુવતીઓ સાથે પત્રવ્યવહાર કરતાં સંકોચ થાય છે, જ્યારે કેટલાકને તોફાન કરવાનું સૂઝે છે. એવું ન થવું જોઇએ. સ્ત્રી અને પુરુષ બન્નેને ઈશ્વરે જ સર્જ્યાં છે અને તેમાં માનવતાની દૃષ્ટિએ કંઈ તફાવત ગણવો જોઇએ નહિ. આપણા ઘરમાં જેમ આપણી બહેનો હોય છે તેમ બહાર પણ અને

પરદેશમાં પણ હોય જ છે. એમાં કંઇ નવું નથી. આમ, પત્રવ્યવહાર કરતી વખતે આપણું કોઇ દૂષણ ન દર્શાવા દેવું જોઇએ. એવા કેટલાયે દાખલા બન્યા છે કે હિંદનો એકાદ યુવક અથવા યુવતી નાલાયક અથવા અપ્રામાણિક નીવડતાં પરદેશ વસતો માનવી આખા હિંદ દેશને જ એવો માની બેસે છે. માટે પત્ર લખતી વખતે પોતે આપણા દેશના પ્રતિનિધિ છીએ એમ જાણી-સંભાળીને જ લખવો જોઇએ. અને હિંદ વિષે વિપુલ માહિતી આપવી જોઇએ. આ પત્રની શરૂના પૅરેગ્રાફમાં ટાંકેલા આપણા વિષેના હાસ્યાસ્પદ ખ્યાલો દૂર કરી આપણો ગૌરવવંતો ઇતિહાસ, આપણા મહાન પુરુષો અને સાંસ્કૃતિક મહત્તાનો ઉલ્લેખ કરવો જોઇએ. અને તે માટે નિષ્ઠાપૂર્વક અનેક પુસ્તકો વાંચીને માહિતી તારવવી જોઇએ. આવી પત્રમિત્રતા સાધી હિંદની અને હિંદના લોકોની સત્ય માહિતી આપી પરદેશના લોકોનો પ્રેમ સંપાદન કરવો, ભ્રાતૃભાવ કેળવવો એ પણ દેશસેવા જ છે ને?

ગિરધારીલાલ શ્રૉફ

તમારી કસોટી કરો!

માણસમાણસની મતિમાં, બુદ્ધિમાં, અમુક વસ્તુને સમજવાની ને ગ્રહણ કરવાની શક્તિમાં, એકાએક ઉપસ્થિત થએલા સવાલને ઉકેલવાની ઝડપમાં, વગેરેમાં ઘણો ફરક હોય છે. એકને અમુક વસ્તુ સમજતાં કે કોઈ પ્રશ્ન ઉકેલતાં ઘણી વાર લાગે, જ્યારે બીજો એ વસ્તુ તરત સમજી જાય ને પ્રશ્નનો ઉકેલ તરત શોધી આપે.

તમે એકાએક ઉપસ્થિત થએલા કોઈ મામલામાં ગભરાઇ જાઓ છો? કે એવે સમયે મગજનું સમતોલપણું બરોબર જાળવી શકો છો? નાનાનાના પ્રશ્નો ઉકેલવામાં તમને હરવખતે મૂંઝવણ ઊભી થાય છે કે ઉકેલ તરત જડે છે? ચાલો, નીચેના વિવિધ, રમૂજભર્યા પ્રશ્નો વાંચો ને એના જવાબ આપો. એ પરથી તમારી પરીક્ષા થશે. ઓછામાં ઓછા સમયમાં તમે બધાના સાચા જવાબ આપવાનો પ્રયાસ કરો. ઉત્તરો આ અંકમાં પૃ. ૪૦૮ ઉપર આપ્યા છે.

જવાબ માટે કુલ સમય ૭ મિનિટ

(अ) (૧) હિમાલય દુનિયામાં મોટામાં મોટો પર્વત છે, એ ઉક્તિ તમને સાચી ન લાગે તો નીચેની ટપકાં વડે બતાવેલી ખાલી લીટીમાં એક કુંડાળું ન દોરો, પણ એક ચોકડી મૂકો.......

(૨) હવે આવતા અલ્પવિરામની પહેલાં કોઈ 'ગ' આવે, તો એના પર ચોકડી મૂકો; નહિ તો હવે પછી આવતા 'ગ' પર ચોકડી મૂકો.

(૩) બારાખડીમાં 'અ' એટલે ૧ ગણાય તો કનેજનો સરવાળો શો?

(૪) ૮૨થી ૭૬ સુધી અવળું ગણતાં આવડે છે? તો લખો.

(૫) ચોરસ જો કુંડાળાથી મોટાં હોય તો નીચે ખાલી લીટીમાં ચોરસ દોરો, ને કુંડાળાં જો મોટાં હોય તો તેમાં કુંડાળું દોરો......

(૬) 'જગતમાં લાંબામાં લાંબી નદી કઈ?' એનો જવાબ 'નાઈલ' ખોટો ન લાગે, તો નીચે 'યમુના' ન લખો, પણ ચોરસ દોરો......

(૭) એક ફૂલનું ચિત્ર દોરો. પણ બારાખડીમાં 'લ' તેરમો અક્ષર નથી એમ તમે ન માનતા હો, તો ફૂલ ન દોરતાં ચાર ચોકડી મૂકો.

(૮) 'તમારી ઉમર કેટલી?' એ પ્રશ્નનો નકારાત્મક ખોટો જવાબ આપો.

(૯) પોણી ઓગણપચાસમાંથી અડતાલીસ રહ્યા, તો કેટલાં ગયાં?

(ब) નીચેનામાં ખાલી જગ્યાઓ પૂરો. એ બધાંમાં કંઇ ને કંઇ ક્રમ રહેલો છે, એટલે એ મુજબ જ ખાલી જગ્યા પૂરવાની છે:

(૧) ૧, ૯, ૧૭, ૨૫, ૩૩, —,—

(૨) I, IIV, IV, V, VI, VII,—.

(૩) ૧, ૩, ૬, ૧૦, ૧૫, ૨૧, ૨૮, —,—.

(૪) ૧૩૨, ૨૪૩, ૩૫૪, ૪૬૫, ૫૭૬,—.

(૫) કઘગખ, ચઝજછ, ટઢડઠ,—.

(૬) બરસાત, નબળાઇ, કલબલ,—. (અહીં ચોથો શબ્દ નથી મૂકવાનો, પણ એ શબ્દનો છેલ્લો (એટલે ચોથો) અક્ષર શો હોવો જોઈએ એ તમારે કહેવાનું છે.)

(क) નીચે અમુક પ્રસંગ આપ્યા છે. એવા પ્રસંગમાં તમે આવી પડ્યા હો તો તમે શું કરો એ વિચાર કરીને કહો.

(૧) ઘોડેસવારી હું ઘણી વાર કરતો, પણ આ વખતે હું મારા એક મિત્રના અજાણ્યા ઘોડા પર બેઠો, ને એ નીકળ્યો તોફાની. કાબૂમાં ન રહ્યો, ને મેદાનમાંથી રસ્તા પર આવીને પુરપાટ દોડવા લાગ્યો. ઘણી મથામણ કરી પણ કેમે ય ઊભો ન રહે. સામે મેં એક મોટરને પૂર ઝડપે આવતી જોઈ. સામસામા અથડાઈ પડવાનો પૂરો સંભવ ઉપસ્થિત થયો. મારે શું કરવું? તમે હો તો શું કરો?

(૨) મારો નાનો ભાઇ રડતોરડતો આવ્યો. વીંટીના આકારનું લોઢાનું નાનું ચક્કર એણે આંગળીમાં ચડાવી દીધું હતું, તે હવે નીકળતું ન હતું. સાબુ લગાવીને કાઢવાની મહેનત કરી પણ નીકળ્યું નહિ. લુહાર પાસે લઈ ગયો; પણ કહે લોઢું ઘણું સખત છે, ને આંગળી સાથે એકદમ બંધબેસતું થઈ ગયું છે! કપાશે નહિ. આ દરમ્યાન બાબુની આંગળીમાં સોજો પણ ચડી ગયો હતો. એ વખતે એક ભાઈ ત્યાં આવી ચડ્યા ને એક સાદા પ્રયોગથી વીંટી કાઢી દીધી તો તે એમણે કેમ કાઢી હશે? તમે કંઇ નુસ્ખો જાણો છો?

(૩) મોટર લઇને બાજુના ગામડે હું કોઇને મળવા ગએલો. એના ઘર સામે, ઝાડ નીચે મોટર ઊભી રાખીને હું નીચે ઊતર્યો. એકાએક એક ડાઘિયો કૂતરો 'હાઉ...હાઉ...' કરતો મારી ઉપર ધસ્યો. પણ હું તરત આઘો ખસી ગયો. સુભાગ્યે કૂતરાને ઝાડ સાથે દોરીથી બાંધ્યો હતો, એટલે હું સલામતીથી ચાલ્યો ગયો.

પણ પાછો આવ્યો ત્યારે વળી મુશ્કેલી ઊભી થઈ! કૂતરો મને મોટરની નજીક જ આવવા ન દે! જરાક આગળ જાઉં કે ભસતો ભસતો મારી તરફ કૂદે. વળી એની દોરી યે લાંબી હતી, એટલે એ ઘણો મોટો ચકરાવો લઈ શકતો હતો. હવે મોટરમાં મારે કેમ બેસવું? તમે મારી જગ્યાએ હો તો શું કરો?

(૪) સાંજને વખતે અમે બેત્રણ મિત્રો હોડીમાં સહેલ કરવા ગયા. કાંઠાથી અરધોક માઇલ ગયા ત્યાં ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો, ને હોડી ઘસડાઇને નાના નિર્જન ટાપુ પર જઈ પડી. ટાપુમાં પહેલાં એક બાવો રહેતો હતો પણ એને મરી ગયે દોઢેક માસ થઈ ગયો હતો. અમે ટાપુ પર ઊતર્યા. અંધારું વધતું જતું હતું. અમે લાકડાં સળગાવી ને થોડે દૂર ચાલ્યા જતા એક વહાણને નિશાની મોકલવાનો વિચાર કર્યો. પણ લાકડાં વરસાદને લઇને ભીંજાઇ ગયાં હતાં, એટલે સળગે એમ નહોતાં. થોડે દૂર બાવાની ઝૂંપડી હતી. ત્યાં જઇને જોતાં કેરોસીનનું નાનું ફાનસ ને દીવાસળીની પેટી મળી આવ્યાં. અમે ખુશ થયા, પણ ખુશી ઝાઝી ટકી નહિ: જોયું કે દીવામાં કેરોસીન એટલું થોડું હતું કે વાટ કેરોસીન સુધી પહોંચતી જ ન હતી. અમારે શું કરવું? તમે હો તો કયો ઉપાય અજમાવો?

(અંગ્રેજી પરથી)

રમેશચંદ્ર હ. શેઠ

વિનોબાભાવે (અનુસંધાન પૃ૦ ૩૮૨થી ચાલુ) પ્રતિબિંબ જ હતું. તે માસિકના જોકે ચાર જ અંકો નીકળ્યા, પણ તેમાંના ઉચ્ચ, હૃદયંગમ, સચોટ વિચારોને કારણે તે ઘણા યાદગાર બની ગયા. માસિક બંધ થયા પછી થોડા કાળ બાદ એ જ નામનું સાપ્તાહિક તેમણે શરૂ કર્યું. જાહેરખબર વગરના આ અઠવાડિકમાં બધું જ લખાણ પોતે લખતા. તુકારામના ચૂંટેલા અભંગો આપી તે ઉપર તેઓ જે માર્મિક ભાષ્ય કરતા તેની નવી દૃષ્ટિ તથા મૌલિકતા અનેકોને મુગ્ધ કરતી. એ અઠવાડિકનું સમસ્ત લખાણ બુદ્ધિની પ્રખરતા ને સૂક્ષ્મતા, ભાવનાની તીવ્રતા ને ઉચ્ચતા, તથા સચોટ ઉપમાના અલંકારોથી સમૃદ્ધ અને તેજસ્વી શબ્દરચનાથી સભર રહેતું. એમાંના ચૂંટેલા લેખોનું પુસ્તક 'મધુકર' નામથી બહાર પડયું છે. જે વિનોબાજીના ઉત્કૃષ્ટ વિચારોના દોહન તથા અનોખી શૈલીના ઉત્તમ નમૂના તરીકે ખાસ અભ્યાસ કરવા જેવું છે. તેનો ગુજરાતી અનુવાદ પણ થયો છે.

મહાત્માજીના સમાગમમાં આવ્યા ત્યારથી છેક ૧૯૪૦ સુધી લગભગ પા સદીના લાંબા ગાળામાં ઇતિહાસે વિનોબાજીને પ્રસિદ્ધિના પ્રકાશમાં લાવવા અનેક ફાંફાં માર્યાં; પણ તે નિષ્ફળ ગયા. વિનોબાજીએ તેને એકે એવો અવસર જ ન આપ્યો કે માહત્માજીના ઇતર શિષ્યોની માફક તે પણ છાપાંઓને પાને ચમકી ઊઠે! વાસ્તવિકરીતે મહાત્માજી ગમે તેવી નાની સાધારણ વ્યક્તિને આંગળી અડાડે ને તે થોડા જ વખતમાં જગવિખ્યાત બની જતી, એવી સ્થિતિ હતી. પણ વિનોબાજીએ તો લેશ માત્ર એની કામના ન કરી, એટલું જ નહિ, પણ પ્રયત્નપૂર્વક તેનાથી દૂર રહ્યા. રાષ્ટ્રઘડતરના પાયાના નીરસ કાર્યમાં તથા મહાત્માજીના રચનાત્મક કાર્યનાઉપેક્ષિત ક્ષેત્રમાં તેમણે પોતાની જાતને એવી તો બાંધી રાખી હતી કે ઇતિહાસનો કોઈ ગુપ્તચર પણ ત્યાં પહોંચી શકે નહિ. ઇતિહાસે પોતાની સોનાની સાંકળમાં તેમને બાંધવા ઘણાયે પ્રયત્નો કર્યા, પણ તેને વિનોબાજીએ દાદ સુદ્ધાં દીધી નહિ. માત્ર ત્રણચાર વાર જ તેને વિનોબાજીનું નામ છાપાને પાને ચમકાવવાનો કંઈક યશ મળ્યો. એક ૧૯૨૩માં નાગપુર ઝંડા-સત્યાગ્રહ વખતે રાષ્ટ્રીય ઝંડાની શાનને માટે ત્યાં સત્યાગ્રહ શરૂ થયો. સરકારે સત્યાગ્રહ-સમિતિ ગિરફતાર કરતાં વિનોબાજી જાતે સત્યાગ્રહનું સંચાલન કરવા મેદાને પડયા. પણ સરકારે તેમને પણ પકડીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા. છાપાંઓને તેમનું નામ છાપવાનો પહેલો પ્રસંગ આ વખતે મળ્યો. ફરી જ્યારે મહાત્માજી સત્યાગ્રહ શરૂ કરતા ત્યારે વિનોબાનું નામ છાપામાં આવતું. એ રીતે ૧૯૩૦, ૧૯૩૨ની ચળવળ વખતે તથા ગુરુવાયુરની લડત વખતે વિનોબાજીને માત્ર નામ-પ્રસિદ્ધિ મળી હતી.

પણ ઇતિહાસને એથી સંતોષ કેમ થાય? ઇતિહાસની એ ઇચ્છા તૃપ્ત થઈ ૧૯૪૦માં સરકારની યુદ્ધનીતિનો વિરોધ કરવા મહાત્માજીએ વ્યક્તિગત સત્યાગ્રહની યોજના કરી. એ અભિનવ પ્રકારના સત્યાગ્રહના પહેલા સત્યાગ્રહી થવાનું માન કોને મળશે એ માટે અનેક અટકળો થતી હતી. જવાહરલાલ, વલ્લભભાઇ, રાજેન્દ્રબાબુ ઈત્યાદિ કૉંગ્રેસના મહારથીઓનાં નામ બોલાતાં હતાં. પણ એ સન્માન જ્યારે વિનોબાજીને મળ્યું ત્યારે જગત આશ્ચર્ય પામ્યું કે આ વિનોબા કોણ? એ વખતે લોકોએ મહાત્માજીના આ પટ્ટશિષ્યને પહેલવહેલા બરાબર ઓળખ્યા. મહાત્માજીની સર્વાંગીણ સાધનામાં વિનોબાજી જેટલા કોઈ જ રમમાણ થએલા ન હોવાથી તેમની પસંદગી થાય એ સ્વાભાવિક હતું. એ વખતે વિનોબાજીની વિશિષ્ટતા દર્શાવતો જે ટૂંકો પરિચય મહાદેવભાઇએ 'હરિજનબંધુ'માં આપ્યો હતો એ તેમની સાચી ઓળખાણ આપવા સમર્થ છે. તેમણે લખ્યું હતું. 'જેમને પ્રસિદ્ધિની પરવા નહોતી તેમને પૂ. ગાંધીજીએ અસાધારણ પ્રસિદ્ધિ અપાવી છે. આ પ્રસિદ્ધિ મળી તો ય તેનાથી જલકમલવત નિર્લિપ્ત રહેવાની શક્તિ જેટલી વિનોબામાં છે એટલી બીજા કોઇમાં નથી. એમનો પ્રભાવ આજ નહિ પણ વર્ષો બાદ લોકો ઓળખશે. એ નૈષ્ઠિક બ્રહ્મચારી છે, કદાચ એવા નૈષ્ઠિક બ્રહ્મચારી બીજા પણ હશે. એ પ્રખર વિદ્વાન છે; એવા પ્રખર વિદ્વાન પણ બીજા હશે. એ સાદગીને વર્યા છે; એમનાથી વધુ સાદગીથી રહેનારા ગાંધીજીના અનુયાયીઓમાં અનેક છે. એઓ રચનાત્મક કાર્યના મહાન પુરસ્કર્તા છે અને રાતદિવસ એમાં જ રત રહેનારા છે; એવા પણ કેટલાક ગાંધીમાર્ગાનુગામી છે. એમના જેવી તેજ બુદ્ધિમત્તા અને શક્તિ ધરાવનાર પણ ઘણા છે. પણ એમનામાં કેટલીક બીજી પણ વસ્તુઓ છે જે બીજા કોઇમાં નથી. એક નિશ્ચય કર્યો, એક તત્ત્વ ગ્રહણ કર્યું કે તરત એ ક્ષણથી એનો અમલ કરવો એ એમનો પ્રથમ પંક્તિનો ગુણ છે. એમનો બીજો ગુણ નિરંતર વિકાસશીલતા છે. ભાગ્યે જ કોઈ અમારામાં એવો હશે જે કહી શકે કે હું પ્રતિક્ષણ વિકાસ કરી રહ્યો છું. બાપુને બાદ કરતાં બીજી વ્યક્તિમાં જો મેં એ ગુણ જોયો હોય તો તે વિનોબાજીમાં...બાપુના કેટલાક મોટા અનુયાયીઓ એવા છે કે જેમનો જનતા ઉપર બહુ પ્રભાવ પડે છે. પણ બાપુના ભાગ્યે જ કોઈ અનુયાયીએ સત્ય-અહિંસાના ઉપાસક અને સાચા કાર્યરત સેવકો એટલા તૈયાર કર્યા હોય જેટલા વિનોબાજીએ કર્યા છે.'

આમ તેમની સુયોગ્યતાને કારણે તેમને વૈયક્તિક સત્યાગ્રહના પહેલા સત્યાગ્રહી થવાનું માન મળ્યું. પણ તેમની નમ્રતા કેટલી કે તેમણે પોતાના પિતાજીને લખ્યું 'આપની કૃપા અને આશિર્વાદનું આ પરિણામ છે.' સત્યાગ્રહી તરીકે તેમની ધરપકડ થઈ અને સજા મળી. આગળ જતાં સત્યાગ્રહ બંધ રહ્યો અને ક્રિપ્સ મિશન આવ્યું, સ્વરાજ્ય મળશે એમ લાગ્યું. પણ..એ કલ્પનાઓ નિષ્ફળ ગઇ અને '૪૨ની રાષ્ટ્રવ્યાપી ચળવળ આવી ઊભી. ૯મી ઑગસ્ટે નેતાઓ ગિરફતાર થયા અને જનતાએ સ્વયંસ્ફૂર્તિથી ચળવળના શ્રી ગણેશ કર્યા. આશ્રમવાસીઓએ વિનોબાજીને 'ચળવળનો કાર્યક્રમ શું' એમ પૂછતાં તેમણે તરત કહ્યું, 'તમે સ્વતંત્ર છો એમ જનતાને બધે કહેતા જાઓ. રામનામ પ્રમાણે આ મંત્ર બધે ફેલાવી રહો.' ત્યાર બાદ વિનોબાજીની ધરપકડ થઈ.

છૂટયા બાદ તેઓ બધી સંસ્થાઓ સાથેનો સબંધ છોડી દઇ મુક્ત થયા. તેમણે કહ્યું, 'સત્ય મોકળું હોવું જોઇએ; સંગઠનમાં તે સંકુચિત બને છે.' મહાત્માજીએ પૂછ્યું, 'પણ કામ તો કરશો ને? જવાબ મળ્યો, 'હા.' અને રોજ પવનાર આશ્રમથી થોડે દૂર આવેલા સૂરગાંવમાં ખભે પાવડા સાથે જઈ ભંગી કામ કરી આવવા લાગ્યા. કોઇકે પૂછ્યું, 'આ કાર્યક્રમ કેટલા દિવસનો છે?' ઉત્તર મળ્યો '૨૦ વર્ષનો!'

પણ એમના પર એથી ઘણી મોટી અને વ્યાપક કામોની જવાબદારી આવી પડવાની હતી. સ્વરાજ્ય આવ્યું અને દેશભરમાં કત્લેઆમ અને તોફાન થયાં. મહાત્માજીનું બલિદાન અપાયું, તે વખતે વિનોબાજી વર્ધાથી ૪ માઈલ દૂર પવનાર આશ્રમમાં રહેતા હતા. પણ મહાત્માજીના મૃત્યુ પછી તે બહાર આવ્યા અને એમનું અધૂરું કાર્ય પૂરું કરવાની, તેમનો સંદેશ જનતામાં પહોંચાડવાની, તેમનું તત્ત્વજ્ઞાન કાર્યાન્વિત કરવાની જવાબદારી હવે તેમની પર આવી. રામકૃષ્ણ પરમહંસના મૃત્યુ પછી જેમ સ્વામી વિવેકાનંદે તેમના કાર્યનો ભાર ઉપાડી લઈ તેમનો સંદેશ જનતામાં પહોંચા-

ડયો તેવી જ રીતે વિનોબાજીએ કામ શરૂ કર્યું નિર્વાસિતોને થાળે પાડવાનું, તેમને સાન્ત્વન આપવાનું, તેમની મુશ્કેલીઓ દૂર કરવાનું વિકટ કાર્ય તેમણે ઉપાડયું. હિંદુ-મુસ્લીમ ઐક્યનું કાર્ય પણ હતું. ૧૯૩૩માં તેમણે કહેલું કે 'એક વખત એવો આવશે કે મારે સતત પ્રવાસ કરવો પડશે.' અને એ વચન સત્ય થવાનો વખત આવી પહોંચ્યો. નિર્વાસિતોને રાહત આપવા અર્થે તથા શાંતિના દૂત તરીકે તે હિંદભરમાં ફરી વળ્યા. એ પુણ્યવાન પુરુષે, જ્ઞાન, ભક્તિ અને કર્મની એ પ્રત્યક્ષ મૂર્તિએ, પોતાના જીવન દ્વારા સર્વધર્મના ઐક્યનો સંદેશ આપનાર એ મહાત્માએ દિવસ કે રાત જોયા વિના દેશ માટે અખંડ સેવા, અથાક પરિશ્રમ શરૂ કરી દીધો. પરિણામે એમને કૅન્સરનો વ્યાધિ લાગુ પડયો હોવાનું જાણવા મળે છે, એટલે હમણાં થોડો કાળ એઓ આરામ લઇ રહ્યા છે.

દેશની સેવામાં પોતાનું સમસ્ત જીવન વહાવી દેનાર આ મહા-પુરુષમાં એવા તો અનેક ગુણો, અનેક શક્તિઓ પડેલાં છે કે એ એક એક શક્તિના વિકાસ પાછળ જો તેમણે પોતાની બધી શક્તિઓ એકાગ્ર કરી હોત તો એ પ્રત્યેક ક્ષેત્રમાં એ સર્વોચ્ચ સ્થાને બિરા-જતા હોત. સાહિત્યકાર તરીકેની તેમની શક્તિ એ પ્રકારની કહી શકાય. અત્યાર સુધી તેમણે કામને અર્થે જ જે કાંઇ લખ્યું છે તેમાં પણ તેમની સાહિત્યકલાનાં ઊંચા તત્ત્વો એટલાં તો સભર ભરેલાં છે કે સહૃદયી વાચક તે વાંચીને મુગ્ધ થયા વગર રહેતો નથી. બહુશ્રુતપણું, પ્રાસાદિકતા, પારદર્શકપણું, સચોટતા ઇત્યાદિ ગુણો તો છે જ; પણ તે સાથે ઉપમા-અલંકારોનું મૌલિકપણું તથા વાચકના મન પર ઠસી જાય તેવી પ્રસન્ન શૈલી એ એમની વિશિષ્ટતા કહી શકાય. જોકે મોટા ભાગનું લખાણ તેમણે આધ્યાત્મિક વિષયો પર લખેલું છે, પણ તેમાં યે તેમની નાવીન્યપૂર્ણ દૃષ્ટિ અને જૂના વિચારોને નવી દૃષ્ટિથી જોવાની મૌલિકતા અનન્ય છે.

વિનોબાજીને કોઇ વિષય અંતઃકરણપૂર્વક ગમતો હોય, બીજા કોઈ વિષય કરતાં સૌથી વધારે પ્રેમ હોય તો તે ગીતા માટે. માતૃ-પ્રેમ જેટલો જ—બલ્કે તેથી પણ વિશેષ તેમનો ગીતાપ્રેમ વિશુદ્ધ અને બળવાન છે. ગીતા એટલે વિનોબાજીનો પ્રાણ. એક વખત એમણે કહેલું, 'માના દૂધ ઉપર હું જેટલો ઊછર્યો છું તેથી અધિક ગીતાના દૂધ ઉપર ઊછર્યો છું. હું હમેશ ગીતા-સમુદ્રમાં જ ડૂબતો હોઉં છું. કદીક ઉપર તરતો હોઉં છું, રમતો હોઉં છું; તો કદીક ઊંડે ડૂબકી મારતો હોઉં છું. ગીતા ઉપર બોલવા માટે મારે કદી પણ તૈયારી કરવી પડતી નથી. હૃદયમાં એ ભરેલી જ હોય છે.' આમ, ગીતા એમના રોમેરોમમાં સમરસ થઇ ગઇ છે. ગીતા ઉપર પ્રવચન આપતી વખતે તેની સાથે તેઓ એવા તો તન્મય થઇ જાય છે કે ઘણી વાર એમની આંખોમાંથી અશ્રુઓનો પ્રવાહ વહેવા લાગે છે. ૧૯૩૨માં તેઓ ધૂળે જેલમાં હતા ત્યારે દર રવિવારે એક અધ્યાય પર એક, એમ ૧૮ પ્રવચનો આપ્યાં હતાં. એ પ્રવચનો સાંભળનારા કહે છે કે એ એક અપૂર્વ મેજબાની હતી. વિનોબા-જીના કંઠમાંથી જાણે અમૃતધારા વહેતી હતી. એ પ્રવચનો 'ગીતા હૃદય' નામથી ગુજરાતીમાં પણ પુસ્તકાકારે પ્રકટ થયાં છે.

ગીતાના પ્રચારમાં વિનોબાજીનું સૌથી મોટું અને ચિરંજીવ કાર્ય એટલે 'ગીતાઇ'ની રચના. સંસ્કૃત ગીતાની માફક સહેલી લોકગમ્ય મરાઠી ભાષામાં સમશ્લોકી એ ભાષાંતર ગીતાના તત્ત્વ-જ્ઞાનને તેમણે કેટલું પચાવ્યું છે તેનું દ્યોતક હોવા ઉપરાંત તેમની પ્રતિભાનો એ એક સર્વોત્તમ આવિષ્કાર છે. 'ગીતાઈ'ની રચનાને માટે નિમિત્ત તો તેમનાં માતુશ્રી જ બનેલાં. માતા ઉપર એમને ખૂબ જ પ્રેમ. નાનપણમાં હીંચકી ઉપર બાને હળાવવા પણ લાગતા! એક વાર એમનાં બાએ તેમને કહ્યું, 'વિન્યા, તું ગીતા ગીતા કહે છે, પણ મને એ સંસ્કૃત શ્લોકો નથી સમજાતા. મરાઠી ગીતા નથી? હોય તો લાવી આપને એકાદ?' વિનોબાજીએ એ વખતે વામન પંડિતે રચેલી સમશ્લોકી ગીતા લાવી આપી. પણ એની ક્લિષ્ટ-સંસ્કૃત-શબ્દ-પ્રધાન રચનાને લીધે તે પણ સમજવી માતા માટે અઘરી થઈ પડી. ત્યારથી વિનોબાજીના મનમાં ગીતાનું તદ્દન સહેલું, સરળ, સહજગમ્ય ભાષાંતર (મૂળનું ગાંભીર્ય ન જવા દેતાં) કરવાનો વિચાર આવ્યો. ૧૨ વર્ષ એ વિચાર મનમાં ઘોળાયા કર્યો. અનુવાદ કરવો શરૂ કર્યો ત્યારે આંખ આગળ ગામડાંની અભણ ભોળી જનતા હતી; અને છેક સ્ત્રી બાળકો સુધી સૌ સમજી શકે એવો તે કરવાની તેમની તીવ્ર ઇચ્છા હતી. આથી રોજ પોતે જે કંઈ લખતા તે આ-શ્રમની છોકરીઓ પાસે વંચાવતા. એમને જો બરાબર સમજાય તો જ તે પાસ કરતા. એવી એ 'ગીતાઈ' પ્રસિદ્ધ થયા બાદ તેની લાખ ઉપર નકલો ખપી ગપી ગઈ !

મહાત્માજીએ વિનોબાજી માટે કહ્યું હતું કે 'સ્વભાવે તેઓ અધ્યયનશીલ છે.' વિનોબાજીનો આ એક મહત્ત્વનો ગુણ છે. નવું નવું જાણવાની, નવીન જ્ઞાન પ્રાપ્ત કરવાની તેમની તમન્ના અ-દમ્ય છે. જેલમાં હોય કે બહાર, પણ જ્ઞાનાર્જનની એ હોંશ એટ-લી જ તીવ્ર રહે છે. પાછળના વર્ષોમાં આંખોની તકલીફને કારણે તેમનાથી બહુ વંચાતું નહિ ત્યારે પણ તેમણે સાને ગુરુજીને કહેલું કે, 'તમે જે વાંચતા હો એનો ભાવાર્થ, એના વિચારો મને જણા-વતા રહેજો. એટલે નવા વિચારો સાથે હું પરિચિત રહીશ.' નાગ-પુરની જેલમાં હતા ત્યારે તેઓ તેમને નવાંનવાં પુસ્તકો વાંચવા કહેતા અને પોતે સાંભળતા. વિનોબાજીને હિંદની લગભગ બધી જ ભાષાઓ આવડે છે. ઉપરાંત ફ્રેન્ચ, લૅટિન, જર્મન, ઉર્દૂ અને અરબી પણ આવડે છે. તેમણે અરબી ભાષાનો અભ્યાસ કુરાનના અધ્યયન માટે કરેલો. કુરાનના કેટલાક ફકરાઓ તેમને મોઢે છે. એક વાર મૌલાના અબુલ કલામ આઝાદ બેઠા હતા એ વખતે મહાત્માજીએ વિનોબાજીને કુરાન બોલવા કહ્યું. વિનોબાજી મોઢેથી જ એ બોલવા લાગ્યા એ સાંભળીને મૌલાના પણ અવાક થઈ ગયા ! એમાં એક પણ ઉચ્ચારમાં ભૂલ નહોતી !

વિનોબાનો પરિચય આપતાં ગાંધીજીએ તેમનો એક બીજો પણ અસાધારણ ગુણ જનતા આગળ મૂક્યો હતો. એ એટલે વખતની કિંમત જાણવાનો. ગાંધીજી જેટલા જ—બલ્કે એથી પણ કંઈક વિશેષ તેઓ વખતસર, નિયમિતપણે સર્વ કામો કરે છે. સાબરમતી આશ્રમમાં જ્યારે તેઓ હતા ત્યારે સંસ્કૃતના અધ્યયન માટે તે ૧ વર્ષની રજા લઇને વાઈ ગયા હતા. ૧ વર્ષ ત્યાં રહી બરાબર જે દિવસે સાબરમતી આશ્રમમાંથી નીકળ્યા હતા તે જ દિવસે આશ્ર-મમાં ચૂપચાપ આવી હાજર થઇ ગયા. ગાંધીજી પણ એ દિવસ ભૂલી ગએલા. પણ વિનોબાજી કેમ ભૂલે? એવો જ એક બીજો પ્રસંગ નોંધવા જેવો છે. દિલ્હીમાં ગાંધીજીએ હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે ૨૧ દિવસના ઉપવાસ શરૂ કર્યા હતા. તે શાંતિથી પાર પડ્યા બાદ દેશમાં એકતાની ભાવના ફેલાય તે માટે દિલ્હીમાં સર્વ ધર્મ-પરિષદ ભરાઇ. બધા ધર્મના પ્રતિનિધિઓ ત્યાં આવેલા. પરિષદનો વખત સવારના ૯ વાગ્યાનો હતો. પણ બરાબર ૯ વાગ્યે ત્યાં ફક્ત બે જ હાજર હતા: એક વિનોબાજી અને બીજા ડૉ. એની બેસંટ ! વિનોબા-જીએ એક વાર કહેલું કે, 'ઘડિયાળની શોધ પશ્ચિમના લોકોએ કરી છે, અને એઓ જ વખતની કિંમત વધુ જાણે છે.'

વિનોબાજીનું સમસ્ત જીવન શિસ્તબદ્ધ છે. શિસ્ત–નિયમિતતા એમના જીવનમાં એવી તો વણાઈ ગઇ છે કે તેને જુદી પાડવી જ અશક્ય છે. એક વાર તેઓ જેલમાં હતા ત્યારે સુપરિન્ટેન્ડેન્ટે બધા કેદીઓને વિશિષ્ટ રીતે હાથ આગળ ધરવાનો હુકમ કર્યો. બધાએ તે પ્રમાણે કર્યા બાદ સુપરિન્ટેન્ડેન્ટ ચાલ્યો ગયો, તોપણ વિનોબાજી તો એ પ્રમાણે જ હાથ આગળ રાખી ઊભા રહ્યા. 'હાથ નીચે લો એવો હુકમ ક્યાં છે?' એમ તેમણે જણાવ્યું! શિસ્તની સાથે નમ્રતાની પણ તેઓ મૂર્તિ છે. એક વાર બોલતાંબોલતાં તેમણે કહ્યું, 'આજકાલ રામાયણની ભાષામાં બોલવાની રૂઢિ શરૂ થઇ છે. અંગ્રેજ સરકાર એટલે રાવણ. મહાત્માજી એટલે રામ. વલ્લભભાઈ એટલે હનુમાન. જવાહરલાલ એટલે અંગદ, એમ વક્તાઓ કહે છે. હું વિચાર કરવા લાગ્યો કે આ રામાયણમાં હું કોણ? વિચાર કરતાં-કરતાં મને અહલ્યાની શીલા દેખાય છે. હું એ શીલા થાઉં તો ય બસ; કૃતાર્થ થઇશ, એમ મનમાં આવે છે.'

મહાત્માજીની માફક દરિદ્રનારાયણ માટે વિનોબાજીનું હૃદય અહોનિશ વલોવાતું રહે છે. દેશની અર્ધ ભૂખી, અર્ધનગ્ન પ્રજાને બે ટંક ખાવાનું અને શરીર ઢાંકવા કપડાં કેમ મળે એને માટે શરૂથી તેઓ પ્રયત્ન કરી રહ્યા છે. એ ચિંતામાં અને સેવામાં બીજું બધું તેમને ગૌણ લાગે છે. એક વાર એક કલાપ્રેમી એક સુંદર ચિત્ર લઇ આવી વિનોબાજીને બતાવવા લાગ્યા. વિનોબાજીએ તેમાં વિશેષ રસ બતાવ્યો નહિ, એટલે પેલા ભાઇ કહેવા લાગ્યા, 'તમને કલાની પરખ લાગતી નથી. વિનોબાજી શાંતિથી બોલ્યા, 'મારી સાથે ચાલો. હું તમને મારી કલોપાસના બતાવું.' બંને નીકળ્યા. વિનોબાજીનાં પગલાં હરિજનવસતિ તરફ વળતાં પેલા ભાઈ ચડભડી ઊઠ્યા, 'આ બાજુ ગંદકીમાં ક્યાં જાઓ છો?' 'મારું કલામંદિર આ બાજુ જ છે!' વિનોબાજીએ શાંતિથી જવાબ આપ્યો. હરિજન-વસતિમાં હરિજનોનાં નિર્બળ, માંદલાં બાળકો હતાં. તેમને બતાવી વિનોબાજી બોલ્યા, 'તેં ૫૦ રૂપિયામાં પેલું ચિત્ર વેચાતું લીધું એના બદલે એ ૫૦ રૂપિયા આ બાળકોને દૂધ આપવા પાછળ ખરચ કર્યા હોત તો એમના ફિક્કા ચહેરા ઉપર થોડો ગુલાબી રંગ આવ્યો હોત દેવનાં બનાવેલાં આ ચિત્રો નકામાં જાય છે અને નિર્જીવ ચિત્રો તમે તમારી સાથે લઇ ફરો છો. છું ને હું રસિક? આ મારી કલોપાસના. આ ગરીબોનાં મોં પર નવી તાઝગી લાવવી એ મારી કલા.'

ગીતામાં એક વચન છે કે 'संशयात्मा विनश्यति.' પણ વિનોબાજીના જીવનમાં સંશયનો ક્યાં યે લવલેશ નથી. નાનપણથી માંડીને છેક અત્યાર સુધી તેમના જીવનમાં ચોક્કસપણું, નિર્ધાર અને નિશ્ચય ડગલે ને પગલે દેખાઈ આવે છે. ઘર છોડતાં પહેલાં જીવનનું એક લક્ષ્ય તેમણે બનાવી રાખ્યું હતું. એટલે એ પહેલાં તેમને અભ્યાસનાં તથા ઇતર જે સર્ટિફિકેટો મળ્યાં હતાં તે તેમણે 'અગ્નયે સ્વાહા' કરી દીધાં હતાં. માતાએ તેમને એ કામ કરતાં રોક્યા ત્યારે ગંભીર સ્વરે એ બોલ્યા, 'મારે જ્યારે આ જીવનમાં આ સર્ટિફિકેટનો ઉપયોગ જ કરવો નથી તો પછી આવો કચરો ઘરમાં વધારીને શો ફાયદો?' એ વખતે પોતાના ભાવિ જીવનની યાત્રા વિષે તેમના મનમાં ક્યાંય સંશય ન હતો. ભાવિ જીવનક્રમ માટેની સ્પષ્ટ વિચારસરણી અને ધ્યેય તેમના મનમાં નિશ્ચિત હતું. એવા જ એક અત્યંત મહત્ત્વના પ્રસંગે તેમણે પ્રશ્નનો નિકાલ કરવામાં એ જ નિશ્ચયીપણું અને નિર્ધાર બતાવ્યાં હતાં. '૪૨ની ચળવળ શરૂ કરતાં પહેલાં જો સરકાર એ ચળવળની પહેલાં જ પોતાને ગીરફતાર કરી લે તો મરણાન્ત ઉપવાસ દ્વારા પોતાનું આત્મબલિદાન કરવાનો મહાત્માજીએ દૃઢ નિર્ધાર જાહેર કર્યો. અહિંસાનો પૂજારી પ્રબલ હિંસાનો સામનો પોતાનું બલિદાન આપી ન કરે તો અહિંસાનો પ્રભાવ ન જ રહે એમ મહાત્માજી માનતા હતા. આશ્રમમાં જ્યારે આ ભીષણ નિર્ધારની બધાને ખબર પડી ત્યારે બધે સન્નાટો છાઇ ગયો. મહાદેવભાઇ ગભરાઇ ગયા. કિશોરલાલ મશરૂવાલા ધીરજથી તર્ક ચલાવવા લાગ્યા. પણ બધાને વિનોબાજી પર ભરોસો હતો. વિનોબાજી આવ્યા. મહાત્માજીએ પોતાનું મંતવ્ય જણાવી વિનોબાજીનો તે પર અભિપ્રાય માગ્યો, વિનોબાજીએ તરત કહ્યું, 'તમારો વિચાર બરાબર છે. આવી સ્થિતિમાં અહિંસાના પૂજારીનું બલિદાન એના કર્તવ્યની કક્ષામાં જ આવે છે. પણ અંતિમ નિર્ણય એ વ્યક્તિ જાતે જ કરી શકે છે.' ગાંધીજીએ તેમને બેચાર દિવસ વિચાર કર્યા બાદ જવાબ આપવાનું કહ્યું. પણ વિનોબાજીએ અચકાયા વગર કહ્યું, 'મારે હવે વધુ વિચાર કરવાનું જ શું રહ્યું છે?' અને તેઓ આવ્યા હતા એ જ શાંત મુદ્રાથી પવનાર પાછા ચાલ્યા ગયા.

ઉપરથી શાંત ને નમ્ર દેખાતા વિનોબાજી દરેક વિષયમાં ઘણા ક્રાંતિકારી વિચારો ધરાવે છે. એક વાર મધ્યપ્રાંતમાં અતિવૃષ્ટિને લીધે કપાસનો પાક નિષ્ફળ ગયો હતો. લોકોનાં દુઃખો તેઓ જોતા હતા. તે વખતે એક પરિષદમાં તેમણે કહ્યું, 'કૉંગ્રેસના મંત્રીઓ લોકોનાં આ દુઃખો દૂર ન કરી શકતા હોય તો તેમણે રાજીનામાં આપી દેવાં જોઈએ.' આર્થિક પ્રશ્ન પર બોલતાં તેમણે કહેલું કે 'મિલમાલિકોએ દેશદ્રોહ કર્યો છે. મિલો રાષ્ટ્રની માલિકીની કરવી જોઈએ' અનાજનો આજનો વિકટ પ્રશ્ન કેમ ઉકેલવો એ પર બોલતાં તેઓ બોલેલા, 'હું જો પ્રધાન હોત તો પાંચમી અંગ્રેજી સુધીના બધા જ વર્ગો બંધ કર્યા હોત અને શાળાઓ મહાશાળાઓના વિદ્યાર્થીઓને અન્ન ઉત્પાદન માટે લઇ ગયો હોત!'

શીલ ને ચારિત્ર્ય, ત્યાગ ને તપસ્યાના તો તેઓ મૂર્તિમાન અવતાર છે. એક વખત વર્ધાની એક કૉલેજના પ્રોફેસરે તેમનો પરિચય આપતાં કહ્યું હતું કે 'જો શીલની ડૉક્ટરેટની પદવી આપવાનો પ્રસંગ ભારતવર્ષમાં આવશે તો સૌ પહેલી પદવી વિનોબાજીને મળશે.' એવા, પ્રાચીન ઋષિ જેવું પાવિત્ર્ય ને ઓજ ધરાવતા વિનોબાજીનો બાહ્ય દેખાવ પણ ઋષિમુનિ જેવો જ છે. પ્રગાઢ વિદ્વત્તાનો સૂચક વિશાલ ભાલપ્રદેશ, નિશ્ચય અને અન્યાયનો સામનો કરવાની દૃઢ મનોવૃત્તિ બતાવતું સીધું અણિયાળું નાક, પાવિત્ર્ય અને પ્રેમ ઝરતી નિર્મળ આંખો, સૌમ્ય મુખમુદ્રા, ઉઘાડું શરીર–વસ્ત્રમાં કેવળ ટૂંકું પંચિયું–એવા સાડા પાંચેક ફૂટ ઊંચાઈના વિનોબાજીને જોતાં જ દરેક ભારતીયનું મસ્તક શ્રદ્ધાથી તેમની આગળ નમી પડે છે.

ભારતના આ અર્વાચીન સંતશિરોમણિના અનેક ગુણવૈશિષ્ઠ્ય પૈકી એકાદનું પણ અનુકરણ આપણાથી થાય તો ઘણું. તેમની પ્રખર બુદ્ધિમત્તા અને મૂળગામી પ્રજ્ઞા, એમનું વિશાળ વાચન અને ઊંડો અભ્યાસ, એમનું અખંડ સેવાવ્રત અને કડક વૈરાગ્ય, એમની અદ્વિતીય સાધુતા ને અનુકરણીય શુચિતા, એમની ભેદાતીત વૃત્તિ ને સ્થિતપ્રજ્ઞપણું, અપૂર્વ સ્મરણશક્તિ ને અવ્યભિચારિણી ધ્યેયનિષ્ઠા, એમની દુર્દમ્ય ઇચ્છાશકિત અને સતત ઇશ્વરપરાયણતા, એમની આજીવન તપશ્ચર્યા અને અભિજાત નમ્રતા, એમનું નિયમિતપણું ને નિર્ભયતા–આવા અનેક ગુણ-રત્નોની ખાણ સમા વિનોબાજી ભારતનું ભૂષણ છે, ભારતીય સંસ્કૃતિના અગ્રદૂત છે અને દેશનું મોંઘેરું ધન છે.

એવા એ મહર્ષિને ઈશ્વર આરોગ્ય અને દીર્ઘાયુષ્ય આપો.

બાંધગઠરિયાં (અનુસંધાન પૃષ્ઠ ૩૯૬થી ચાલુ) કેટલું મોડું કરવું છે? અમારે તો ઘરબાર છે.' એમ મેણાંટોણાં થઈ રહેતાં દરોક વાગે મોટા અગ્રેસર પટેલિયાઓ આવી પહોંચતા. બધા માતાની સામે બેસતા. પહેલાં ત્યાં ગોરાણી ઘીનો દીવો કરતી, પોતાનું દાપું લઈ લેતી, અને કયા કારણસર પંચ એકઠું કરવામાં આવ્યું છે, તે કારણ ચોપડે લખેલું હોય તે વાંચી સંભળાવતી. પછી આડુંઅવળું કામ-કાજ શરૂ થતું, પણ કોઇ મૂળ વાત પર આવે જ નહિ. કલાકેક એમ નીકળી જતો, પણ મુદ્દો નીકળતો ત્યારે હાહાકાર થઈ રહેતો. આખો મહોલ્લો ગાજી ઊઠતો. પંચમાં ગાળાગાળી કરવાની રજા નહિ. અને કોઇ કરે તેને આનો દંડ એવો નિયમ. છતાં અસલી જમાના ખાધેલ, ખડતલ, કંઈક કુવાનાં પાણી પીધેલ, મોઢા પરની એકેક ઝીણી ઝીણી કરચલીમાં 'જમનાદાસનો કરેલો દંડ, છબિલદાસે દસ વરસ પર તોડેલા વિવાહ, બાલમુકુન્દને વીસ વરસ પર ફલાણા ગુના માટે મૂકેલા ન્યાતબહાર, વિઠ્ઠલદાસે ન્યાતભરમાં કરેલી થાળીની લહાણી, ને એમ કરતાં ત્યજેલું શિવકોરનું ઘર,' એવીએવી ચાળીસ પચાસ વરસની હજાર વિગતો નોંધી ચૂકેલા ડોસા-ડગરા, દંડ ભરવો પડે તો કબૂલ પણ કંઇ ગાળ બોલ્યા વિના રહે ખરા? મહાલક્ષ્મી માતા ન્યાતની કુળદેવી: વાત સાચી; સામે મૂર્તિ તે પણ લેખાસર; પણ ન્યાત એટલે ન્યાત, અને સાલી ગાળ એટલે ગાળ! અમુકને તે વખતે જવા દીધો, તે ત્યારે તમારો સગો લાગતો હતો? કોઇએ છોકરીનું માગું પાછું ઠેલ્યું હશે, કોઇએ જમાઇને ઓછું આપ્યું હશે, કોઇએ દીકરીનું અઘરણી પિયેર નહિ કરાવ્યું હોય, કોઇએ સાળીને તરછોડી હશે, એવી એવી હજાર વાતોની પેટમાં ચૂંક, તે બધી તે દિવસે અમળાઈ અમળાઇને બહાર પડે. ધાંટાધાંટ પરથી કદીક મારા-મારી પર પણ મામલો આવી જતો. ત્યારે વળી ગોરાણી અમથી ચાંપલી થઇને જરા ભાષણ કરતી, એટલે ઘડી શાંત; પણ લાકડીઓ અફળાય તો ખરી. એમાં કોઈ બીજી ન્યાતની કન્યા પરણી લાવ્યો તો તો મૂઓ જ પડ્યો! 'સાબિત કરો.'

'એ ફલાણી ન્યાતની જ છે એવી અમને શી ખબર?'

'અમે કંઇ સાલા જોવા ગયા છ?'

'લાઇવો તારે ન્યાતને પૂછવા આઈવો'તો!'

'તે શું એના મગજમાં ખીલા ઘાલેલા છે, એમ?'

'અરે ભલભલા ચમરબંધ અટવાઈ ગયા. ન્યાત એટલે પંચ; અને પંચ એટલે પરમેસર.'

વચ્ચે માતા તો આવે જ નહિ. સીધા પરમેશ્વર પર જ પહોંચે! કોઈ વાર મામલો વિફરી જતો તો તડાં પણ પડતાં. ધારી કે બરફી અમુકના નામથી વહેંચાય. તે રાખે તે એ તડનું, અને નહી તો સામા તડવાળા. પછી ન્યાતવહેવાર બંધ! ઓચ્છવ જમે ખરા મારા બેટા, પણ જુદા જુદા જમે; અને બંને ઓચ્છવ બે જુદેજુદે દિવસે હોય તો બંનેમાં હાથ મારી આવે એવા પણ દાગીના ખરા!

બે તડાં પડે, પછી વળી એને સાંધવાની જુગતીઓ યોજાય. પટેલિયાઓનું જીવનકાર્ય જ એ. પંચમાં પણ એમનો એક્કો. એ બોલે ત્યારે એને સાંભળવા યે પડે. એવા ત્રણ ચાર પટેલ પર ન્યાતનું ગાલ્લું હીંડે. ઘાંટા પાડવામાં હોશિયાર. દલીલ બલીલમાં ભગાના ભાઈ જેટલું જાણે. કંઇ જ ન ચાલે ત્યારે ગાળાગાળી પણ કરે. એક વાર તો પંચે ગાળ બોલે તે માટે દંડ રાખેલો. ત્યારે અ-મારા ઘોળિયાભાઈ તો આવીને પહેલેથી જ દંડ આપી દે, અને પછી લાખ લાખ રૂપિયાની સંભળાવે! માતાની સામે જ બેસે, અને ધડાધડ ચોપડાવે! બાકી તો ઠોકચે રાખે. ધાકધમકીથી ચ-લાવે. કોઇએ વિવાહ ઓછંડયા હોય તો તેના બાર વગાડી દે. એક દાખલો મને યાદ છે: એમાં વિવાહ કર્યા પછી છોકરાને ક્ષય થયો અને રોગ વધતો જ ચાલ્યો. એણે છોકરીને સાસરે મોકલવી બંધ કરી, અને વિવાહ ઓછંડી નાખ્યા. બસ. છોકરાવાળા કસાઇઓએ છોકરીની દયા ન ખાધી, નિઃસ્વાર્થી રીતે વિચાર પણ ન કર્યો, અને પંચ આગળ ધીંગાણું કર્યું તે જુદું. એ બે પાંચ પટેલિયાઓની ચુંગાલમાં જો કોઈ સપડાયો તો બરબાદ થયે જ છુટકો.

'હિન્દ અને બ્રિટાનિયા' નામનું પુસ્તક સરકારે જપ્ત કરેલું એવું અમે સાંભળ્યું હતું. એવી એક નકલ મામાજીના કબાટમાં હતી તે અમે વાંચી ગયા હતા. એના લેખક ઈચ્છારામ સૂર્યરામ દેસાઇ, 'ગુજ-રાતી'ના તંત્રી, પ્રચંડકાય, વિશિષ્ટ વ્યકિતત્વવાળા, ગૌરવર્ણા તેજ-સ્વી મોવાળા, ઘણીવાર પંચ મળવાનું હોય ત્યારે મુંબઈથી સૂરત આવે ને મામાજીને ત્યાં મળવા આવે. એમના દીકરા સાથે મામાજીની ત્રીજી દીકરીનો વિવાહ થયો હતો, એટલે વેવાઇ પણ થાય. 'ચન્દ્ર-કાન્ત'ના ત્રણે ભાગ અમે વાર્તા પૂરતા વારંવાર ઉથલાવતા. 'ગુજરાતી' દર સોમવારે અમારે ત્યાં આવતું. આ જ એ ભવ્ય લેખક. આ જ એ કવિ નર્મદાશંકર સામે ઝૂઝનારો મહારથી? સર ફિરોઝશાહ મહેતાને પડખે રહી બ્રિટિશ સલ્તનતની સામે લખાણો કરનારો આ કલગ-બાજ? બહાર ઓટલા આગળ આવીને એ ઊભા રહેતા કે અમે અં-જાઈ જ જતા. એ કદાવર બાંધો, એ અતિ તેજસ્વી મુખમુદ્રા, એ વિશિષ્ટ પ્રકારનો અવાજ, બરાબર નજર સામે સજીવ છે. સાજના-માં કે પંચમાં ગમે તે મ્હોકાણ મંડાતી હોય, તો એને અંગે ઇચ્છારામ દેસાઈ સુરત આવતા, ને વાડી ફળિયામાં આવેલા પોતાના ઘરમાં ઊતરતા, ત્યારે એમને મળવાનો પ્રસંગ પ્રાપ્ત થતો એ જ સદ્-ભાગ્યની વાત છે.

ન્યાતના એકેએક ઘરની મને ખબર. પંચ પોતાનાં વાસણો રાખે, પણ એક બીજી જ સમિતિ ભણતા વિદ્યાર્થીઓને ચોપડીઓ ધીરવાનું કામ કરતી. એ બુક-લોન કમિટી કહેવાતી. એની મીટિંગો મામાજીને ત્યાં મળતી; યા મહોલ્લાને નાકે રહેતા ડૉ. મગનલાલ મહેતાને ત્યાં મળતી. એનો સર્ક્યુલર બધાને ત્યાં પહોંચાડવાનું શ્રમજનક કામ કદીક આપણે માથે પણ આવતું, તો બે દિવસમાં શહેરમાં ફરવું પડતું. કોઇ વાર કેટલાક સભ્યોની સહીઓ કરાવ-વાની પણ હોય. શ્રૉફ, મપારા, નાણાવટી, ઘીવાળા, ભગત, ચુડા-વાળા, ઝવેરી, ગરબડ, મહેતા, દેસાઇ, ચેવલી, તારમાસ્તર, હાં-સોટી, કોમોડોર બધાને ઘેર આંટો મારવો પડતો.

સાજનું યા પંચ તડા પાડવાની યા પડેલાં સાંધવાની તેમજ જમણવારો ગોઠવવાની પેરવી કરતું, તો બુક-લોન સમિતિ દરસાલ ઈનામનો મેળાવડો યોજી ઉત્સવ કરતી. એમાં નાનાનાના પ્રવેશો યા નાટકો રજૂ થતાં. ભણનારાઓ એમાં હોંશેહોંશે ભાગ લેતા. એમાં ભાગ લેવા માટે મામાજી મને આગ્રહ કરે, પણ આપણે શરમાળ એમાં પડતા જ નહિ. છોકરીઓ સાથે સરખામણી થતી, બાપાબાઇ કહેતા, અને એમ બેત્રણ વરસે એક શ્લોક—ચાર લીટી-નો—બોલવા માટે નક્કી કરાવવામાં આવ્યું. ચાર જ લીટી. ગોખી તો ખરી, અને મેળાવડાને દિવસે નામ પણ પ્રમુખ સાહેબ બોલ્યા. પણ બનીઠનીને ગએલા બન્દા છેલ્લી ઘડીએ એવા ફસકયા, ને હિંમત હારી ગયા, કે ઊભા યે ન થયા! બસ પછી રાતે જો થઇ છે તે! મામાજીએ, ઉપરાંત ત્રણે માશીએ, એક પછી એક, કેટલીક વાર સૌએ સાથે, તો કોઈએ પછી વળી રફતે રફતે, ગાળે-વચગાળે, માથાની ટાલ ઉખેડી નાખી છે.

'મેર મુઆ, નામ બોળ્યું ! તારા કરતાં તો નવનીત સારો.' એ મારો જન્મનો દુશ્મન તો સરખામણીમાં હોય જ !

'આમ દોડવામાં તો વાઘ, પણ કેવો બકરી ઘેંસ જેવો બેસી રહ્યો. અલ્યા ઊભા તો થવું'તું.'

'બાપાબાઈ ! કોઈ કન્યા નહિ દે, અને રહી જશો.'

તે દિવસ પછી આઠ દસ દિવસ એ પુરાણ ચાલ્યું. જરા કંઇ બહાર દોડતા ગયા, ચા કુતાવળે દાદર ઊતર્યા ચઢ્યા કે 'આ જોર તે દા'ડે કાં ભાગી ગયું'તું? ઓઢણી-ચણીઓ પહેરો, ડોબગજી. પેલી સાત વરસની છોકરી હોશિયાર.'

આંખમાંથી ડબક ડબક આંસુ પડે, ત્યાં તો ફુપરાછાપરી આવે: 'હવે રડો. બાયલો રડે નહિ તે બીજું કરે પણ શું ?' અને ભીંતને પણ કાન હોય છે. ચાર દિવસમાં તો આખા મહોલ્લાએ જાણ્યું કે ભાણાભાઇ પસરી ગયા. મહોલ્લો એટલે સોની મહાજન.

'તે, છોટાભાઈ શેઠ ! આપણે તાં મોકલોની. હાથે બે બંગડી એવી પહેરાવી દઉં કે મિસ્તર સોભી નીકલે.' સામેવાળા ઘેલાભાઇને છોકરાં નહોતાં થતાં, અને ચોથી વારની વહુ લાવ્યા હતા, તે વળી આવીને લ્હેકાવે, 'છોટાભાઇ ! એમ નહિ. આપણે આવતે મંગળવારે ઘેર માતા બોલાઈવાછ. પૂજા પછી આવવા દો. એની પાસે ઘાઘરી ચોળી પહેરાવી ગરબો ગવડાવીએ. તારે જરા હિંમત આવશે.'


ઠીક ભાઈ, એ પણ સહી ! દિવસો વીત્યા અને વાત વિસારે પડી, પણ પાછું વરસ બદલાતાં તે વરસનો મેળાવડો આવી રહ્યો. મામાજીએ એક અંગ્રેજી કવિતા શોધી રાખી હતી: 'ડ્રાઈવ ધ નેઈલ એરાઇટ બોય્ઝ, હિટ ઈટ ઓન ધ હેડ.' તે ચૂપચાપ ગોખાવવા મંડ્યા. પછી પોતાની આગળ રોજ બોલાવડાવતા. પછી મોતીમામા એમના દીકરા આગળ બોલાવડાવતા. અને મેળાવડો પાસે આવતાં તો માશીઓની જીભ ખીલવા માંડી. પણ તરત મામાજી કહેતા: 'બાબુ ! આમ આવ. પેલા ચાર સ્ટૅન્ઝા બોલી નાખ. બધા હમણાં ચૂપ થઇ જશે.' ને હું મામાજીના બતાવ્યા પ્રમાણે ભાર દઇ ભભકાથી બોલી જતો.

'તે, ઘરમાં તો એક્કો છે જ તો; પણ બહાર બેં!'

'તમે જરા શાંત રહો તો. આ વખત જુઓ એ કેવો બોલે છે તે.' કહી મામાજીએ ત્યારે જાહેર કર્યું કે એ તો મેળાવડાની તૈયારી છે.

ન્યાતના મેળાવડાઓમાં પ્રમુખ હમેશાં બહારના લાવતા: આત્મારામ દિવાનજી, સાર્વજનિક હાઇસ્કૂલના ખાનસાહેબ, મંજુલાલ દવે, ચન્દ્રશંકર પંડ્યા; સર રમણભાઇ નીલકંઠ પણ આવી ગયા હતા. આ વખતે મેળાવડામાં પાંચ સાત બાબતો હતી; પણ આપણે જે બુલંદ અવાજે કવિતા બોલી નાખી તેથી, અને મામાજીએ કહેલું તે પ્રમાણે હાથપગ ચલાવવા,—એટલેકે 'કિક' બોલ આવે ત્યારે લાત, અને 'હિટ' આવે ત્યારે હાથ, અને આખરે તો 'તમે સકસીડ થશો' એ મોરલ આવે ત્યારે ગંભીર થઇને બોલી પાછા ચાલી જવાનું તે પ્રમાણે કરતાં—મુખપાઠ પૂરો થતાં તો તાળીઓના ગગડાટમાં સેવક પોતાની બેઠકે બેઠા, અને પહેલું ઈનામ લઇ આવ્યા. રાત્રે માશીઓ ચૂપ ! ઇનામમાં ડિકન્સની એક ચોપડી. જમ્યા પછી મેળાવડાની વાતો થઇ ત્યારે મામી કહે: 'આવડત તો બળી બધી જ છે, પણ આમ દેખાડે ત્યારે કની ?'

પછી તો રાજા ખીલ્યા. દર સાલ પહેલું ઈનામ આપણું ! અને આપણે ભભકામાં વળી પાછું આપી દઈએ, એટલે આપણા મહાન ત્યાગની વાહવાહ બોલાય તે જુદી. 'મર્ચેન્ટ ઑાવ વેનીસ'માં શાઇલૉક પણ કરી નાખ્યો હતો. ગ્રૅજ્યુએટના કાળા ઝબ્બા, હાથમાં સોનીનાં ત્રાજવાં, એકાદ છરી. અને બને તેટલા મોટે અવાજે નાટક ઝુકાવતા ને બધાને તેમજ પ્રમુખને દંગ કરી નાખતા. રીહર્સલ બધા મામાજીની આગળ થતા. પોતે ચોપડી લઇ બેસતા, કેમ બોલવું તે બતાવતા.



છેલ્લે કમિટિના સભ્યો આગળ બધાના પાઠ થતા. ત્યાં કમિટિના સભ્ય, અને ન્યાતના પટેલોમાંના એક, ધીરજલાલ કોમોડોર ભૂલ કાઢી જુદી રીતે કરવા કહેતા. પણ મામાજી અગાઉથી સૂચના આપી મૂકતા: 'કોમોડોર બતાવે ત્યારે તે પ્રમાણે કરવું, પણ મેળાવડામાં આપણે કરીએ છીએ તેમજ કરવું.' એટલે બહુ તડજોડ થતી નહિ.

છાતી ખુલી અને જીભ ચાલી, પછી તો પૂછવું જ શું ? કંઈક પાઠો અમારી મેળે બનાવીને પણ ભજવતા. એક વાર ચન્દ્રશંકર પંડ્યા પ્રમુખ, અને સુરતમાં ખાયણાં પ્રસિદ્ધ, તે એની સામે બેસી

'આવો પંડ્યાજી, બેસો સામી ખુરશી
કન્યા માગો રીતે, કે...બ્હેન આપીએ.'

એમ એક પછી એક ખાયણાં ચમકાવેલાં. બધા જ ન્યાતના મેળાવડાઓમાં આપણો ડંકો વાગતો. બે ત્રણ કલાક વહેલા જઇ, તૈયારી કરી, નાટક ભજવી, ઘેર આવી, ઓસરતા જતા ઉત્સાહને પકડી રાખવાની એ મોજ, સારો પાઠ કર્યા પછી ઓળખીતાઓની આગળ વારંવાર, નહિ તો બહાનું શોધીને પણ, જઇ એમની પાસે શાબાશી મેળવવાની એ અહંકિશિયારી, એ લ્હાવો,—એવાં ભૂતકાળનાં વ્હાલાં સંસ્મરણો, ઘણાંઓને હશે જ તેમ મને પણ વ્હાલાં જ છે.

બુરાનપુરી ભાગોળમાં હીરા ભજિયાવાળાની દુકાન. હીરો ભજિયાવાળો એટલે ન્યાત, વરા, ઓચ્છવ, જમણવાર ને મહાજનમાં રતાળુની પૂરી ઉતારવામાં પહેલો. એમાંથી એણે પૈસો પણ સારો પેદા કર્યો, માળો પણ બાંધ્યો, અને પાછળથી મુંબાઇમાં દુકાન પણ કીધી. પણ સાહેબ ! ભજિયું તો એનું જ. હા, દુકાને લેવા જાઓ તો ચૌટાબજારમાં શિવશંકરનાં ભજિયાં સારા, એમ કોઈ કહે. એ વાત બાજુએ મૂકીએ, તોપણ ન્યાતવરામાં તો હીરો જ નગીરો.

ન્યાતવરાને નાકે, ચોગાનમાં, કે ટેકરો હોય તો ત્યાં, યા રસ્તા પર ખૂણામાં ખાડો ખોદી, એમાં લાકડાં નાખી ચૂલો સળગાવી, એ તાપણા પર ખાસ્સો મોટો પેણો ચડાવી. બાજુ પર હાથમાં મોટો તવેથો લઈ, પાસે પડેલી ખીરાની તપેલીમાંથી એકેકું રતાળુનું પતીકું પટાપટ કડકડતા તેલમાં છમ્ છમ્ મૂકતા હીરાને જોવો એ પણ એક લ્હાવો હતો. બાજુ પર બેઠેલો એનો સાગરીત પડખે પડેલા રતાળુની ગાંઠના ઢગલામાંથી એકેક ગાંઠ ઉઠાવે, એને છોલે, અને એના પૂરી જેવડાં ગોળ ચકરડાં કાપ્યે જાય. સુરત બાજુનાં ગામડાંમાંથી ખોદી, પરતાગિયાની ભોંયરાની વખારમાં સંઘરેલો માખણિયો કંદ, એના પતીકાં, એના પર હીરાના હાથનું ખીરું, ને શાલિગ્રામ જેવા

ફરતા હીરાને હાથે મોટા પેણામાં એમનું તળાવું. અરધાં તળાય કે હીરો એને બાજુ પર કાઢી લે અને બીજા નાખે. એ અરધાં તળાય કે એને કાઢી લઈ, પહેલાંના પાછાં નાખે અને એની ઉપર ઘાણા ભભરાવે. આમ, તળાઈ રહે લાંબો ઝારો પેણામાં નાખી બહાર પડેલી મોટી કથરોટમાં હીરો નાખવા જાય છે, ત્યાં તો પાંચદસ છેલબટાઉ છોકરાઓ બાંય ચઢાવી હાથમાં પતરાળીઓ લઇ ભજિયાં લૂટવા ઊભા જ છે! કથરોટમાં ભજિયાં પડે કે પતરાળી ઉપર પડી જ છે. અને પછી સૌસૌની લૂટ લઈ ભજિયાં ખાવા કોઈને ઓટલે બેસી જાય. ન્યાતનો જમણવાર શરૂ થવાનો હોય છ વાગ્યે, પણ ભજિયાંની લૂટ ચાલે ચાર સાડાચાર વાગ્યાથી. શરૂઆતના ઘાણ તો હીરાભાઇએ લગનના ઘર માટે કાઢી આપ્યા હોય, એ 'ઢાંક્યાં' મોકલવાનાં હોય એમાં ખપમાં લેવાય. પણ ચાર સાડાચાર પછી તો ચટણીચટાકામાં જ ઊડી જાય. છોકરાઓ લૂટે તે પણ કોઈના દોરવેલા. ન્યાતમાં પોતાનાં સગાંવહાલાં આવ્યાં હોય તેમને માટે પણ લૂટનાં ભજિયાં લઈ જાય. કોઈ સારી છોકરી પંગતમાં બેઠી હોય, અને હજી પીરસણ નીકળવાને વાર હોય ત્યારે જો એ કહે 'અંતુભાઈ, એક પડિયો ભજિયાં લાવી આપોને!' તો અંતુભાઈની મજાલ છે કે ના પાડે? જાય દોડયા તમણ પર, લે હાથે પતરાવળાં, અને ખાસ્સો હિસ્સો લઇને બીચારી છોકરીની વહારે દોડે. અને પછી છોકરી એકલી કંઇ ઓછી જ ખાય છે? આસપાસનાં એકેક બબ્બે ઊનાં ભજિયાં ખાય, અને અંતુભાઇને પણ આગ્રહ કરી ચખાડે.

જુવાનિયા ત્યાં પણ ઠસ્સો કરતા. પટિયાં પાડી વાળ ઓળતા, સફાઈથી અબોટિયાં પહેરતા, અને રેશમી ખમીસની ફૅશન ચલાવતા. બાંય પર રબરનાં ગાર્ટર પહેરતા. જરૂર પડે તો બાંય ઊંચી રાખવા ઇટાનીઆનો રૂમાલ રાખતા. એમાં વળી સેંઠ છાંટતા. પીરસવાનું કામ પણ રૉફથી કરતા. સારીસારી છોકરીઓ પર નજર રાખતા. 'જળ તમારે'; 'પૂરી તમારે'; 'વેંગણ';-હાથમાં જે હોય તેની બૂમો પાડતા. ઓળખીતાઓ આગળ કાવલાચાંપલા થઈ જરા આગ્રહ કરતા.

લગનની ન્યાત હોય તો સ્ત્રીઓની પંગતમાં વરરાજા હાર પહેરી પાનનાં બીડાં પીરસવા નીકળતા. વહુ પુરુષોની પંગતમાં એ જ પ્રમાણે નીકળતી. સ્ત્રીઓની પહેલી પંગતમાં વહુ જમવા બેઠી હોય, અને ત્યાં, વરરાજા ચટકદાર અબોટિયું ને ચકચકતા રેશમી ખમીસ સાથે, થાળ લઈ ડોલતાડોલતા, એકેકને બીડું આપતા વહુની આગળ આવી રહેતા તે 'સીન' જોવા બધા ઇંતેજાર રહેતા. અમારા જેવા તો ત્યાં જ ખડા થઇ જતા. વહુજી શરમાઇને પાન લેતાં, અને વરરાજા જરા મલકીને આગળ વધતા. પછી તો પાક્કા સુધારકોનો ક્યાં ટોટો હોય છે? એક જ પંગતે વર અને વહુ બંને સાથે પણ નીકળતાં, અને તે જાણે ભારેનો સુધારો ગણાતો. અને પછી વળી નવા ટેસીબોર તો નીકળતા જ નહિ. એ શું? એમાં નાનમ પણ જોતા. કઢંગો રિવાજ ગણી હસી નાખી પોતાને સુધારક કહેવડાતા. સુધારો પણ બીચારો એવી રીતે જ જીવતો રહેતો. મને યાદ છે કે ન્યાતમાં પહેલાં રેશમી ખમીસ પહેરવાનાં દાખલ થયાં ત્યારે મારામારી થએલી, અને પહેરનારને ન્યાત બહાર મૂકવા જેટલી હદે વાત પહોંચી હતી!

ત્યારે સામસામી દલીલોનો પાર નહોતો. હાથમાં રૂમાલ રખાય તે સુતરાઉ હોઈ શકે, ને રેશમી ખમીસ નહિ? અબોટિયા ઉપરની બનારસી કોર રેશમી દોરે સીવેલી તે ચાલે. ઘોળિયાભાઇ તો પંચમાં ઘાંટો પાડી કહેતા: 'સાળાઓ! બૈરાં સાડી નીચે સુતરાઉ ચણિયા પહેરે છ તેનો તમને વાંધો નથી?' પણ સુતરાઉ રેશમીની ક્યાં વાત છે? અમારે એ નવો બંગ જ નહી જોઈએ, ચલ જા! શિયાળો હોય અને ઊનનું ગજીફરાક પહેર્યું તો યે આફત! પણ કૂવાના દેડકા આવી આવી તકરારોમાં જ રસ લે એ કુદરતી છે.

યાદ નથી. આ જ શહેરમાં, આ જ વિભાગમાં, નાગર ફળિયામાં નર્મદે હાકલ પાડી હતી ને? ભિક્ષુક ગણાતા ઘરનાં કાંચળી પહેરીને જમવા ન આવી શકે! અને એ રિવાજ પર નર્મદ ઊછળ્યો હતો. 'એમ હોય તો રાયજીના ઘરનાં જમવા નહિ આવે.'

'તો નહિ આવે!' કાંકરીઓ પડી, પથ્થરો ઉછાળ્યા, નર્મદે શરૂઆત કરી, અને કઢંગા રિવાજને કઢાવ્યા. પણ બધે જ કઈ નર્મદ થોડા પાકે છે? પણ ઠેકઠેકાણે નાના નર્મદો તો ખરાને? અને શી દેશની કમનસીબી! નર્મદ જેવા વીર પુરુષને કેવી નાનકડી વાત પર ધમસાણ મચાવવું પડ્યું? પણ એ તો એમ જ હોય. વાત નાનેથી જ વધે.

ઘેરઘેર માટીના ચૂલા. દરેક ન્યાતમાં આવા કજિયાના ઈતિહાસ નીકળવાના. વાતમાં કંઇ સાર નહિ, છતાં વતેસર કરી મૂકે નાહકની શક્તિનો વ્યય કરે, કંઈકની જિંદગી પણ બરબાદ કરે. મમત, હોંસાતુસી, દેખાદેખી, અદેખાઈ વગેરેની નાની ચિનગારીએ ભલભલાના સંસારમાં આગ લગાડી છે, કેટલાકનાં જીવતર બાળી મૂક્યાં છે. પણ એ તો શું થાય? પરાધીન હિન્દની પ્રજામાંથી સત્ત્વ જ ચાલ્યું ગયું, એટલે મગતરા માનવીઓ બીચારાં બીજું કરે પણ શું?

ન્યાતની એ કુળમાતાની પ્રતિષ્ઠા હતી. ગોરાણીએ કંઇ તાગડો કરી, બેપાંચ પટેલિયાઓને સમજાવી, મૂર્તિની પ્રતિષ્ઠા કરવા નિરધાર્યું હતું. ઑલ ઇન્ડિયા વીમેન્સ કૉન્ફરન્સ ત્યારે નહિ, ને સ્ત્રીઓના એવા બહાર પડતા સુધારક સેવાભાવી સમાજો પણ નહિ; છતાં ન્યાતમાં ગોરાણીનું ચલણ ભારે. ન્યાત જમવા બેઠી હોય અને ભલભલા ચમરબંધ બિરાજ્યા હોય, પણ ગોરાણીના હુકમ વિના કોઈ મોંમાં કોળિયો મૂકી શકે નહિ. એ ડોશીનું નામ મને યાદ નથી, પણ એનો ઠસ્સો ભારે હતો. જુવાની જોઈ હતી, અને વળતાં પાણી આકર્ષક નિશાનીઓ મૂકી ગયાં હતાં. વિધવા છતાં રેશમી પટોળું પહેરી ન્યાત વચ્ચે ગોરાણી ચાલે, તે પણ જાણે પટરાણી! બેની ખબર પૂછે, ચારની ખબર લઇ પણ નાખે! અને દક્ષિણા લઈ ઘેર જાય. કેટલાંક ઘર સાથે સંબંધ સારો, ને કેટલીક વ્યક્તિ સાથે મીઠો સંબંધ પણ ખરો. એ ગાદીસાજી હોય ત્યારે એના છોકરાની વહુ વિવાહ લગનમાં જતી આવતી. એટલેકે એની ગાદી પછી એના છોકરાની વહુનું રાજ; પુરુષનું તો નહિ જ.

અને એ માટે નવી મૂર્તિનો વરઘોડો કાઢવાનું પણ સાજનાએ ઠરાવ્યું. એ વરઘોડામાં માતાની મૂર્તિ પાલખીમાં નીકળે તેની આગળ સાંબેલા રાખવાનું પણ સ્વાભાવિકરીતે નક્કી થયું. એમાં છેલ્લો સાંબેલો કોનો રહે? છેલ્લો એટલેકે મૂર્તિ પાસે જે રહે એનું જ વધારે માન! એટલે એ માટે આરતીનું ઘી બોલાવાયું. આરતી માટે જે વધારે ઘી ચઢાવે એનો નંબર છેલ્લો. દશ શેરથી મણ પર વાત પહોંચી, અને મણથી સવામણ પણ ચઢનારા ચઢ્યા. મને તો કશી જ ખબર નહિ, પણ રાતે મામાજી ઘેર આવ્યા ત્યારે એમણે વાત કરી કે ઘી વધતાં પોતે સૌથી વધારે હોડ બકી આવ્યા, એટલે બાબુનો નંબર છેલ્લો, માતા પાસે! ત્યારે અમને બધાંને ખબર પડી કે આપણો સાંબેલે ચઢવાનું છે. માશીઓ ખુશ થઇ. ગઈ. અને ત્રણ દિવસમાં તૈયારી કરવાની, તે રાતોરાત દરજી બેસાડી રજવાડી ડ્રેસ તૈયાર કરાવડાવ્યો, ચિઠ્ઠી આપી રાંદેર બગી માટે માણસ દોડાવરાવ્યો. નાનુમિયાંનું નાનખટાઈ બૅન્ડ ત્રીશ રૂપિયે ઠરાવ્યું. છેલાને નગારા માટે ગોઠવ્યો. મોતીમામા, નંદી માશી તેમજ ચંદી માશીમાં ફેંટા માટે મતભેદ પડ્યો, પણ આખરે બફ રંગ નક્કી થયો!

સયાજીરાવ જેવો અંગરેખો, ભૂરી સુરવાલ અને કેડે મખમલનો પટો. એના પર મામાજીના ભાઇબંધ ઝવેરીઓએ મોતી ભરી આપ્યા. ફેંટામાં મોતીની સેર બંધાઇ.ગળા માટે સીતવાળાને ત્યાંથી બે ત્રણ કંઠા આવ્યા તે પહેરાવ્યા, માશીઓએ વારણાં લીધાં, નજર ન લાગે કહી જરા આટ ટીલી કરી અને હાથમાં રૂમાલ પકડાવ્યો. પોતાનાં ભારે અમ્બર(સાળુ)માશીએ કાઢી આપ્યાં તે બગી પર પથરાયાં,ને સુંદર ઘોડાની જોડવાળી બગીમાં મને બેસાડવામાં આવ્યો.

તે વખતે આખું ઘર ભરાઇ ગયું હતું. મને શણગારવા ફેંટો બાંધનાર, ઝવેરી, સોની મહાજન, સગાંવહાલાં બધા ખડે પગે હાજર થઈ ગયા હતા. અને મેં જોઇ રૂપિયો રૂપિયો હાથમાં મૂકચો તે જુદો. બગીમાં કેમ બેસવું તેની વિગતવાર સમજ આપવામાં આવી હતી: ‘ટટાર તો ખરા;પણ ઓળખીતા મળે તો તેને સલામ કરવી:એમ ડોયા જેવા–પૂતળા જેવા બેસી નહિ રહેવાનું’એ વારંવાર સમજાવવામાં આવ્યું. અને આખરે જે મહોલ્લામાંથી એક્કામાં બેસાડી સોની મહાજન વચ્ચેથી મામાજી લઈ ગયા હતા, ત્યાંથી ઘોડાગાડીમાં જ,વાજાં સાથે વરઘોડામાં જવા અમારી બગી ઊપડી. એટલે ખીચોખીચ ઉભરાઈને સોની મહાજને વાહવાહ બોલાવી. મારી સલામો નમીનમીને ઝીલી, રહી ગએલાઓએ નીચે ઊતરીને રૂપિયા આપ્યા અને પછી મારો સાંબેલો માતાના વરઘોડામાં ફર્યો.

આ ન્યાતના મેળાવડાઓમાંનાં નાટકચેટક, અને જમણવારમાંની સટરપટર, એ બધાંને પરિણામે કન્યાના બાપે વર પર તરાપ મારી! પરીક્ષામાં છેલ્લે નંબરે પાસ, પણ વહુ મેળવવામાં તો અમે સારે નંબરે પાસ થઇ ગયા! એટલેકે વહેલો નંબર નોંધાઈ ગયો ! હજી તો છઠ્ઠું ધોરણ પણ પાસ નહોતું કર્યું, અને ઉમર હશે સોળ-સત્તરની, ત્યારે ધીરજલાલ કોમોડોરે પોતાના જમાઈને લાયક મને ઠેરવી દીધો ! ન્યાતને ચોપડે વિવાહ નોંધાયા. ત્યાર પછી બેત્રણ દિવસે એના પેંડા વહેંચાયા.પણ ત્યાં સુધી મને વહુ મળ્યાની ખબર નહોતી. નવનીતને ત્યાં ગપ્પાં મારતા બેઠા હતા ત્યાં એની માએ આવી પેંડો ખવડાવ્યો અને ઉપરથી કહ્યું કે ‘અમને કહ્યું પણ નહિને કે તારા વિવાહ થયા!’ ત્યારે જ મને મારા વિવાહની ખબર પડી! કોણ જાણે, એ ખબર પડતાં જ પહેલી ઘડીએ તો મારી આંખમાંથી ડળક ડળક આંસુ સરી પડ્યાં. એ ખુશાલીનાં આંસુ નહોતાં, એ હું ચોક્કસ જાણું છું.

આટલી ઉતાવળે ને આટલી ચુપકીથી મારા વિવાહનું વરસી કેમ વળ્યું હશે, એના ખરા કારણની મને આજ સુધી ખબર નથી. (ચાલુ)

ગણિત-ગમ્મત

પાંચ અંકી સંખ્યાની ખૂબી

(૧) ગમે તે દ્વિઅંકી સંખ્યા એકવાર લખો. દા. ત. ૧૭. ફરી એની એ સંખ્યા આમ ૦૧૭ એને પડખે લખો. એટલે ૧૭૦૧૭ થયા. આ સંખ્યા ૭ થી, ૧૧ થી કે ૧૩ થી નિ:શેષ ભાગી શકાય.

(૨) ગમે તે દ્વિઅંકી સંખ્યા લખો. દા. ત. ૨૨. તેને ૩ થી ગુણો: ૨૨×૩=૬૬. આ ૬૬ ને હવે ૨૨ ને પડખે આમ ૦૬૬ લખો. એટલે ૨૨૦૬૬ થયા. આ સંખ્યા ૧૭થી અથવા ૫૯થી નિ:શેષ ભાગી શકાય.

(૩) ગમે તે દ્વિઅંકી સંખ્યા લખો. દા. ત. ૨૩. હવે તેને ૭થી ગુણો: ૨૩×૭=૧૬૧. ૨૩ ને પડખે તેને મૂકતાં ૨૩૧૬૧ થાય. આ સંખ્યા ૧૯ થી અથવા ૫૩ થી નિ:શેષ ભાગી શકાય.

(૪) (अ) ગમે તે એક જ અંક ધારો. દા. ત. ૭. હવે તેને ૫ થી ગુણો: ૭×૫=૩૫.૭ને પડખે તેને મૂકીને પાંચ અંકી સંખ્યા કરવી હોય તો તેને આમ ૦૦૩૫ લખાય. એટલે થાય ૭૦૦૩૫. આ પાંચઅંકી સંખ્યા ૨૩ અથવા ૨૯ થી નિશે:ષ ભાગી શકાય. (ब) આ રહસ્ય માટે જો દ્વિઅંકી સંખ્યા લેવાનો જ આગ્રહ રાખવો હોય તો તેવી સંખ્યા બેકી ધારવી. દા. ત. ૨૬ ધારી. હવે ૨૬×૫=૧૩૦. ૧૩૦ માં ત્રણ અંક છે, પરંતુ એમાં એકમ સ્થાન પર ૦ છે તે નિયમ પ્રમાણે નીકળી જાય. એટલે બાકીના ૧૩ ને ૨૬ ને પડખે મૂકીને પાંચઅંકી સંખ્યા કરવા માટે તેની પૂર્વે માત્ર ૦ મૂકાય. જેથી ૨૬૦૧૩ આવ્યા. આ સંખ્યા પણ ૨૩ થી અથવા ૨૯ થી નિ:શેષ ભાગી શકાય.

આમાં જો દ્વિઅંકી સંખ્યા એકી લેવી હોય તો પાંચ અંકીને બદલે ૬ અંકી સંખ્યા કરવી જોઇએ. દા. ત. ૧૫; ૧૫×૫=૭૫. હવે ૭ અંકી સંખ્યા કરવા માટે ૧૫ અને તેની વચ્ચે ૦૦ મૂકાય, એટલે ૧૫૦૦૭૫ થાય. આ સંખ્યા પણ ૨૩ થી અથવા ૨૯ થી નિ:શેષ ભાગી શકાય.

આ વિષય પાંચ અંકી સંખ્યાનો હોવાથી દ્વિઅંકી ધારવાની સંખ્યાને બેકી લેવાની સૂચના હતી. જો શરૂમાં દ્વિઅંકીને બદલે એક જ અંક લેવો હોય તો તે અંક એકી જ લેવાય; બેકી ન લેવાય. કેમકે બેકી લેતાં તેને પાંચ વડે ગુણવાથી છેવટે શૂન્ય આવે. દા. ત. ૮×૫=૪૦ થાય. તે આમ ૦૦૪૦ લખાય, એટલે છેલ્લું મીંડું નીકળી જતાં ૮૦૦૪ એમ ચાર અંક આવે. આ સંખ્યા પણ ૨૩ અથવા ૨૯ થી નિ:શેષ ભાગી તો શકાશે જ, પરંતુ તે ચાર અંકી સંખ્યા થશે.

મૂળજી જેઠુ જોશી

અથાણું

કોઈ એક માણસ એક સ્ત્રીને પરણ્યો ત્યારે સ્ત્રીએ સરકારી દફતરમાં પોતાની ઉમર ૩૯ વર્ષ લખાવેલી. પાછળથી સ્ત્રીના ચહેરાની કરચલીઓ જોઇ એ માણસને તેની ઉમર વિષે વહેમ પડચો.

‘તેં મને ત્યારે કેટલી ઉમર કહેલી ?’ એણે એક દિવસ પૂછ્યું.

‘માત્ર પિસ્તાળીસ વર્ષ.’ સ્ત્રીએ જવાબ આપ્યો.

‘સરકારી દફતરમાં તો તેં ઓગણચાળીસ વર્ષ લખાવેલાં ને ? સાચું કહી દે, મને પિસ્તાળીસનો આંકડો પણ સાચો નથી લાગતો.’

‘વારુ મારે હવે તમને બહુ છેતરવા નથી; ચોપન વર્ષ !’

પેલા માણસને હજુ પણ શંકા રહી. કંઈક યુક્તિ લડાવવાનો વિચાર કરીને તે થોડી વાર મૌન રહ્યો અને પછી બોલ્યો : ‘ઠીક છે, હું હવે ઉંદરો ખાઇન જાય એટલા માટે પેલી મીઠાની બરણી ઢાંકી આવું.’

આ સાંભળતાં જ સ્ત્રી ખડખડાટ હસી પડી અને બોલી, ‘ઉંદરો મીઠું ખાઇ જાય એ તો મારી સડસઠ વર્ષની જિંદગીમાં પહેલું તમારે જ મોંએ સાંભળ્યું.’ (ચીની હાસ્ય ટુચકો)

ન્યાયાધીશ—તું કહે છે કે, આ માણસે તારે ત્યાં ચોરી કરી છે. તો તું તેની પાસેની ચીજોમાંથી કોઈ ચીજ ઓળખાવી શકે ખરો ?

ફરિયાદી—હા, સાહેબ. તેની પાસેનો રૂમાલ મારો છે.

ન્યાયાધીશ—એ કંઇ પુરાવો ન કહેવાય. એની પાસે છે એવો એક રૂમાલ મારી પાસે પણ છે.


ફરિયાદી—ખરી વાત સાહેબ, મારા એવા બે રૂમાલ ચોરાએલા !

શેઠાણી : ‘મેદાનમાંથી બધું ઘાસ ખોદી કાઢીને, બાજુની ટેકરીમાંથી માટી ખોદી મેદાન પર પાથર. એ પર રોલ ફેરવ. કાંકરાવાળા રસ્તા પરથી બધાં નકામાં છોડ નીંદી કાઢ. બાગમાંથી નકામાં ઘાસ-છોડ કાઢી નાખીને છોડઝાડને પાણી પા. મેદાન આખું સાફ કર. આખા બંગલામાંથી ઝાડુ કાઢ અને ફર્નિચર—’

નવો આવેલો નોકર: ‘માફ કરજો શેઠાણી, પણ મને કહેશો કે આ એક દિવસનું કામ છે કે કોઈ પંચવર્ષીય યોજના છે ?’

રાયણ

લેખક • પ્રો. જયંતીલાલ ઓઝા



દેખાવે મનોહર અને ખાવામાં મીઠાં, એવાં પીળાં રાયણાંથી કોણ અપરિચિત હશે? રાય કે રંક સૌને એ પ્રિય મેવા આપનાર વનસ્પતિને 'રાણ' કે 'રાયણી' પણ કહે છે. સંસ્કૃતમાં 'રાજાદનિ', 'ક્ષીરિણી', 'દૃઢસ્કંધ' ને 'ક્ષીરવૃક્ષ'; હિંદીમાં 'ખીરી', 'ખીરણી' તથા 'રાજન'; ને મરાઠીમાં 'રાયન', 'રાજન' તથા 'ખીરણી' નામથી તે ઓળખાય છે. તેનું શાસ્ત્રીય નામ 'મીમુસોપ્સ હેકસાન્ડ્રા (Mimusops hexandra Roxb). આ વૃક્ષ હિંદ અને સિલોનનું વતની છે. બિહાર, ઓરિસ્સા, મધ્ય અને દક્ષિણ હિંદ, કોંકણ, કર્ણાટક, દખ્ખણ ખાનદેશ અને ગુજરાતમાં ખૂબ જોવા મળે છે.

રાયણનું ઝાડ મોટું, સદાય લીલું અને ૫૦ થી ૬૦ ફીટ ઊંચું ઊગે છે. તેની ચોતરફ ફેલાતી શાખાઓ કઠણ અને ગાંઠાવાળી હોય છે. તેની છાલ કાળાશપડતી રાખોડી ને ખરબચડી હોય છે. પાન શાખાઓ પર એકાંતરે આવેલાં, સાદાં, ઘેરાં લીલાં, બન્ને બાજુએ લીસાં, ઉપરની બાજુએ ચળકાટવાળાં અને નીચેની બાજુએ ફિક્કાં. ૨ થી ૪½ ઇંચ લાંબાં અને ૧ થી ૨½ ઇંચ પહોળાં, લંબગોળ અગર વ્યસ્ત અંડાકાર, ટોચે પહોળાં અને ગોળાકાર અગર સહેજ ખાંચાવાળાં ને તળિયે સાંકડાં થતાં હોય છે. પાનાની ½ થી ¾ ઇંચ લાંબી લીસી દાંડી પર ઉપરની બાજુએ લાંબી ખાંચ હોય છે.

સપ્ટેમ્બરથી ડિસેમ્બર માસ સુધી રાયણને ફૂલો આવે છે. તે સફેદ, બોરસલીનાં ફૂલ જેવી આછી સુવાસવાળાં, ચક્રાકાર, દાંડીવાળાં ને પત્રકોણમાંથી એકલાં અગર ૨ થી ૬ના સમૂહમાં હોય છે. ફૂલની દાંડી ½ થી ¾ ઇંચ લાંબી ને લીસી હોય છે. ફૂલમાં વજ્રપાંખડી ૬ હોય છે અને તે ત્રણ-ત્રણની બે હારમાં ગોઠવાએલ હોય છે. વજ્રની બહારની પાંખડીઓમાં તામ્રખીરિયા રંગની રુવાંટી હોય છે.

ફૂલમણિ નળી આકારે હોય છે. નળીના ઉપરના ભાગમાં પાંખડીઓના છેડા બે હારમાં ગોઠવાએલા હોય છે. બહારની હારના ૧૨ છેડા રેખાકાર અને ટોચે અણીદાર હોય છે; અંદરની હારના ૬ છેડા વ્યસ્ત ભાલાકાર હોય છે. ફૂલમાં પુંકેસરો ૬ હોય છે અને તે ફૂલમણિની નળી ઉપરના અંદરની હારના છ છેડાઓ સામે ગોઠવાએલા હોય છે. આ ઉપરાંત ફૂલમાં ૬ વંધ્ય પુંકેસરો હોય છે અને તે ૬ પુંકેસરો સાથે વારાફરતી ગોઠવાએલા હોય છે. પરાગધર પીળાશ પડતા ભૂરા રંગનું, અણીદાર અને પુંકેસરતંતુ જેટલું લાંબું હોય છે. ફૂલમાં બીજાશય પર રેશમી રુવાટી હોય છે. તેમાં ૧૨ કોષ હોય છે.

રાયણનાં ફળને રાયણાં કહે છે. દરેક ફળ ½ થી ૧ ઇંચ લાંબું, ને લંબગોળ અગર ઈંડા આકારનું હોય છે. તેમાંથી દૂધ નીકળે છે. ફળમાં ૧ (ક્વચિત્ ૨) લીસાં, ચળકતાં, કાળાં ભૂરાં અને એક છેડે ગોળ તથા બીજે છેડે અણીદાર તેમજ સહેજ ચપટાં બીજ હોય છે. ફળ શરૂઆતમાં લીલાં હોય છે, પરંતુ પાકે છે ત્યારે પીળાં થાય છે. સૂકાં ફળને રાણકોકડી અગર રાયણકોકડી કહે છે. રાયણ મધૂકાદિ (મહુડો, બોરસલી, ચીકુ વગેરેના) વર્ગની વનસ્પતિ છે. તે બીજ વડે ઉગાડવામાં આવે છે અને બહુ ધીમે ઊગનારી વનસ્પતિ છે.

રાયણના ઝાડમાંથી રતાશપડતો ગુંદર નીકળે છે. તેનાં બીજમાંથી તેલ મળે છે. તેનું લાકડું ઘણું કઠણ, મજબૂત અને ચીકણું હોય છે, ને એટલું ભારે હોય છે કે તેના એક ઘનફૂટ ગચિયાનું વજન ૬૦ થી ૭૨ રતલ હોય છે. તેનો ઉપયોગ શેરડી પીલવાના સાંચા, તેલ કાઢવાની ઘાણી, ખેતીનાં ઓજારો, મકાનના થાંભલા, ફર્નિચર વગેરે બનાવવામાં થાય છે. રંગેલા કાપડની કુંદી કરવા માટે વપરાતા ધોકા પણ રાયણના લાકડામાંથી જ બનાવવામાં આવે છે. રાયણનાં પાન ઢોરોને ચારા તરીકે અપાય છે.

આયુર્વેદ તેમજ યુનાની બંને વૈદકમાં રાયણ વપરાય છે. તેનાં સર્વ અંગ ઉપયોગી ગણાય છે. ચરક તેમજ સુશ્રુતે તેના ઔષધીય ગુણ વિષે નોંધ કરેલી છે. રાયણાં પૌષ્ટિક, ગરમીને શાંત કરનાર અને તરશ મટાડનાર છે. હૃદય માટે તે સારાં ગણાય છે. તે પિત્તપ્રકોપ, ત્રિદોષ, ક્ષય, ભ્રમ, મૂર્ચ્છા, રક્તવિકાર વગેરે મટાડે છે ને કોઢ માટે ઉપયોગી ગણાય છે. રાયણમાંથી નીકળતું દૂધ દુખતી દાઢ પર લગાડવામાં આવે છે. રાયણનાં બીજને પાણીમાં ઘસીને વીંછીના ડંખ પર લગાડવાથી વીંછીનું ઝેર ઊતરે છે. રાણકોકડી બહુ બાધક છે. રાયણની છાલ તેમજ ફળ ગ્રાહી ગણાય છે.

પ્રદર, રક્તપિત્ત તેમજ વાતપિત્તમાં રાયણ અને કોઠીનાં પાન ઘીમાં શેકી આપવામાં આવે છે. સ્ત્રીઓને ધાતુસ્રાવમાં રાયણનાં પાનનો રસ આપવામાં આવે છે. કોંકણમાં ગરમાળાંના પાન ને ઝડીના બીજને રાયણના દૂધ સાથે વાટી ગુમડાં પર ચોપડવામાં આવે છે.

ઉન્નતિનું આકાશ સર્વ પ્રાણીઓ પ્રત્યે અભેદભાવ ધારણ કરીને અફાટ મોકળું પડ્યું છે! સંજોગ સાધન કે ભાગ્યને દોષ દેનાર પોતાની જ અશક્તિનો એકરાર કરે છે.

આગ્-જ્યોતિષ (અનુસંધાન પૃષ્ઠ ૩૮૫થી આગળ ચાલુ)

પ્રદ્યુમ્ને મઘવા તરફ વક્ર કટાક્ષ કર્યો. મઘવાએ કહ્યું, 'પણ એનો ઓછો જ કંઈ ઉપાય છે? આ દેશમાં જો વસવાટ કરવાનો જ છે, તો પછી આર્ય રક્તને નિર્દોષ રાખવું અશક્ય છે. આર્યાવર્તમાંથી એટલી છોકરીઓને અહીં આણવી શક્ય નથી. અને કુળનો દીવો ચાલુ રાખ્યા વિના પણ ચાલે નહિ હમણાં હું જે જીત મેળવી આવ્યો, એ કોને માટે?'

પ્રદ્યુમ્ને કહ્યું, 'હં.'

રાજા અને સેનાપતિ મંત્રણાગૃહમાં જઇને બેઠા. સામન્ત, સચિવ, શ્રેષ્ઠી, વિદૂષક કોઈ જ ત્યાં ન હતું, એટલે મંત્રણાગૃહ ખાલી હતું. ચાર સૈનિકોએ નેતરનો એક મોટો ટોપલો ઉપાડીને તેમની સન્મુખ મૂકયો. ટોપલાનું ઢાંકણું બંધ હતું. એનો આટલો ભાર જોઇ તેમાં પુષ્કળ દ્રવ્ય હશે તેમ લાગ્યું.

વિસ્મય પામી પ્રદ્યુમ્ને પૂછ્યું, 'આમાં શું છે? અજગર કે સાપ?'

હાથના ઈશારે સૈનિકોને બહાર જવાનું કહી મઘવાએ હસતાં હસતાં ટોપલાનું ઢાંકણું ઉઘાડયું.

મદારીનો ટોપલો ઊઘડતાં તેમાંથી જે રીતે ફેણ ઊંચી કરતો કાળો સર્પ ઊભો થાય, એ જ રીતે એક સ્ત્રી ટોપલામાંથી ઊભી થઈ! એની આસમાની આંખો વાટે એ વિદ્યુત વર્ષાવતી હતી.

પ્રદ્યુમ્ન દિંગ થઈ ગયો. એના પહોળા થએલા મોંમાંથી શબ્દો બહાર નીકળ્યાઃ 'અરે! આ શું? આ તો એક છોકરી છે!'

અટ્ટહાસ કરી મઘવાએ પૂછ્યું. 'કેમ, કેવી લાગે છે? સુંદર નથી?'

પ્રદ્યુમ્ને મૌન રહી બંદિનીનું નિરીક્ષણ કર્યું. ઉટકેલા ત્રાંબાવરણો શરીરનો વાન; સૂજી ગએલી આંખો અને વિખરાયેલા વાળ; વસ્ત્રાલંકારો અલ્પ; ગળામાં કો'ક બીની માળા; બાહુ ઉપર શંખના બાજુબંધ; વેણી અને કાનનાં પુષ્પો સુકાઇ ગયાં છે; કમરથી ગોઠણ સુધી એક વિચિત્રવર્ણું પટ્ટવસ્ત્ર એણે પહેર્યું છે. એ દૂબળીપાતળી યુવતીના યૌવનમસ્ત દેહમાંથી અગ્નિની દીપ્તિ ઝલકતી હતી

મઘવાએ ફરી પૂછ્યુંઃ 'કેમ, કેવી લાગે છે? સુંદર નથી?'

પ્રદ્યુમ્ને ચોંકીને મઘવા તરફ જોયું. ને પછી ધિક્કારના સાદે કહ્યું, 'તું સાવ ગમાર છો! લડાઇ લડવા જતાં છોકરી ઉપાડી લાવ્યો! હવે આનું શું કરીશ? દાસી-પરિચારિકા તરીકે આ જરા યે ચાલી શકે તેમ નથી એ તો એને જોતાં જ સમજાઇ જાય છે.'

'એની સાથે લગ્ન કરવાનું મેં નક્કી કર્યું છે.' મઘવાએ કહ્યું.

ચમકીને પ્રદ્યુમ્ને પૂછ્યુંઃ 'શું? લગ્ન?!'

'હા; એ કોણ છે તે જાણે છે? કોદંડરાજની પુત્રી છે એ'

એકાએક પ્રદ્યુમ્ન ગંભીર થઈ ગયો. મઘવો કહેવા લાગ્યો. 'કોદંડોની રાજધાનીમાં પ્રવેશીને જોયું તો બધા જ ભાગી છૂટચા હતા. માત્ર આ રાજકન્યા જ એકલી ઊભી હતી મને એ બહુ ગમી. એને ઘણુંઘણું પૂછ્યું પરંતુ એ કંઇ જ સમજી ન શકી. એથી ટોપલામાં પૂરીને સાથે લઇ આવ્યો. આર્ય રાજાની રાણી થવાને એ યોગ્ય છે; પરંતુ પ્રથમ એને આર્યભાષા શીખવવી પડશે. તે પછી એને મારી પટ્ટરાણી કરીશ.'

પ્રદ્યુમ્ને ફરી એક વાર યુવતી તરફ જોયું એ એમની વાતોનો મર્મ જરા યે પામી શકતી નહોતી; માત્ર એની આંખો તેમના બેઉના ચહેરાને વારાફરતી અવલોકી રહી હતી. એના મોં પર ભય કે આશંકાનું ચિહ્ન સરખું નહોતું. હતી માત્ર આ જંગલીઓના કાર્યકલાપ પરત્વે એક ઘૃણાભરી જિજ્ઞાસા.

ભવાં જરા ખેંચી, મઘવા તરફ જોઇ પ્રદ્યુમ્ને કહ્યું: 'તેં અયોગ્ય કાર્ય કર્યું છે, મઘવા. ગમે તેમ પણ એ રાજકન્યા છે. એને આ રીતે પકડી આણવી એમાં આર્ય શિષ્ટતા નથી.'

'લગ્ન કરવાને ઇરાદે કન્યા-હરણ કરવામાં આર્ય શિષ્ટતાનું ઉલ્લંઘન નથી.' મઘવાએ ઉત્તર આપ્યો.

'ઉલ્લંઘન થાય છે. અરક્ષિતા સ્ત્રીને ઉપાડી લાવવી એ તસ્કરનું કામ છે. આ જ ઘડીએ એને પાછી મોકલવી એ યોગ્ય છે.' પ્રદ્યુમ્ને કહ્યું.

તપી જઈ મઘવાએ કહ્યું, 'કદી યે નહિ' ને પછી પોતાને કાબૂમાં લેતાં એણે અત્યંત શાંત સ્વરે કહ્યુંઃ 'હું મહારાજ મઘવા, તમને આદેશ આપું છું, સેનાપતિ પ્રદ્યુમ્ન, આ કન્યા માટે કોઈ યોગ્ય નિવાસ-ગૃહની ગોઠવણ કરો કે જેથી સુખમાં રહે ને કયાંય ભાગી ન જાય. યાદ રાખજો કે જો એ ભાગી ગઈ તો તેના જવાબદાર તમે ગણાશો.'

એક વાર થોડીક ક્ષણો સુધી મિત્રના મોં તરફ જોઇ, પછી હાથ જોડી, મસ્તક નમાવી, પ્રદ્યુમ્ન બોલ્યોઃ 'જેવી મહારાજની આજ્ઞા.'

કિલ્લા પરના એક ગુપ્ત ગૃહમાં રાજ-રાણીનો નિવાસ નક્કી થયો. કોદંડ-કન્યા બીડેલા હોઠે અને અકંપિત પગલે કિલ્લા પરના એ કારાગારમાં પ્રવેશી. હકીકતમાં કારાગાર હોવા છતાં એ સ્થળ વિશાળ ને ઝરૂખાવાળો એક મહેલ જ હતું, જેમાં એક ભાગી છૂટવા સિવાયની બીજી બધી જ સગવડો છૂટે હાથે વેરવામાં આવી હતી.

સહર્ષ પ્રદ્યુમ્નનો વાંસો થાબડતાં મઘવાએ કહ્યું: 'રાણી જેવી રાણી મળી ગઈ છે.–બોલ, શું કહે છે?'

પ્રદ્યુમ્ન બોલ્યોઃ 'હં.'

પરંતુ વળતી પ્રભાતે ગંભીર સમાચાર આવ્યા. કોદંડદેશથી તાજા જ પાછા ફરેલા, મરણતોલ હાલતમાં અહીં પહોંચેલા, એક ભગ્ન-દૂતે સમાચાર આપ્યા કે રાજકન્યાના અપહરણની વાત જાણતાં જ ભાગેડુ કોદંડ જાતિનાં ટોળેટોળાં ફરી કોદંડ પાછાં વળ્યાં છે અને હવે પૂરેપૂરા કોપાયમાન થયા છે. મઘવો જે થોડાક આર્ય સૈન્યને ત્યાં દેખરેખ રાખવા મૂકી આવ્યો હતો તેઓની તેમણે કચુંબર કરી નાખી છે. માત્ર દોડવાની અસાધારણ શક્તિને કારણે ભગ્નદૂત પોતાના પ્રાણ બચાવી શક્યો છે. પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે.

આ સાંભળી પ્રદ્યુમ્ન અધીર થઈ ઊઠયો. એણે કહ્યું, 'મહારાજ, આજ્ઞા આપો એટલે સાળાઓને ઠેકાણે કરી આવું.'

પણ મઘવો રાજી ન થયો. એણે કહ્યું કે 'એમ ન થાય; જો એમને ઠેકાણે કરવાના જ છે તો તે હું કરીશ.' અને સૈન્ય લઈને ફરી મઘવો નીકળી પડયો. દૂર જઇ પાછા ફરી એણે પ્રદ્યુમ્નને કહ્યું, 'આ ગાળામાં તું પેલીને આર્ય ભાષા શીખવતો રહેજે.'

મનની ક્ષુબ્ધતા ગોપવી પ્રદ્યુમ્ને કહ્યું: 'ભલે.'

બેએક દિવસમાં જ પ્રદ્યુમ્ન સમજી ગયો કે અનાર્ય યુવતી અત્યંત મેધાવી છે. આઠ દિવસમાં તો એ ભાંગ્યુંતૂટ્યું બોલવા પણ લાગી. એનું નામ હતું ઍલા. નામ ભલે અનાર્ય હતું, પરંતુ સાંભળવામાં અને બોલવામાં એ બહુ મીઠું લાગતું. પ્રદ્યુમ્ને કેટલીક વાર ઉચ્ચારી જોયુંઃ 'એલા! ઍલા! વાહ સરસ છે આ તો!'

વાતચીત કરતાં આવડ્યું કે સૌ પહેલો પ્રશ્ન એલાએ એ કર્યો કે 'મને અહીં પકડી આણનાર પેલો માણસ કોણ હતો?'

'મારો મિત્ર.' પ્રદ્યુમ્ને કહ્યું.

'મિત્ર' શબ્દનો અર્થ સમજતાં એલાને થોડીક વાર લાગી. આખરે સમજ્યા પછી એ મોં મચકોડી, તીવ્ર અવજ્ઞાના સાદે બોલી, 'તમે લોકો જંગલી છો જંગલી!'

અવાક્ થઇ પ્રદ્યુમ્ન વિચારવા લાગ્યો કે 'કેવું આશ્ચર્ય! અમે જંગલી?!'

ધીરેધીરે ઍલા આર્ય ભાષામાં વાતો કરવા લાગી. કોઈ પણ

વાત કહેતાં કે સમજતાં એ અચકાતી નહિ. એક વાર એણે પૂછ્યું, 'મને અહીં પકડી રાખી છે શા માટે?'

પ્રદ્યુમ્ને વાત ગળી જતાં કહ્યું, 'આર્ય ભાષા શીખવવા માટે.'

એલા બોલી, ધૂળ ભાષા! 'આ શીખીને મારે શું કરવું છે?'

જરા રમુજ કરતાં પ્રદ્યુમ્ને કહ્યું 'પ્રેમાલાપ કરવાની સરળતા થશે. મહારાજ મઘવાએ તમારી સાથે પરણવાનું નક્કી કર્યું છે.'

એલા બેઠી હતી તે ધીરેધીરે ઊભી થઇને થોડી વાર એકીટશે પ્રદ્યુમ્ન તરફ જોઈ રહી. ને પછી ફરીથી બેસી જઈ નચિંતપણે બોલી, 'એને હું નહિ પરણું. જંગલી!'

એનો ગુસ્સો ખાળવા પ્રદ્યુમ્ને વચ્ચે કહ્યું, 'મઘવો દાઢી રાખે છે એ ખરું; પણ માણસ ખરાબ નથી–'

એલા ફરી 'જંગલી' બોલી રહી ગઈ એમ દિવસો જવા લાગ્યા, પરંતુ મઘવો પાછો ન ફર્યો. એણે કોદંડોને ઠેકાણે કર્યા કે કોદંડોએ એને ઠેકાણે કર્યો તેના કંઇ ખબર નહોતા. પ્રદ્યુમ્ન અધીર થઈ ઊઠયો.

જોતજોતાંમાં ત્રણ માસ વીતી ગયા.

એક પ્રભાતે એલાને ત્યાં આવતાં પ્રદ્યુમ્ને જોયું કે એલા બારી પાસે બેઠીબેઠી વેણી સરખી કરી રહી છે. પ્રદ્યુમ્નને જોઈ એક વાર એણે મોં ફેરવ્યું, ને વળી પાછી બહાર દૂરદૂર કાંઇ જોતી વેણીના વાળનાં ગૂંચળાં સરખા કરવા લાગી.

પ્રદ્યુમ્ને ખોંખારો ખાધો, પણ એનું કંઇ ફળ ન આવ્યું. એટલે એ બારી પાસે જઇને ઊભો રહ્યો. એણે આકાશ તરફ જોયું, નીચે ડોકિયું કર્યું, અને પછી ફરી વાર ખોંખારો ખાઈ કહ્યું, 'શિયાળો ગયો; મઝાનો ઉનાળો હવે તો શરૂ થયો છે.'

એલા બોલી, 'હા.'

ઉત્સાહિત થતાં પ્રદ્યુમ્ને કહ્યું, 'હમણાં દક્ષિણમાંથી જે હવા આવે છે તેને જ તમે મલયસમીર કહો છો કાં? આર્યાવર્તમાં આવી હવા નથી.'

એના તરફ ગંભીરપણે આંખો ઊંચી કરી એલાએ પૂછ્યું, 'બે દિવસથી દેખાતા કેમ નહોતા?'.

જરાક ચમકતાં પ્રદ્યુમ્ને કહ્યું, 'કામમાં હતો.'–ને જરા અટકી 'તમારે તો વધુ આર્યભાષા શીખવાની જરૂર નથી. જેટલી શીખ્યાં છો એટલામાં જ અમારા સૌના કાન કાપી શકો એમ છો.'

થોડી વાર કોઈ કંઇ જ ન બોલ્યું. એલા ઢાળેલી નજરે હવે વેણી ફરીને બાંધવા લાગી. આખરે પ્રદ્યુમ્ન વાતનો તાંતણો જોડતો બોલ્યો, 'હવે તો મઘવો આવી જાય તો નિરાંત થાય. ઘણા દિવસ થઇ ગયા. હજુ યે એના કંઈ ખર-ખબર ન આવ્યા. ચિન્તા થાય છે.'

રજમાત્ર પણ સહાનુભૂતિ ન દાખવતાં નિર્દયપણે હસીને એલા બોલી, 'તમારો મઘવો હવે પાછો નહિ ફરે. અમારી જાતવાળાઓએ એને પૂરો કરી નાખ્યો હશે.'

ક્રોધભરી એલા સામે જોઇ પ્રદ્યુમ્ને કહ્યું: 'મઘવાને પૂરો કરી શકે એવું કોઇ દાક્ષિણાત્યમાં નથી. એ મહાવીર છે.'

'જંગલી!' તુચ્છકાર કરતી એલા બોલી.

પ્રદ્યુમ્ને રોષે ભરાઇ કહ્યું. 'એ જંગલી સાથે જ તારે પરણવું પડશે.'

ભમ્મર નચાવતી એલા બોલી, 'એમ કે? મારી ઇચ્છા વિરુદ્ધ?'

'તું તો બંદિની છો. તારે વળી ઇચ્છા-અનિચ્છા કેવી?'

એના પ્રત્યેક શબ્દને કાપતાં કાપતાં એલાએ ઉત્તર આપ્યો: 'મારી ઇચ્છા વિરુદ્ધ મને પરણી શકે એવો પુરુષ તમારા આર્યાવર્તમાં પેદા થયો નથી. જોઇ આ બીજ માળા?' ને બે આંગળી વતી પોતાના ગળામાંની માળા ઊંચી કરી એણે કહ્યું, 'એક બી ચાવું એટલી જ વાર. પછી તમે મને મેળવી ન શકો.'

પ્રદ્યુમ્ન ભયસહ બોલી ઊઠયો, 'કેવો સર્વનાશ!–ઝેર? આપો મને,–આ ઘડીએ જ આપી દો એ માળા!'

જરા દૂર સરકી જઇ એલાએ કહ્યું, 'આટલા દિવસથી તમારી બંદિની થઈને પડી છું, એટલે માન્યું હશે કે હું અસહાય છું; તમારું રમકડું છું. પણ એમ નથી. જ્યારે ચાહું ત્યારે મુક્ત થઈ શકું તેમ છું.'

મૂઢ જેમ તેના તરફ તાકી પ્રદ્યુમ્ન બોલ્યો, 'તો થતાં કેમ નથી?'

પળવાર મૌન રહી એલાએ ગર્વથી કહ્યું, 'મારી મરજી.'

એ જ વખતે બારી બહાર દૂર ખીણમાંથી શંખના ધીર ગંભીર પડછંદા પડયા. ચમકીને પ્રદ્યુમ્ને એ તરફ જોયું. સીમાડાના મહા-વનમાં થઇને ધ્વજપતાકા સાથે આર્ય સૈન્ય પાછું ફરતું હતું. કપાળ પર હાથનું નેજવું કરી તે તરફ જોઈ રહીને નિરાંતનો શ્વાસ મૂકતો પ્રદ્યુમ્ન બોલ્યો, 'હાશ, બચ્યો! મઘવો પાછો ફર્યો છે!'

પ્રદ્યુમ્ન ઉતાવળે બહાર ચાલ્યો જતો હતો. ત્યાં પાછળથી એલા-નો શાંત સાદ સંભળાયો, 'હું યે બચી. મુક્તિને હવે વધુ વાર નથી.'

ચમકીને પ્રદ્યુમ્ન પાછું વાળીને ઊભો રહ્યો. એલા એમ ને એમ બેઠીબેઠી વેણી ગૂંથતી હતી. એના મોં પર તીરથી વીંધાએલ મૃત પતંગિયા જેવું જરાક હાસ્ય હતું.

પ્રદ્યુમ્ને એની નજીક જઈ આગ્રહપૂર્વક સમજાવતાં કહ્યું, 'એલા, એવી બાલિશતા ન કરતી. મઘવાને સમજતાં તને સમય લાગશે, પણ લગ્ન પછી એને સમજીશ ત્યારે તને નક્કી લાગશે કે એના જેવો સારો માણસ તેં બીજો કોઇ જોયો નથી. તને વિનતિ કરું છું કે ઉતા-વળી થઇને કંઇ આડુંઅવળું કરી બેસતી નહિ.'

એલાએ ઉત્તર આપ્યો, 'ઉતાવળે કંઇ પણ કામ કરવાની મને ટેવ જ નથી. હું કોદંડ-રાજકન્યા છું; જંગલી નહિ. જો મઘવા બળ-જબરીથી મને પરણવા ઇચ્છશે તો લગ્નમંડપમાંથી હું મુક્તિ મેળવીશ.'

'કોદંડોને બરાબર ઠેકાણે પાડી ન શકયો. ગાંડાતૂર બનીને બેટા લડતા હતા. આખરે સંધિ કરી.' મઘવાએ કહ્યું.

'સંધિની શરતો શી શી છે?' પ્રદ્યુમ્ને પૂછ્યું.

મોટેથી હસતાં હસતાં મઘવો બોલ્યો, 'અજબ, અદ્ભુત જાતિ છે એ કોદંડ; અને અજબ છે એમની રાજનીતિ. તને ખબર છે? એમની જાતિમાં દીકરી બાપની વારસદાર બને છે, ને દીકરો મામાની મિલકતનો અધિકારી બને છે. સાંભળ્યું છે આવું કોઈ દિ?'

માથું હલાવી પ્રદ્યુમ્ને કહ્યું, 'ના; પણ સંધિની શરત શી છે?'

'શરત આ છે: એમની રાજકન્યાનું અપહરણ થતાં એમની આબરૂને સખત ધક્કો લાગ્યો છે, એ કલંક દૂર કરવાનો એકમાત્ર ઉપાય એ રાજકન્યા સાથે લગ્ન કરવું તે છે. એની સાથે લગ્ન ન કરું તો તેઓ યુદ્ધે ચડશે; બીજું કંઇ જ સાંભળશે નહિ. અને જો લગ્ન કરું તો ઉત્તરાધિકારી તરીકે કોદંડોનો રાજા થઇશ. ગજબની શરત છે ને?'

થોડી વાર આંખો ઢાળી ઊભા રહ્યા પછી આછું હસીને પ્રદ્યુમ્ન બોલ્યો, 'શરત ગજબની તો ખરી.'

'એટલે હવે વિલમ્બ કર્યા વિના સત્વર કોદંડ-રાજકન્યા સાથે પરણી જવું જરૂરી છે. એ છે તો મઝામાં ને?' મઘવાએ પૂછ્યું.

'મઝામાં છે.'

'આર્ય ભાષા કેવીક આવડી?'

'સારી.'

'તો કાલે જ લગ્ન ઊજવીએ.'

થોડી વાર મૌન રહી પ્રદ્યુમ્ને પૂછ્યું, 'પણ એની ઇચ્છા-અનિચ્છા

જાણવાની જરૂર નથી ?'

'જરા યે નહિ. આ તો રાજની વાતો. એક શબ્દનો પણ ફેરફાર ચાલે નહિ. સંધિની શરતો પાળવી જ પડશે.'

એ જ રાત્રે પ્રદ્યુમ્ન ચોરની જેમ એલાના મહેલમાં પ્રવેશ્યો. આકાશમાંથી લગભગ પૂર્ણાકાર ચંદ્ર બારી વાટે શીતળ કિરણો વરસાવી રહ્યો હતો. એ જ્યોત્સ્નામાં એલા કંઇ પણ પાથર્યા વિના ધરતી પર પડીપડી ઊંઘતી હતી ઘરમાં દીવો નહોતો.

પ્રદ્યુમ્ન બિલ્લીપગે એની પાસે ગયો: ગોઠણ વાળીને બાજુમાં બેઠો : શ્વાસ રોકીને પોતાનું મોં એલાના મોં નજીક લઇ ગયો.

એલા સૂતી હતી, છતાં એની આંખના ખૂણામાંથી આંસુ સરી રહ્યાં હતાં. સ્વપ્નમાં એ ગદ્ગદ્ કંઠે બોલતી હતી : 'પ્રદ્યુમ્ન ! પ્રદ્યુમ્ન ! પ્રદ્યુમ્ન !...હું મરવા નથી ઇચ્છતી...તું કેવો માણસ છે!... કંઇ જ સમજી શકતો નથી ?...જંગલી ! મારો ઉદ્ધાર કર...પ્રદ્યુમ્ન !'

જે કાર્ય માટે એ આવ્યો હતો તે થયું નહિ. પેલી માળા એલાના ગળામાં જ રહી. પ્રદ્યુમ્ન આવ્યો હતો એ જ રીતે ચોરની જેમ બિલ્લી-પગલે પાછો ફર્યો.

વળતે દિવસે સૂર્યાસ્તની સાથોસાથ પૂર્વમાં ચંદ્રોદય થયો. મઘવો રાતની રાહ જોઈ રહ્યો હતો. એણે કહ્યું પ્રદ્યુમ્ન, હવે લગ્નની તૈયારી કરો.'

રાજભવનની સામે ઉઘાડા વિશાળ પટમાં ધૂણીની જેમ અગ્નિ પ્રજ્વળી ઊઠ્યો. અગ્નિની સાક્ષીએ એ લગ્ન થનાર હતાં. હોમાગ્નિની પૂર્વ બાજુ વર-વધૂ માટે બાજોઠ ઢાળવામાં આવ્યા.

લગ્નના સમાચાર આગલે દિવસે જ જાહેર કરવામાં આવ્યા હતા, એટલે આતુર જનમેદની ઉભરાવા લાગી હતી.

છાતીસરસી અદબ ભીડીને પ્રદ્યુમ્ન એકીટશે અગ્નિ તરફ તાકી રહ્યો છે. એક વાર એનો એક ઊંડો નિસાસો સંભળાયો.

મઘવાએ આવીને એને ખભે હાથ મૂકતાં એ જાણે ઝબકીને જાગ્યો. અગ્નિ સામેથી નજર ખેસવી એણે પોતાની સામે આકાશ તરફ જોયું. સામે જ ચંદ્ર હતો. વૃક્ષની આડશેથી હમણાં જ એ જરા ઊંચો ચડ્યો છે. પ્રદ્યુમ્ન એના તરફ જ જોઈ રહ્યો છે.

'રાત્રિ થઇ ગઈ છે. લગ્નનું મુહૂર્ત નિકટ છે. હવે તું જા અને વહુને તેડી આવ.'

પ્રદ્યુમ્ને ધીરેથી મઘવા તરફ ફરી ગંભીર સાદે કહ્યું, 'સેનાપતિ મઘવા!'

મઘવો બેબાકળો બની ગયો. રાજા તરીકેની ટેવ એનામાં એવી તો ઘર કરી ગઈ હતી કે પ્રથમ તો એ કંઈ સમજી જ ન શક્યો. તે પછી પ્રદ્યુમ્નની નજરનું અનુસરણ કરતાં એની દૃષ્ટિ ચંદ્ર પર પડી.

આકાશ વાદળવિહોણું હોવા છતાં ચંદ્રના શુભ્ર મોં પર એક ધૂમ્રવર્ણી છાયા પડે છે. એ કાળી છાયા ધીરેધીરે આખા યે ચંદ્રને ગળી જવાની તૈયારી કરી રહી છે.

પ્રદ્યુમ્ને કહ્યું, 'સેનાપતિ મઘવા ! હું વહુને તેડવા જાઉં છું. સંધિની શરતોનું પાલન કરવા હું જ તેની સાથે પરણીશ. આ દરમિયાન તમે પ્રજામંડળને આપણી વાત સમજાવી દેજો.'

મઘવો થોડી વાર તો સ્તંભિત જ થઈ ગયો. એ પછી એના પ્રચંડ હાસ્યે આકાશ ગાજી ઊઠ્યું

સહસા હાસ્ય અટકાવી હાથ જોડીને મઘવો બોલ્યો, 'જેવી મહારાજાની આજ્ઞા !'

એલા બારી પાસે બેઠી હતી, પ્રદ્યુમ્ન પ્રવેશતાં જ એ ઊભી થઈ ગઇ.

'મને લેવા આવ્યા છો ?'

'હા, રાજકુમારી. કોદંડો સાથે અમારે સંધિ થઈ છે. એ મુજબ આર્યરાજાએ કોદંડ-રાજકુમારી સાથે પરણવાનું છે. અમે ફરજથી એ શરત પાળવા બંધાએલા છીએ.'

'બીજું કંઈ કહેવાનું છે ?'

'થોડુંક જ. નિયમ મુજબ હવે હું આર્યરાજા થયો છું, ને મઘવો મારો સેનાપતિ થયો છે. પરિણામે પરણવાનું હોય તો મારે જ તમને પરણવું જોઈશે.'

લાંબી વાર સુધી ફાટી નજરે જોઈ રહી આખરે ક્ષીણ અવાજે એલા બોલી, 'શું કહ્યું ?'

રાજકીય ગંભીરતા ધરીને પ્રદ્યુમ્ન બોલ્યો, 'મારે પરણવું પડશે. હવે ઝટ નક્કી કરી નાખો કે મારી સાથે પરણશો કે પેલું બી ખાશો?'

સ્વપ્નની રૂંધાએલ આકુળતા આખરે ધૂધવતા પૂરની જેમ મોકળી થઈ. એની સૂજી ગએલી બેઉ આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

બારી ઉપર બેસતાં પ્રદ્યુમ્ન બોલ્યો, 'ગ્રહણ મુક્ત થવાને હવે બહુ વાર નથી. તેટલી વારમાં તારે નિર્ણય કરી લેવાનો છે.'

ને વર્ષાની વચ્ચે થતી વીજના ચમકારા જેવું હાસ્ય હસતાં એલા બોલી, 'જંગલી !'

કસોટીના જવાબ

(अ) (૧) કુંડાળું; (૨) પહેલા 'ઞ' ઉપર ચોકડી; (૩) ૩૩. ('અ' વગેરે ૧૨ સ્વર; ત્યાર પછી તેરમો 'ક' ને વીસમો 'જ'; એટલે ૧૩+૨૦=૩૩); (૪) ૮૨થી ૭૬ સુધી અવળા લખો; (૫) કંઈ ન દોરો. કુંડાળાં ચોરસથી મોટાં પણ દોરી શકાય ને નાનાં પણ દોરી શકાય. એ જ પ્રમાણે ચોરસ પણ કુંડાળાંથી મોટાં ને નાનાં દોરી શકાય; (૬) 'યમુના' લખવાનું. લાંબામાં લાંબી નદી એમેઝોન છે (દક્ષિણ અમેરિકા), ૪,૧૦૦ માઈલથી યે વધુ; (૭) ફૂલ દોરો; (૮) તમારી સાચી ઉંમર લખો; (૯) ૦ાા ગયો.

(ब) (૧) ૪૧, ૪૯ [દરેક બે આંકડાની વચ્ચે સાતસાત આંકડા સમાએલા છે]; (૨) I. [આ અંક મૂકીને પછી 'V'ને મધ્યબિંદુ ગણતાં બન્ને બાજુ સમતોલ રહે છે]; (૩) ૩૬, ૪૫. [વચ્ચે છોડી દીધેલા આંકડાની સંખ્યા એક એક કરીને વધતી જાય છે]; (૪) ૬૮૮. (દરેક સંખ્યાની વચ્ચે ૧૧૧નો તફાવત છે.); (૫) તધદથ; (૬) છેલ્લા શબ્દનો છેલ્લો–ચોથો અક્ષર 'બ'. [પહેલા શબ્દમાં 'બ' પહેલો છે; બીજામાં બીજો; ત્રીજામાં ત્રીજો;–એટલે ચોથામાં ચોથો].

(क) (૧) ઘોડાની આંખો પર બંને હાથ દાબી દેવા. કંઈ દેખાશે નહિ એટલે ઘોડો તરત ધીમો પડીને પછી ઊભો રહી જશે. (૨) પેલા ભાઇએ સૂતરની એક દોરી લઇને વીંટીના ઉપરના ભાગથી વીંટવા માંડી. વીંટીથી આંગળીની ટોચ સુધી સખત રીતે વીંટી. પછી વીંટી પાસેથી થોડી દોરી ખોલી નાખી, ને વીંટીને થોડી આગળ સરકાવી. (દોરી સખત બાંધેલી, એટલે આંગળીનો એ ભાગ દબાએલો હતો). પછી વળી દોરી થોડી આગળ ઉખેડી, ને વીંટીને આગળ સરકાવી. આમ કરીકરીને વીંટી કાઢી નાખી. (૩) કૂતરાની પાસે જતાં તે ભસીને કૂદતો આવતો, એ તેની ચીડનો લાભ લઇને તેને એ પ્રમાણે ચીડવતાં ને એનાથી સલામત અંતરે રહેતાં ઝાડને બે કે ત્રણ ચકરાવા હું લઉં એટલે સાથે કૂતરો પણ લે. એથી દોરી ઝાડને વીંટાતી જાય અને એટલી ટૂંકી થતી જાય. એમ થતાં અંતર એટલું ટૂંકું થાય કે કૂતરો મને મોટરના બારણા સુધી પહોંચી ન શકે. (૪) કેરોસીનના ડબ્બામાં પાણી રેડીએ તો કેરોસીન ઉપર તરે ને વાટ કેરોસીનમાં ડૂબે

રણજીતરામ સુવર્ણચંદ્રક

અને એના ધારકો

લેખક ★ **યશવંત પંડ્યા**



સ્વ. રણજીતરામ વાવાભાઇ મહેતા

તાજેતરમાં ગુજરાત સાહિત્ય સભા(અમદાવાદ) તરફથી શ્રી સોમાલાલ શાહને ચિત્રકળા માટે ઈ.૧૯૪૯નો રણજીતરામ સુવર્ણચન્દ્રક મળ્યો એમ વાંચતાં, એક લક્ષ્મીનંદન—પણ સાહિત્યસંગીતકલાવિહીન—સ્નેહીએ પૂછપરછ કરી કે 'અરે ભાઇ, આ બધું શાંનુ ધાંધલ છે ?' એમનું કહેવું એવું લાગ્યું કે સોનાના ભાવ જ્યારે આટલા ઊંચા ચડી ગયા છે ત્યારે આ રણજીતરામ ને વળી કોણ છે—એટલેકે કઇ મિલના માલિક છે, કેટલોક ઇન્કમટૅક્સ ભરતા હશે,—અને શાને સોનાના ચાંદ વહેંચવા નીકળ્યા છે ?

આજે આવું અજ્ઞાન માફ કરવું પડે છે: પરંતુ પેઢી પહેલાં કોઈએ પૂછ્યું હોત તો તેનો એકડો માણસમાંથી નીકળી જાત. રણજીતરામ એટલે ગરવી ગુજરાતના પનોતા પુત્ર, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રણેતા અને પ્રાણ; એમણે એ સ્થાપી અને પાળીપોષી. રણજીતરામ એટલે કનૈયાલાલ મુનશી સરખાને મન 'મિત્ર અને મહાત્મા', ('ગુજરાતનો નાથ'ના અર્પણમાં મહાત્મા શબ્દ છપાએલો છે), એમને ઐતિહાસિક નવલકથાઓ તરફ ઢાળનાર, એનું વસ્તુ પૂરું પાડનાર—જેને પરિણામે આપણને 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' સમી, આજની ઘડી સુધી અનન્ય એવી, રસીલી નવલત્રયી મળી. રણજીતરામ પોતે પણ સમર્થ લેખક અને સંશોધક હતા. ૧૯૧૭માં ભરયુવાન વયે એઓ અકસ્માતવશાત્ જુહુને કિનારે સાગરમાં સમાઇ ગયા ન હોત તો ગુજરાત એમની સેવાઓથી સવિશેષ સમૃદ્ધ હોત એ સૂર્ય જેટલું સ્પષ્ટ છે. એટલે એમના સુભગ સ્મરણમાં ગુજરાત સાહિત્યસભા (જેની સ્થાપના યે એમને આભારી છે) તરફથી વરસે વરસે ગુજરાતની સંસ્કારિતાના સેવકને સુવર્ણચન્દ્રક અપાય છે.

આ ચન્દ્રકના મંગલાચરણનો યશ ગુજરાત વિદ્યાસભાના મંત્રી સદ્‌ગત હીરાલાલ પારેખને મળવો જોઇએ. રણજીતરામને નામે મિત્રો મારફત કંઈક રકમ એકઠી થઈ હશે તેમાંથી ત્રણેક વર્ષ સુધી એની વ્યવસ્થા ચાલેલી: પણ એ ખૂટી જતાં ચન્દ્રક બંધ થયાની વાત છાપાંઓમાં સુદ્ધાં આવી હતી. આવે અણીને સમયે ગુજરાત સાહિત્ય સભાએ હેત અને હિંમતથી તેની જવાબદારી સ્વીકારી લીધી હતી. આજે એ જ ચન્દ્રકથી સભાની શોભા વધી ગઈ છે.

પેલા લક્ષ્મીનંદન સ્નેહી જેવું અજ્ઞાન તો છેક નહિ, પણ એ ચન્દ્રક સાથે જેમનાં નામ જોડાયાં છે એમનો સિલસિલાબંધ પરિચય તો કદાચ બધાંને નહિ હોય. ઈ.૧૯૨૮નો પ્રથમ ચન્દ્રક ઝવેરચંદ મેઘાણીને આપવામાં આવ્યો હતો. એમની એ કાળે બોલબાલા હતી. ગામડે ગામડે ફરીને લોકસાહિત્યની કથા અને કવિતાને એ એકઠી કરતા હતા, અને એમની કલમમાંથી 'સૌરાષ્ટ્રની રસધાર' અને 'રઢિયાળી રાત'ના ભાગો ગ્રંથનાં રૂપ લેતા હતા. સાહિત્યની દરેક દિશા એમણે ખેડી છે અને ખીલવી છે. સંખ્યા સાથે ગુણની દૃષ્ટિએ એમનો ફાલ સોળ આની આંકી શકાય. ઈશ્વરે એમને મધુર અને બુલંદ ગળું બક્ષ્યું હતું અને તેનો લાભ ગુજરાત અને સૌરાષ્ટ્રનાં શહેરોને મળતાં મેઘાણી સૌના લાડકવાયા થઈ પડ્યા હતા: જે જીવ્યા ત્યાં લગી રહ્યા હતા. મહાત્માજીને મુખે જે 'રાષ્ટ્રીય શાયર'નું પદ પામેલા, તે સ્વતંત્રતાના પ્રભાતની પળે એકાએક ચાલ્યા જાય એ તે વિધિની કેવી ક્રૂરતા ?! આજે અમારા મિત્રમંડળમાં અને આપણા સાહિત્યસંસારમાં મેઘાણીભાઈનું સ્થાન સૂનું પડ્યું છે.

બીજા આવ્યા ગિજુભાઇ બધેકા;—બાલ સાહિત્યના જેને જાણે સર્વ હક્ક સ્વાધીન હતા! દક્ષિણામૂર્તિની નાની ટચુકડી ચોપડીઓ ઘરઘર જોવામાં આવતી. ક્યારેક એક દિવસમાં એવી બેચાર ચોપડીઓ એઓ લખી-લખાવી શકતા. બાળકોની તેને માટે પડાપડી થતી. બાળક સાથે બાળક થતાં એમને આબાદ આવડતું—એટલે સુધી કે કવિ 'કાન્તે' એમનું નામ મૂછાળું બાળક પાડેલું !

ત્રીજો, ઈ.૧૯૩૦નો ચન્દ્રક રવિશંકર રાવળને મળેલો. પણ એમને માટે આ પહેલો નહોતો. ઈ.૧૯૧૭માં મુંબાઇની કલાસંસ્થા 'ઑઋગે



ઝ. મેઘાણી(૧૯૨૮)લોકસાહિત્ય



ગિજુભાઇ(૧૯૨૯)બાલસાહિત્ય



રવિશંકર રાવળ(૧૯૩૦)ચિત્રકલા



વિજયરાય વૈદ્ય (૧૯૩૧) વિવેચન






રમણલાલ દેસાઇ(૧૯૩૨)નવલકથા · રત્નમણિરાવ જોટ(૧૯૩૩)ઇતિહાસ · સુન્દરમ્ (૧૯૩૪) કાવ્ય · વિશ્વનાથ ભટ્ટ(૧૯૩૫) વિવેચન

આર્ટ સોસાઓટી' તરફથી એમને એ વર્ષના ત્યાંના પ્રદર્શનની શ્રેષ્ઠ કૃતિનો સુવર્ણચન્દ્રક અર્પવામાં આવેલો. આ શુભ પ્રસંગે રણજીતરામ અને હાજીમહમ્મદ બંને હાજર હતા, એને હું શોભામાં સાચી અભિવૃદ્ધિ સમજું છું. ર. મ. રા. ચિત્રકાર છે એમ કહેવા કરતાં ચિત્રકારના ચિત્રકાર છે એ કહેવું વધારે સાચું છે. કનુ દેસાઇ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ અને બીજા ઘણા પીંછીના પ્રદેશમાં એમનું માર્ગદર્શન મેળવીને ફાલ્યાફૂલ્યા છે. રવિભાઇ વ્યક્તિ નથી, સંસ્થા છે; અને આ ચન્દ્રકે જ્યારે સાહિત્યની સીમા વિસ્તારીને કલાને સાથમાં લીધી ત્યારે તેમની પસંદગી આપોઆપ હતી.

પછી વારો આવ્યો વિજયરાય વૈદ્યનો. વિશિષ્ટ વિવેચક તરીકે એમણે નામના મેળવી છે. એક કાળે એઓ સાહિત્ય સંસદના મુખપત્ર 'ગુજરાત'ના તંત્રી હતા, આજે એમના 'માનસી'ના છે; પણ જે પ્રતિષ્ઠા સાર્વજનિક 'કૌમુદી'એ પ્રાપ્ત કરેલી એ જુદી જ જાતની હતી. લેખકો અને કવિઓને 'કૌમુદી' પોતાનું લાગતું. સાહિત્યની સાધનામાં તન મન ધન,—ધનથી અધિક મન અને મનથી અધિક તન ખર્ચવામાં વિજયરાયની બરાબરી કોઇ કરી શકે એમ નથી.

૧૯૩૨ની આસપાસ રમણલાલ દેસાઇની નવલકથાનું જોર જામ્યું હતું. એમની કીર્તિના કાંગરા સમાં 'દિવ્ય ચક્ષુ' ને 'ભારેલો અગ્નિ' વગેરે ત્યારે લખાએલાં; અને એ રીતે એમને અપાએલો ચન્દ્રક યથાસ્થાને યથાસમયે હતો. લેખક અને વાચકના વર્ગ પાડીએ તો વાચકવર્ગમાં રમણલાલ વિશેષ પ્રીતિપાત્ર રહ્યા છે. આના અનુસંધાનમાં મારે અહીં ઉમેરવું જોઇએ કે સાહિત્યકારોમાં રમણલાલ સંજ્જન ગણાય છે.

રત્નમણિરાવ જોટનું નામ તમે સાંભળ્યું છે ? ઈતિહાસના એ અભ્યાસી છે, ભૂગોળના ભોમિયા છે. એમનાં 'અમદાવાદ', 'ખંભાત' અને 'સોમનાથ' પરનાં દળદાર અને વિગતવાર પુસ્તકોમાંથી તમે એક પણ વાંચશો તો તેની તમને ખાત્રી થશે. એમને ખોળી કાઢીને ૧૯૩૩નો ચન્દ્રક અર્પવા બદલ સાહિત્ય સભાને અભિનંદન ઘટે છે.

૧૯૩૪નો ચન્દ્રક સુન્દરમને અને '૩૯નો ઉમાશંકર જોષીને મળવામાં વચ્ચે પાંચ વરસનો ગાળો ગયો; પણ આપણે તો એમને સાથે જ લઇશું. સુન્દરમ 'કાવ્યમંગલા'થી ને ઉમાશંકર 'ગંગોત્રી'થી પ્રથમ પંક્તિના કવિઓ તરીકે સ્થપાઇ ચૂક્યા હતા અને બન્નેની પછીની કવિતાએ એનું ઉત્તરોત્તર સમર્થન કર્યું છે. બન્નેએ નાટક, નવલિકા, વિવેચન વગેરેમાં પણ ફાળો નોંધાવ્યો છે. ઉમાશંકરનાં 'અખો—એક અધ્યયન' અને 'કલાન્ત કવિ' અભ્યાસીને અવશ્ય ઉપયોગી છે. સુન્દરમનું 'અર્વાચીન કવિતા' એકેએક કવિતાપ્રેમીને વાંચ્યા વિના ચાલે તેમ નથી.

૧૯૩૫માં વિશ્વનાથ ભટ્ટ, '૪૪માં વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને '૪૬માં ડોલરરાય માંકડ—આ ત્રણે વિવેચકોની સેવા ભિન્નભિન્ન ભાતની મળી છે. વિશ્વનાથ વિશાળ વાચનમાંથી સરસ સાહિત્ય ઉપજાવે—દાખલા તરીકે અદ્ભુત એવું એમનું 'વીર નર્મદ.' વિષ્ણુપ્રસાદની વિવેચના ધીરગંભીર, પરિશીલનશીલ પણ સ્વતંત્ર. ડોલરરાયનું સામર્થ્ય સંસ્કૃત ભાષા અને સાહિત્ય. ત્રણેમાં આવી વ્યક્તિગત વિશિષ્ટતા સમાએલી છે.

ચન્દ્રવદન મહેતાને કવિ કહેવા કે નાટકકાર, એ કોયડો છે. છતાં ૧૯૩૬નો ચન્દ્રક એમની રંગભૂમિની સેવાની કદર રૂપે મળેલો એ નક્કી છે. પોતે જેવા સફળ નાટકકાર છે એવા જ કુશળ નટ છે. એમની સાથે તખ્તા પર ઊતરવાનું મને મળ્યું છે, એટલે હું કહું છું તે તમારે માનવું પડશે. એમની 'નટઘર'ની યોજના અમલમાં નથી આવી: આવી હોત તો ગુજરાતી નાટકો વંચાવા લાગત અને રંગભૂમિ ઊંચી આવત. દસકાથી વધારે વરસથી એમણે ઑલ ઇન્ડિયા રેડિયો, મુંબઈના ગુજરાતી વિભાગનું સંચાલન સ્વમાન સાથે સંભાળ્યું છે. આ કાર્ય કેટલું કપરું છે તે તો જે જાણે છે તે જાણે છે, અને જે નથી જાણતા તેમને જાણવા-જણાવવા જેવું નથી. ટૂંકમાં ચન્દ્રવદન આપણા અભિનંદનના અધિકારી છે.

ચુનીલાલ વર્ધમાન શાહ (૧૯૩૭) અને ગુણવંતરાય પોપટભાઈ આચાર્ય (૧૯૪૫)ને પણ સાથે લઇએ એ સારું છે. બન્ને સફળ નવલકથાકાર છે, ઇતિહાસમાંથી વસ્તુ મેળવે છે અને એને વફાદાર રહેવામાં માને છે. ગુણવંતરાયને આ દિશામાં આગ્રહ કરીને લખા-




ચન્દ્રવદન મહેતા (૧૯૩૬) નાટક · ચુનીલાલ શાહ (૧૯૩૭)નવલકથા



કનુભાઈ દેસાઈ (૧૯૩૮) કલા



ઉમાશંકર જોષી (૧૯૩૯) કાવ્ય



ધનસુખલાલ મહેતા(૧૯૪૦)હાસ્ય



જ્યોતીન્દ્ર દવે (૧૯૪૧) હાસ્ય

વનાર ચુનીલાલ હતા, એ બન્ને માટે માનની વાત છે. વચ્ચે ગુણવંતરાય સિનેમાસૃષ્ટિ તરફ વળેલા, પણ પાછળથી એમણે એ પ્રવૃત્તિ પડતી મૂકી છે. ચુનીભાઈએ વરસો સુધી—'સાહિત્યચર્ચાનું સૂક્ષ્માવલોકન' કર્યું છે. આજે એમનું નામ આપણા ઉત્તમ અઠવાડિક 'પ્રજાબંધુ'ના પહેલે પાને સહતંત્રી તરીકે આવે છે: પણ 'પ્રજાબંધુ' અને ચુનીભાઇ વચ્ચે તો જૂનુંપુરાણું તો ય નિત્યનવું સાયુજ્ય છે એ આખું પત્રજગત જાણે છે.

કનુ દેસાઇ વિષે કાંઇ કહેતાં હું અચકાઉં છું. પચ્ચીસેક વર્ષ પહેલાં, અમારા અભ્યાસકાળમાં, કલાકોના કલાકો અને દિવસોના દિવસો સુધી અમે સાહિત્યકલાની ચર્ચા કરી છે. એમના જેવો ઉદ્યમી કલાકાર મેં જોયો નથી. એ પ્રેરણા અને પરસેવો બન્ને ઉપર આધાર રાખે છે. એમની અનેક ચિત્રાવલિઓમાં અને 'ભરતમિલાપ', 'રામરાજ્ય' વગેરે ચલચ્ચિત્રોના કલાનિદર્શનમાં આની પ્રતીતિ થશે. ૧૯૩૮ના ચન્દ્રકનું માન એમને મળ્યું એ સર્વ વાતે યોગ્ય હતું.

સાથેસાથે શાન્ત અને શરમાળ* ચિત્રકાર રસિકલાલ પરીખને લઈએ. આ પ્રથમ પંક્તિના કલાકાર મુંબઈની જે. જે. સ્કૂલ ઑફ આર્ટની પરીક્ષામાં પણ પ્રથમ આવેલા. ત્યાંની આર્ટ સોસાએટી તરફથી પણ એ સુવર્ણચન્દ્રક પામ્યા છે. રસિકલાલ સુંદર ચિત્રકાર ઉપરાંત સુઘડ મૂર્તિકાર પણ છે. ૧૯૪૨ના ચન્દ્રકથી એમની કલાની કદર થઈ હતી.

એમ નથી લાગતું કે અત્યાર લગી આપણે ઘણી ગંભીર વાત કરી? ધનસુખલાલ મહેતાને ફાળે ૧૯૪૦નો ચન્દ્રક જતાં એમાં હાસ્યનું મૂલ સ્વીકારાયું હતું. આશરે પાંત્રીસેક વર્ષથી એ મુખ્યત્વે હળવા સાહિત્યની સતત ને સરસ સેવા કરતા આવ્યા છે, એટલે મારે તમને એમની માંડીને ઓળખાણ આપવાની ન હોય. અહીં એટલું ઉમેર્યા વિના નથી રહેવાતું કે જીવનની કરુણતાને અંતરમાં સમાવીને એમણે જે હસતું મોં રાખ્યું છે અને અન્યને હસાવ્યાં છે એ સિદ્ધિ વિરલ છે.


અને ૧૯૪૧ માટે નક્કી થયા જ્યોતીન્દ્ર દવે. આ અનિવાર્ય હતું. ધનસુખલાલે અને જ્યોતીન્દ્રે જેમ ભેગા મળીને 'અમે બધાં' લખ્યું, તેમ અન્યત્ર પણ બન્ને સાથે હોય એ જ શોભે ને? જ્યોતીન્દ્રનું હાસ્યસાહિત્ય ગુજરાતી ભાષામાં તો અજોડ છે જ: પણ અન્ય ભારતીય ભાષામાં યે એમની જોડી જલ્દી નહિ જડે. એમનું ભાષણ સાંભળવું એટલે હસીહસીને હારી જવું. એમના 'રંગતરંગ'ના ભાગો જેણે નથી વાંચ્યા તેણે જીવનનો આનંદ ખોયો છે.


સાહિત્ય અને કલાની જોડી સાથે ૧૯૪૩માં સંગીત સ્વીકારાતાં તેની ત્રિપુટી રચાઈ. ચન્દ્રક માટે પંડિત ઓમકારનાથ ઠાકુરનું નામ જાહેર થતાં એઓ સાહિત્યકાર કહેવાય કે કેમ, એ વિષે ઉહાપોહ થએલો. એ અસ્થાને હતો. ઓમકારનાથની સારીગમ વિષે કશું કહેવું એ મારા જેવા માટે વધુપડતું, અરે અવિવેકભર્યું: પરંતુ ચન્દ્રકપ્રદાનવિધિ પ્રસંગે એમણે આપેલા ભાષણમાંથી કંડિકા ઉતારવાનો હક્ક તો હું ધરાવું છું:

"સાહિત્ય અને સંગીતને હું તો સદૈવ સહોદર જ માનતો આવ્યો છું. કારણ સાહિત્ય જેનું જીવન છે અને સંગીત જેના જીવનનો નિષ્કર્ષ છે એવી વીણાપુસ્તકધારિણી ભગવતી ભારતી માતાનાં યુગલ પયોધરને ધાવીને જ જેમનાં જીવનનાં ઘડતર ઘડાયાં છે એવા સાહિત્યકાર અને સંગીતકારને માટે મા જણ્યા ભાઈ સિવાય અન્ય કયો સંબંધ યોગ્ય ગણાય? આપણી બે આંખો જે સાથે જ જન્મે છે, સાથે જ જીવે છે અને સદૈવ જે સાથે જ જૂએ છે, સૂએ છે, હસે છે અને રૂએ છે એવું સહજીવન જીવતાં આપણાં ચક્ષુઓને વામસવ્ય કહી જુદાં ગણવાથી શો લાભ હશે, શો અર્થ સરશે?"

કોણ કહેશે કે ઓમકારનાથ શુદ્ધ સાહિત્યકાર નથી?

અને પછી તો ચન્દ્રકની સીમા એથી ય આગળ વધી હતી. ૧૯૪૭નો ચન્દ્રક હરિનારાયણ આચાર્યને એમના પ્રકૃતિવિજ્ઞાન માટે મળ્યો હતો. હરિનારાયણનો વ્યાયામ વિષયનો અભ્યાસ પણ ઊંડો છે અને ગુજરાતને એનો ય લાભ લેવો જોઇએ.





રસિકલાલ પરીખ (૧૯૪૨) કલા · ઓમકારનાથ ઠાકુર(૧૯૪૬)સંગીત

*આ ઉપરથી પૂછવાનું મન થાય છે કે રસિકલાલે રાખવું જોઇતું 'શરમાળ' ઉપનામ કનુભાઇએ કયા હિસાબે રાખ્યું હશે? કનુભાઈને તો 'અફલાતુન' કે એવું કંઈક બંધ બેસે! પણ પાછું એ નામ તો રવિભાઈએ પોતા વાસ્તે પસંદ કર્યાનું યાદ આવે છે!!






વિષ્ણુપ્રસાદ (૧૯૪૪) વિવેચન · ગુણવંતરાય આચાર્ય (૧૯૪૫) · ડોલરરાય માંકડ(૧૯૪૬)વિવેચન · હરિનારાયણ આચાર્ય(પ્રકૃતિવિજ્ઞાન)

વળી ૧૯૪૮નો ચન્દ્રક બચુભાઇ રાવતને જાહેર થયો હતો. એ એમની પ્રકાશનકલાને અનુલક્ષીને હશે એમ આપણે માની લઈએ. 'કુમાર'ના અંકે અંકે એ પથરાએલી છે. એનું હાથમાં આવે એ પૂંઠું નીરખો: ક્યાંક ને ક્યાંક તેમાં માતાની મમતા ગુંજતી હશે. આ ઉપરાંત ભાષા, લિપિ, કલા, કવિતા, ઇતિહાસ સંસ્કૃતિની આવી અનેક શાખાઓ પ્રત્યે એમને અજબ અનુરાગ છે: જેના પડઘા અને પ્રતિબિંબ પણ આપણે 'કુમાર'માં જોઇએ છીએ.

૧૯૪૯નો ચન્દ્રક ચિત્રકાર સોમાલાલ શાહને નામે ચડ્યો છે. એમની વિષયપસંદગી અને રંગમેળવણી અત્યંત આકર્ષક હોય છે. પરપ્રાન્તીય કલાકારોના મત મુજબ ભારતીય ચિત્રકલા પ્રદર્શનોમાં સોમાલાલ તરી આવે છે. મહિનાના મહિના લગી કુદરત ને પંખીઓ-ની પાસે બેસીને એમણે તૈયાર કરેલી ચિત્રાવલિ એક દિવસ આપણું અમૂલું ધન ગણાવા લાગશે. આજે સોમાલાલને આ માન મળવાથી રવિભાઇને તો પોતાના ઘરમાં ચોથો ચન્દ્રક આવ્યાનું ગૌરવ થશે!

આવો, બાવીસ વરસનો, રણજીતરામ સુવર્ણચન્દ્રકનો રસિક અને સમૃદ્ધ ઇતિહાસ છે. અમુક વ્યક્તિને અમુક કૃતિ અંગે ચન્દ્રક મળ્યો છે દરેક દૃષ્ટાંતમાં સંપૂર્ણપણે સાચું નહિ નીવડે. સાહિત્ય સભાએ એમની પ્રવૃત્તિને પણ લક્ષમાં લીધી હશે. મને લાગે છે કે એથી ચન્દ્રની ચમક વધે છે કલાકારની પરમ લક્ષ્મી એની પ્રેરણા છે અને ક્યારેક એના પર આવી કલગી ચડે ત્યારે એનો આત્મા ઠરે છે અને જીવન ધન્ય બને છે. આ ૨૨ ચન્દ્રકધરોમાંથી ૧૯ સાથે હું સ્નેહના સંબંધે સંકળાએલો છું. આવી સાહિત્યની અને સંસારની મત્રી એ જ અમારી મોટામાં મોટી મૂડી છે. એથી રખે તમે એમ માનતા કે મેં એમના વિષે અતિશયોક્તિ કરી હશે. ના, ના. મને તો સંદેહ છે કે મેં એમને સસ્તે ભાવે રજૂ કર્યા છે. આમાં સાચું શું તે તો તેમની કૃતિઓ કહેશે. તમે તેનું રસપાન કરજો અને પછી મને કહેજો મને લાગે છે કે કદાચ તમે મારો આભાર માનશો!*




બચુભાઇ રાવત(૧૯૪૮)પત્રકારત્વ · સોમાલાલ શાહ(૧૯૪૯)ચિત્રકલા

*ઑલ ઈન્ડિયા રેડિયો (દિલ્હી)ના સૌજન્યથી, સુધારાવધારા સાથે. કોઇના ય નામ આગળ વિવેકનો શ્રી જાણીજોઇને નથી લગાડ્યો, કેમકે શ્રીમાનને બદલે ધીમાનની આ મિજલસ છે. સમયની મર્યાદામાં રહીને કરેલું આ કેવળ વિહંગગુણદર્શન છે. દેશ કરતાં પરદેશમાં વસતાં ભાઇબહેનોને અનુલક્ષીને એ લખવાનું હતું, એટલે 'આ તો આપણે જાણીએ છીએ' એમ અહીં કોઇને લાગે તો નવાઇ નહિ! એમ તો, એ કોઇને આમાંથી એકાદ વાત જાણવાની મળે તો તેની ય નવાઇ નહિ!!

સમર્થ ફોટો-કલાકાર શ્રી આર. ભારદ્વાજ

શ્રી ભારદ્વાજની સૌન્દર્યગ્રાહી કાબેલ નજર માર્મિક પ્રસંગોને શોધતી શોધતી અકલ્પનીય સ્થાનોમાં જઇને ઠરે છે. વિષયની પસંદગી કરવાની એમની શક્તિ, વિસ્મયકારક છે. સામાન્યરીતે જેમાં કશું જીવ જેવું ન દેખાય તેમાંથી એ સૌન્દર્યનો ઘાટ ઉતારે છે. અંશથી સમગ્રનો ખ્યાલ સાધવાની એમની શક્તિ પર તો વારી જવાય.

શ્રી ભારદ્વાજ અઠંગ પ્રવાસી છે. પરિણામે આ દેશના સ્થાન-સ્થાનનું અને ઋતુઋતુનું વૈવિધ્ય એમણે પોતાની કૃતિઓ દ્વારા મૂર્ત કર્યું છે. એમાં કન્હેરી, હળેબીડ કે બેલુરની શિલ્પકૃતિઓ, આગ્રા-દિલ્હીનાં મુસ્લિમ અને મુંબાઈ-કલકત્તાનાં અર્વાચીન સ્થાપત્ય, મસૂરી ને કુલુ ખીણનાં રમણીય નિસર્ગદૃશ્યો, અને હિમાચ્છાદિત નગાધિરાજનાં પ્રશાન્ત ભવ્ય શિખરોથી લઇ, નારીસૌન્દર્યની વિવિધ છટાઓમાં પ્રવેશી, હિમાલયની ભવ્યતામાં આથડતા નિર્જીવ બરફ-ટુકડા સુધી એમની દૃષ્ટિ ભમી વળે છે.

તેજછાયાનું સપ્રમાણ સંયોજન અને વિચિત્ર મિશ્રણોમાંથી યે સંવાદ ઉપજાવનારી કલા તે એમની સિદ્ધિ છે. એમની ટેકનિક જેવી અનોખી ને વૈવિધ્યભરી છે તેવી જ એમની દૃષ્ટિ મર્મસ્પર્શી અને આકાશવિહારી છે. એ એક પ્રસન્ન મુક્ત સૌન્દર્યશોધકની દૃષ્ટિ છે. સૃષ્ટિનાં વૈવિધ્ય અને આનંત્યને અંજલિ રૂપ એવી એમની કલા હૃદય ભાંગી નાખતી નથી, પણ સ્વસ્થતા અને મુક્તિનો આસ્વાદ કરાવે છે.

એમની કલાના બે નમૂના આ અંકના મુખચિત્ર તથા પૂઠાની પાછળ છાપ્યા છે. બીજાં ડઝનેક ચિત્રો આવતા માસના તેમજ હવે પછીના અંકોમાં આવ્યા કરશે.

યશવંત શુક્લ



માધુકરી

વારી જાઉં, આંખ, તારા આ અજબ ચાતુર્ય પર:
જે ગમે ના જોવું, તે તું કોઈ દિ' જોતી નથી!

ઘાસની ગંજી મહીંથી સોય તું શોધી શકે:
પણ ઉભી વાટે વસેલું તું મુસળ જોતી નથી!

સેંકડો જોજનથી શોધે કોકની ભૂલ-કાંકરી:
તું ફક્ત તારા જ પાપોના ડુંગર જોતી નથી!

વિશ્વને એકેક ખૂણે ઘૂમતી તારી નજર:
(સારથી) શું ન જોતી તું? ફક્ત એક જાતને જોતી નથી! —વૈશંપાયન

લેફ્ટેનન્ટ કર્નલ જેમ્સ ટૉડ

'રાજસ્થાનના ઇતિહાસ'ના કર્તા તરીકે તો એમનું નામ આપણને લગભગ સૌને સુપરિચિત છે, પણ એથી વિશેષ તેમનો પરિચય ઘણાને નથી. રાજસ્થાનની દંતકથાઓમાં અટવાએલા ઇતિહાસને સંઘરી સંસ્કારી એકઠું કરવાના એમના ઉપકારક કામની સાથોસાથ મધ્યહિંદ અને રાજપુતાનામાંની એમની કારકિર્દીની પાછળ અંગ્રેજોની કૂટનીતિ પણ કામ કરી ગઈ છે. એમનો જન્મ ઇંગ્લંડના ઇસ્લિંગટન ખાતે ૧૭૮૨ની ૨૦મી માર્ચે થયો હતો. એમના પિતાનું નામ જેમ્સ ટૉડ ને માતાનું નામ મેરી હિટલી. રાજા ચાર્લ્સ પહેલા પ્રત્યેની વફાદારીને અંગે એમને બળાત્કારે દેશત્યાગ કરી અમેરિકા જવું પડ્યું, પરંતુ છેવટે અમેરિકા પણ છોડી, પોતાના ભાઈ જૅનની સાથે ભાગીદારીમાં એમણે આગ્રા-અયોધ્યાના સંયુક્ત પ્રાંતોમાં આવેલા મિરઝાપુરમાં ગળીનું વાવેતર કરવા માંડ્યું.


આ રીતે નાના જેમ્સને પિતા ને કાકા દ્વારા હિંદનો ગાઢ પરિચય થયો, ને ૧૭૯૮માં કાકાની લાગવગને પરિણામે ઈસ્ટઈંડિયા કંપનીની યુદ્ધશાળામાં નોકરી મળી. કલકત્તા આવતાં એને બીજી યુરોપિયન પલટણમાં નિમણૂક મળી, જેમાંથી તે ૧૮૦૦માં ચૌદમી દેશી પાયદળ સેનામાં લેફ્ટેનન્ટ બન્યા. આ પછી દૌલતરાવ સિંધિયાની છાવણીના સરકારી એજન્ટ મિ. ગ્રીમ મર્સેરે એમને રાજપૂત ને મરાઠા રાજકારણનો તથા રાજજીવનનો પરિચય કરાવ્યો. ભૌગોલિક સંશોધન માટેની પોતાની શૉખવૃત્તિથી પ્રેરાઈ, એમણે ૧૮૧૨થી ૧૮૧૭ દરમિયાન રજપૂતાના ને મધ્યહિંદમાં મોજણીનું કામ માથે લીધું.

આ સમયે હિંદી સરકાર પિંઢારા જાતિને દબાવી દેવાની યોજના વિચારતી હતી. ૧૮૧૭માં આ કાર્ય માટે લૉર્ડ હેસ્ટિંગ્સે તે વેળા હિંદમાં જે શક્તિશાળી બ્રિટિશ દળો હતાં તેમને એકઠાં કર્યાં, અને આવી એ સેનાઓની સફળ કામગીરીને પરિણામે સિંધિયા પર ધાક બેસી ગઈ, હોળકરની હાર થઈ, નાગપુરના રાજા કેદ પકડાયા, મરાઠા પેશ્વા નાસી છૂટ્યા ને પિંઢારાઓ વિખરાઇ ગયા. આમાં ટૉડે ઘણી મૂલ્યવાન સેવાઓ આપી હતી. શરૂઆતમાં જ એમણે યુદ્ધસ્થાનોના નકશા બ્રિટિશ સ્ટાફના હાથમાં મૂક્યા ને જનરલોએ એમના સ્થાનિક જ્ઞાનનો પણ સારો ઉપયોગ કર્યો. ૧૮૧૮માં મેવાડ, મારવાડ, જયપુર, કોટા ને બુંદીનાં પાંચ રાજ્યોના પોલિટિકલ એજન્ટ તરીકે એમની નિમણૂક કરવામાં આવી ને ૧૮૨૨ના જૂનમાં અહીંની નોકરીમાંથી નિવૃત્ત થતાં સુધી એ પદવીએ તે રહ્યા.

રાજપૂતાના ને મધ્ય હિંદમાંની સત્તર વર્ષની નોકરી દરમિયાન પોતાના મહાન લેખન-કાર્ય માટે સામગ્રી ભેગી કરવા એમણે સતત ઉદ્યમ કર્યો હતો. ઈતિહાસ, પુરાતત્ત્વ, નૃવંશ-વિદ્યા ને ધર્મોના અભ્યાસનાં એમને ભારે રસ હતો. પણ સ્થાનિક ભાષાઓ પૂરી જાણતા ન હોવાથી જૈન યતિ જ્ઞાનચંદ્રને ગુરુ બનાવી તેમની પાસેથી ને બ્રાહ્મણ પંડિતો પાસેથી માહિતી મેળવતા. એક ઉદ્યમપરાયણ, વિદ્વાન, સહાનુભૂતિ ધરાવનાર સંશોધકને છાજે એવું એમનું માનસિક લઢણ ને ઘડતર હતું. હિંદનો કિનારો છોડ્યા પછી એમણે આયુષ્યનાં

આસમાસનાં પંખી [૫૮]

લાવરી



વગડામાંથી પસાર થતાં, ગાડાંના ચીલાઓમાં કે કેડીએ કેડીએ લંગાર રચી રખડતાં લાવરાંને તો ઘણાંએ જોયાં હશે. તેતર વર્ગના આ પંખીનાં નર ને માદાનાં શરીરમાં થોડો તફાવત હોય છે. માદાને નરની પેઠે સફેદ છાતી-પેટ કે તે પરનાં ઘેરા તપખીરી લહેરિયાંને બદલે, કેવળ એકસરખા મેલા બદામી રંગનો જ એ બધો ભાગ હોય છે. વળી, નરની માફક આંખોની ઉપર થઈ ગરદન તરફ ઢળતી શ્વેત પટ્ટીઓ પણ નથી હોતી. બાકી બંને બધી રીતે લગભગ સરખાં, મેલા તપખીરી કે ઇંટિયા લાલ રંગની કાયા અને તેના પર એવા જ ઘેરા રંગના ઝીણાંઝીણાં લહેરિયવાળાં હોય છે.

ઘાસ-ઝાંખરાંવાળાં મેદાનોનું તે વાસી. પાંચથી વીસનાં ટોળાંમાં તે એકબીજાની લગોલગ ભેરાઇ બેઠેલાં ઘણીવાર જોવા મળે છે. તેમની આ ટેવનો લાભ પારધીઓ સારીરીતે ઉઠાવે છે, પણ તેને બીજી એક આદત છે કે તેઓ આમ બેઠાં હોય ત્યાંથી ઓચિંતાં જ એકસામટાં બધાં ઊડે છે અને તેથી તેના શિકારાર્થે જનાર ઓચિંતો ગૂંચવણમાં પડી જાય છે. આથી, મોટે ભાગે તો સવારે કે સાંજે કેડીએ કેડીએ થઇ તેની લંગાર જ્યારે પાણી પીવા ઊતરે છે ત્યારે જ શિકારી તે તક ઝડપી લે છે. તેને ફસાવવાની એક બીજી રીત એ પણ છે કે તેના બોલ 'કિરીકી કિરીકી'ની સહેલાઈથી નકલ કરી, તેને નજીક બોલાવી તેના પર જાળ નાખી દેવામાં આવે છે.

અનાજના કણ, કૂણું ઘાસ ને તેનાં બીઆં એ તેનો આહાર. ક્વચિત ઝીણી જિવાત પણ ખાઇ તે જોવામાં આવે છે.

કોઈ છોડ-ઝાંખરા હેઠળ ઘાસ પાથરી, માળો કરી, તેમાં ઝીણું વરસ મેલા શ્વેત રંગનાં ચળકતાં ૪ થી ૮ ઇંડાં તે મૂકે છે, અને તેર દિવસે તેમાંથી બચ્ચાં નીકળે છે.

તેર વર્ષ વિતાવ્યાં. ૧૮૨૪માં એ મેજર બન્યા ને ૧૮૨૬માં લેફ્ટેનન્ટ કર્નલ. ઇંગ્લાંડમાં તો એમનો ઘણો સમય, હિંદમાં ભેગી કરેલી સામગ્રીની વ્યવસ્થામાં, ને પોતાના પુસ્તકનું સંપાદન કરવામાં જ વીત્યો. ૧૮૨૯ ને ૧૮૩૨ વચ્ચે પ્રસિદ્ધ થયેલ 'રાજસ્થાન'ના એમના ઈતિહાસ ગ્રંથે, ને ૧૮૩૯માં એમના મૃત્યુ પછી પ્રસિદ્ધ થયેલ 'પશ્ચિમ હિંદના પ્રવાસે' એમને ઊજળી કીર્તિ અપાવી. રૉયલ એશિયાટિક સોસાયટી જેની સાથે પણ એમને ગાઢ સંપર્ક હતો, તેના લાયબ્રેરિયન તરીકે પણ થોડો સમય એમણે કામ કરેલું.

૧૮૨૬ની ૧૬મી નવેમ્બરે ડૉ. હેનરી કલટરબકની પુત્રી જુલિયા સાથે એમનાં લગ્ન થયાં, ૧૮૩૫માં રીજેન્ટ પાર્કમાં એક ઘરમાં એ ઠરીઠામ થયા, ને તે જ વર્ષની ૧૭મી નવેમ્બરે એમનું અવસાન થયું.

કર્નલ ટૉડના ચરિત્રની બીજી બાજુનું ચિત્ર પં૦ સુંદરલાલજીએ 'ભારતમાં અંગ્રેજી રાજ્ય'માં આપ્યું છે તે પણ જોવું જોઈએ. પંડિતજી લખે છે કે કંપનીના એજન્ટ તરીકે ટૉડને મુખ્ય કામ એ કરવાનું હતું કે રાજપૂતોને ખૂબ ચડાવીને તેમને મરાઠા અને મુસલમાનોની વિરુદ્ધ હમેશાં ફરકેયાં કરવા, જેથી એમના મનમાં તેઓ પ્રત્યે તિરસ્કાર પેદા થાય, અને આ ત્રણે જાતિઓ ભારતની સ્વાધીનતાને નામે અંગ્રેજોની સામે એક ન થઇ જાય. ટૉડનો પ્રસિદ્ધ ગ્રંથ 'રાજસ્થાન' આ ઉદ્દેશ નજર સમક્ષ રાખીને જ લખાયો છે. આ ગ્રંથ મરાઠા તથા મુસલમાનો બંનેની વિરુદ્ધ અને કલ્પિત તથા ભયયુક્ત વૃત્તાંતોથી ભરપૂર છે. ભારતના સૌથી વધારે યોગ્ય, સૌથી વધારે મહાન અને કર્તવ્યનિષ્ઠ સમ્રાટ અકબરને પણ કલંકિત કરવામાં કર્નલ ટૉડે પાછું વાળીને જોયું નથી. પરંતુ પોતાનો રાજકીય હેતુ પાર પાડવામાં એને અલબત્ત આશ્ચર્યજનક સફળતા મળી. સર ડેવિડ ઑકરલોની લખે છે કે કર્નલ ટૉડ રાજપૂતાનાના રાજાઓ તથા સરદારો પાસેથી ખૂબ નજરાણાં અને લાંચરુશ્વત પણ પડાવતો હતો.

આ આખીયે યોજના પાછળ જે વિચરણા ને ઉદ્દેશ હતાં તેની પ્રતીતિ લૉર્ડ હેસ્ટિંગ્સની ડાયરીમાંથી મળે છે. એ નોંધે છે કે 'જો કદાચ ખુલ્લી રીતે ન બની શકે તોપણ ઓછામાં ઓછું વ્યવહારમાં તો અંગ્રેજ સરકારને આ દેશના અધિરાજપદે સ્થાપી દેવાનો આપણો ઉદ્દેશ હોવો જોઇએ. દેશની બાકીની રિયાસતો રીતસર ન બને તોપણ વાસ્તવિકરીતે તો આપણા સામંત જેવી જ રહેવી જોઇએ.'

આમ છતાં કર્નલ ટૉડે એના ગ્રંથ દ્વારા ઇતિહાસક્ષેત્રમાં કરેલું કામ નોંધપાત્ર તો રહેશે જ. ('રાજપૂતબંધુ'માંથી સુધારાવધારા સાથે)

દ્રાવિડ દેશમાં જઇ વસેલા સૌરાષ્ટ્રીઓ

સૌરાષ્ટ્રથી લગભગ બારસો માઈલ દૂર, છેક દ્રાવિડ દેશમાં લગભગ લાખેક માણસોની એક જાતિ વસે છે. એ લોકો પોતાને 'સૌરાષ્ટ્ર બ્રાહ્મણ' કહેવડાવે છે. દક્ષિણના (ખાસ કરીને મદુરા જિલ્લાના ગેઝેટિયર ગ્રંથોમાં અને દક્ષિણની જાતિઓને લગતા ગ્રંથોમાં એ જાતિનાં વિસ્તૃત વર્ણનો છે. એ લોકો આજે વ્યવહારમાં ત્યાંની તામિલ ભાષા વાપરે છે, પણ ઘરમાં જે બોલે છે તેને 'સૌરાષ્ટ્રી' બોલી કહે છે. તામિલમાં એ લોકોને 'પટ્ટનુલકારન્' કહે છે, જેનો અર્થ 'રેશમી કાપડ વણનારા' એવો થાય છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં જે અનેક ભ્રમણયુગો આવ્યા તેમાં, મહમદ ગઝની કે અલ્લાઉદ્દીનની ચડાઇ વખતે થએલા ભ્રમણયુગમાં જે લોકો નાઠા તે દક્ષિણમાં દેવગિરિ, વિજયનગર વગેરે સ્થળોએ રહેતા રહેતા છેવટે મદુરાની આસપાસ સ્થિર થયા. એમનાં લગ્નોમાં ગોત્રોચ્ચાર વખતે સામસામે આ પ્રમાણે બોલે છે. 'તમે કોણ છો ને ક્યાંથી આવો છો?' જવાબ: 'અમે સોરઠના છીએ; ત્યાંથી દેવગિરિ આવીને વસ્યા; ત્યાંથી વિજયનગર, અને ત્યાંથી મદુરામાં આવ્યા.' વર અને કન્યા બંને પક્ષો આ પ્રમાણે પૂછે છે અને જવાબ દે છે. આ લોકો ઉદ્યોગી અને વેપારી છે. તામિલ બ્રાહ્મણો એમને બ્રાહ્મણ ગણવામાં વાંધો લેતા. સત્તરમી સદીમાં કેટલીક તકરારો પછી મહારાણી મંગમ્માએ એમને બ્રાહ્મણનું ઉપાકર્મ કરવાનો પરવાનો લખી આપ્યો.

ભાષાશાસ્ત્રની દષ્ટિએ એમની ભાષાનો પણ અભ્યાસ કરવા જેવો છે. એમની બોલીમાં આપણા શબ્દો સાથે કન્નડ, તેલુગુ અને તામિલ શબ્દો ભળેલા છે. ૧૯૨૯માં ગાંધીજી મદુરા ગયા ત્યારે તેમણે એ ભાષામાં એમને માનપત્ર આપેલું તેમાં, એ લોકનું મુખ્ય કામ જે 'ચુંદડી બાંધણી'નું છે તેનો ઉલ્લેખ એમણે 'ચુન્નડી બંદિનિ કાલુ' એ રીતે કરેલો. બૅંગલોરમાં એ લોકોનો એક લત્તો છે તેને 'સૌરાષ્ટ્ર પેટ' કહે છે. —રત્નમણિરાવ ભીમરાવ

(જૂનાગઢ ઇતિહાસ પરિષદ-પ્રદર્શન વખતના વ્યાખ્યાનમાંથી)

આથો ચડેલો ખોરાક

ધાન્યો અને ઘીતેલથી શરીરને ગરમી ને કામ કરવાની શક્તિ મળે, પણ મજબૂત હાડકાં અને માંસ બનાવવા માટે તો રોજના ખોરાકમાં પ્રોટિન અથવા માંસદતત્ત્વો અને ક્ષારો જ જોઇએ આપણે ઘણે ભાગે અન્નાહારી હોઈ માંસદ તત્ત્વો મેળવવા જુદાંજુદાં કઠોળો ઉપર આધાર રાખવો પડે છે. પણ તેમાંનાં પ્રોટિનો મધ્યમ કોટિનાં છે. પ્રાણીઓનાં કલેજાં, માંસ, મચ્છી, ઇંડાં વગેરે પદાર્થો અને દૂધમાં જ ઉત્તમ પ્રોટિનો તો છે. પણ આપણે તો તે પૈકી ફક્ત દૂધ જ લઈ શકીએ; અને માણસ દીઠ સવા રતલ દૂધ રોજ જોઈએ, પણ આપણે ત્યાં એથી પાંચમા ભાગનું જ દૂધ મળે છે. વળી તે એટલું બધું મોંઘું છે કે મધ્યમ અને ગરીબ વર્ગને તે વગર જ ચલાવી લેવું પડે છે. આથી આપણે અહીંના અન્નાહારીઓને અનાજના મધ્યમ પ્રોટીનો પર જ નછૂટકે આધાર રાખવો પડે છે. એટલે આપણાં શરીર દિનપ્રતિદિન નબળાં જ પડે છે અને આપણી ઊછરતી પ્રજા નબળી બનતી જાય છે. તો શું આપણે અન્નાહારીઓએ માંસ, મચ્છી અને ઈંડાં ખાવાં? આ સવાલનો જવાબ હાલના વિજ્ઞાનીઓએ હમણાં આપ્યો છે.

પહેલા મહાયુદ્ધ વખતે જર્મનીને જ્યારે અનાજ અને માંસની તીવ્ર તંગી પડવા માંડી ત્યારે ત્યાંના વૈજ્ઞાનિકોએ ખોરાકો પર અખતરા કરી શોધી કાઢ્યું કે આપણા ખોરાક વગેરેમાં જે આથો આવે છે તે 'યીસ્ટ'–ખમીર ઉત્તમ પ્રકારનાં માંસદ તત્ત્વોથી ભરપૂર હોય છે. આ ખમીરો એક જાતના ઝીણા છોડવા છે. તે એટલા બધા ઝીણા છે કે તેમને જોવાને સારામાં સારું સૂક્ષ્મદર્શક યંત્ર જોઇએ. એક ચોરસ ઇંચ જગ્યામાં લાખો છોડવા રહી શકે. તે હવામાં પણ ઊડતા રહે છે.

ચોખા, જવ વગેરે ધાન્યો, મહુડાં, દ્રાક્ષ, ખજૂર, સફરજન વગેરે મીઠાં ફળો, ગોળની રસી કે બીજી એવી શર્કરાવાળી ચીજોનો રસ કરી તેને હવામાં રાખવામાં આવે, તો તે છોડ તેમાં હવામાંથી પડે અને તે તેમાં વધે આ ખમીરો વધે ત્યારે તે રસ ઊફણે અને તેમાં દારૂ પેદા થાય. આપણાં ઘરમાં ઢોકળાં, ઇદડાં, ઈડલી, પાંઉ, વડાં, જલેબી વગેરે બનાવીએ છીએ, ત્યારે તેમના ખીરામાં પણ હવામાંનાં ખમીરોના છોડવા પડે છે અને, તે ખીરું પણ ઊફણે છે તેમાં પણ પુષ્કળ ખમીરના છોડવા વધે છે. આ ખીરું બાર કલાક સુધી ઊફણે તો તેમાં લાખો એવા છોડ પેદા થાય છે.

દારૂનાં કારખાનાંમાં મહુડાનાં મીઠાં ફૂલોનો રસ ઊફણે છે. તે રસમાં થોડુંક જૂનું ખમીર નાખવાથી તે ઊફણવાની ક્રિયા જલદીથી ચાલે છે ને ફદફદતા રસની ઉપર જે કચરા જેવું તરી આવે

છે, તેમાં [illegible]રી છોડવા હોય છે. જ્યારે દારૂ બનાવાય ત્યારે તે કચરાને નકામો ગણીને બહાર કાઢી નંખાય છે. આ ખમીરનો સ્વાદ કડવાશ મારતો હોય છે તેથી તે ખવાતું નથી. એ ખમીરમાંથી જર્મન વૈજ્ઞાનિકોએ કડવાશ કાઢીને મિઠાશ મૂકી અને તેનો ઉપયોગ લશ્કરીઓના ખોરાક તરીકે કરાવ્યો. ઇંગ્લંડે બીજા મહાયુદ્ધ વખતે ઇંગ્લંડને પણ એવી જ ખોરાકીની તંગી નડવાથી તેણે પણ એ ખમીરના પ્રયોગો કર્યાં, અને તેને સૂકવીને તેની ટીકડીઓ બનાવી પોતાના દેશનાં લશ્કરોને તે મોકલી. આવા ઉત્તમ માંસદ તત્ત્વ તથા 'બ' વર્ગનાં જીવનસત્વો (વિટામિન)થી ભરપૂર કેટલું ખમીર પેદા થાય તેનો ખ્યાલ મેળવવા એક દાખલો લઈએ: એક પીપમાંનું પ્રવાહી ચોવીસ કલાક ઊફણે તો તેથી જેટલું માંસદ તત્ત્વ પેદા થાય તેટલું તત્ત્વ મેળવવા સારુ બે વરસની ઉંમરના હૃષ્ટપુષ્ટ ચાર ગોધાઓને મારવા પડે! આવું ઉત્તમ માંસદ તત્ત્વ બનાવવા સારુ ગોળની રસી, બગડેલો કાળાશ પડતો ગોળ, માણસના ઉપયોગમાં ન આવે એવા બટાટા ને સફરજન વગેરે પદાર્થો વાપરી શકાય; આ ખમીરમાં પ્રાણિજ માંસદ તત્ત્વ જેટલું જ ઉત્તમ માંસદ તત્ત્વ જીવનસત્ત્વ બી પણ હોય છે. તે ખમીર ઉંદરો, મરઘીઓ, ગાયો વગેરે જાનવરોને પણ આપી જોવામાં આવ્યું. આથી ગાયોની શક્તિ, વજન ને દૂધ વધ્યું અને મરઘીઓ ૨૫ ટકા વધારે ઇંડા મૂકતી થઈ. માણસોને પણ આવા ખમીરનો ભૂકો ખોરાકમાં આપવામાં આવતાં શરીરનો બાંધો સુધર્યો.

આ છેલ્લી વાત આપણા ગરીબ દેશને માટે ઘણી અગત્યની છે. આપણે આપણાં ઘરમાં લાખ્ખો ખમીરી છોડ ઉત્પન્ન કરી વાપરી શકીએ તેમ છીએ. આપણાં ઢોકળાં, ઈદડાં, ખમણઢોકળાં, વડાં, હાંડવો અથવા ઢેંગેલું, વગેરેમાં સાંજે તૈયાર કરેલા ખીરાને સવારમાં આથો આવે છે. એવી ચીજો રોજ ખવાય તો તેમાંના ખમીરનાં ઉત્તમ માંસદ તત્ત્વો તથા 'બ' વર્ગનાં બધાં જીવનસત્ત્વોનો લાભ મળે. જો એવી કેટલીક ચીજોમાં ખીરું કરતી વખતે દહીં નાખ્યું હોય, તો તે જાતના પણ ખમીરી છોડવા તેમાં ઊગે. વળી સવારે બાંધેલી કણકની સાંજે ચીજો બનાવી હોય તો તેમાં પણ ખમીર પડે; અને તે ખમીર ત્યાં વધે અને તેથી તેને પણ આથો આવે. પછી દરરોજ જે આથો આવેલી કણક થાય તેમાંથી થોડી રાખી લઇ તેને બીજા દહાડાની કણકમાં ભેળવે, તો તે કણકમાં ખૂબ સારો આથો આવે. આવી ખમીરી રોટલી ખાવાની ટેવ પાડવામાં આવે, તો પ્રજાને ખમીરનો લાભ મળે.

જો અન્નાહારી પ્રજાને પોતાનાં અને પોતાની ભવિષ્યની પ્રજાનાં શરીર સુધારવાં હોય, તો તેમણે પોતાની ખાવાની ટેવો સુધારવાની જરૂર છે. તે રોજ સવારે બેત્રણ ઢોકળાં, ખમણ, હાંડવો અથવા ઢેંગેલું, ઈદડાં અને ઈદલી ખાય અને સાંજે ખમીરી રોટલી ખાય તો તેમનાથી માંસ, મચ્છી, ઇંડાં અને દૂધ જેટલો જ લાભ મળશે. આની વિરુદ્ધ કેટલાકો ખરચ અને કડાકૂટના સવાલ ઊભા કરશે. પણ આમાં કશી કડાકૂટ નથી. સાંજે જે કણક બંધાય છે તેને બદલે સાંજની રસોઇની કણક સવારે બાંધીને તેની સાંજે ચીજો બનાવવામાં આવે. ઢોકળાં વગેરે બનાવતાં તો માથાકૂટ નથી જ. વળી ઢોકળાં, ઇદડાં વગેરે પાછળ તો ખરચ પણ ઓછું થાય છે. એટલે આ ખોરાકથી બેવડો લાભ થશે.

('અખંડાનંદ'માંથી તારવીને) —હરરાય દેસાઈ

રાધાગાળી

અત્યંત સ્વરૂપવાન સ્ત્રીનું નામ 'કાળી' નથી હોતું? ને તદ્દન કાળી સ્ત્રીનું નામ 'ભૂરી' પણ હોય છે. તેવું જ એક અત્યંત સુંદર ફૂલો ને પત્રવાળી વેલનું નામ લડવાડિયું પડયું છે. નામ છે 'રાધાગાળી.' અને બીચારી કાંઈ આજની આવા નામે ઓળખાય છે? છેક પ્રાચીન વખતથી સંસ્કૃતમાં પણ એને 'કલિહારિકા' (એટલે 'કજિયાખોર નાર') નામે ઓળખવામાં આવી છે. પ્રાચીન કાળમાં એવી માન્યતા હતી, અને આજે પણ છે, કે કોઇના ઘરને છાપરે આ વેલાનો ટુકડો નાખવામાં આવે તો તે ઘરમાં વઢવાડ થાય. મરાઠીમાં પણ એને 'કળલાતી' કહે છે અને તેનો અર્થ પણ 'વઢવાડિયું' જ થાય છે. આપણાં ગામડાંમાં તો એવો શબ્દપ્રયોગ પણ રૂઢ થઇ ગયો છે કે જ્યારે કોઇના ઘરમાં સતત કલહ ચાલ્યા કરતો હોય ત્યારે 'એને છાપરે કોઈએ રાધાગાળી નાખી છે' એવું કહેવાય છે. એનું બીજું નામ 'લાગુલી' ને 'હલિની' છે. એનાં પાનનો આકાર (અને મૂળનો પણ કંઈક) હળ જેવો હોઈ, તે પરથી આ નામ પડયું હોય.

આ 'રાધાગાળી' આપણી વાડો પર ઊગે છે. તેના મૂળમાં કંદ હોય છે અને એ કંદ ઝેરી છે. આયુર્વેદે જે સાત 'સ્થાવર ઉપ-વિષો' ગણાવ્યાં છે તેમાં એ પણ છે; પણ બીજાં ઝેરોની પેઠે યોગ્ય માત્રામાં વાપરવાથી દવા તરીકે તેનો ઉપયોગ થઇ શકે છે. તેના ગુણ ઝેરકોચલાને મળતા છે; તે ભૂખ લગાડે છે, જ્ઞાનતંતુઓને બળ આપે છે ને તાવને દૂર કરે છે. એનો આકાર વછનાગને કંઇક મળતો હોઈ તેને 'દૂધિયો વછનાગ' કહે છે, પણ તે નામ યોગ્ય નથી. વછનાગ ને આ બન્ને જુદાજુદા વર્ગનાં છે. વછનાગ મોરવેલના વર્ગનો છે જ્યારે આ લસણ-ડુંગળીના વર્ગની છે. તેનાં ફૂલનો આકાર અગ્નિશિખા જેવો છે, તેથી સંસ્કૃતમાં તેને 'અગ્નિશિખા' કે 'અગ્નિજ્વાલ' પણ કહે છે. નાની જાતની જાસુદી જેવાં લટકાળાં એનાં ફૂલ, કુંડમાંથી ભડભડતા નીકળતા અગ્નિ જેવાં દેખાય છે. પાંદડાં પણ લહેરિયાંળાં ને સુંદર ગોઠવણીના હોય છે અને તેથી લૅટિનમાં તેને 'ગ્લોરિયોસા સુપર્બા' ('સર્વોત્તમ કીર્તિ') એવું નામ અપાયું છે. બગીચામાં ઉછેરવા જેવી નિતાન્ત સુંદર પરી એ છે. (ગુજરાત સમાચાર)

'હિઝ માસ્ટર્સ વૉઈસ'નો કૂતરો

વિખ્યાત ગ્રામોફોન કંપની 'હિઝ માસ્ટર્સ વૉઈસ'ના ટ્રેડમાર્ક પર આવતું વાજું સાંભળતા કૂતરાનું ચિત્ર અમારા કૂતરા પરથી દોરેલું છે. એ ચિત્ર દોરનાર મિ. ફ્રાન્સિસ બરોડ મારા કાકા થાય.

કૂતરાનું નામ નીપર. સને ૧૮૮૪માં બ્રિસ્ટલમાં એ જન્મેલો. એ કૂતરો ખાસ ઊંચી ઓલાદનો ન હતો, તે બુલડૉગના જેવી એની છાતી પરથી તમે જોઇ શકશો.

મારા કાકા ફ્રાન્સિસ બરોડ જ્યારે ગ્રામોફોન વગાડવા બેસતા ત્યારે નીપર ખરેખર એના ભૂંગળા પાસે મોં રાખીને 'સાંભળવા બેસતો. તેથી મારા કાકાના મનમાં થતું કે કૂતરો જાણે પોતાના શેઠનો અવાજ (His Master's Voice) સમજીને જ સાંભળવા બેસતો હોય એમ લાગે છે!

આ પરથી મારા કાકાએ એનું એ રીતનું ચિત્ર દોરી કાઢયું અને ગ્રામોફોન બનાવનારી એક પેઢીને બતાવ્યું. પરંતુ એ લોકોને એમાં ઝાઝો રસ પડયો નહિ એટલે ચિત્ર પાછું આપ્યું. ત્યારપછી એક મિત્રની સલાહથી એમણે ન્યૂ ગ્રામોફોન કંપનીને એ વેચ્યું, અને તે પછી તો અમારો નીપર જગવિખ્યાત બની ગયો. —ઇ. એમ. બરોડ

ટિકિટસંગ્રહ

આજનો એ સંસારવ્યાપી શૉખ કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

સંગ્રહ શરૂ કરવાની સાથે હવે તેનાં સાધનોનો પણ વિચાર કરવો જરૂરી છે. જોકે મધ્યમ સ્થિતિના શૉખીનો તેમજ વિદ્યાર્થીઓ માટે એ થોડું ખર્ચાળ નીવડે. પણ તમે પ્રારંભશૂર બનીને પછી આ રસ છોડી દેવાના ન હો, તો એનાં સાધનો વસાવી લેવાં હિતાવહ છે; કેમકે ટિકિટોની પરખ, સંગ્રહની રચના, વર્ગીકરણ, વ્યવસ્થા, સ્વચ્છતા, વગેરે માટે એ બધાં જરૂરી છે. એકસામટું ખર્ચ કરવાની ગુંજાયશ ન હોય તેણે ધીરેધીરે એ સાધનો વસાવી લેવાં; અને તાત્કાલિક ન જ ખરીદી શકાય એવી તંગ સ્થિતિ હોય તો અહીં જે સાધનો વર્ણવવામાં આવે તેના ઉપયોગનું તત્ત્વ સમજી લઈ, તે મુજબ સાદાં સાધનો સર્જી લેવાં; ને તે ય અશક્ય હોય ત્યાં કાળજીપૂર્વક ચલાવી લેવું.


દાખલા તરીકે આલ્બમો. તેના અનેક પ્રકાર આવે છે—બેત્રણ રૂપિયાથી માંડીને બેત્રણ ગીની સુધીના. પણ કોઈ ગામડાના ગરીબ વિદ્યાર્થીને આ શૉખ લાગ્યો હોય ને તેને માટે એ ખરીદી તત્કાલ અશક્ય હોય તો શરૂઆત માટે સ્વચ્છ કાગળોની મજબૂત નોટ બાંધી, તેમાં નીચેનાં વર્ણનો પ્રમાણેની યોજના, ખાનાં આંકીને કરી શકે.

શરૂઆત કરનાર પાસે થોડીક જ ટિકિટો હોય તો તેણે પ્રારંભ પૂરતું સામાન્ય કિંમતનું ચાલુ આલ્બમ ખરીદવું સારું. તેમાં જુદાજુદા દેશો માટે અલગ અલગ પાનાંઓ રાખીને, પાનાને મથાળે તે દેશનું નામ, તેનો ટૂંકો ભૌગોલિક તથા ઐતિહાસિક પરિચય, અને પિછાન માટે તે દેશની એકાદ બે ટિકિટોનાં ચિત્રો છાપેલાં હોય છે, અને તેની નીચે ટિકિટો ચોડવા માટે આખું પાનું ભરીને ખાનાં પાડેલાં હોય છે. પછી જ્યારે સારી સંખ્યામાં ટિકિટો થઈ જાય, ત્યારે પછી મોટાં ખાસ યોજનાવાળાં આલ્બમોમાં તે ખસેડી લેવી. એવાં આલ્બમોમાં દરેક દેશની એકેએક પ્રકારની ટિકિટ માટે ખાસ અલગ ખાનું હોય છે, અને તે ટિકિટનું સંક્ષિપ્ત વર્ણન અથવા તો ચિત્ર કાં તો એ ખાનામાં હોય છે, યા તો એ ખાનાંઓમાં નંબર પાડી તેની સામેના પાના ઉપર તેના નંબર વાર તેનાં વર્ણન આપેલાં હોય છે. જોકે આવાં આલ્બમોમાં પણ દુનિયાની બધી જ ટિકિટોનાં નિઃશેષ ચિત્રો આવવાં તો અશક્ય જ છે, કેમકે આજે દુનિયામાં બધી મળીને દોઢ લાખ જેટલા પ્રકારની ટિકિટો હશે!

બની શકે તો બે પૃષ્ઠની વચ્ચે કોરો કાગળ રાખેલાં આલ્બમો પસંદ કરવાં, જેથી સામસામાં પાનાં પર ચોડેલી ટિકિટો એકબીજીની સામે ઘસાઇને જફા ન પામે. યા તો, સામી બાજુ કોરી રાખીને એક જ બાજુ ચોડવાનાં ખાનાંવાળાં આલ્બમો આવે છે તે લેવાં. પણ આ બધી યોજનાઓમાં બંધાઈ રહેવું ન હોય ને પોતાની ઇચ્છા મુજબની કોઇ ખાસ રચનાથી ટિકિટો ચોડવી હોય, તો તેને માટે છુટ્ટાં પૃષ્ઠવાળાં આલ્બમો પણ આવે છે, જેમાં તમે ઇચ્છા મુજબ સમૂહો યોજી શકો ને ચાહો ત્યારે તેમાં ફેરફારો પણ કરી શકો. વળી જેઓ અમુક એક જ દેશની ટિકિટોનો સંગ્રહ કરતા હોય, અને એમનો એ સંગ્રહ આલ્બમનાં પાનાંમાંનાં ખાનાંની સંખ્યા ઉપરવટનો થઇ જાય, તેઓને માટે પણ છૂટ્ટાં પૃષ્ઠ કોરાં આલ્બમો જ સારાં. આલ્બમોમાં બે પ્રકારના કાગળો આવે છે: ધોળા ને કાળા. કેટલાક કાળા કાગળો પસંદ કરે છે, જેથી ટિકિટોનો રંગ ઊઠાવ પકડે. પણ એ તો જેવી જેની રુચિ.

બીજું સાધન છે 'હિન્જિઝ', એટલેકે ગુંદરવાળા પાતળા પારદર્શક કાગળની બેવડી વાળેલી ટિકડીઓ, જેને ટેકે જ ટિકિટો આલ્બમમાં ચોડી શકાય. આલ્બમનાં પાનાં પર કદી ટિકિટો સીધેસીધી લપેડી ન દેવાય; કે તેના છેડા ચિટકાવીને પણ ન ચોડાય એથી ટિકિટોને જફા પહોંચે, આલ્બમ ગંદું થાય, ને ટિકિટસંગ્રહમાં આપણે બુડથલ ગણાઇએ. મિજાગરાં પેઠે બેવડી વાળેલી એ 'હિન્જ'નો એક છેડો ટિકિટ પર

'કુમાર'ના ૩૨૧મા અંકમાં આવેલી 'દેવનાગરી લિપિમાં રદ્દીકરણ'વાળી નોંધના અનુસંધાનમાં ભાઇ રાજેન્દ્ર રમણિકલાલ ભટ્ટ આ માહિતી તથા ચિત્રસામગ્રી મોકલે છે: 'દેવનાગરીમાં માત્ર "જય હિંદ" શબ્દોવાળું પ્રથમ રદ્દીકરણ તા. ૧૫-૮-૪૮ના રોજ થયું'તું. તે પણ બીજી વાર સંપૂર્ણ દેવનાગરીમાં રદ્દીકરણ "૫૫મી કૉંગ્રેસ ગાંધીનગર જયપુર ૧૫-૧૨-૪૮"ની છાપ સાથેનું થયું. એ એક જ રદ્દીકરણની આખી છાપ દેવનાગરીમાં છે. આ વખતની નાસિક કૉંગ્રેસ વખતના રદ્દીકરણની છાપ પણ આખી જ દેવનાગરીમાં નથી; તેમાં તારીખ અંગ્રેજીમાં છે. એવી જ છાપ ૨૬-૧-૫૦ના રોજ પ્રજાસત્તાકની જાહેરાતના દિને કલકત્તા, મુંબઈ વગેરેની પોસ્ટ ઑફિસોએ મારી હતી. આ જોતાં આ વખતનું રદ્દીકરણ દેવનાગરીમાં ચોથી વારનું ગણાય. પણ સંપૂર્ણ નાગરી લિપિમાં તો ૧૫-૧૨-૪૮ના દિવસે જ થયું છે.'





જૂનાગઢમાં નવાબનું રાજ્ય હતું ત્યારે તેની 'સોરઠ સરકાર' તરફથી રાજ્યની આંતરિક ટપાલ માટે 'સૌરાષ્ટ્ર પોસ્ટેજ'ના નામથી ચાર પ્રકારની ટિકિટો નીકળેલી: ૦। આનો, ૦॥ આનો, ૧ આનો અને ૨ આના. તે પૈકી ૦॥ આના વાળી ટિકિટ અહીં આપી છે, જેના ઉપર ગીરના સિંહનું ચિત્ર છે.

ચોડીને, પછી બીજો છેડો આલ્બમમાં ચોંટાડવો અને આમ, તેને ટેકે જ ટિકિટને આલ્બમમાં વળગેલી રાખવી.

આ ઉપરાંત ટિકિટો તપાસી જોવા માટે આકૃતિને મોટી કરી બતાવનારો 'બહુદર્શી' કાચ (મૅગ્નીફાયિંગ ગ્લાસ); ટિકિટોને પકડવા, ચોડવા, ઉખેડવા તથા હેરવવાફેરવવા માટે કાટ ન વળે એવી ધાતુનો નાજુક ચીપિયો; પરફોરેશન (ટિકિટોની ચોમેરની કાંગરીઓ) માપવાનો ખાસ 'ગેજ'; ટિકિટમાંનો 'વૉટરમાર્ક' તપાસવા માટેનું સાધન; રંગ-પરખનો ભોમિયો; વર્ગીકરણ કરેલી ટિકિટોને આલ્બમમાં ચોડતાં પહેલાં અલગ અલગ રાખવા માટેની, નાનાનાના સંપુટોવાળી સંગ્રહપોથી, અને તેના ખર્ચમાં ન ઊતરવું હોય તો પાતળા પારદર્શક કાગળોની જુદાજુદા કદની કોથળીઓ કે કવરો; તથા આખાં કવર તેમજ પોસ્ટકાર્ડને અકબંધ આલ્બમમાં ચોડવા માટે, ગુંદર લગાડેલા ટચુકડા (ફોટોગ્રાફો ચોડવાના) ખૂણિયા આવે છે તે. આટલી વસ્તુઓ પણ સંગ્રાહકે વસાવવી જરૂરી છે. ગુંજાયશ ન હોય તે આમાંની શક્ય તેટલી વસ્તુઓ વસાવે; અને બાકીની ક્રમશઃ મેળવી શકે. (ચાલુ)

આમાસ (નવેમ્બર) ઇતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

આ માસના દિનવિશેષ

તા. ૧ અલ્લાહાબાદમાં દબદબાભર્યા દરબારમાં મહારાણી વિક્ટોરિયાનો ઢંઢેરો, ૧૮૫૮.
તા. ૩ મુંબાઈમાં ધરતીકંપના ભયંકર આંચકાથી લાખોના જાનમાલનું નુકસાન, ૧૮૫૪.
તા. ૭ છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહનું રંગૂનમાં કેદી રૂપે મૃત્યુ, ૧૮૬૨.
તા. ૧૦ ઇસાઈ ધર્મમાં ક્રાન્તિ આણનાર માર્ટિન લ્યૂથરનો જન્મ, ૧૪૮૩.
તા. ૧૧ કથકલ્લી નૃત્યના પુનરુદ્ધારક કેરલ-કોકિલ કવિ વલ્લાથોલનો જન્મ, ૧૮૭૮.
તા. ૧૨ લંડનમાં હિંદી સ્વાતંત્ર્યની વિચારણા માટેની પહેલી ગોળમેજી પરિષદ ૧૯૩૦.
તા. ૧૫ સ્વાતંત્ર્યવાંછુ શિક્ષણ આપતી ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૨૦.
તા. ૧૯ હુમાયૂંના સરદાર હિંદલ મિરઝાંની પુત્રી રકિયા સાથે અકબરનું લગ્ન, ૧૫૫૧.
તા. ૨૦ મદ્રાસ પાસે સઇદાપેટમાં પહેલી ઍગ્રીકલ્ચરલ કૉલેજ ખુલ્લી મુકાઈ, ૧૮૭૬.
તા. ૨૩ બાવન વર્ષ ગુજરાત પર હકૂમત ચલાવી મહમદ બેગડો મૃત્યુ પામ્યો, ૧૫૧૧.
તા. ૨૯ રાજા રામમોહન રૉયે ડેવિડ હેર સાથે મળી પ્રથમ હિંદુ કૉલેજ સ્થાપી, ૧૮૧૬.

માસની વ્યક્તિવિશેષ: સુન-યાત-સેન

તંદ્રા ને તાબેદારીમાંથી ચીનના આત્માને મુક્ત કરી ઉદ્ધારનાર, ચીનના આંતારણહારનો જન્મ, દક્ષિણ ચીનના



ક્વાન્ટુંગ પ્રાંતના હૉનસાન નામે ગામમાં, ઈ. ૧૮૭૦ની ૧૨મી નવેમ્બરે ગરીબ ખેડૂત કુટુંબમાં થએલો. બચપણથી જ સાહસિક સ્વભાવ, તેજસ્વી કલ્પના અને દુખિયાં પ્રત્યે સમભાવવાળો એ જુવાન તેરમે વર્ષે રૂઢિચુસ્ત કુટુંબની બંધિયાર પ્રણાલિઓ ફગાવી હોનોલુલુની હાવાઈ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા ગયો. ત્યાંથી હૉંગકૉંગ જઈ અમેરિકન તબીબી વિદ્યાલયમાંથી ૧૮૯૨માં ડૉક્ટર થઇને ત્યાં દવાની દુકાન કાઢી. સાથેસાથે ક્રાંતિકારીઓની ભૂગર્ભપ્રવૃત્તિમાં પણ ભાગ લેવા માંડ્યો. ચીનની પ્રજાને પીડતા ને રૂંધતા મંચુ રાજવંશની સામે ૧૮૯૫માં થએલા કાવતરામાં તે સંડોવાએલો પણ તેમાંથી છટકી જતાં, બીજા સાથીદારોની જેમ ફાંસીમાંથી બચી ગયો.

દુનિયાના અન્ય મુલકોમાં દેશવટાનો રખડપાટ ભોગવતાં ભોગવતાં, દેશના ઉદ્ધાર માટે તેને રાષ્ટ્રભક્તિથી પ્રેરિત લોકશાહી સમાજવાદી બળવાની જરૂર હવે અનિવાર્ય લાગી. આ માટે તેણે હોનોલુલુમાં 'સિંગ ચુંગ હૂઇ' (ઉત્થાન પામતું ચીન) નામે મંડળ કાઢ્યું, મુક્ત ચીનનો રાષ્ટ્રધ્વજ નક્કી કર્યો ને બીજે વર્ષે હૉંગકૉંગ આવી દોઢ દાયકામાં તો દેશમાં ક્રાન્તિની ભાવના પ્રસારી દીધી.

ચીનના વિકાસ માટે વિદેશી મૂડી અને વૈજ્ઞાનિકો લાવવા તે યુરોપ-અમેરિકા ગયા. ત્યાં આ ભયંકર ક્રાન્તિકારીનો કાંટો કાઢી નાખવા ચીની સરકારે લંડનમાં તેનું અપહરણ કરાવ્યું, પણ ઈંગ્લંડની વિદેશ કચેરીને તેની જાણ થતાં તેને છોડાવ્યા. ફરી પાછા તે ચીન થઈ જાપાન ગયા અને ત્યાં રહ્યે રહ્યે, ૧૯૦૦ના બૉક્સર બંડ પછી ૧૯૦૨માં કૅન્ટનમાં ને ૧૯૦૪માં હુનાનમાં બળવા યોજ્યા, પણ તે નિષ્ફળ ગયા. ફરી ૧૯૦૬-૮ અને ૧૯૧૦ની ક્રાન્તિઓ પણ નિષ્ફળ ગયા બાદ ૧૯૧૧નો મોટો વિપ્લવ ભભૂકી ઊઠ્યો. ચીનના સમ્રાટે તેને કચડી નાખવા મોકલેલા બળવાન સેનાપતિ યુઆન-ચિહ કઇને, પ્રજાસત્તાક ચીનનો પ્રથમ પ્રમુખ થવા લલચાવી તેમણે પોતાને પક્ષે જીતી લીધો. પરિણામે સમ્રાટને ગાદીત્યાગ કરવો પડ્યો ને સ્વતંત્ર ચીનનું સુનનું સ્વપ્ન ફળ્યું. પણ તેમાં પોતે કોઈ ઊંચું સ્થાન ન લેતાં, વિદેશોમાંથી ઘણુંઘણું શીખી લઈ પોતાના દેશને ઊંચે આણવા તે જાપાન ગયા. પણ પાછળથી દેશમાં ઝગડા ને અંધેર શરૂ થયાં; યુઆન રાજપદ ત્યાગી માંદો પડ્યો, ને નિષ્ફળ તથા ગૌરવભંગ થઈ મરી ગયો; એટલે ફરી ડૉ. સુને પાછા આવી નવી વિપ્લવવાદી સરકાર સ્થાપી અને પોતે તેના પ્રમુખ થયા. પણ પરિસ્થિતિ થાળે પડીને મજબૂત સ્વતંત્ર સરકાર રચાય તે પહેલાં જ તે ઈ. ૧૯૨૫ની ૧૨મી માર્ચે કૅન્સરના દર્દથી અવસાન પામ્યા.

આ માસનો પ્રસંગવિશેષ: પેશ્વાઇનો અંત લાવનારું યરવડાનું યુદ્ધ

હજી થોડા દિવસો પર જ ખડકીના યુદ્ધમાં અંગ્રેજો અને મરાઠાઓએ એકબીજાની તાકાત માપી લીધી હતી. પેશ્વાઈના ધણી બાજીરાવના કમનસીબને લીધે બાપુ ગોખલે સરખા સેનાનીઓ હોવા છતાં મરાઠાઓને વિજય ન જ મળ્યો. જાણે મરાઠાશાહીનો અસ્તકાળ બેસી ચૂક્યો હતો. કોઈમાં યે હવે પેશ્વાઇને જાળવી રાખવાની ત્રેવડ નહોતી રહી. એલ્ફિન્સ્ટને આ પરિસ્થિતિનો લાભ લઇ જનરલ સ્મિથને પેશ્વા સામે મોકલ્યો. તેણે યરવડા પાસે એક ટેકરી પર તંબૂ તાણ્યા. અક્કલકોટકરની ફોજે તથા નારોપંત આપટેએ તેને પાછો કાઢવા ઘણા પ્રયત્નો કર્યા, પણ નિષ્ફળ. આખરે સં. ૧૮૭૩ના કાર્તિક શુદ ૮ ને રવિવારે મરાઠાઓએ યુદ્ધની શરૂઆત કરી અને ૧૮૧૭ની ૧૬મી નવેમ્બરે મરાઠા તોપો ધણધણી ઊઠી. ઘોરપડી પાસેની ખંડેરાવની ટેકરી પરથી તોપો ચલાવી મરાઠાઓએ પોતાનો મોરચો મજબૂત કર્યો. આરબ અને ગોસાવી પાયદળો નદી પાર જઇ ત્યાંથી ગોળીઓ વર્ષાવી. પણ કૂટનીતિમાં કુશળ અંગ્રેજોએ વિંચુરકરને ફોડ્યો અને તે રાત્રીએ તોપો સાચવતા ગોખલે, પુરંદરે, રાસ્તે, આપટે અને પટવર્ધન વગેરેની મંડળી પર છાપો માર્યો. વિંચુરકરે તોપો ચલાવી નહિ. આથી એ હુમલામાં ગોખલે વગેરે સૌ કામ આવી ગયા. અંગ્રેજોએ હવે તોપો હાથ કરી લઇ મરાઠાઓ પર જ તે માંડી અને યુદ્ધની એ પહેલી રાતે જ પેશ્વાને નાસી જવું પડ્યું. અને આમ રહીસહી તાકાત પણ ઓસરી જતાં વર્ષોથી ચાલી આવતી એક કાળની મહાન પેશ્વાઇનો અંત આવ્યો.

પંડિત ઔર મશાલચી, દોનો સૂઝત નાહીં
ઔરનકો કરે ચાંદની, આપ અંધેરે માંહી*

હજરત અલી સાહેબ એક રાત્રે મીણબત્તી સળગાવી રાજ્યના ખજાનાનો હિસાબ કરતા હતા, ત્યાં બે સરદારો એમને ખાનગી કામે મળવા આવ્યા. તેમને ઈશારતથી બેસાડી, કામ પૂરું થતાં હજરત સાહેબે પેલી મીણબત્તી બુઝાવી નાખી, અને મેજમાંથી બીજી મીણબત્તી સળગાવી વાત શરૂ કરવા કહ્યું. આથી આશ્ચર્ય પામી સરદારોએ કારણ પૂછતાં હજરત સાહેબે કહ્યું, 'અત્યાર સુધી હું રાજ્યનું કામ કરતો હતો, તેથી મેં રાજ્યની મીણબત્તી સળગાવી હતી; હવે આપણું અંગત કામ હોવાથી તે માટે રાજ્યની મીણબત્તી સળગાવું તો હું ચોર ને અપ્રમાણિક ઠરું. તેથી આ મારી પોતાની મીણબત્તી સળગાવી છે.

* વિદ્વાન પુરુષો ને મશાલચી, એ બે કદી જાહેરની નજરે પડતા નથી; તેઓ બીજાને પ્રકાશ આપે, પણ પોતે અંધારામાં જ રહે છે.


અનેકાર્થી શબ્દ: **ચપરાસ**=સિપાઈના પટ્ટાની પિત્તળની તકતી.(તે પરથી ચપરાસી =પટાવાળો) મિજાગરું; બડાઈ કે પતરાજી.

કહેવતોના અર્થ: 'સોનાની જાળ પાણીમાં નાખવી.'(ક્યાંક 'ઝારી' શબ્દ પણ વપરાય છે.)-શબ્દાર્થ કહે છે તે મુજબ, સોનાની જાળ(કે ઝારી)પાણીમાં નાખવામાં જેમ તેની ખરાબી અને અનુચિત ઉપયોગ રહેલાં છે, તે જ રીતે, જેમાં માન સાચવવાનો સંભવ ન હોય તેવું પગલું ભરવામાં કે બે લવામાં ગેરડહાપણ છે, એ આ કહેવતનો બોધ છે

ઝાંખા પડી ગએલાં કે ડાઘવાળાં રૂપાનાં વાસણને મેથિલેટેડ સ્પિરિટવાળા પૂમડાથી ઘસવાથી ડાઘ નીકળી જશે. પછી હમેશ મુજબ પૉલિશ કરી લેવાં.




આ શું લખ્યું છે ? ઊકલે છે ? આ અંકની નીચલી ધાર નાકને સમાંતરે રાખીને વાંચશો તો ઊકલશે : સાલ મુબારક, કુમાર.




૩૧૮મા અંકમાં રોગ ફેલાવનારા જંતુઓનું બોધચિત્ર આપ્યું હતું. એવા જ આ ઉપર થોડા વિશેષ જંતુઓનાં ચિત્રો આપ્યાં છે. પણ એમને રખે રોગ ફેલાવનારા માની બેસતા ! એ તો છે (૧) દૂધમાંથી દહીં બનાવી આપનારા; (૨) ફળના રસમાંથી આલ્કૉહૉલ કરી આપનારા; (૩) સરકો તૈયાર કરી આપનારા ને (૪) પનીર બનાવનારા આથો લાવતા જંતુઓ. માનવીને એ બધા લાભદાયી છે.

આ નીચે એક સરસ રમત આપી છે. એમાં એક જણે, કોઈ પણ આંકડાથી શરૂ કરી બીજા કોઈ પણ એક આંકડા સુધી સીધી લીટી દોરી આરંભ કરવાનો; તથા બીજાએ એ ક્રમવાર એ લીટીને ફાવે તે એક આંકડા તરફ લંબાવતા જવાની, અને એ દરેક નવા આંકડાનો સરવાળો કરતા જવાનો. પણ ધ્યાનમાં એ રાખવાનું, કે એ આવતા સરવાળાની સંખ્યા ચાર કે સાત વડે નિઃશેષ ભાગી ન શકાવી જોઈએ. આ ભૂલ કરી બેસનારે ૭ ગુણ ગુમાવવા પડે. લીટી લંબાવતી વખતે જ તે લંબાવનારે પોતે જે આંકડા તરફ જતો હોય તે આંક આગલા સરવાળામાં ઉમેરી, આવે તે સરવાળો મોટેથી બોલવાનો. અને એમાં જો તે ભૂલ કરતો હોય, અને તેની એ ભૂલ. તેના પછીનો રમનાર લીટી આગળ વધારી દે તે પહેલાં સાંભળનારા ન પકડી પાડે, તો તે દરેક સાંભળનારે પણ સાતસાત ગુણ ગુમાવવા પડે! ૨૧ ગુણ ગુમાવનાર રમતમાંથી બાતલ થાય. એક બીજી શરત એ કે એક વાર વપરાઇ ચૂકેલા આંકડા તરફ ફરી લીટી ન દોરી શકાય, તેમજ કોઇ પણ દોરાએલી લીટીને છેદીને પણ ન જઈ શકાય. આમ, લીટીને કાપ્યા વગર, નહિ વપરાએલા આંકડા તરફ જો કોઈ રમનાર લીટી લંબાવી ન શકે, અને બીજો કોઈ એ કરી બતાવે તો પેલા રમનારે રમતમાંથી ખસી જવું પડે. આ નિયમાનુસાર જ્યારે બધા જ રમનારાઓ લીટીને લંબાવવા અશક્ત થાય ત્યારે રમત પૂરી થઇ ગણાય અને સૌથી ઓછા ગુણ ગુમાવનાર જીત્યો ગણાય.

કલાકણિકા



રોજિંદા વાપરની ચીજોને કલાની અર્ચના કરવામાં ચીન-જાપાનની પ્રજા વિખ્યાત છે. ગયે અંકે ચૂંગી ને તંબાકુ રાખવાનાં સાધનો આપ્યાં હતાં, એવો જ સુશોભિત આ નાનો દાબડો પંખા રાખવા માટે છે.



નવાં પુસ્તકો

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયનાં પ્રકાશનો

પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓની પિછાન આપતું, કિશોર વાચકો તથા જ્ઞાનેચ્છુઓને ગમે તેવું પુસ્તક: લેખક, વિજયગુપ્ત મૌર્ય, ૧-૪-૦; **ગૃહ ગૃહિણી અને ગૃહસ્થ** : ઘરમાં સુખશાંતિ પ્રસરાવતા વિચારો પીરસતું મનનીય પુસ્તક–લેખક, લાલભાઈ કહાનભાઈ દેસાઈ, ૧-૪-૦; **સંતગુરુનો પરિચય**: સ્વ. લલ્લુભાઈ ગોવર્ધનદાસના જીવનચરિત્રના, વેદાંત ચર્ચતા ચોથા ભાગનું પુનઃપ્રકાશન –લેખક, સ્વામી પ્રકાશાનંદજી ૨-૦ ૦; **મહાત્મા ટૉલ્સ્ટૉયનું** જીવનચરિત્ર, ૧ ૪-૦; શ્રી સુન્દરમે વિશદતાથી લખેલું **મહાયોગી શ્રી અરવિંદનું** સંક્ષિપ્ત જીવનચરિત્ર, ૦·૪·૦; **સત્સંગમાળા**: ચિત્તશાંતિ અને આનંદપ્રાપ્તિ કરવાની પુસ્તિકા: લેખક મગનલાલ હરિભાઇ વ્યાસ, ૦ ૬ ૦; શ્રી સહજાનંદ સ્વામી નિર્મિત **શિક્ષાપત્રી**: શ્રી કિશોરલાલભાઇના આમુખ સાથે, ૦-૬·૦; નાનાં બાળકોને આકર્ષક બને તેવી, સુંદર ઉઠાવ તથા ચિત્રોવાળી, મોટા અક્ષરથી છાપેલી બાળવાર્તાઓ–**કુણાલ**, (૦ ૮ ૦, ને **ભીમભાઇનું પહેરણ** (૦ ૪-૦) લેખક, છોટુભાઈ જોઇતારામ ભટ્ટ; **વિક્રમની વાર્તાઓ**: કવિ શામળ ભટ્ટની સિંહાસન બત્રીસી ઉપરથી શ્રી કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇએ તૈયાર કરેલી વાર્તાઓ, ૨·૮·૦; એ જ લેખકે કરેલી કવિ શામળ ભટ્ટની એવી જ લોકપ્રિય અને રસભરી વાર્તા **મદનમોહના** ૦·૪-૦; **ભીમનાં પરાક્રમો**ની કુશળતાથી આલેખાએલી બાલપ્રિય વાર્તાઓ: લેખક, માધવજી ગોવિંદજી પટેલ, ૧-૪·૦; **સંક્ષિપ્ત કેશવકૃતિ** : એક કાળના લોકપ્રિય કવિ કેશવલાલ હરિરામ ભટ્ટના જાણીતા કાવ્યસંગ્રહ 'કેશવકૃતિ' તથા 'અનુભવનો ઉદ્‌ગાર'માંથી ચૂંટેલાં, ગાઈ શકાય તેવાં કાવ્યો-ગીતો, ૦-૪-૦; **સંત મૂળદાસ**ના સંતજીવનના આઠ પ્રેરણાત્મક પ્રસંગો: પ્રયોજક, મોરારજી છગનલાલ ઠક્કર, ૦-૬-૦; શ્રીમદ્ શંકરાચાર્ય વિરચિત **હસ્તામલકસ્તોત્ર અને વાક્યસુધા**: અનુવાદક, ગિરિજાશંકર મયાશંકર શાસ્ત્રી, ૦ ૨-૦; **સાહેબની વાણી**: ભક્તકવિ રવિ, ભાણ અને મોરારનાં પ્રચલિત અને ગ્રંથસ્થ ભજનોમાંથી ચૂંટેલાં ૧૨૧ ભજનોનો નાનકડો સંગ્રહ –સંપાદક, નાનાલાલ પ્રાણજીવન વ્યાસ, ૦ ૪-૦; **પ્રશ્નોત્તર રત્નમાળા ને જીવનમુક્ત આનંદલહરી** : શ્રીમદ્ શંકરાચાર્ય વિરચિત અદ્વૈતવાદનું સમર્થન કરતા પ્રશ્નોત્તરો–અનુવાદક, ગિરિજાશંકર મયાશંકર શાસ્ત્રી, ૦-૩-૦; કાકાસાહેબ કાલેલકર રચિત **ગીતાસાર**: ૦ ૪-૦; **શ્રીમદ્ ભગવદ્‌ગીતા**: ગુજરાતી સરલાર્થ સહિત ૨૨મી આવૃત્તિ, ૦·૧૨ ૦; **અંતર-નિરીક્ષણ**: પોરબંદર નરેશ શ્રી નટવરસિંહજીનાં વિચારરત્નો–૧-૦-૦; **સૌથી પહેલા દાદાજી** : આદિ માનવના જીવનની એક બાજુનું આછું બાલભોગ્ય કલ્પનાચિત્ર આલેખતી, 'કુણાલ' અને 'ભીમભાઇનું પહેરણ'ની ઢબની પુસ્તિકા–લેખક, છોટુભાઈ જોઇતારામ ભટ્ટ, ૦-૬·૦. **વીર હનુમાન**ના આત્મસમર્પણ ને વીરતાનો આદર્શ સમજાવતું બાલોપયોગી પુસ્તક. લેખક: સોમાભાઈ ભાવસાર, ૦–૩–૦. **કબીર સાહેબનું જીવન**, તેમની વાણી અને સિદ્ધાંતનો સુંદર ખ્યાલ આપતી પુસ્તિકા. લેખક: મણિલાલ તુલસીદાસ મહેતા, ૦-૬-૦; **સદાચાર અને સુખ**નો સાચો પરિચય કરાવી તે તરફ દોરાવા પ્રેરતું ઉપાધ્યાય સિદ્ધમુનિનું કથન, ૧-૮-૦; **કવિ ગંગ કહે...** અકબરના પ્રખ્યાત કવિ ગંગના સુબોધક કાવ્યોનો સંગ્રહ, સંપાદક કાંતિલાલ શ્રીધરાણી, ૦–૩–૦; **ક્વાથ ઔષધિ**: શારીરિક તંદુરસ્તી માટે ખાસ ઉપયોગી એવા એક સો ક્વાથ, પ્રયોજક: માધવ મો. ચૌધરી, ૦–૬–૦; **ગુજરાતનાં તીર્થસ્થાનો**નો રસમય પરિચય કરાવતા દુર્ગાશંકર કે. શાસ્ત્રીના પુસ્તકની બીજી આવૃત્તિ, ૧–૪–૦; **સોનાનો સૂરજ** : ભારતીય ગ્રામોદ્ધારને સુંદર માર્ગદર્શન આપતાં પ્રસંગચિત્રો. લેખક: પીતાંબર પટેલ, ૧–૪–૦; **કાકાનો સંજય** : મિસર દેશની પ્રાચીન સંસ્કૃતિની રસમય માહિતી આપતું શ્રેયસ પ્રકાશનનું બાલભોગ્ય સચિત્ર પુસ્તક, ૧–૧૨–૦.


ઈતર

દંત કાવ્યમાળા અને **તમારા દાંત કેવા છે?** ડૉ. ડેખશરૂ દોરાબજી જીલાના દંત સાહિત્યમાળાના બીજા બે નવાં (નં ૪૨ અને ૪૩) પુસ્તકો. ડૉ. કે. ડી. જીલા ડેન્ટલ ક્લિનિક, નવસારીને સરનામે ચાર આના ને બે આનાની ટિકિટો મોકલવાથી મળશે. **આદર્શ વિદ્યાર્થી** વિદ્યાર્થીઓને (ખાસ કરીને હાઈસ્કૂલના) આચારવિચારનો હિતકર, પથ્ય, ને ઇષ્ટ જ્ઞાનબોધ આપતી પુસ્તિકા: યોજક-પ્રકાશક લલ્લુભાઇ બ. પટેલ ચરોતર એજ્યુકેશન સોસાએટી આણંદ; ૦-૮-૦ નવી દિલ્હીની સર્વોદય આયોજન સમિતિએ રજૂ કરેલા **સર્વોદય યોજનાના સિદ્ધાન્તો** : અનુવાદક-ઝવેરભાઈ પટેલ, પ્રકાશક મુંબાઈ ઉપનગર જિલ્લા ગ્રામોદ્યોગ સંઘ, મુંબાઈ, ૦·૧૨-૦; **गीत गोविंद स्वादु स्वादु पदे पदे** એવા આ જયદેવ સંકીર્તનનું મૂળ પ્રતનું શોધન કરી સરળતાથી સમજી શકાય તેવી રીતે તૈયાર કરેલ રસકાવ્ય. સ્વામી દિગંબરજી–પ્રકાશક: કૈવલ્યધામ રાજકોટ, ૧–૮–૦


વ્યાપક ધર્મભાવના: ગાંધીજીનાં ધર્મવિષયક લખાણોમાંથી તારવીને તૈયાર કરેલા પુસ્તકનું પુનર્મુદ્રણ. પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૨–૮–૦.

અશોકવનમાં સીતા • ચિત્રકાર : સોમાલાલ શાહ





શ્રીમતીનું સમર્પણ • કવિવર રવીન્દ્રનાથના 'નટીર પૂજા' (નટીની પૂજા) નામના નાટકના વિષયનું, વડોદરાના કીર્તિમંદિરની દીવાલ પરનું સુંદર ભિત્તિચિત્ર. (વિગતવાર વર્ણન માટે પાછળ જુઓ) કલાકાર • શ્રી નંદલાલ બોઝ



ઇતિમાદ-ઉદ્-દૌલાના મકબરામાંનું જડતરકામ (ફોટો · બલવન્ત ભટ્ટ)

ગયા અંકના પૂઠા ઉપર જેનો નમૂનો આપ્યો હતો તે, સફેદ આરસમાં મોંઘા રંગીન પત્થરોના જડતરકામની કારીગરીનાં હિંદમાં જે ગણ્યાંગાંઠ્યાં શ્રેષ્ઠ સ્થળો છે તેમાં આગ્રાનો ઇતિમાદ-ઉદ્-દૌલાનો મકબરો પ્રખ્યાત છે. નૂરજહાંના પિતાની કબર ઉપર શાહાનશાહ જહાંગીરના રાજ્યકાળમાં બંધાએલો એ રોજો ઈ. ૧૬૨૮ લગભગ પૂરો થએલો; અને જેવો સ્થાપત્યની દૃષ્ટિએ એ વિશિષ્ટ છે તેવો જ, જડતરકામમાં તો, શાહજહાંએ પાછળથી બંધાવેલાં તાજ વગેરેમાંની કારીગરી કરતાં પણ ચડિયાતો છે. આના કરતાં પણ ઉત્કૃષ્ટ શોભનકલા દાખવતી દિલ્હીની જમાલી-કમાલીની મસ્જિદમાંની કારીગરીનું શ્રી બલવન્ત ભટ્ટે કરાવેલું ફોટો-દર્શન આવતા અંકમાં જોશો.



શ્રીમતીનું સમર્પણ પાછળ દર્શાવેલા લાંબા ભિત્તિચિત્રના સૌન્દર્યનો ખ્યાલ આપવા માટે તેમાંની એક તકતીનું મોટું કરેલું ચિત્ર) કલાકાર • **શ્રી નંદલાલ બોઝ**

કવિવર ટાગોરના જાણીતા નાટકમાંનો આ પ્રસંગ એમણે ટૂંકી કથા રૂપે પણ લખ્યો છે, જેનો અનુવાદ શ્રી ઝવેરચંદ મેઘાણીએ 'કુરબાનીની કથાઓ'માં 'પૂજારિણી' નામથી આપ્યો છે. વસ્તુ બંનેનું એક હોવા છતાં સંયોજનમાં ફેર છે. નાટકમાં કથા એવી છે કે બૌદ્ધધર્મી મહારાજા બિંબિસારનો પુત્ર અજાતશત્રુ બ્રાહ્મણધર્મની અસર નીચે આવતાં, એ ધર્મના આચાર્ય દેવદત્તનો પ્રેર્યો બૌદ્ધ પૂજા બંધ કરાવાનું ફરમાવે છે. બિંબિસારની રાણી લોકેશ્વરીનો એક પુત્ર ચિત્ર, યુવાનવયે જ ભિક્ષુ થઈ જતાં, તેની વેદનાથી તેનામાં એ ધર્મ પ્રત્યે કટુભાવ જાગતો છતાં, તેની અંતરતમ શ્રદ્ધા અચલ છે. પણ રાજકુમારી રત્નાવલીને એ ધર્મ પ્રત્યે ઘણો દ્વેષ છે. વસંતપૂર્ણિમાને દિને ભગવાન બોધિસત્ત્વનો જન્મોત્સવ ઊજવવા માટે અશોકવનમાંના તેમના આસને પૂજા-નિવેદન કરવાનું કાર્ય, બૌદ્ધધર્મમાં રત એવી નટી શ્રીમતીને શિરે આવે છે. એવામાં ખબર આવે છે કે મહારાજા બિંબિસારનું ખૂન થયું છે અને બ્રાહ્મણધર્મની આણ વર્તાવી બૌદ્ધ પૂજાની બંધી ફરમાવવામાં આવી છે. આ તકે રત્નાવલી, શ્રીમતીનું તેમજ બૌદ્ધ ધર્મનું અપમાન કરવા, તેને સ્તૂપ આગળ નાચ કરવા ફરમાવે છે. ભગવાન પાસે નૃત્ય કરવું તે પણ પૂજા જ છે એમ સમજી શ્રીમતી નૃત્ય કરે છે, અને પછી એક પછી, એક વસ્ત્રાલંકારો અળગાં કરતી જાય છે. તેમાં છેવટે બૌદ્ધ ભિક્ષુણીનું પીળું વસ્ત્ર રહે છે; એ જોતાં જ, રાજાજ્ઞાને લીધે રક્ષિણીઓ તેનો વધ કરે છે. શ્રીમતી આત્મસમર્પણ કરી સંતોષથી મરે છે. એ જોઈને સૌનાં મનનું પરિવર્તન થાય છે.

પાછળ દર્શાવેલી ચિત્રપાટીના પહેલા ચિત્રમાં નટી શ્રીમતી પૂજન કરવા જતી જણાય છે. તે પછીની તકતીમાં નટી, એક ગ્રામયુવતી માલતીને સંગીત-નૃત્યનું શિક્ષણ આપે છે. તે પછી રાજરાણી લોકેશ્વરી બૌદ્ધભિખ્ખુણી ઉત્પલપર્ણાને કહે છે કે વસંત પૂર્ણિમાને દિવસે ભગવાનના સ્તૂપની પૂજા કરવા માટે શ્રીમતી જ યોગ્ય છે; અને તેની આગળના ચિત્રમાં શ્રીમતી તેનો સ્વીકાર કરે છે. તે પછીની તકતીમાં, પૂજન-નૃત્ય કરવા માટે વસ્ત્રાભૂષણો સજીને તૈયાર શ્રીમતીનું આલેખન છે, જેમાં સ્તુપની ખડ્ગધારિણીનું પણ સૂચન છે. આગળની તકતીમાં, બંને હાથમાં દીપમાળ ધારણ કરેલી શ્રીમતીનું સ્તૂપ આગળનું નૃત્ય દર્શાવ્યું છે, ને તેમાંથી, ધીમેધીમે એક પછી એક વસ્ત્રાલંકારો વેદીને અર્પણ કરતી શ્રીમતી છેવટે ભિક્ષુણીના પીળા વસ્ત્રમાં દેખાય છે અને અંતે ભગવાનમાં વિલીન થઇ ગઈ હોય તેવી નટી સ્તૂપ આગળ વંદના કરતી પડી છે ને પાછળ આકાશમાં પૂનમનો ચન્દ્ર ઊગે છે. શ્રી નંદબાબુની આગવી એવી પ્રભુત્વભરી શૈલીમાં આલેખેલો આ વિષય એમને પણ પ્રિય હોવાથી એમની કલમ એમાં ખીલી છે.



કૃષ્ણ-વિદુર ચિત્રકાર • શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય (કલાકારના સૌજન્યથી)

Blocks by courtesy of All India Fine Arts and Crafts Society New Delhi